ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 23-3-2016 – થી મંજૂર

# ગુજરાતી

## (પ્રથમ ભાષા)

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર – 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

ડૉ. રમેશ આ. ઓઝા

**લેખન-સંપાદન**

ડૉ. ગુણવંત વ્યાસ
ડૉ. બળવંત તેજાણી
ડૉ. હાજીભાઈ બાદી
શ્રી પ્રવીણ કુકડિયા
ડૉ. વિશ્વનાથ પટેલ
ડૉ. દીપ્તિબહેન કુંડલ
ડૉ. રૂપલબહેન કુબાવત
પ્રિ. ઘનશ્યામસિંહ રાઠોડ
ડૉ. ગિરિજાશંકર જોષી
શ્રી તુષાર વ્યાસ

**સમીક્ષા**

શ્રી હાર્દિક બ્રહ્મભટ્ટ
ડૉ. મહેન્દ્રકુમાર પટેલ
ડૉ. લીલાભાઈ કડછા
શ્રી ભારતીબહેન જાની
શ્રી સાધના જોષી
શ્રી રોહિણી ભટ્ટ
શ્રી અનિતાબહેન પ્રજાપતિ

**સંયોજન**

ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન.સી.ઈ.આર.ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપ્રેક્ષ્યમાં તૈયાર કરાયેલા જુદા જુદા વિષયોના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 11, ગુજરાતી (પ્રથમ ભાષા)**નું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. લેખક-સંપાદક સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રતની નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. લેખક-સંપાદકોએ રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા આ હસ્તપ્રતની સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષાના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે તેમ જ મંજૂરી-ક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા અભ્યાસક્રમમાં ભાષા-અભિવ્યક્તિ અને લેખન અંગેની વિગતો દ્વારા વિદ્યાર્થીઓ ભાષાની ખૂબીઓ સમજે અને વધુ મહાવરો કરે તથા તેમની સંવેદનશીલતા કેળવાય તેવી કૃતિઓ પસંદ કરવા અંગે પૂરતું ધ્યાન આપ્યું છે. શિક્ષકે વર્ગખંડમાં કૃતિ રજૂ કરતી વખતે કઈ કઈ કાળજી લેવી તે અંગેની વિગતો પણ આ વખતે ઉમેરવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસે પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા.04-11-2019

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016, પુનઃમુદ્રણ : 2017, 2018, 2019, 2020**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-ક

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1. નાવિક વળતો બોલિયો | પદ | ભાલણ | 1 |
| 2. પોસ્ટઑફિસ | નવલિકા | ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' | 3 |
| 3. એમ ઉગાર્યો ચંદ્રહાસ | આખ્યાનખંડ | પ્રેમાનંદ | 10 |
| 4. અમૃતા | ચરિત્રનિબંધ | કિશનસિંહ ચાવડા | 14 |
| • **વ્યાકરણ અને લેખન :** | શબ્દપ્રયોગ, શબ્દઘડતર (પ્રત્યયો) | | 18 |
| 5. છપ્પા/ઉખાણાં | છપ્પા/ઉખાણાં | અખો | 24 |
| 6. સુંદરીની શોધ | આત્મકથા ખંડ | જયશંકર ભોજક 'સુંદરી' | 27 |
| 7. વનમાં ચાંદલિયો ઊગ્યો | લોકગીત | સંકલિત | 32 |
| 8. બૂરાઈના દ્વાર પરથી | નવલિકા | ઝવેરચંદ મેઘાણી | 34 |
| • **વ્યાકરણ અને લેખન :** | શબ્દભંડોળ | | 40 |
| 9. ચક્રવાકમિથુન | ખંડકાવ્ય | મણિશંકર ભટ્ટ 'કાન્ત' | 45 |
| 10. જીભ | હાસ્યનિબંધ | જ્યોતીન્દ્ર દવે | 51 |
| 11. સીમ અને ઘર | સૉનેટ | ઉમાશંકર જોશી | 56 |
| 12. પ્રસંગદીપ | પ્રસંગકથા | ભરત ભટ્ટ | 58 |
| • **વ્યાકરણ અને લેખન :** | વાક્યવિષયક સજ્જતા | | 62 |
| 13. પરાજયની જીત | ખંડકાવ્ય | પ્રહ્લાદ પારેખ | 70 |
| 14. વાત એક શાપની | નવલિકા | મહેશ યાજ્ઞિક | 74 |
| 15. મારા ફળીનાં ઝાડવાં બે... | ગીત | દેવજી રા. મોઢા | 79 |
| 16. તપસ્વી સારસ્વત | ચરિત્રલેખ | ચંદ્રકાન્ત શેઠ | 81 |
| • **વ્યાકરણ અને લેખન :** | પરિચ્છેદ, સર્વનામ, સંયોજક, પ્રાસ | | 84 |
| 17. ભજન કરે તે જીતે | ભજન | મકરંદ દવે | 89 |
| 18. હુકમ, માલિક | એકાંકી | ચિનુ મોદી | 91 |
| 19. કાવ્યદ્વયી | ઊર્મિકાવ્યો | પ્રિયકાન્ત મણિયાર / સુંદરમ્ | 98 |
| 20. સ્ટેચ્યૂ રમવાની મઝા | લલિતનિબંધ | અનિલ જોશી | 101 |
| • **વ્યાકરણ અને લેખન :** | વિરામચિહ્નો, જોડાક્ષરો, જોડણી | | 105 |
| 21. ભગવાનનો ભાગ | ઊર્મિકાવ્ય | રમેશ પારેખ | 108 |
| 22. જમાના પ્રમાણે | નવલિકા | વસુબહેન ભટ્ટ | 111 |
| 23. સહી નથી | ગઝલ | 'જલન' માતરી | 117 |
| 24. રેફરન્સ બુક | લઘુકથા | ઈજ્જતકુમાર ત્રિવેદી | 119 |
| 25. દુહા, મુક્તક, હાઇકુ | | દુલા ભાયા 'કાગ' અને અન્ય | 121 |
| 26. બે દૃષ્ટાંત કથાઓ | | રવિશંકર મહારાજ | 126 |
| • **વ્યાકરણ અને લેખન :** | નિબંધ, અહેવાલ-લેખન, વિચાર-વિસ્તાર | | 130 |

**પૂરક વાચન**

| | | | |
|---|---|---|---|
| 1. અનૂદિત કાવ્યો | | | |
| 1. કબાટમાંનાં પુસ્તકો | ઊર્મિકાવ્ય | શંકર વૈદ્ય | 135 |
| 2. એને તું હજી વધુ આપ | ઊર્મિકાવ્ય | કૈલાસ બાજપેયી | 136 |
| 2. રોજિંદા જીવનનું વ્યાકરણ | ચિંતનલેખ | નગીનદાસ પારેખ | 137 |
| 3. આભાર માન | ગઝલ | રાજેશ વ્યાસ 'મિસ્કીન' | 140 |
| 4. કાન | નવલિકા | મધુરાય | 141 |


•

# 1 નાવિક વળતો બોલિયો

**ભાલણ**

**(પંદરમી સદી ઉત્તરાર્ધ-સોળમી સદી પૂર્વાર્ધ)**

ભાલણનું અન્ય નામ પુરુષોત્તમ હતું. જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ હતા, અટક ત્રવાડી હતી. એમનું વતન પાટણ હતું. સંસ્કૃત તેમજ વ્રજભાષાનું જ્ઞાન ધરાવતા હતા. ‘દશમસ્કંધ’માં આવતાં વ્રજભાષાનાં પદ કવિએ પોતે રચેલાં હોય એવું લાગે છે. ‘ગુર્જર ભાષા’ તરીકે ગુજરાતી ભાષાને ઓળખાવનાર ભાલણે ગુજરાતી કવિતામાં કડવાબદ્ધ આખ્યાનોનો સ્થિર પાયો નાખવાનું કાર્ય કર્યું. એમનાં આખ્યાનોમાં પહેલી વખત ઊથલો કે વલણ વગરનાં કડવાં જોવા મળે છે, એથી જ તે ‘આખ્યાનના પિતા’ તરીકે ઓળખાય છે. પૌરાણિક આખ્યાનોમાં તેઓ મૂળ કથાને વફાદાર રહે છે. મુખ્યત્વે આખ્યાનકવિ, પદકવિ અને અનુવાદક તરીકે જાણીતા છે.

‘નળાખ્યાન’, ‘જાલંધરઆખ્યાન’, ‘ધ્રુવઆખ્યાન’, ‘ચંડીઆખ્યાન’, ‘મૃગીઆખ્યાન’, ‘રામવિવાહ’ જેવાં આખ્યાનો તેમણે રચ્યાં છે. તેમની યશોદાયી કૃતિ ‘કાદંબરી’ તેમજ ‘દશમસ્કંધ’ અને ‘રામબાલચરિત’ સવિશેષ ધ્યાનપાત્ર છે.

પ્રસ્તુત કાવ્યના કેન્દ્રમાં, એમના વાલ્મીકિરચિત રામાયણનો કેવટ પ્રસંગ છે. અયોધ્યાથી વનવાસ જવા નીકળેલા રામને નદી ઓળંગવા હોડીની જરૂર પડે છે. લક્ષ્મણ-સીતાને નાવમાં બેસાડવા નાવિક તૈયાર છે, પણ રામને નાવમાં બેસાડવાની ‘ના’ કહે છે. નાવિકે સાંભળ્યું છે કે ઋષિના શાપથી પથ્થર બનેલી અહલ્યા રામની ચરણરજથી જીવિત સ્ત્રી બની ગઈ છે. હવે જો રામની ચરણરજ હોડીને સ્પર્શે તો હોડી પણ સ્ત્રી બની જાય એવી ભોળી સમજ નાવિકને મૂંઝવે છે. નાવિકને ઘેર એક સ્ત્રી (પત્ની) તો છે જ, ચરણસ્પર્શથી બીજી સ્ત્રી થાય તો બંને સ્ત્રીઓનું ભરણપોષણ તે કેવી રીતે કરે ? આજીવિકાનું એકમાત્ર સાધન હોડી જ છીનવાઈ જાય! ગુરુ વિશ્વામિત્ર નાવિકની મૂંઝવણ દૂર કરવા વચ્ચેનો માર્ગ કાઢે છેઃ તેઓ નાવિકને ગંગાજળથી રામના પગ ધોવા કહે છે; જેથી રજ ધોવાઈ જાય, ચરણ સ્વચ્છ થાય અને હોડી સ્ત્રી બનતાં બચી જાય ! અંતે ભોળો (પ્રભુના પગ ધોવા ઇચ્છતો) નાવિક રામના પગ ધુએ છે અને સંતોષ પામે છે. મૂંઝાતા નાવિકનું ભોળપણ, પરોક્ષ રીતે શ્રીરામનાં ચરણ ધોવાની હોશિયારી, મધ્યસ્થી વિશ્વામિત્રની કુનેહ અને સર્વજ્ઞ શ્રીરામનું માર્મિક હાસ્ય આખ્યાનખંડને રસપ્રદ બનાવે છે.

---

નાવિક વળતો બોલિયો સાંભળો મારા સ્વામ,
સાથ સહુકે નાવે બેસો નહીં બેસારું રામ.

વાર્તા મેં સાંભળી છે- ચરણરેણથી અપાર,
અહલ્યા તાં થઈ સ્ત્રી સહી, પાષાણ ફીટી નાર.

આજીવિકા મારી એહે છે, જૂઓ મન વિવેક,
સ્ત્રી થાતાં વાર ન લાગે, કાષ્ઠ પાષાણ એક.

આજીવિકા ભાગે મારી, આગે એક સ્ત્રી છે ઘેર,
બે મલિને શું જમે? હું શી કરું તાં પેર ?

હસી વિશ્વામિત્ર બોલિયા ચરણરેણે સ્ત્રી થાય,
તે માટે ગંગાજળ લઈને પખાલો હરિ પાય!

હસીને હરિ હેઠા બેઠા રામ અશરણશર્ણ,
નાવિકે ગંગાજળ લૈઈને પખાલ્યાં તાં ચર્ણ.

**‘ભાલણનાં પદો’માંથી**

## શબ્દાર્થ

**સ્વામ** સ્વામી, નાથ (અહીં : 'રામ') **ચરણરેણ** ચરણરજ, પગની રજ-ધૂળ **અહલ્યા** એક પૌરાણિક પાત્ર - ગૌતમઋષિનાં શાપિત પત્ની **સહી** ખરી, સાચી **પાષાણ** શિલા, મોટો પથ્થર **ફીટી** મટી, (માંથી) બની **કાષ્ઠ** લાકડું **પેર** પેરવી, તજવીજ, વ્યવસ્થા **વિશ્વામિત્ર** એક ઋષિ, રામના ગુરુ **પખાલો** પખાળો, (પાણીથી) ધુઓ **અશરણશર્ણ** અશરણના શરણરૂપ, નિરાધારના આધાર (અહીં : 'રામ') **ચર્ણ** ચરણ, પગ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) નાવિક કોને કોને નાવમાં બેસાડવાની સંમતિ આપે છે?

(2) નાવિકે અગાઉ કઈ બાબતના મહિમા વિશે સાંભળ્યું છે?

(3) અંતે કોણ નાવિકના મનનું સમાધાન કરે છે?

(4) નાવિકે શાના વડે રામના ચરણ પખાળ્યાં ?

(5) કવિએ શ્રીરામને કેવા કહ્યા છે?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) નાવિકે રામને હોડીમાં બેસાડવાની શા માટે ના પાડી?

(2) નાવિકે શો વાંધો ઉઠાવ્યો ?

(3) નાવિકની મુંઝવણનો વિશ્વામિત્ર શો ઉપાય સૂચવે છે?

(4) નાવિકે રામના પગ કેમ પખાળ્યા?

**3. મુદ્દાસર નોંધ લખો :**

નાવિકનું ભક્તહૃદય

**4. નીચેના સમાનાર્થી શબ્દોને વાક્યમાં પ્રયોજી તેની અર્થછાયા સમજો.**

પાષાણ-પથ્થર, ચરણ-પગ, કાષ્ઠ-લાકડું, જળ-પાણી

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- ભાલણનાં અન્ય બે પદો મેળવીને એનું ગાન કરો.
- વડીલો પાસેથી રામાયણનો કેવટ પ્રસંગ સાંભળો અને ચર્ચા કરો.
- દુલા ભાયા કાગનું પદ 'પગ મને ધોવા દ્યો' મેળવીને ગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

'નાવિક વળતો બોલિયો સાંભળો મારા સ્વામ, સાથ સહુકે નાવે બેસો નહીં બેસારું રામ.'

આ કડીમાં 'વળતો' શબ્દ અગાઉ થઈ ગયેલા સંવાદનું સૂચન કરે છે, તો રામને સ્વામ (સ્વામી) કહીને નાવમાં બેસાડવાની ના પાડે છે એટલે આપણને ખ્યાલ આવી જાય છે કે આ નકાર પાછળનો ભાવ ભક્તિનો જ છે. 'વાર્તા મેં સાંભળી છે' એવું સાદું કથન આપણી ઉત્કંઠા વધારે છે. અહીં ત્રણ બાબતો મુખ્ય છેઃ નાવિકની મૂંઝવણ, વિશ્વામિત્રનો ઉકેલ અને નાવિકનું અનુસરણ.

'રેણુ', 'પાષાણ', 'કાષ્ઠ' જેવા તત્સમ્, 'સહી', 'આગે' જેવા હિન્દી અને 'બેસારું', 'પેર', 'પખાળો' જેવા બોલચાલના શબ્દોનો ઉપયોગ એકમેકમાં ભળી જઈને રસમય અભિવ્યક્તિ બની રહે છે.

કવિએ લોકોમાં જાણીતા કથાવસ્તુને લોકોની ભાષામાં, દેશી ઢાળમાં રજૂ કર્યું છે. એ માટે સહજ-સરળ છતાં અર્થક્ષમ પ્રાસયોજના પ્રયોજીને અભિવ્યક્તિને વધુ ચોટદાર બનાવી છે. એ દૃષ્ટિએ આખ્યાનખંડની પ્રાસયોજનાનો અભ્યાસ કરો. 'પ્રક્ષાલન' જેવા સંસ્કૃત શબ્દ પરથી ગુજરાતીમાં બનેલો 'પખાળો' શબ્દ ભગવાનનાં ચરણ ધોવાની ક્રિયાને સચોટ નિરૂપે છે, તો 'હસીને હરિ હેઠા બેઠા' પંક્તિખંડનો વર્ણાનુપ્રાસ અને અનુપ્રાસ પણ આકર્ષક છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- પ્રસંગને અનુરૂપ રામાયણનાં પાત્રોનો પરિચય કરાવો અને રામાયણની કથાનો સાર કહો.
- અહલ્યાનો વિગતે પરિચય કરાવો.
- ગૌતમઋષિએ અહલ્યાને આપેલા શાપની કથા કહો.

•

# 2 પોસ્ટઑફિસ

**ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'**

**(જન્મ : 12-12-1892; અવસાન : 11-3-1965)**

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'નો જન્મ સૌરાષ્ટ્રના વીરપુરમાં થયો હતો. ઈ. સ. 1920માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે સ્નાતક થયા. ગોંડલ રાજ્યની રેલવે ઑફિસમાં તેમજ એ પછી ગોંડલની હાઈસ્કૂલમાં નોકરી કરી. ઈ. સ. 1923થી અમદાવાદમાં સ્થાયી થયા. બાળપણમાં સાંભળેલી વાર્તાઓ, બાલ્યાવસ્થાનો વાંચનશોખ, શ્રીમાન નથુરામ શર્માના આશ્રમનું પુસ્તકાલય, આસપાસની પ્રકૃતિ આદિ ધૂમકેતુના સાહિત્યસર્જનનાં પ્રેરક બળો રહ્યાં છે.

નવલિકા, નવલકથા, નિબંધ, ચરિત્ર, નાટક-એમ વિવિધ સાહિત્યસ્વરૂપોમાં તેમણે કરેલા ખેડાણથી ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થયું છે. ટૂંકી વાર્તાના સ્વરૂપ-ઘડતરમાં તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. તેમની વાર્તા 'પોસ્ટઑફિસ'ના 'ધ લેટર' અનુવાદને વિશ્વકક્ષાના ઉત્તમ વાર્તાઓના સંપાદનમાં સ્થાન મળ્યું છે. 'તણખામંડળ ભાગ-1 થી 4', 'અવશેષ', 'પ્રદીપ', 'ત્રિભેટો', 'આકાશદીપ' જેવા ચોવીસ વાર્તાસંગ્રહોમાં ચારસો જેટલી નવલિકાઓ તેમણે આપી છે. ભાવનાશીલ પાત્રોનું નિર્માણ, કાવ્યમય વર્ણનો અને મનોહર ગદ્યશૈલીને લીધે એમની વાર્તાઓ આકર્ષક બની છે.

'ચૌલાદેવી', 'આમ્રપાલી', 'વૈશાલી' તેમજ 'ધ્રુવદેવી' એમની ઐતિહાસિક નવલકથાઓ છે. 'પૃથ્વીશ', 'રાજમુગટ', 'પરાજય' અને 'જીવનનાં ખંડેર' જેવી સામાજિક નવલકથાઓ તેમણે આપી છે. 'જીવનપથ', 'જીવનરંગ' તેમની આત્મકથાનાં પુસ્તકો છે. 'જીવનચક્ર', 'પગદંડી', 'જીવનવિચારણા' વગેરે એમના નિબંધસંગ્રહો છે. 'એકલવ્ય અને બીજાં નાટકો' તેમજ 'ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો' એમના નાટ્યસંગ્રહો છે. ખલીલ જિબ્રાનના 'ધ પ્રોફેટ'નો અનુવાદ 'વિદાય વેળાએ' એમનું નોંધપાત્ર પ્રદાન છે. ઇ. સ. 1935 માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો. ઈ. સ. 1953માં તેમને નર્મદચંદ્રક અર્પણ થયેલો. ઇ. સ. 1944માં વડોદરામાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સાહિત્યવિભાગના પ્રમુખ હતા.

'પોસ્ટઑફિસ' એ માત્ર ધૂમકેતુની જ નહિ, પરંતુ ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર કૃતિ તરીકે પોંખાઈ છે. સમગ્ર વાર્તાના કેન્દ્રમાં અલીડોસો કોચમૅન છે. એક જમાનામાં શિકારી હતો. તરફડતાં પ્રાણીઓને જોઈને આનંદ લૂંટતો હતો. આજે દીકરી મરિયમના વિરહ-અગ્નિમાં શેકાઈ રહ્યો છે. મરિયમની ટપાલ લેવા પોસ્ટઑફિસમાં વહેલી સવારથી આંટા મારે છે. નિયમિત પોસ્ટઑફિસમાં એ ઉપહાસનું પાત્ર બની ગયો છે. પોસ્ટમાસ્તર પોતે જ એવી પરિસ્થિતિમાં મુકાય છે કે એમને અલીની વેદના-વ્યથા સમજાય છે. લેખકે કથાની ગૂંથણી સરસ કરી છે. એક તરફ સંવેદનશીલ માનવીનું મન છે, તો બીજી તરફ જડતંત્ર છે. આ બંને પરિસ્થિતિઓની વચ્ચે બે પિતાના હૃદયનું સમસંવેદન, સામ્પ્રત જીવન માટે બોધ બની જાય છે.

---

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સુસવાટાથી પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે ને વધારે લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્યભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઊઠનારનાં પગરખાંનો છેટેથી સંભળાતો શબ્દ કે કોઈ અકાળે જાગેલા પક્ષીનો સ્વર : એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિદ્રામાં ઘોરતા હતા અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવી મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો, શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી પહોંચ્યો ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડોની હાર હતી ને બીજી બાજુ શહેરનો બાગ હતો. અહીં ઠંડી વધારે હતી ને રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો ને શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું. જ્યાં બાગનો છેડો હતો ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનું એક રોનકદાર મકાન હતું ને તેની બંધ બારી તથા બારણામાંથી દીવાનો ઉજાશ બહાર પડતો હતો.

ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે તેમ વૃદ્ધ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો. કમાન પર એક જરીપુરાણા પાટિયામાં નવા અક્ષર લખ્યા હતા : 'પોસ્ટઑફિસ'

ડોસો ઑફિસની બહાર પડથાર પર બેઠો. અંદરથી કંઈ ચોક્કસ અવાજ આવતો ન હતો, પણ બેચાર જણા કામમાં હોય તેમ વ્યાવહારિક 'ગુસપુસ' થતી હતી.

'પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ!' અંદરથી અવાજ આવ્યો. ડોસો ચમક્યો પણ પાછો શાંત બનીને બેઠો. શ્રદ્ધા અને સ્નેહ આટલી ઠંડીમાં એને ઉષ્મા આપી રહ્યાં હતાં.

અંદરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા. કારકુન અંગ્રેજી કાગળનાં સરનામાં બોલી બોલી પોસ્ટમૅન તરફ નાખતો જતો હતો. કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, દીવાનસાહેબ, લાઈબ્રેરિયન એમ એક પછી એક અનેક નામ બોલવાનો અભ્યાસી કારકુન ઝપાટાબંધ કાગળો ફેંક્યે જતો હતો.

એવામાં અંદરથી એક મશ્કરીભર્યો અવાજ આવ્યો : 'કોચમૅન અલી ડોસા !'

વૃદ્ધ ડોસો હતો- ત્યાંથી બેઠો થયો, શ્રદ્ધાથી આકાશ સામે જોયું ને આગળ વધ્યો અને બારણા પર હાથ મૂક્યો.

'ગોકળભાઈ !'

'કોણ?'

'કોચમૅન અલી ડોસાનો કાગળ કીધો નાં ?....હું આવ્યો છું.'

જવાબમાં નિષ્ઠુર હાસ્ય આવ્યું.

'સાહેબ ! આ એક ગાંડો ડોસો છે. એ હંમેશાં પોતાનો કાગળ લેવા પોસ્ટઑફિસે ધક્કો ખાય છે.'

કારકુને આ શબ્દો પોસ્ટમાસ્તરને કહ્યા, ત્યાં તો ડોસો પોતાના સ્થાન પર બેસી ગયો હતો. પાંચ વર્ષ થયાં એ જગ્યાએ બેસવાનો તેને અભ્યાસ હતો.

અલી મૂળ હોશિયાર શિકારી હતો. પછી ધીમે ધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દૃષ્ટિ પડે કે તરત તેના હાથમાં તેતર આવી જ પડ્યું હોય ! એની તીક્ષ્ણ દૃષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી. આસપાસના સૂકા, પીળા 'કાસડા'ના કે રાંપડાના ઘાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા ચતુર સસલાના ભૂરા મેલા રંગને ક્યારેક ખુદ શિકારી કૂતરા જુદો ન પાડી શકતા, આગળ વધી જતા ને સસલું બચી જતું, પરંતુ ઈટાલીના ગરુડ જેવી અલીની દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી અને બીજી જ પળે તે રહેતું નહિ. વળી, ક્યારેક અલી મચ્છીમારનો મિત્ર બની જતો.

પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ. એના જમાઈને લશ્કરમાં નોકરી હતી તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી અને જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમના છેલ્લાં પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ. હવે અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે. પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ હસતો. આ એનો - શિકારનો આનંદ હતો.

શિકારનો રસ એની નસેનસમાં ઊતરી ગયો હતો પરંતુ જે દિવસે મરિયમ ગઈ ને તેને જિંદગીમાં એકલતા લાગી તે દહાડાથી અલી શિકારે જતાં શિકાર ભૂલી, સ્થિર દૃષ્ટિથી અનાજનાં ભરચક લીલાં ખેતર જોઈ રહેતો ! એને જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહનાં આંસુ છે ! પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે બેસીને હૈયાફાટ રોયો. ત્યાર પછી હંમેશાં સવારમાં ચાર બજે ઊઠીને એ પોસ્ટઑફિસે આવતો. એનો કાગળ તો કોઈ દિવસ હોય નહિ, પણ મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશાં સૌથી પહેલો પોસ્ટઑફિસે આવીને બેસતો.

પોસ્ટઑફિસ - કદાચ જગતમાં સૌથી રસહીન મકાન - એનું ધર્મક્ષેત્ર-તીર્થસ્થાન બન્યું. એક જ જગ્યાએ ને એક જ ખૂણે તે હંમેશાં બેસતો. એને એવો જાણ્યા પછી સૌ હસતા. પોસ્ટમૅન મશ્કરી કરતા ને ક્યારેક મજાકમાં એનું નામ દઈ એને એ જગ્યા પરથી પોસ્ટઑફિસનાં બારણાં સુધી, કાગળ ન હોય છતાં, ધક્કો ખવરાવતા. અખૂટ શ્રદ્ધા ને ધૈર્ય હોય તેમ એ હંમેશાં આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

અલી બેઠો હતો એટલામાં એક પછી એક પટાવાળાઓ પોતપોતાની ઑફિસના કાગળો લેવા આવવા લાગ્યા. ઘણું કરીને પટાવાળા એ વીસમી સદીમાં અધિકારીઓની સ્ત્રીઓના ખાનગી કારભારી જેવા છે, એટલે આખા શહેરના દરેકેદરેક ઑફિસરનો ખાનગી ઈતિહાસ અત્યારે વંચાતો.

કોઈના માથા પર સાફો તો કોઈના પગમાં ચમચમાટી કરે તેવા બૂટ-એમ સૌ પોતપોતાનો વિશિષ્ટ ભાવ દર્શાવતા હતા. એટલામાં બારણું ખૂલ્યું, દીવાના અજવાળામાં સામેની ખુરશી પર તૂંબડા જેવું માથું ને હંમેશનો દિલગીરીભર્યો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટમાસ્તર બેઠા હતા. કપાળ પર, મોં પર કે આંખમાં ક્યાંય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડસ્મિથનો 'વિલેજ સ્કૂલમાસ્તર', આ સદીનો કારકુન કે પોસ્ટમાસ્તર હોય છે!

અલી પોતાની જગ્યાએથી ખસ્યો નહિ.

'પોલીસ કમિશનર!' કારકુને બૂમ પાડી ને એક થનથનાટ કરતા જુવાને પોલીસ કમિશનરના કાગળ લેવા હાથ આગળ ધર્યો.

'સુપરિન્ટેન્ડેન્ટ !'

બીજો એક પટાવાળો આગળ આવ્યો - અને આમ ને આમ એ સહસ્રનામાવલિ વિષ્ણુભક્તની જેમ કારકુન હંમેશાં પઢી જતો.

અંતે સૌ ચાલ્યા ગયા. અલી ઊઠ્યો. પોસ્ટઑફિસમાં ચમત્કાર હોય તેમ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો ! અરે! સૈકાઓ પહેલાંનો ગામડિયો!

'આ માણસ ગાંડો છે?' પોસ્ટમાસ્તરે પૂછ્યું.

'હા, કોણ? અલી ના? હા સાહેબ; પાંચ વરસ થયાં. ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે! એનો કાગળ ભાગ્યે જ હોય છે!' કારકુને જવાબ આપ્યો.

'કોણ નવરું બેઠું છે ? હંમેશ તે કાગળ ક્યાંથી હોય?'

'અરે! સાહેબ, પણ એનું મગજ જ ચસકી ગયું છે! તે પહેલાં બહુ પાપ કરતો, એમાં કોઈ થાનકમાં દોષ કર્યો! ભાઈ, કર્યાં ભોગવવાં છે!' પોસ્ટમૅને ટેકો આપ્યો.

'ગાંડા બહુ વિચિત્ર હોય છે.'

'હા, અમદાવાદમાં મેં એક વખત એક ગાંડો જોયો હતો. તે આખો દિવસ ધૂળના ઢગલા જ કરતોઃ બસ, બીજું કાંઈ નહિ. બીજા એક ગાંડાને હંમેશાં નદીને કાંઠે જઈ સાંજે એક પથ્થર પર પાણી રેડવાની ટેવ હતી!'

'અરે, એક ગાંડાને એવી ટેવ હતી કે આખો દિવસ આગળ ને પાછળ ચાલ્યા જ કરે! બીજો એક કવિતા ગાયા કરતો! એક જણ પોતાને ગાલે લપાટો જ માર્યા કરતો ને પછી કોઈક મારે છે એમ માનીને રોયા કરતો!'

આજે પોસ્ટઑફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું. હંમેશાં આવું એકાદ પ્રકરણ છેડીને એના પર બે-ચાર મિનિટ વાત કરી આરામ લેવાની ટેવ લગભગ બધા જ નોકરવર્ગમાં દારૂની ટેવની જેમ પેસી ગઈ છે. પોસ્ટમાસ્તર છેવટે ઊઠયાં અને જતાં જતાં કહ્યું :

'માળું, ગાંડાની પણ દુનિયા લાગે છે! ગાંડા આપણને ગાંડા માનતા હશે અને ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે!'

છેલ્લા શબ્દ બોલતા પોસ્ટમાસ્તર હસીને ચાલ્યા ગયા. એક કારકુન વખત મળ્યે જરા ગાંડાઘેલા જોડી કાઢતો ને એને સૌ ખીજવતા. પોસ્ટમાસ્તરે છેલ્લું વાક્ય એટલા જ માટે હસતાં હસતાં એના તરફ ફરીને કહ્યું હતું. પોસ્ટઑફિસ હતી તેવી શાંત બની રહી.

એક દિવસ અલી બે-ત્રણ દિવસ સુધી આવ્યો નહિ. પોસ્ટઑફિસમાં અલીનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી, પણ એ કેમ ન આવ્યો, એવી કૌતુકબુદ્ધિ સૌને થઈ. પછી અલી આવ્યો પણ તે દિવસે એ હાંફતો હતો ને એના ચહેરા પર જીવનસંધ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતાં.

આજે તો અલીએ અધીરા બનીને પોસ્ટમાસ્તરને પૂછ્યું : 'માસ્તરસાહેબ, મારી મરિયમનો કાગળ છે?'

પોસ્ટમાસ્તર તે દિવસે ગામ જવાની ઉતાવળમાં હતા ને તેમનું મગજ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું.

'ભાઈ તમે કેવા છો?'

'મારું નામ અલી!' અલીનો અસંબદ્ધ જવાબ મળ્યો.

'હા, પણ અહીં કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે?'

'નોંધી રાખોને, ભાઈ! વખત છે ને કાગળ આવે, ને હું ન હોઉં તો તમને ખપ આવે!' પોણી જિંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર કે મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કિંમતનું છે?

પોસ્ટમાસ્તર તપી ગયા : 'ગાંડો છે કે શું? જા જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય !'

પોસ્ટમાસ્તર ઉતાવળમાં ચાલ્યા ગયા અને અલી ધીમે પગલે બહાર નીકળ્યો. નીકળતાં નીકળતાં એક વખત ફરીને

પોસ્ટઑફિસ તરફ જોઈ લીધું! આજે એની આંખમાં અનાથનાં આંસુની છાલક હતી; અશ્રદ્ધા ન હતી પણ ધૈર્યનો અંત આવ્યો હતો! અરે! હવે મરિયમનો કાગળ ક્યાંથી પહોંચે?

એક કારકુન એની પાછળ આવતો લાગ્યો. અલી તેના તરફ ફર્યો : 'ભાઈ!'

કારકુન ચમક્યો; પણ તે સારો હતો.

'કેમ?'

'જુઓ, આ મારી પાસે છે' એમ કહી પોતાની એક જૂની પતરાની દાબડી હતી તેમાંથી અલીએ પાંચ ગીની કાઢી.

જોઈ કારકુન ભડક્યો.

'ભડકશો નહિ, તમારે આ ઉપયોગી ચીજ છે. મારે હવે તેનો ઉપયોગ નથી, પણ એક કામ કરશો?'

'શું?'

'આ ઉપર શું દેખાય છે?' અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ચીંધી.

'આકાશ.'

'ઉપર અલ્લા છે તેની સાક્ષીમાં તમને પૈસા આપું છું. તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.'

કારકુન આશ્ચર્યમાં સ્થિર ઊભો : 'ક્યાંથી ક્યાં પહોંચાડવો ?'

'મારી કબર ઉપર!'

'હેં?'

'સાચું કહું છું. આજ હવે છેલ્લો દિવસ છે! અરેરે છેલ્લો! મરિયમ ન મળી-કાગળે ન મળ્યો.' અલીની આંખમાં ઘેન હતું. કારકુન ધીમેધીમે તેનાથી છૂટો પડી ચાલ્યો ગયો. તેના ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું.

પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ અને એની ખબર કાઢવાની ચિંતા તો કોઈને હતી જ નહિ. એક દિવસ પોસ્ટમાસ્તર જરાક અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી અને તેના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા.

ટપાલ આવી ને કાગળનો થોક પકડ્યો. રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારી પોસ્ટમાસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું પણ એના ઉપર સરનામું હતું, 'કોચમૅન અલી ડોસા!'

વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું! દિલગીરી અને ચિંતાથી થોડી ક્ષણમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહી માનવ-સ્વભાવ બહાર આવ્યો હતો. એમને એકદમ સાંભર્યું કે આ પેલા ડોસાનું કવર- અને કદાચ એની દીકરી મરિયમનું.

'લક્ષ્મીદાસ!' એમણે એકદમ બૂમ પાડી.

લક્ષ્મીદાસ તે જ માણસ હતો કે જેને અલીએ છેલ્લી ઘડીએ પૈસા આપ્યા હતા.

'કેમ સાહેબ?'

'આ તમારા કોચમૅન અલી ડોસા.....આજે હવે ક્યાં છે એ?'

'તપાસ કરશું.'

તે દિવસે પોસ્ટમાસ્તરના સમાચાર ન આવ્યા. આખી રાત્રિ શંકામાં વિતાવી. બીજે દિવસે સવારે ત્રણ વાગ્યામાં તે ઑફિસમાં બેઠા હતા. ચાર વાગે ને અલી ડોસા આવે કે હું પોતે જ તેને કવર આપું, એવી આજ એમની ઇચ્છા હતી.

વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા હતા. આજ આખી રાત તેમણે સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પાંચપાંચ વર્ષ સુધી આવી અખંડ રાત્રિઓ ગાળનાર તરફ એમનું હૃદય આજે પહેલવહેલું લાગણીથી ઊછળી રહ્યું

હતું. બરાબર પાંચ વાગ્યે બારણા પર ટકોરો પડ્યો. પોસ્ટમૅન હજી આવ્યા ન હતા, પણ આ ટકોરો અલીનો હતો, એમ લાગ્યું. પોસ્ટમાસ્તર ઊઠ્યા. પિતાનું હૃદય પિતાના હૃદયને પિછાને તેમ આજે એ દોડ્યા, બારણું ખોલ્યું.

'આવો અલીભાઈ! આ તમારો કાગળ !' બારણામાં એક વૃદ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો. છેલ્લા આંસુની ધાર હજી તેના ગાલ પર તાજી હતી, ને ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર ભલમનસાઈની પીંછી ફરેલી હતી.

તેણે પોસ્ટમાસ્તર સામે જોયું ને પોસ્ટમાસ્તર જરાક ભડક્યા. ડોસાની આંખમાં મનુષ્યનું તેજ ન હતું.!

'કોણ સાહેબ? અલી ડોસા.....!' લક્ષ્મીદાસ એક બાજુ સરીને બોલતો બારણા પાસે આવ્યો.

પણ પોસ્ટમાસ્તરે તે તરફ હવે લક્ષ ન આપતાં બારણા તરફ જ જોયા કર્યું - પણ ત્યાં કોઈ ન લાગ્યું. પોસ્ટમાસ્તરની આંખ ફાટી ગઈ ! બારણામાં હવે કોઈ જ હતું નહિ, એ શું? તે લક્ષ્મીદાસ તરફ ફર્યા.

એના સવાલનો જવાબ વાળ્યો :

'હા, અલી ડોસા કોણ? તમે છો નાં ?'

'જી, અલી ડોસો તો મરી ગયેલ છે! પણ એનો કાગળ લાવો મારી પાસે!'

'હેં ? કે દી ? લક્ષ્મીદાસ !'

'જી, એને તો ત્રણેક મહિના થઈ ગયા !' સામેથી એક પોસ્ટમૅન આવતો હતો. તેણે બીજો અરધો જવાબ વાળ્યો હતો.

પોસ્ટમાસ્તર દિઙ્મૂઢ બની ગયા. હજી મરિયમનો કાગળ ત્યાં બારણામાં પડ્યો હતો. ! અલીની મૂર્તિ એની નજર સમક્ષ તરી રહી. લક્ષ્મીદાસે, અલી છેલ્લે કેમ મળ્યો હતો તે પણ કહ્યું. પોસ્ટમાસ્તરના કાનમાં પેલો ટકોરો ને નજર સમક્ષ અલીની મૂર્તિ બંને ખડાં થયાં! એમનું મન ભ્રમમાં પડ્યું :

'મેં અલીને જોયો કે માત્ર શંકા હતી- કે એ લક્ષ્મીદાસ હતો ?'

પાછી રોજનીશી ચાલી : 'પોલીસ કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, લાઈબ્રેરિયન-' કારકુન ઝપાટાબંધ કાગળ ફેંક્યે જતો હતો.

પણ દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટમાસ્તર આજે એકીનજરે એ તરફ જોઈ રહ્યા છે! કવર એટલે એક આનો ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ છે. ઠેઠ આફ્રિકાથી કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું? પોસ્ટમાસ્તર વધારે ને વધારે ઊંડા ઊતરે છે.

મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.

તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરિયમનો કાગળ સાથે જ હતો. કબર પર કાગળ મૂકી પોસ્ટમાસ્તર ને લક્ષ્મીદાસ પાછા વળ્યા.

'લક્ષ્મીદાસ ! આજે સવારે તમે વહેલા આવ્યા કાં?'

'જી, હા.'

'- અને તમે કીધું, અલી ડોસા......'

'જી, હા.'

'પણ - ત્યારે....ત્યારે, સમજાયું નહિ કે......'

'શું ?'

'હાં ઠીક કાંઈ નહિ !' પોસ્ટમાસ્તરે ઉતાવળે વાત વાળી લીધી. પોસ્ટઑફિસનું આંગણું આવતાં પોસ્ટમાસ્તર લક્ષ્મીદાસથી જુદા પડી વિચાર કરતા અંદર ચાલ્યા ગયા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું ને આજે હજી પોતાની દીકરીના સમાચાર ન હતા, માટે પાછા સમાચારની ચિંતામાં તે રાત્રિ ગાળવાના હતા. આશ્ચર્ય, શંકા અને પશ્ચાત્તાપના ત્રિવિધ તાપથી તપતા એ પોતાના દીવાનખંડમાં બેઠા ને પાસેની કોલસાની સગડીમાંથી મધુર તાપ આવવા લાગ્યો.

**'તણખામંડળ ભાગ-1'માંથી**

## શબ્દાર્થ

**સ્વાધીન અવસ્થા** પોતે પોતાને નિયમમાં રાખનારી સ્થિતિ (અહીં) પોતાના કામ જાતે કરે એવી સ્થિતિ **ડાંગ** લાંબી મજબૂત લાકડી **શીમણી** કાળી, શામળી, (અહીં) અંધારી **કારકુન** ગુમાસ્તો (અંગ્રેજીના 'ક્લર્ક' પરથી) **કોચમૅન** કોચ-ગાડી હાંકનારો **નિષ્ઠુર** નિર્દય, કઠોર **તેતર** એક પંખી **ખોમાં** (અહીં) બખોલમાં **'કાસડા' કે 'રાંપડા'નાં ઘાસ** (અહીં) એક પ્રકારનું ઘાસ **જીવનસંધ્યા** (અહીં) જીવનની ઉત્તરાવસ્થા, પાછલી ઉંમર **ધૈર્ય** ધીરજ **કારભારી** કારભાર કરનારો, વ્યવસ્થાપક **સૈકો** સો વર્ષ **ગોલ્ડસ્મિથ** એક અંગ્રેજ લેખક **વિલેજ સ્કૂલમાસ્તર** અંગ્રેજ લેખકની કૃતિનું પાત્ર **થાનક** સ્થાન **સહાનુભૂતિ** સમભાવ, દિલસોજી **કૌતુકબુદ્ધિ** કુતૂહલ જાગ્રત કરે એવી બુદ્ધિ **અસંબદ્ધ** સંબદ્ધ નહિ એવું, અનુચિત **ભડકવું** અચાનક ડરી જવું **ગીની** સોનાનો એક (બ્રિટિશ) સિક્કો **દાબડી** નાની ડબી **તોલો** દશ ગ્રામથી થોડું વધારે વજન **પિછાને** ઓળખે (અહીં) સમજે **કરડાઈના** કરડાકી-કડકાઈ-સખતાઈના **દિઙ્મૂઢ** ચકિત, છક **રોજનીશી** દરરોજના કામની નોંધપોથી **ત્રિવિધ** ત્રણ પ્રકારના

## રૂઢિપ્રયોગ

**નસેનસમાં ઊતરી જવું** જીવનમાં વણાઈ જવું **મગજ ચસકી જવું** ગાંડા થઈ જવું, મગજ ઠેકાણે ન રહેવું **કર્યાં ભોગવવાં** કરેલાં કર્મોનું ફળ ભોગવવું **પુરાણ નીકળવું** એક વાતના સંદર્ભમાં બીજી વાતો નીકળવી **તપી જવું** ગુસ્સે થવું **આંખ ફાટી જવી** અવાચક બની જોઈ રહેવું **આકુળવ્યાકુળ થવું** ખૂબ ગભરાઈ જવું **મન ભ્રમમાં પડવું** વહેમ કે શંકા થવી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) અલી ડોસાને એ જગ્યાએ બેસવાનો કેટલો અભ્યાસ હતો ?
(2) અલી ડોસા પર આવેલા પત્રનો પોસ્ટમાસ્તરે શા માટે ઘા કરી દીધો?
(3) અલી ડોસો રોજ શા માટે પોસ્ટઑફિસે આવતો હતો?
(4) લેખકને મતે અર્ધું જગત ક્યારે શાંત બની શકે ?
(5) લક્ષ્મીદાસ અને પોસ્ટમાસ્તરે મરિયમના પત્રનું શું કર્યું ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) અલી ડોસો હોશિયાર શિકારી હતો તેમ શા પરથી કહી શકાય ?
(2) 'સ્નેહ અને વિરહ' અલી ડોસાને ક્યારે સમજાય છે?
(3) પોસ્ટઑફિસના કર્મચારીઓ અલી ડોસાની હાંસી શી રીતે ઉડાવતા?
(4) અલી ડોસાએ લક્ષ્મીદાસને કઈ ભલામણ કરી હતી? શા માટે ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) વાર્તામાં રજૂ થયેલ રાત્રિનું વર્ણન કરો.
(2) 'પોસ્ટઑફિસ અલી ડોસા માટે ધર્મક્ષેત્ર-તીર્થસ્થાન બન્યું' આ વિધાનને સમજાવો.
(3) અલી ડોસાનું પાત્રાલેખન કરો.
(4) પોસ્ટઑફિસ વાર્તાનો અંત તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- 'પોસ્ટઑફિસ'ની મુલાકાત લઈ બાર-પંદર લીટીમાં અહેવાલ લખો.
- આ વાર્તાનું નાટ્યરૂપાંતર કરી તેને ભજવો.
- તમારા વડીલો પાસેથી માતૃ-પિતૃ પ્રેમના આવા બીજા પ્રસંગો સાંભળો.
- ચુનીલાલ મડિયા રચિત 'શરણાઈના સૂર' વાર્તા મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

''પાછલી રાત્રિનું ભૂરું આકાશ માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું.
શુક્રના તારાનું મીઠું તેજ બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું.
ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે, તેમ વૃદ્ધ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો.

કહે નહીં છતાં કતલ કરી નાખે એવી મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી.''

ઉપરનાં ત્રણ વાકયોમાં દૃષ્ટાંત અને છેલ્લામાં ઉપમા- દૃષ્ટાંત અલંકાર છે. અલંકાર ભાષાનું આભૂષણ છે. તેના સહારે લેખકે શિયાળાની મોડી રાત્રિનું વાતાવરણ સ-રસ રીતે ખડું કર્યું છે.

અલી ડોસાના પૂર્વજીવનને વર્તમાન જીવન સાથે વિરોધ રચવા માટે લેખકને શબ્દો શોધવા જવું પડતું નથી.

'જેમ અફીણીને અફીણ લેવું પડે, તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દૃષ્ટિ પડે કે તરત તેના હાથમાં તેતર આવી જ પડ્યું હોય! --- પરંતુ ઇટાલીના ગરુડ જેવી અલીની દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી અને બીજી જ પળે તે રહેતું નહીં.'

અહીં તમે જોઈ શકશો કે અલી ડોસાના હાડોહાડમાં શિકાર કેવો વસી ગયો હતો તે બતાવવા લેખકે અલંકારમંડિત ભાષાનો બરાબરનો ઉપયોગ કર્યો છે.

## શિક્ષક આવૃત્તિ

- મંદિરના ઓટલા ઉપર, ઉદ્યોગના બાંકડા ઉપર, રેલવે કે બસ સ્ટોપ ઉપર બેઠેલી વ્યક્તિનું અવલોકન કરી નોંધ કરવાનું કહો.
- જો તમે પોસ્ટમાસ્તર હોવ તો....? - વાર્તાનો અંત વિદ્યાર્થીને તેની દૃષ્ટિએ લખવાનું કહો.

•

| 3 | # એમ ઉગાર્યો ચંદ્રહાસ |
|---|---|

**પ્રેમાનંદ**

**(સત્તરમી સદી)**

પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો. એમના પિતાનું નામ કૃષ્ણરામ ભટ્ટ હતું. કથાકાર તરીકેનો પોતાનો કૌટુંબિક વ્યવસાય કરીને તેઓ ગુજરાન ચલાવતા હતા. વ્યવસાય અર્થે તેઓ સુરત અને નંદરબાર પણ ગયા હતા. માણ ઉપર હાથથી તાલ આપીને કથા પ્રસંગોનું પઠન અને ગાયન કરવામાં કુશળ પ્રેમાનંદે સાભિનય રજૂઆત દ્વારા આખ્યાનોને લોકપ્રિય કર્યાં હતાં. નરસિંહ, સુદામા જેવા ભક્તોના જીવનપ્રસંગો તથા પુરાણોમાંથી કથાવસ્તુ લઈને પ્રેમાનંદે આનંદ સાથે જ્ઞાન આપતી અનેક આખ્યાનરચનાઓ ગુંજતી કરી હતી. આખ્યાનની કથનકળામાં પ્રવીણ હોવા સાથે પ્રેમાનંદ વર્ણનો, પાત્રાલેખન, રસનિરૂપણ અને એ દ્વારા વાતાવરણચિત્રણમાં પણ કુશળ હતા. એમનાં આખ્યાનોને ઉત્તમ બનાવવામાં એમની રસનિરૂપણ તેમજ ભાષાશક્તિનો મહત્ત્વનો ફાળો છે.

'ઓખાહરણ', 'અભિમન્યુઆખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'સુદામાચરિત', 'મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' જેવી કૃતિઓ રચીને પ્રેમાનંદે ગુજરાતી આખ્યાન કવિતાને સમૃદ્ધ કરીને, ગુજરાતી સંસ્કારોને પોષવાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે.

પ્રેમાનંદના ચંદ્રહાસઆખ્યાનના આ કડવા-15માં પ્રધાન ધૃષ્ટબુદ્ધિ જેને મરી ગયેલો સમજતો હતો, તે ચંદ્રહાસ જીવતો છે એ જાણી તેને મારવા તત્પર બને છે. ચંદ્રહાસને 'વિષ' આપવા પોતાના પુત્ર મદનને લખેલો પત્ર તેની સાથે જ રવાના કરે છે. કૌંતલપુરના પાદરે પહોંચી ચંદ્રહાસ વિશ્રામ કરે છે. તે સમયે ધૃષ્ટબુદ્ધિની વિષયા નામે પુત્રી સખીઓ સાથે ઉપવનમાં આવી છે. ત્યાં સૂતેલા ચંદ્રહાસને જોઈને મુગ્ધ થઈ જાય છે. યૌવનસહજ આવેશમાં વિષયા ચંદ્રહાસ ઉપર મોહિત થાય છે. આ કડવામાં પ્રેમાનંદે તેનું રસિક વર્ણન કર્યું છે. ચંદ્રહાસને મુગ્ધભાવે નિરખતી વિષયા સૂતેલા ચંદ્રહાસની કમરમાં બાંધેલો પત્ર હળવેથી સેરવી લે છે. ચંદ્રહાસને મારી નાખવાની પિતાની યોજના વિશે વાંચીને તે ચંદ્રહાસને ઉગારવા એક નેત્રનું કાજળ અને બીજા નેત્રનું જળ લઈ તરણા વડે 'વિષ'ને બદલે 'વિષયા' લખી ચંદ્રહાસને ઉગારી લે એવી હાજરબુદ્ધિનું આ કડવું પ્રેમાનંદની સર્જનશક્તિનું પણ ઉત્તમ ઉદાહરણ છે.

---

**રાગ : ગોડી**

વિષયાએ વિમાસી જોયું : 'એ પુરુષને હું નર્ખું.'
અન્ય પશુ પક્ષી ને માનવ નથી કોય હ્યાં સરસ્યું... 1
રખે ચતુર તુરી કહેતો સ્વામી, જાગશે તો શું થાશે !
નિદ્રા-વશથી કેમ ઉઠાડું ? પછે શું કહેવાશે ? 2
હે અશ્વ, તું અતિ અનુપમ, તારું રૂડું વાન,
માગી રે, લેઉં છું હું માનિની ; રખે કરતો સ્વામીને જાણ! 3
તારે રત્નજડિત મુખમોરડો, ઉદયાચળ ઊગ્યો ભાણ;
પેંગડાં તારાં પરમ મનોહર, રત્નજડિત પલાણ, 4
એવું કહેતી ચાલી ચતુરા, ચંચળ નયણે જોય :
'રખે સખી સહિયર આપણી, છૂપી રહીને જોય!' 5
નેપૂર ઝાંઝર અણવટ વીંછિયા, સોનીએ આભ્રણ ઘડિયાં;
પ્રથમ વાજતાં રૂડાં લાગતાં, આજ શત્રુ થઈ નીવડિયાં! 6
એવું કહી મન દૃઢ કરી ચાલી, ઝાંઝર ઊંચાં ચઢાવી;
મરમે ભરતી ડગ જેમ જળમાં બગ એમ શ્યામા સમીપે આવે. 7
ચંદ્રહાસની પાસે અતિઉલ્લાસે હરિવદની હરખે બેઠી;
'મુજ શ્વાસ લાગે સાધુ જાગે,' ચિંતા તે ચિત્તમાં પેઠી. 8
'રખે કો દેખે, સહિયર મુજ પેખે,' એમ દૃષ્ટ રાખતી આડી;
પછે પિછોડી પરી કરીને જોયું વદન ઉઘાડી. 9
નખશિખા લગી ચંદ્રહાસને રે જોતી નયણે નરખી;
હરિભક્તને દેખી હરિવદની હૈડામાં ઘણું હરખી. 10

આકાશે અભ્ર અળગું થાયે ચંદ્રબિંબ દીસે જેવું,
ત્યમ પિછોડી પરી કીધે મુખ કુલિંદકુંવરનું તેવું. 11
સુવદનઅંબુજ ઉપર ભ્રૂકુટી, ભ્રમર કરે ગુંજાર;
શકે શશિબિંબ પુઠે તારા, એવો શોભે છે મોતીહાર. 12
શુકચંચા અતિ ઉત્તમ, જાણે અધરબિંબઅલંકૃત,
શશી સવિતા શ્રવણે કુંડળ, દાડમકળી શા દંત ! 13
કપોત કંઠ, કર કુંજરના સરખા, હથેલી અંબુજવરણ;
બાંયે બાજુબંધ બેરખા મુદ્રિકા આદે આભરણ. 14
વિશાળ હૃદે ને હાર હેમનો, કટિ કેસરીના સરખી;
દેખી રૂપ રંગ તેજ તારુણી, જાણે નાખી પ્રેમની ભૂરકી. 15
‘ધન્ય માતતાત એનાં દીસે છે, કોણે કીધાં હશે પુન્ય?
હિમે હાડ ગાળ્યાં સુખ ટાળ્યાં, તો એવો હશે તંન. 16
જપ તપ વ્રત દેહદમન, એવી તારુણી ઘરનાર;
તે નારીનું પરમ ભાગ્ય જેને આવો હશે ભરથાર! 17
મેં પાપણિયે પુન્ય ન કીધું, તો ક્યાંથો આવો સ્વામી!
એમ દુઃખ ધરતી આંસુ ભરતી વિષયા શોકને પામી. 18
એવે એક કભાયની કસે કાગળ બંધન દીઠો;
જોવા કારણ યૌવનાએ તતક્ષણ છોડી લીધો. 19
સરનામું અક્ષર તાતના દેખી બાળા મહાસુખ પામી;
‘શકે પત્ર લખી મોકલ્યો પિતાએ મુજ સ્વામીઃ 20
સ્વસ્તિ શ્રીકૌંતલપુર સ્થાને, મદન કુંવર બળવંત,
અહીં ચંદ્રહાસને મોકલ્યો છે, તે પત્ર લેજો, ગુણવંત. 21
રૂપ ન જોશો, રંગ ન જોશો, ન પૂછશો ઘરસૂત્ર;
મુહૂર્ત ઘટી કોને ન પૂછશો, એને **વિષ** દેજોની પુત્ર. 22
વાંચી પત્રને વિષયા બોલી : ‘ત્રાહે ત્રાહે, ત્રિભુવનનાથ;’
**વિષયાને** સાટે **વિષ** લખાયું; શું કાપ્યા જોઈએ હાથ. 23
પત્ર લેઉં તો પાછો ફરી જાય; પરણ્યા વિના વિઘ્ન થાય;
અક્ષર એક વધારું એ માંહે, **વિષ**ની કરું **વિષયાય**. 24
એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર,
તરણા વતે લખ્યું તારુણીએ, ધરી હૃદયા મધ્યે ધીર. 25
નારદ કહે : સાંભળ રે અર્જુન, કર્તાહર્તા અવિનાશ;
**વિષ** ફેડી **વિષયા** કરી, એમ ઉગાર્યો ચંદ્રહાસ. 26
પત્ર ફરી બાંધ્યું પ્રેમદાએ, જળ ભરતી તે નેણ;
ઊઠી અબળા ચાલી ત્યાંથી મુખે કહેતી વેણઃ 27
‘ઘેર જઈને વાટ જોઉં છું,’ ઉતાવળા તમો આવો;
મદનભાઈને મળજો સ્વામી, પત્ર લખ્યું તે લાવો. 28

**વલણ**

‘પત્ર લખ્યું તે લાવો, સ્વામી’ એમ કહી વિષયા વળી રે;
થરથર ધ્રૂજે ને કાંઈ ન સૂઝે, સખી જ્યાં સામી મળી રે. 29

**‘ચંદ્રહાસઆખ્યાન’–માંથી**

### શબ્દાર્થ

**વિમાસી** વિચારી, મૂંઝવણ અનુભવી **નર્ખું** નીરખું, જોઉં **હ્યાં** અહીંયાં **સરસ્યું** સરખું, જેવું **રખે** કદાચ **તુરી** ઘોડો, અશ્વ **અનુપમ** જેને ઉપમા ન આપી શકાય તેવું, સર્વોત્તમ **માનિની** (માન માગતી કે અભિમાની) સ્વમાની સ્ત્રી **મુખમોરડો** પશુને મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું **ઉદયાચળ** ઉદયગિરિ, મેરુપર્વત **ભાણ** ભાનુ, સૂર્ય **પેંગડાં** ઘોડેસવાર જેમાં પગ રાખે છે તે કડાં **પલાણ** ઘોડાની પીઠ ઉપર મુકાતી બેઠક **નેપુર** નૂપુર, ઝાંઝર **અણવટ** સ્ત્રીઓના પગના અંગૂઠાનું ઘરેણું **વીંછિયા** પગની આંગળીનું ઘરેણું **આભરણ** અલંકાર, આભૂષણ, શણગાર **મરમ** મર્મ, રહસ્ય, ભેદ **શ્યામા** જુવાન સ્ત્રી (અહીં) વિષયા **સમીપ** પાસે, નજીક **હરિવદની** ચંદ્ર(હરિ)ના જેવા મુખવાળી, (અહીં) વિષયા **પિછોડી** પછેડી, ઓઢવાની ચાદર **હૈડામાં** હૈયામાં, હૃદયમાં **અભ્ર** વાદળ **સુવદનઅંબુજ** કમળ(અંબુજ)ના જેવા સુંદર મુખવાળો, (અહીં) ચંદ્રહાસ **ભ્રૂકુટિ** ભવું, ભમ્મર **શશિબિંબ** ચંદ્રનું પ્રતિબિંબ **પૂંઠે** પાછળ **શુકચંચા** પોપટની ચાંચ (અહીં) પોપટની ચાંચ જેવું **અધર-બિંબ અલંકૃત** હોઠની શોભા **સવિતા** સૂર્ય **શ્રવણ** કાન **કપોત** કબૂતર **કુંજર** હાથી **અંબુજવરણ** કમળના રંગનું **બાજુબંધ** હાથનું એક ઘરેણું **બેરખા** બેરખી, કાંડા ઉપર પહેરવાનું ઘરેણું **મુદ્રિકા** મુદ્રા, વીંટી **આદે** આદિક, વગેરે, ઇત્યાદિ **હૃદે** હૃદયે **હેમ** સોનું **કટિ** કેડ, કમર **તારુણી** તરુણ કે જુવાન યુવતી, (અહીં) વિષયા **ભૂરકી** જાદુમંત્ર, મોહિની **તાત** પિતા **હિમે** હિમાલયે **ભરથાર** પતિ **કભાય** કભા, ઓઢો (અહીં) અંગરખા જેવું એક વસ્ત્ર **કસ** અંગરખુ. બંડી વગેરે ભીડવાની નાની દોરી **સ્વસ્તિ** કલ્યાણકારી **મદન** કામદેવ **ઘટી** ઘડી, ચોવીસ મિનિટ **વિષ** ઝેર **ત્રિભુવનનાથ** સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે ભુવનલોકના સ્વામી, ઈશ્વર **અવિનાશ** અમર, અક્ષર, નિત્ય (અહીં) કૃષ્ણ **પ્રેમદા** પ્રેમ આપનાર સ્ત્રી (અહીં) વિષયા

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) વિષયા ચંદ્રહાસના ઘોડાનાં વખાણ શા માટે કરે છે?
(2) વિષયાને પોતાનાં આભૂષણ વેરી જેવાં શા માટે લાગે છે?
(3) ધૃષ્ટબુદ્ધિ રાજાએ કાગળમાં શો સંદેશો લખ્યો છે ?
(4) વિષયાએ વિષનું 'વિષયા' કેવી રીતે કર્યું ?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) ચંદ્રહાસનું મનોહર રૂપ જોઈને વિષયા શોક શા માટે અનુભવે છે?
(2) ચંદ્રહાસ પાસેનો પત્ર વાંચી વિષયાએ શી પ્રતિક્રિયા આપી ?
(3) ચંદ્રહાસ કેવી રીતે ઊગર્યો ?
(4) ચંદ્રહાસને જોઈને વિષયા કેવા પ્રકારનું મનોમંથન અનુભવે છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

(1) ચંદ્રહાસના ઘોડાનું વર્ણન કરો.
(2) ચંદ્રહાસનું પાત્રાલેખન કરો.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- વડીલો પાસેથી આવી ચાતુરીભરી કથાના પ્રસંગો સાંભળો.
- આ કથા તમારા પરિવાર આગળ રજૂ કરો.
- વિષયા માટે વપરાયેલા અન્ય શબ્દોની યાદી કરો.

### ભાષા-અભિવ્યક્તિ

પ્રેમાનંદની ગુજરાતી ભાષા પરની પકડ અછતી રહે તેમ નથી. ભાવને અભિવ્યક્ત કરવા માટે શબ્દ એમને સહજ રીતે મળી આવે છે. વર્ણનછટા અદ્ભુત છે.

આ પંક્તિ જુઓ :

'પેંગડાં તારાં પરમ મનોહર, રત્નજડિત પલાણ'માં વર્ણાનુપ્રાસ તો છે જ સાથે સાથે પ્રથમ બે શબ્દો 'પેંગડાં તારાં'નો આકારાન્ત દયસ્પર્શી છે, તો 'મરમે ભરતી ડગ, જેમ જળમાં બગ'માં અંત્યાનુપ્રાસ અને દૃષ્ટાંત અલંકાર સાથે વિષયાની 'દબાતી ચાલ' આપણી નજર સામે ખડી થઈ જાય છે. આખા કડવામાં આવાં શબ્દચિત્રો તમે નિહાળી શકશો.

કડી 4 તથા 11 થી 15 સુધી અનુક્રમે ઘોડા અને ચંદ્રહાસનાં અલંકારમંડિત રૂપવર્ણનો મનોહર છે.
જુઓ આ કડી :

‘શુકચંચા અતિ ઉત્તમ, જાણે અધરબિંબ અલંકૃત;
શશી-સવિતા શ્રવણે કુંડળ, દાડમકળી શા દંત !’

વિષયાની એકે-એક ક્રિયા બતાવવા માટે પ્રેમાનંદે ભાષાનો કસ કાઢ્યો છે.
જુઓ :

‘મુજ શ્વાસ લાગે સાધુ જાગે, તે ચિંતા ચિત્તમાં પેઠી.
રખે કો દેખે, સહિયર મુજ પેખે એમ દૃષ્ટ રાખતી આડી’

## શિક્ષક પ્રવૃત્તિ

- ‘ચંદ્રહાસઆખ્યાન’ના સ્વરૂપનો પરિચય કરાવો અને ‘ચંદ્રહાસઆખ્યાન’ની કથા કહો.
- ‘बुद्धिः रक्षति रक्षते ।’ ‘મુશ્કેલ પરિસ્થિતિમાંથી માર્ગ શોધે તે બુદ્ધિશાળી’ - આ પંક્તિ સમજાવો.
- ‘રામ રાખે તેને કોણ ચાખે!’ - કુદરતના ન્યાય વિશે નોંધ લખાવો.
- પ્રેમાનંદનાં અન્ય આખ્યાનોનો સંક્ષિપ્ત પરિચય કરાવવો.

•

# 4 અમૃતા

**કિશનસિંહ ચાવડા**

**(જન્મ : 17-11-1904; અવસાન : 01-12-1979)**

નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, સંપાદક તેમજ અનુવાદક કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા 'જિપ્સી'નો જન્મ વડોદરામાં થયો હતો. તેઓ સુરત જિલ્લાના સચીન પાસેના ભાંજ ગામના હતા. તેમણે વડોદરા, ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ તેમજ શાંતિનિકેતન-કલકત્તા ખાતે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. મુંબઈની ફેલોશિપ હાઈસ્કૂલમાં થોડો સમય શિક્ષક તરીકે સેવા આપી હતી. વડોદરામાં 'સાધના મુદ્રણાલય'ની સ્થાપના કરી. પાછળથી અલમોડા પાસેના મિરતોલા આશ્રમમાં નિવાસ કર્યો હતો.

જીવનશ્રદ્ધા અને જીવનમાંગલ્યની ભૂમિકા પરથી રંગદર્શી માનસની અનેક મુદ્રાઓ ઉપસાવતું ચિત્રાત્મક શૈલીનું એમનું ગદ્ય, ગુજરાતી ગદ્યસાહિત્યમાં વૈયક્તિક પરિમાણ પ્રગટાવે છે.

'રેખાચિત્ર', 'સંસ્મરણ' અને 'આત્મકથા'ના ત્રિવિધ સ્તરને સ્પર્શતા 'અમાસના તારા' પુસ્તકમાંના પ્રસંગોમાં જીવનના અનુભવોનું વિધાયક બળ છે. 'જિપ્સીની આંખે'માં સંસ્મરણોનો સુચારુ આલેખ છે. 'તારામૈત્રક' અંગત ચરિત્રરેખાઓનું નોંધપાત્ર પુસ્તક છે. 'સમુદ્રના દ્વીપ' જીવન વિશેના માર્મિક લેખોનો સંગ્રહ છે. 'અમાસથી પૂનમ ભણી'માં આધ્યાત્મિક લેખો છે. તેમણે 'ધરતીપુત્રી' નવલકથા તેમજ 'કુમકુમ' અને 'શર્વરી' વાર્તાસંગ્રહો પણ આપ્યા છે. 'હિન્દી સાહિત્યનો ઇતિહાસ' અને 'કબીર સંપ્રદાય' એમના અભ્યાસગ્રંથો છે. કેટલાંક સંપાદનો તેમજ અનુવાદો પણ તેમણે પ્રકાશિત કર્યાં છે. તેમને નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

પ્રસ્તુત કૃતિ 'અમૃતા'માં લેખક પોતાની નાની બહેન પ્રત્યેના સ્નેહને પ્રગટ કરે છે. ભાઈના લગ્નપ્રસંગે અમુની વેદના તેમજ અમુના લગ્નટાણે ભાઈની વેદનાને લેખકે એટલી રસપ્રદ શૈલીમાં વ્યક્ત કરી છે કે વાચકની આંખ સહજ રીતે જ ભીંજાઈ જાય! અમુનો સાસરવાસ અને તેની બીમારી પછી, તેની કાયમી વિદાય તો વાચકને અવાચક બનાવી મૂકે છે. કથાની સાથે અમુનો માતા-પિતા અને પોતાની સાથેના સ્નેહસંબંધને પણ લેખકે પ્રસંગોપાત ગૂંથ્યો છે, જે અમુના ચરિત્રને સરસ રીતે ઉઠાવ આપે છે. અમુનો પાંચીકાપ્રેમ, એ પાંચીકાપ્રેમને કારણે પ્રગટેલો ભાઈ પ્રત્યેનો સ્નેહ, અમુના અસ્થિવિસર્જન સાથે થયેલ પાંચીકા વિસર્જન અને ભાઈની વ્યથામય સ્થિતિ -આ બધું જાણે-અજાણે ચિત્રપટ ઉપર જોતાં - અનુભવતાં હોઈએ એવું લાગે છે!

---

મારી નાની બહેનનું નામ તો અમૃતા પણ સૌ એને અમુના વહાલસોયા નામથી જ બોલાવતા. મારાથી એ ત્રણ વર્ષ નાની. હું બાર વરસનો ત્યારે એ નવની. અમે ભાઈબહેન ઉપરાંત જબરાં મિત્રો. અમુ ગજબની તોફાની. હું જરા શાંત એટલે ફળિયામાં જરા કંઈક છોકરાંઓમાં તકરાર જેવું થાય ત્યારે મારા સામાવાળાના તો અમુ બાર વગાડી દે. ગંઠાયેલું શરીર, તંદુરસ્તીની ખુશ્બૂ, નમણો ચહેરો અને તેજસ્વી ચકોર આંખો. અમૃતાની આંખો પર હું મુગ્ધ. એ આંખો એના સમગ્ર સૌંદર્યનું શિખર છે એ તો હું જરા મોટો થયો ત્યારે મને ગમ પડી, પણ અણસમજણમાંય મને એની આંખો બહુ ગમે અને એ આંખો ઉપર ધનુષ્યાકૃતિ રચી રહેલાં એનાં ભવાં હું પંપાળતાં થાકું જ નહીં. પછી તો અમુ ના હોય તો હું મારાં જ ભવાં પંપાળતો પંપાળતો અમુને યાદ કર્યા કરું. અમુને જોઈને મારાં નાની રાજુબા હંમેશાં કહેતાં કે : 'કિશન, તારી બા નાની હતી ત્યારે બરોબર અમૃતા જેવી જ લાગતી હતી. અમુ મોટી થશે ત્યારે નર્મદા જેવી જ રૂપાળી થવાની.' એક દિવસ રાજુબાએ મને અને અમુને બંનેને બાના બચપણની એક વાત કહી : 'નર્મદા ત્યારે નવદશ વર્ષની હશે, હું બહુ માંદી પડેલી. કોઈને આશા નહોતી કે હું જીવીશ. તમારા નાના તો હતાશ થઈને રડી પડેલા. એ દિવસોમાં એક સંન્યાસી ભિક્ષા માગવા આવ્યો. નર્મદા એની ટેવ પ્રમાણે બંને મુઠ્ઠીઓમાં બાજરી ભરીને દોડી. એની ડોકમાં એક સોનાની સેર હતી. પેલા સાધુએ વાતવાતમાં ઘરની માંદગીની ખબર જાણી લીધી. તરસ્યો હતો કહીને છોકરી પાસે પાણી માગ્યું. એ સાધુ શાનો, કોઈ અવધૂત હતો. એણે નર્મદાને કહ્યું કે જો તારી સોનાની કંઠી આપી દે તો તારી મા તરત સાજી થઈ જાય એવી ઈશ્વરી ભસ્મ આપું. નર્મદાએ તો કંઠી ઉતારી દીધી અને પેલો સાધુ ચપટી રાખ આપીને ચાલતો થયો. છોકરીએ તો પેલી ભસ્મ લાવીને ચમચા પાણી વડે મારે ગળે ઉતારી દીધી. ભગવાનને કરવું કે ત્યાર પછી વળતાં પાણી થયાં ને હું સાજી થઈ. આઠદસ દહાડે પેલી સોનાની સેર નર્મદાના ગળામાં દીઠી નહીં એટલે આખી વાત પકડાઈ ગઈ. છોકરીએ તો સાચેસાચું કહી દીધું. આખરે તમારા નાનાએ કહ્યું કે 'બળી કંઠી ગઈ તો ગઈ, તમે સાજાં થઈ ગયાં એટલે બસ. નર્મદા, તું ગભરાઈશ નહીં બેટા.' આ આવી હતી તમારી બા. જોજે અમુ તું આવું કંઈ ના કરતી'.

તે દિવસે સાંજે અમે મોસાળથી બંને જણાં પાછા ઘેર આવ્યાં ત્યારે અમુએ તરત જ બાને કહ્યું : 'બા, મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે, નહીં તો હું કોઈ સાધુને આપી દઈશ.' બા પહેલાં તો અમુનો ધડાકો સમજી જ નહીં. એ તો મેં બધી વાત કહી ત્યારે એ હસી પડી ને અમુને બચ્ચીઓનું ઇનામ મળ્યું. બા મને પકડવા આવી ત્યારે બંદા તો પોબારા ગણી ગયા.

અમુને પાંચીકાનો બહુ શોખ. એ રમત પાછળ એ ગાંડી. કલાકોના કલાકો એ રમતાં થાકે નહીં અને રમવામાં પણ એક્કો. એ વખતે અમારા ફળિયામાં એક મારવાડી કુટુંબ અમારા બીજા ઘરમાં ભાડે રહેતું. એના વડીલ ભૈરવકાકા રાજમહેલમાં કામે જતાં. આરસપહાણ ટાંકવામાં એમની જોડી નહીં. ટાંકણું તો જાણે એમનું બાળક અને હથોડી જાણે એમની દાસી. એ ભૈરવકાકા એક દિવસ બાને માટે આરસનો સુંદર ખલ લઈ આવ્યા. બા તો રાજી રાજી થઈ ગઈ તે જ વખતે અમુએ ભૈરવકાકાનો હાથ પકડીને આરસના પાંચીકા લાવી આપવાનું વચન લઈ લીધું. બીજે દિવસે સાંજે અમુના સુંદર કુકા આવી ગયા. બસ ત્યારથી ફળિયાની છોકરીઓમાં અમુનું નામ થઈ ગયું. એટલું જ નહીં, એની આબરૂની મહત્તાએ વધી ગઈ.

ધીરે ધીરે અમુએ રમીરમીને આરસના કૂકાને વધારે સુંવાળા અને ચળકતા બનાવી દીધા. એ કૂકા તો જાણે એનો પ્રાણ, અને પાંચીકાએ રમે કેવી ! એક વાર ચાર-પાંચ એની બહેનપણી સાથે એ અમારા ઓટલા પર કૂકા રમવા બેઠેલી. બીજી છોકરીઓના કૂકા તો  થોડે જ ઊંચે ઊછળે અને એમાંય ચૂકી જવાય પણ અમુનો દાવ આવ્યો કે થઈ રહ્યું. એનો કૂકો બહુ ઊંચે ઊછળે અને કૂકાની સાથે એની આંખની કીકી ઊંચી ચઢે. કૂકા સાથે પાછી દૃષ્ટિ નીચે ઊતરે. એકતો અમુની આંખો જ ચબરાક. તેમાં આ કૂકાની રમતે એને વધારે અણિયાળી બનાવેલી.  એ ગુસ્સે થાય ત્યારે એની ભ્રમરો એવી ચઢે કે બા બિચારી તરત નમતું મૂકી દે. અમુને એના આરસના કૂકા અતિશય વહાલા. એને નવ વરસ પૂરાં થયાં ને દસમી વરસગાંઠ આવી ત્યારે બા પાસે અમુએ પોતાના કૂકા માટે મશરૂની કોથળી કરાવેલી. કૂકા તો અમુનું અમૂલ્ય ઘરેણું, એની મોંઘી મિલકત.

મને બારમું વરસ ઊતરીને તેરમું બેઠું. અમારા ઘરમાં ત્યાર પછી તરત જ ધમાલ શરૂ થઈ. અનાજના કોથળા આવવા માંડ્યા. હું નિશાળેથી આવું ત્યારે બાની મદદમાં ફોઈ, માસી, મામી બધાં હાજર હોય અને અનાજસફાઈ ચાલતી હોય. એ તો ધીરેધીરે મને ખબર પડી કે મારા લગ્નની તૈયારીઓના પાશેરાની પહેલી પૂણી હતી. લગનનો દિવસ જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ ધમાલ વધતી ગઈ. મારું મહત્ત્વ ઘરમાં વધતું ગયું. આ વાત અમુને નવી લાગી, કારણ કે અમારો બંનેનો પહેલાં જેટલો સાથસથવારો હવે ન રહ્યો. ધીરે ધીરે એ ઓછો અને આછો થવા માંડ્યો. અમુ અને મારી વચ્ચે વહાલની રેશમગાંઠ એવી તો સજ્જડ બંધાયેલી કે અમે બંને આ નવી પરિસ્થિતિ સહી ના શક્યાં, પણ અમુ તો મારા કરતાં વધારે ગુસ્સાવાળી, એટલે એનો ક્રોધ તો અનેક રીતે પ્રગટ થતો ગયો. એની અરજી બાએ હસી કાઢી એટલે બાપુજી સુધી પહોંચી કે ભાઈનું લગ્ન બંધ રાખવું અને પરણવાની આખી વાત જ ઉડાવી દેવી, પણ બિચારી અમુનું કોણ માને! કુળવાનનું ઘર. પ્રતિષ્ઠા સારી. સંબંધીનો વિસ્તાર ઘણો એટલે છોકરો બાળપણમાં જ ચાર હાથવાળો થશે એ વિચારે કુટુંબીઓના હરખનો પાર નહોતો. જે દિવસે મને પીઠી ચોળી તે દિવસે અમુ ચોધાર આંસુએ રડી પડી : 'ઓ મારા ભાઈ રે!' બા અને બાપુજીથી પણ એ છાની ન રહી. પછી મેં જ જ્યારે એને બાથમાં લીધી ત્યારે એનાં ડૂસકાં શમ્યાં.

લગનમાં સૌએ મને કંઈક ને કંઈક ભેટ આપી. કોઈકે હાથમાં રૂપિયા પણ મૂક્યા. ફોઈ જરીની ટોપી લાવ્યાં. માસી સોનાની સેર લાવ્યાં. મામીએ હાથની કલ્લીઓ આણી. એમ વસ્તુઓ ઉપરાછાપરી આવવા માંડી. અમુ શું આપે બિચારી? બધાં વીખરાયાં. જ્યારે હું એકલો રહ્યો ત્યારે અમુ ધીરે ધીરે પાસે આવીને મારી સોડમાં લપાઈ ગઈ અને સંકોચ સાથે ધીરેથી બોલી : 'ભાઈ, તારા માટે હું આ લાવી છું.' કહીને એણે એના પાંચીકાની મશરૂની કોથળી દેખાડી. હું હતો તો બાળક પણ અમુની આંખોમાંથી પડુંપડું થતો સ્નેહ જોઈને હું એને બાઝી પડ્યો અને બંને અમે પેટ ભરીને રડ્યાં.

પછી તો અમુ મોટી થઈ. વધારે નમણી બની. એના રૂપમાં યૌવન ઉમેરાયું. એના લાવણ્યમાં ચારુતા ઊગી. એની આંખોમાં મસ્તીને બદલે લજ્જા ઊપસી આવી પણ અમારો સ્નેહ ઉંમર સાથે વધ્યો, ઘટ્યો નહિ. બધા સંજોગો ને સ્થિતિ વટાવીને એ વધારે વિશુદ્ધ, વધારે સહૃદય થયો. એની ભીનાશ વધી. એની ભવ્યતા ઓળખાઈ. ત્યાં તો અમુનાં લગ્ન લેવાયાં. અમુ હવે સાસરે જશે એ વિચારે હું ગમગીન થઈ ગયો. અને એ લગ્નના દિવસ સુધીમાં એ ગમગીની એટલી આકરી થઈ કે એને પીઠી ચઢી ત્યારે હું રડી પડ્યો.

અમુની વિદાય હતી. બાની આંખોમાંથી શ્રાવણભાદરવો વરસતાં હતાં. સગાવહાલાં રડતી આંખે દિગ્મૂઢ બનીને સાક્ષી થઈ રહ્યાં હતાં. ચોઘડિયાં અકારાં લાગતાં હતાં. વાતાવરણમાં સમજાતી હતી મંગલતા અને અનુભવાતું હતું કારુણ્ય. હું બાની પાછળ પડેલે ચહેરે ઊભો હતો. મારા અંતરમાં ગજબની ગડમથલ ચાલતી હતી. કશું સમજાતું નહોતું, પણ એકલતાની લાગણી સર્વોપરી હતી. મેં આગ્રહ કરીને બાપુજી પાસે પચીસ રૂપિયા લીધેલા. એ રૂપિયા મારા લગ્નમાં અમુએ આપેલી એની પાંચીકાવાળી મશરૂની થેલીમાં એ કૂકા સાથે મેં મૂક્યા હતા. અમુ ગાડીમાં બેસવા જાય ત્યાં જ મેં એ થેલી ધીરેથી એના હાથમાં સરકાવી દીધી. એણે મારી સામે જોયું. એ આંખો હું કદી નહિ ભૂલું. એ આંખોમાં વહાલ, વિષાદ અને વ્યથાની આખી વારતા મૂંગી મૂંગી રડતી હતી. અમને રોતા મૂકીને અમુ રડતી રડતી ચાલી ગઈ.

એની વિદાયની અમને કંઈક કળ વળી અમુ પાછી આવી ત્યારે. લગ્નના થોડા જ દિવસમાં મારી એ લાડીલી બહેન સાવ બદલાઈ ગયેલી. એનો હસતો ચહેરો, મરકતી અને મસ્તીખોર આંખો અને ઊછળતું આખું અસ્તિત્વ બધું જ શાંત થઈ ગયું હતું. જેમ જેમ દિવસો ગયા તેમ તેમ અમુ વધારે શાંત અને શાણી થઈ ગઈ.

ચારેક વરસ પછી એ સાસરેથી બીમાર થઈને ઘેર આવી ત્યારે હું અને બા એને માંડ ઓળખી શકીએ એટલી બધી બદલાઈ ગઈ હતી. એ અમુ જ નહીં, જાણે એનું ભૂત. નમણી અને સ્નેહ નીતરતી અમુનું આવું રૂપ જોઈને અમે ડઘાઈ જ ગયાં. બા તો રડી પડી. થોડા દિવસ થયા ને અમુની બીમારી વધી. વધી તે એટલી બધી વધી કે એક સવારે અમને રડતાં-કકળતાં મૂકીને ચાલી નીકળી. અમુ જતાં ઘરમાં સૂનકાર વ્યાપી ગયો. સનસનાટી તૂટી પડી. કુટુંબનું જાણે માંગલ્ય મરી ગયું.

બાની આજ્ઞાથી ત્રીજે દિવસે હું નર્મદા અને ઑર નદીના સંગમ ઉપર ચાણોદ અમુનાં અસ્થિ લઈને જવાનો હતો. બા ને હું અમુની પેટીની વસ્તુઓ વગે કરતાં હતાં. એમાંથી એની લગ્ન વખતની સૌભાગ્યચૂંદડીની ગડીમાંથી પેલી મશરૂની થેલી નીકળી. મેં ઉઘાડીને જોઈ તો અંદર પેલા પાંચ આરસના કૂકા ટૂંટિયું વાળીને પડ્યા હતા. એ કૂકા જોઈને મારાથી ના તો રડાયું, ના તો બોલાયું. બા કૂકાને જોઈને પછી મને જોઈ રહી. જોતાં જોતાં જોઈ ના શકી એટલે બાથ ભરી લીધી. બાની સોડમાં હૃદય દ્રવી પડ્યું.

સોમનાથના ઓવારા ભણીથી વહી આવતી નર્મદાને કરનાળી અને માંડવાની વચ્ચે જ્યાં ઑર નદી મળે છે એ ઑરસંગમ તરફ મારી હોડી જઈ રહી છે. હાથમાં અમુનાં અસ્થિની થેલી છે. મારા ગજવામાં પાંચીકાની મશરૂની થેલી પડી છે અને મારા અંતરમાં અમુની સ્મૃતિ જીવતી પડી છે. અકસ્માત માછીએ કહ્યું : 'ભાઈ, આ ઑરસંગમ.' મેં અસ્થિની થેલી પાણીમાં મૂકી. જીવ તો ન ચાલ્યો પણ પેલી પાંચીકા સાથેની મશરૂની થેલીય પાણીમાં મૂકી દીધી. અમુનાં અસ્થિ અને આરસના પાંચીકા મેં પાણીમાં મૂક્યા ત્યાં તો લાવણ્ય અને લજ્જાભર્યાં એનાં લોચનો, ધનુષ્યાકૃતિ ભ્રમરોથી છવાયેલાં મારી સામે હસી ઊઠ્યાં!

### શબ્દાર્થ

**તકરાર** ઝઘડો, કજિયો, ટંટો **ગંઠાયેલું** સુદૃઢ **ભવાં** ભમ્મર **સેર** જે દોરામાં મણકા, મોતી વગેરે પરોવ્યા હોય તેવી માળા **અવધૂત** વેરાગી, બાવો **બળી** ભલે **પાંચીકા** રમવાના કૂકા **ટાંકણું** ટાંકવાનું ઓજાર **ખલ** ઔષધ વગેરે કચરવાનો કે ઘૂંટવાનો ખાડાવાળો ઘડેલો પથરો, ખરલ **મશરૂ** રેશમ તથા સૂતરનું ઘણા રંગના પટાવાળું કપડું **રેશમગાંઠ** રેશમની ગાંઠ, ન છૂટે એવી ગાંઠ (અહીં) અતૂટ સંબંધ **લાવણ્ય** નમણાશ, ચારુતા, સુંદરતા **સહૃદય** સામી વ્યક્તિનો ભાવ કે લાગણી સમજી શકે એવું **પીઠી** લગ્નપ્રસંગે વરકન્યાને શરીરે ચોળાતો પીળો સુગંધી પદાર્થ **ચોઘડિયાં અકારાં લાગવાં** (અહીં) લગનનું મુરત **અપ્રિય** અળખામણું લાગવું **શાણી** ડાહી, ઠાવકી **માંગલ્ય** શુભ, કલ્યાણ **ઓવારો** કિનારો

### રૂઢિપ્રયોગ

**બાર વગાડી દેવા** સામેવાળાનું આવી બનવું, આફતરૂપ બનવું **ગમ પડવી** સૂઝ-સમજ પડવી **વળતાં પાણી થવા** (અહીં) રોગનું જોર ઓછું થવું **વાત પકડાઈ જવી** સત્યનો ખ્યાલ આવી જવો **પોબારા ગણી જવું** નાસી જવું **પાશેરામાં પહેલી પૂણી** તદ્દન શરૂઆત **નમતું મૂકવું** જતું કરવું **ચાર હાથવાળું થવું** (અહીં) લગન થવું **વાત ઉડાવી દેવી** નિરાંત કે શાંતિ થવી **ડઘાઈ જવું** ગભરાટથી સ્તબ્ધ થઈ જવું **વગે કરવું** વ્યવસ્થિત કરવું **સનસનાટી તૂટી પડવી** આશ્ચર્ય કે હબકની સ્તબ્ધતાની વ્યાપક અસર થવી **શ્રાવણભાદરવો વહેવો** ચોધાર આંસુ વહેવાં

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) અમૃતાને સૌ શું કહી બોલાવતાં હતાં?

(2) અમૃતા માટે રાજુબા હંમેશાં શું કહેતાં હતાં ?

(3) માસી અને મામીએ લેખકને લગ્નપ્રસંગે કઈ ભેટ આપી ?

(4) લેખક ક્યારે રડી પડ્યા?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભૈરવકાકા કોણ હતા? તેમની શી વિશેષતા હતી ?

(2) ભાઈએ અમુને લગ્નમાં શી ભેટ આપી હતી ?

(3) અમુ સૌને બદલાઈ ગયેલી ક્યારે લાગી ? શા માટે ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) અમૃતાનું પાત્રાલેખન કરો.

(2) રાજુબાએ કહેલી બાના બચપણની વાત તમારા શબ્દોમાં લખો.

(3) અમૃતાનો પાંચીકાપ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.

(4) લેખકનો ભગિનીપ્રેમ ચરિત્રનિબંધમાં કેવી રીતે પ્રગટ થાય છે તે જણાવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- રક્ષાબંધનનો મહિમા પ્રાર્થના-સંમેલનમાં સમજાવો.
- તમને સવિશેષ ગમતી તમારા ઘરની કોઈ એક વ્યક્તિ વિશે ટૂંકમાં લખો.
- 'નિર્દોષ અને નિર્મળ આંખ તારી' (હરિશ્ચંદ્ર ભટ્ટ) કાવ્ય મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

આ નિબંધમાં લેખકે 'અમૃતા' પ્રત્યેના સ્નેહભાવને પ્રગટ કરવા માટે ભાષા પાસે કેવું કામ લીધું છે તે જુઓ :

'અમુને પાંચીકાનો બહુ શોખ. એ રમત પાછળ એ ગાંડી'. અમૃતાને પાંચીકા રમવાનો શોખ છે એમ કહ્યા પછી પણ આ શોખની હદ બતાવવા લેખકે તેની સાથે બીજું વિધાન મૂકી ભાવને બળવાન બનાવ્યો છે તે જુઓ. 'પછી તો અમુ મોટી થઈ....' આ વિધાનમાં આપેલાં ચાર ક્રિયાપદો તમે નોંધો. 'મોટી થઈ', 'નમણી બની', 'રૂપમાં યૌવન ઉમેરાયું', 'લાવણ્યમાં ચારુતા ઊગી...' અહીં અમૃતા યુવાન થતાં તેના ચહેરામાં કેવા કેવા ફેરફારો (સૌંદર્ય વિષયક) થયા તેનું ટૂંકમાં વર્ણન કર્યું છે. એવું જ તેના મૃત્યુ પ્રસંગે લેખકનું ઘર કેવું શોકમગ્ન બની ગયું તે બતાવવા પણ આવાં જ ક્રિયાપદો વાપર્યાં છે.

'અમુ જતાં ઘરમાં...' 'ઘરમાં સૂનકાર વ્યાપવો', 'સનસનાટી તૂટી પડવી', 'કુટુંબનું માંગલ્ય મરી જવું'- આવાં ભાવને યથાર્થ પ્રગટ કરતાં સાહજિક આવી ચઢેલાં ક્રિયાપદો ભાવને કેવો ઘૂંટે છે!?

'એ કૂકા જોઈને મારાથી ના તો રડાયું ના તો બોલાયું....' જોતાં જોતાં જોઈ ના શકી એટલે બાથ ભરી લીધી......

આ વિધાનમાં લેખકે શોકમગ્ન મા-દીકરાના ભાવની અભિવ્યક્તિને શબ્દોમાં આબેહૂબ રીતે ઢાળી છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન સમજાવો.
- સ્ત્રી જીવનભર જે સંબંધો નિભાવે છે તેનું વૈવિધ્ય વર્ણવો અને દરેક સંબંધ અંગે નારીહૃદયની સંવેદનશીલતા વર્ણવો.
- અમૃતાના પાત્ર દ્વારા લગ્ન પૂર્વે અને લગ્ન પછીની નારીજીવનની પરિવર્તનશીલતા વિશે ડિબેટ ગોઠવો.
- સ્ત્રીજીવનના શ્રેષ્ઠ સદ્ગુણો-અનુકૂલન અને સમર્પણની ચર્ચા કરો.
- 'ભાઈ-બહેન'નાં કાવ્યો એકત્રિત કરો.

•

# વ્યાકરણ અને લેખન

# એકમ-1 : શબ્દપ્રયોગ, શબ્દઘડતર(પ્રત્યયો)

**■ શબ્દપ્રયોગ**

કોઈપણ વાત કે વિચાર જ્યારે વાક્યરૂપે મુકાય છે ત્યારે પ્રથમ 'શબ્દ' પસંદગી થાય છે. એક જ અર્થ ધરાવતા ઘણા શબ્દો કોશમાં હોય છે, પણ એમાંથી આપણા અર્થ સાથે વધારે નજીક કયો શબ્દ રહેશે-એ વિચાર ખાસ કરવો જોઈએ. એક જ શબ્દ જુદી અર્થછાયાઓ સાથે પ્રગટ થતો હોય તેવું પણ બને છે.

'તેઓ ખૂબ સરસ બોલ્યા' અને 'તેઓ મને ખૂબ બોલ્યા'-આ બંને વાક્યોમાં પ્રથમ વાક્યમાં 'બોલવું' એટલે રસ પડે તેવું એવો અર્થ છે, જ્યારે બીજા વાક્યમાં બોલવું એટલે 'વઢવું' એવો અર્થ છે.

તો વળી, શબ્દકોશમાં-'દેખાવું' એટલે 'સૂઝવું' અને 'સૂઝવું' એટલે 'દેખાવું' એમ બંને શબ્દોના સમાન અર્થ આપેલા છે. 'દાદાને ઘણાં વરસ થયાં એટલે ઓછું દેખાય છે' અને 'તેમને આંખે તકલીફ હોવાથી ઓછું સૂઝતું' - આ વાક્યોમાં કોશમાં આપેલા અર્થ મુજબ જ બંને શબ્દો વપરાયા છે પણ, 'દુષ્કાળ પડ્યો એટલે ખેડૂતને શું કરવું તે સૂઝતું નહોતું'-આ વાક્યમાં 'સૂઝવું'નો અર્થ 'અતિશય મૂંઝવણમાં આવી પડવું' એવો થાય છે.

આ રીતે લખાણમાં વપરાતા શબ્દો તે વાક્યના સંદર્ભો મુજબ અર્થો ધારણ કરે છે એટલે ક્યા શબ્દને ક્યા અને કેવા સ્વરૂપે મૂકવો તે કુશળતા માગી લેતું કામ છે. શબ્દની યોગ્ય પસંદગીથી જ લખાણમાં સચોટપણું અને ચોકસાઈ આવે છે. એક શબ્દને બદલે  તેવો જ અર્થ ધરાવતા બીજા શબ્દોને આપણે 'પર્યાયવાચી શબ્દો' તરીકે ઓળખીએ છીએ. તેને સમાનાર્થી શબ્દ પણ કહીએ છીએ. સામાન્ય સંજોગોમાં આપણે જે બે શબ્દોને પરસ્પરના પર્યાય ગણતા હોઈએ તે શબ્દોની સૂક્ષ્મ અર્થછાયાઓ થોડી ભિન્ન પણ હોય છે.

'આમંત્રણ' શબ્દના પર્યાય તરીકે સામાન્ય સંજોગોમાં આપણે 'નિમંત્રણ' વાપરી લઈએ છીએ; પણ તેને સૂક્ષ્મ રીતે જોઈએ તો- આમંત્રણ એ મોટા સમૂહને અપાતું નોતરું છે, જ્યારે નિમંત્રણ એ કોઈ ચોક્કસ વ્યક્તિઓ-પસંદગીની વ્યક્તિઓને અપાતું નોતરું છે. એ જ રીતે 'મોટું' શબ્દ આપણે વિસ્તાર, કદના અર્થમાં પ્રયોજીએ છીએ પણ, 'ત્યાં એક મોટું સરોવર આકાર લઈ રહ્યું છે.' અને 'ગાંધીજી તો ભારત દેશના એક મોટા માણસ હતા' તો વળી, 'એ માણસે તો આખો દિવસ મોટી મોટી વાતો કરી!' -

આ ત્રણેય વાક્યોમાં રહેલા  'મોટા' શબ્દની અર્થછાયાઓ વિશે વિચારી જુઓ : 'મોટું સરોવર' એમાં કદની વિશાળતાનો અર્થ છે, 'મોટા માણસ'માં માણસના ગુણની કદર થઈ છે અને 'મોટી મોટી વાતો'માં તદ્દન નકામી વાતો એવો અર્થ ઊપસે છે. ઘણી વખત બંને શબ્દો એકબીજાના પર્યાય હોવા છતાં એકબીજાનાં સ્થાને તેમને બદલી શકાતા નથી.

'સૂક્ષ્મ' અને 'ઝીણું' બંને શબ્દો એકબીજાના સમાનાર્થી છે. 'રસ્તે ચાલ્યા જતા ગાડાનાં પૈડાંમાંથી ઝીણી રજ ઊડતી હતી.' -આ વાક્યમાં 'ઝીણી' ને બદલે 'સૂક્ષ્મ' શબ્દ પ્રયોજી શકીએ : 'રસ્તે ચાલ્યા જતા ગાડાનાં પૈડાંમાંથી સૂક્ષ્મ રજ ઊડતી હતી.' હવે 'પિતાજી ઘણું જ ઝીણું ફાળિયું માથે બાંધતા'ની જગ્યાએ 'પિતાજી ઘણું જ સૂક્ષ્મ ફાળિયું માથે બાંધતા' એમ કહી શકાશે નહીં.-

'પોસ્ટઑફિસ' વાર્તામાં આપેલું આ વાક્ય જુઓ. 'શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું.' ખાવાની વસ્તુ તો મીઠી હોય, પણ અહીં તેજને લેખકે મીઠું કહીને, સર્વ જન સમુદાયને પ્રિય એવા આકાશી તેજનો મહિમા કર્યો છે. 'ઠંડી તીવ્ર હતી' એમ કહેવાને બદલે 'ઠંડીના કટકા જેવું પડતું હતું' એમ કહીને ઠંડીને તીવ્રતમ બનાવવામાં આવી છે.

'અમૃતા' કૃતિમાં - 'મેં થેલી ઉઘાડીને જોઈ તો અંદર પેલા પાંચ આરસના કૂકા ટૂંટિયું વાળીને પડ્યા હતા.' -માં કૂકાનું 'ટૂંટિયું' એ  તેની લાંબા સમયની ઉદાસી અને વણવપરાશી સ્થિતિનું સૂચન કરે છે.

આવા શબ્દોનો કોશગત અર્થ લઈને વાક્યને સમજવા મથીએ તો અનુકૂળ-યોગ્ય કે સાચી સમજ મેળવી શકતા નથી. તેમને વિશિષ્ટ સંદર્ભો સાથે સમજવાથી વાતને સારી-સાચી રીતે પામી શકાય છે. એટલે શબ્દો પ્રયોજનાર તેને મૂળ અર્થથી દૂર લઈ જઈને  જુદા જ સંદર્ભમાં પણ વિશેષ અર્થ સ્ફુટ કરવા માટે પ્રયોજે છે એ રીતે તે મૂળ ભાવ-રજૂઆતની સાર્થકતા લાવવાનો પ્રયત્ન કરે છે. આમ કરવાથી અભિવ્યક્તિ કર્ણપ્રિય, લયબદ્ધ, લાઘવપૂર્ણ અને અસરકારક બને છે.

## ■ શબ્દઘડતર (પ્રત્યયો)

શબ્દો કોઈ ને કોઈ મૂળ અંગ પરથી બનેલા હોય છે, આ મૂળ અંગો-રૂપો-ને આપણે 'ધાતુ' પણ કહીએ છીએ. જો આવા ધાતુરૂપો પરથી આપણે શબ્દો ન બનાવતા હોત તો દરેક કાર્ય-વર્ણન માટે આપણે કેટલા બધા શબ્દો યાદ રાખવા પડત! આપણું કામ અતિશય અઘરું બની જાય ને! માટે જ મૂળ રૂપને પ્રત્યયો લગાડીને નવો શબ્દ બનાવી, આપણે શબ્દ પાસેથી ધારેલો અર્થ મેળવી શકીએ છીએ. એમ કરવાથી ઓછા શબ્દોમાં ઘણું કહેવાઈ પણ જાય છે, વાત કાનને પ્રિય લાગે છે. શબ્દો ઓછા થવાથી વાક્ય પણ સરળ લાગે છે, પરિણામે જલદીથી અર્થગ્રહણ થઈ શકે છે.

'પણ હું પૂરી સમજણ ધરાવતો નહોતો થયો તોપણ મને અમૃતાની આંખો બહુ ગમે.' આ વાતને લેખકે 'અમૃતા' કૃતિમાં આ પ્રમાણે મૂકી છે.-

'પણ અણસમજણમાંય મને અમૃતાની આંખો બહુ ગમે.'

લેખકના પ્રયોજેલા આ 'અણસમજણમાંય' પદને જુઓ. એમાં અંગ (ધાતુ) 'સમજ' છે. આ મૂળ અંગ સાથે તેને ભાવવાચક સંજ્ઞા બનાવનાર 'ણ' પ્રત્યય; અધિકરણ વિભક્તિ સૂચક 'માં' પ્રત્યય; વિરોધમૂલક પ્રત્યય 'ય' અને અભાવદર્શક પ્રત્યય 'અણ' - આ બધાં રૂપઘટકો સાંકળીને 'અણસમજણમાંય' શબ્દ બન્યો છે.

આ પ્રમાણે મૂળ રૂપને પ્રત્યયો લાગીને નવા-નવા શબ્દોનું નિર્માણ થાય છે. આ રીતે બનેલ પદ વાક્યનાં બીજાં પદો સાથે સંકળાઈને વાક્યને સચોટ અને અર્થપૂર્ણ બનાવે છે. ટૂંકમાં, શબ્દઘડતર એટલે પ્રત્યયોની મદદથી એક શબ્દ (મૂળ રૂપ) પરથી અન્ય શબ્દઘડતરની (બનાવવાની) પ્રક્રિયા. 'ખા' પરથી ખાઈશ, ખાજ, ખાવું, ખાધું 'રૂપ' પરથી રૂપકડું, રૂપાળું, રૂપેરી, બહુરૂપી, કુરૂપ--'પી' પરથી પીણું, પેય, પીવું, પીઈશ.

ગુજરાતી ભાષામાં મૂળ અંગો (ધાતુ)ને બે પ્રકારે પ્રત્યયો લગાડી શકાય છે.

**1. પૂર્વ પ્રત્યયો :** મૂળ રૂપની આગળ જે પ્રત્યયો લગાડવામાં આવે તે પૂર્વ પ્રત્યયો કે પૂર્વગો કહેવાય છે.

ઉદાહરણ : 'ખૂટ' પરથી અખૂટ, અણખૂટ
'જોડ' પરથી બેજોડ, કજોડું, સજોડે, અજોડ

**2. પર પ્રત્યયો :** મૂળ રૂપની પાછળ જે પ્રત્યયો લગાડવામાં આવે તેને પર પ્રત્યયો કહે છે. સંસ્કૃત ભાષામાં ધાતુને લાગતા પર પ્રત્યયોને કૃત પ્રત્યયો અને સંજ્ઞા, વિશેષણ વગેરેને લાગતા પ્રત્યયોને તદ્ધિત પ્રત્યયો કહે છે.

ઉદાહરણ : 'ધન'ને ઈક પ્રત્યય લાગવાથી 'ધનિક', 'કૃપા'ને આળુ પ્રત્યય લાગવાથી 'કૃપાળુ'
'ગુરુ'ને ત્વ પ્રત્યય લાગવાથી 'ગુરુત્વ'

-આમ બંને પ્રકારના પ્રત્યયો લાગવાથી રૂપમાં કેવાં પરિવર્તનો આવે છે અને તેથી શબ્દ કેવા કેવા ભાવ, ખ્યાલ, અર્થ વગેરે રજૂ કરે છે તેને આપણે ઉદાહરણો દ્વારા સમજીશું :

**પર પ્રત્યયો :**

**1. ઇ - ઈ પ્રત્યય :**

(1) અલી મૂળ હોશિયાર **શિકારી** હતો.

(2) જેમ **અફીણી**ને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે.

(3) એના જમાઈને લશ્કરમાં **નોકરી** હતી.

ઉપરોક્ત વાક્યોમાં રહેલાં રેખાંક્તિ પદો મૂળ રૂપને 'ઈ' પ્રત્યય લગાડીને બનાવાયાં છે. શિકાર કરવાની કુશળતા ધરાવનાર તે શિકારી, અફીણનો પાકો બંધાણી તે અફીણી અને પગારથી બીજાનું કામ કરવું એટલે નોકરી. આ ત્રણેય પદોમાં-શબ્દસમૂહોના સ્થાને એક શબ્દ (પદ) મૂકીને વાક્યમાં લાઘવ (ટૂંકાપણું) લાવવાનો પ્રયત્ન કર્યો છે. વળી, આ પદો દ્વારા તે પ્રવૃત્તિ કરનારની કુશળતા પણ બતાવાઈ છે. શિકારી અને નોકરી પદો ધંધાગત કુશળતાને સૂચવે છે, જ્યારે 'અફીણ'ના સંગ વિના જીવી નહીં શકનાર માટે 'અફીણી' પ્રયોગ થયો છે. આ શબ્દ દ્વારા તેનો અફીણ સાથેનો સંબંધ સૂચવાયો છે.

આવી રીતે જ કશ્મીર, ઝડપ, પ્રેમ, અનુભવ, દુઃખ, રમૂજ, ગુલાબ વગેરે જેવી સંજ્ઞાઓને 'ઈ' પ્રત્યય લગાડવાથી કશ્મીરી, ઝડપી, પ્રેમી, અનુભવી, દુઃખી, રમૂજી, ગુલાબી જેવાં વિશેષણો બને છે.

આ માણસ ચીનનો છે કે કશ્મીરનો છે- એમ કહેવાને બદલે આ માણસ **ચીની** છે કે **કશ્મીરી** છે એમ જ્યારે કહેવાય છે ત્યારે તે શબ્દ વિશેષણ બને છે. વળી તેના પ્રદેશની આગવી ઓળખ અને ગુણ-લક્ષણો પર ભાર દર્શાવાય છે. તો વળી, અમુક વિશેષણોને 'ઈ' પ્રત્યય તે સંજ્ઞાની ભૂમિકા ભજવવાના ખપમાં આવે છે.

ઉદાહરણ : સફેદ, ભલો, ચતુર, નરવો, તંદુરસ્ત જેવા વિશેષણોને 'ઈ' પ્રત્યય લાગતાં સફેદી, ભલાઈ, ચતુરાઈ, નરમાઈ અને તંદુરસ્તી જેવી સંજ્ઞાઓ બને છે.

ઉદાહરણ : બગલાની પાંખની **સફેદી** તો જુઓ ! એની **ભલાઈ** આખા પંથકમાં ચર્ચાતી. વેપારીએ એની **ચતુરાઈથી** ધંધો કરી લીધો. તેની **નરવાઈ** (તંદુરસ્તી) વિશે તો શું કહેવું ! તેણે તેની **તંદુરસ્તી** સારી જાળવી રાખેલી.

આ વાક્યોની રેખાંક્તિ સંજ્ઞાઓ (પદો) એ આખાયે વાક્યનાં પ્રતિનિધિરૂપ પદો બની જાય છે. આખાય વાક્ય ઉપર એ પદ-અર્થની આ અર્થચ્છાયા અનુભવી શકાય છે.

એમ જ ક્યારેક મૂળ રૂપને 'ઈ' પ્રત્યય લગાડવાથી એક પ્રકારની સંજ્ઞા અન્ય સંજ્ઞામાં રૂપાંતરિત થાય છે.

| | |
|---|---|
| વાડ+ઈ = વાડી | ખજૂર (ફળ)+ઈ = ખજૂરી (વૃક્ષ) |
| ચોર+ઈ = ચોરી | તાડ (ફળ)+ઈ = તાડી (વૃક્ષ) |

**2. ત, તર**

| | | |
|---|---|---|
| લડ+ત = લડત | ભર+ત = ભરત | રમ+ત = રમત |
| રંગ+ત = રંગત | બચ+ત = બચત | સરજ+ત= સરજત |

આ 'ત' પ્રત્યય ક્રિયારૂપને સંજ્ઞામાં ફેરવી આપે છે. પરિણામે લાંબું વાક્ય ટૂંકું બનાવી શકાય છે; ઘણી વખત બે ટૂંકાં વાક્યોમાંથી એક સરળ વાક્ય પણ બનાવી શકાય છે. એ રીતે અર્થગ્રહણ પણ સરળતાથી કરી-કરાવી શકાય છે.

ઉદાહરણઃ 'તે કાલે **રમતો** હતો. **રમવાનું** છોડીને તે અચાનક ઘેર જતો રહ્યો.'

આ વાક્યમાં 'રમતો' તે ક્રિયાવિશેષણ છે અને 'રમવાનું' એ કૃદંત છે. એ બંનેના સ્થાને 'રમત' સંજ્ઞા મૂકવાથી એક સરળ વાક્ય બની જાય છે. ઉદા.- 'તે **રમત** છોડીને અચાનક ઘેર જતો રહ્યો.

*'તર' પ્રત્યય જોડીને મૂળ રૂપમાંથી સંજ્ઞા-ક્રિયા વિશેષણો બનાવી શકાય છે.

| | | |
|---|---|---|
| નડ+તર = નડતર | ચડ+તર = ચડતર | ગણ+તર = ગણતર |
| પડ+તર = પડતર | ભણ+તર = ભણતર | વળ+તર = વળતર |

**3. આઉ, આઈ, અનીય**

મૂળ રૂપને 'આઉ' પ્રત્યય લગાડીને ક્રિયારૂપમાંથી સર્વનામ-સંજ્ઞા બનાવી શકાય છે.

ઉડ્+આઉ = ઉડાઉ          ઉગ્ +આઉ = ઉગાઉ

એ મુજબ જ 'ચરાઉ', 'કમાઉ', 'ચડાઉ', 'શિખાઉ', 'કપાઉ', 'સુતરાઉ', 'ફળાઉ', 'ભટકાઉ', 'ઉપજાઉ' વગેરે સર્વનામો મળે છે.

'તે સારી કમાણી કરે છે.'-ના બદલે 'તે કમાઉ છે', 'હું ગાડી શીખી રહ્યો છું' -ના બદલે 'હું શિખાઉ છું' એમ કહેવાથી ટૂંકાં વાક્યો દ્વારા સચોટ નિરૂપણ થઈ શકે છે.

*આખ્યાતિક રૂપોને 'આઈ' પ્રત્યય લગાડીને ભાવવાચક સંજ્ઞાઓ બની શકે છે.

ઉદાહરણ :     ચડ્+આઈ = ચડાઈ     ઠગ્+આઈ = ઠગાઈ     નવ્(નવું)+આઈ = નવાઈ

એ જ રીતે બૂરાઈ, નીચાઈ, ભલાઈ, વડાઈ, ભવાઈ વગેરે સંજ્ઞાઓ આપણને મળે છે.

* ક્રિયારૂપોને 'અનીય' પ્રત્યય લગાડીને 'એમ કરવા યોગ્ય' એવો અર્થ ધરાવતું રૂપ બનાવી શકાય છે.

ઈચ્છ્ + અનીય = ઈચ્છનીય

શોચ્+અનીય = શોચનીય

કર્+અનીય = કરણીય

માન્+અનીય = માનનીય

એ પ્રમાણે રમણીય, કમનીય, દર્શનીય, કથનીય વગેરે.

**4. તા અને ત્વ**

સંજ્ઞાઓ સાથે 'તા' પ્રત્યય જોડવાથી તે સંજ્ઞા-અર્થમાં વ્યાપ્ત-વ્યાપી રહેલો ગુણ-વિસ્તાર દર્શાવી શકાય છે. શરીરમાં વ્યાપી જવું એટલે (એકાગ્ર+તા) એકાગ્રતા

રમણીય-સુંદરતાનો વ્યાપ એટલે (રમણીય+તા) રમણીયતા.

એ જ રીતે જે-તે ગુણ-ભાવનું સમગ્રતયા પ્રકટપણું કે ફેલાવો 'તા' પ્રત્યય દ્વારા બતાવી શકાય છે.

| | | |
|---|---|---|
| કટુ+તા = કટુતા | દુષ્ટ+તા = દુષ્ટતા | વિદ્વત્+તા = વિદ્વત્તા |
| પવિત્ર+તા = પવિત્રતા | રમ્ય+તા = રમ્યતા | શુચિ+તા = શુચિતા |
| મધુર+તા = મધુરતા | સુંદર+તા = સુંદરતા | સ્થિર+તા = સ્થિરતા |

'ત્વ' પ્રત્યય લગાડવાથી પણ જે-તે સંજ્ઞાની મહત્તા અને ગુણદર્શન દર્શાવી શકાય છે.

| | | |
|---|---|---|
| કટુ+ત્વ = કટુત્વ | મહત્+ત્વ = મહત્ત્વ | કવિ+ત્વ = કવિત્વ |
| તત્+ત્વ = તત્ત્વ | ગુરુ+ત્વ = ગુરુત્વ | વૃદ્ધ+ત્વ = વૃદ્ધત્વ |

**5. અન્ય પ્રત્યયો**

જે-તે રૂપોને લાગીને નવા-નવા શબ્દો નિર્માણ પામતા રહે છે. આપણે ટૂંકમાં થોડા પ્રત્યયો જોઈએ :

● 'આશ' પ્રત્યય : કડવું - કડવાશ, પીળું - પીળાશ, બહેરું - બહેરાશ, મીઠું - મીઠાશ, ભીનું - ભીનાશ વગેરે.

● 'ઈક' પ્રત્યય : ઇતિહાસ-ઐતિહાસિક, ભૂગોળ-ભૌગોલિક, સમાજ-સામાજિક, દિન-દૈનિક, પ્રકાશ-પ્રકાશિત, કલ્પના-કાલ્પનિક, માનસ-માનસિક, વર્ષ-વાર્ષિક, સંસાર-સાંસારિક વગેરે.

● 'ટ' અને 'આટ' પ્રત્યય : ઉકળ-ઉકળાટ, વણ-વણાટ, ફાવ-ફાવટ, સજાવ-સજાવટ, બનાવ-બનાવટ, કકળ-કકળાટ, રખડ-રખડાટ, સમજાવ-સમજાવટ

● 'નાર' પ્રત્યય : ખા-ખાનાર, વેચ-વેચનાર, જા-જનાર, રંગ-રંગનાર, લૂંટ-લૂંટનાર, આવ-આવનાર, પીંજ-પીંજનાર

● 'એલ' પ્રત્યય : (ઊપડ્+એલ) ઊપડેલ (વંઠ્+એલ) વંઠેલ (છટક્+એલ) છટકેલ

(ગણ્+એલ) ગણેલ (ભણ્+એલ) ભણેલ (ફર્+એલ) ફરેલ

અહીં બે-ત્રણ શબ્દોના બદલે 'એલ' પ્રત્યય મૂકીને મૂળ રૂપમાંથી વિશેષણ રૂપ બને છે અને એક જ શબ્દથી કામ ચાલે છે.

આ પ્રમાણે આપણે જોયું કે :

● પર પ્રત્યયો શબ્દની પાછળ લાગે છે.

● તેના કૃત પ્રત્યય અને તદ્ધિત પ્રત્યય - એમ બે પ્રકાર છે.

● પ્રત્યયો નામ, સર્વનામ, વિશેષણ, મૂળ ધાતુ (ક્રિયારૂપ) વગેરેને લગાડીને તેમાંથી નવો શબ્દ બનાવી શકાય છે.

● પ્રત્યયો લગાડવાથી નવો બનનાર શબ્દ વાપરવાથી લખાણ ટૂંકું અને સચોટ તથા અસરકારક બને છે.

પૂર્વ પ્રત્યયો શબ્દની પહેલાં લાગે છે પણ સંજ્ઞાની આગળ લાગનાર (અવ્યય) તે **પૂર્વગ** કહેવાય છે અને ધાતુમાંથી બનેલ શબ્દની આગળ લાગનાર **ઉપસર્ગ** કહેવાય છે.

**1. 'અ' પૂર્વગ :** 'નહીં'નો અર્થ દર્શાવવા માટે સંજ્ઞા-શબ્દની આગળ લગાડવામાં આવે છે. તે વ્યંજનથી શરૂ થતા શબ્દો પૂર્વે જ લગાડાય છે. મોટે ભાગે વિરોધી શબ્દ બનાવવા માટે તે ખપમાં આવે છે. ઉદા., ખંડ-અખંડ, ખૂટ-અખૂટ, નામી-અનામી, ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય, મૂલ્ય-અમૂલ્ય, સનાથ-અનાથ, ચલ-અચલ, જ્ઞાત(જાણીતું)- અજ્ઞાત, જ્ઞાન-અજ્ઞાન, સત્ય-અસત્ય, શક્તિ-અશક્તિ, શક્ય-અશક્ય વગેરે.

**2. 'પર' પૂર્વગ:-** પરાયું, પારકું, બીજું એવો અર્થ દર્શાવવા જે-તે સંજ્ઞાની આગળ તેને લગાડવામાં આવે છે.

દેશ-પરદેશ (પારકો-બીજો દેશ), પરકાયા, પારકી-બીજાની કાયા (શરીર) એ મુજબ - લોક-પરલોક, ધર્મ-પરધર્મ, આધીન-પરાધીન, ઘણી વખત 'સ્વ' (પોતાનું) પૂર્વગ દૂર કરી તેની જગ્યાએ 'પર' પૂર્વગ મૂકી તેનો વિરોધી બનાવી લેવાય છે. ઉદા. : સ્વકીય-પરકીય, સ્વદેશ-પરદેશ, સ્વલોક-પરલોક, સ્વકીય-પરકીય, સ્વતંત્ર-પરતંત્ર, સ્વજન-પરજન, સ્વાવલંબી-પરાવલંબી, સ્વાધીન-(સ્વને આધીન) પરાધીન વગેરે.

**3. 'બે' પૂર્વગ :** જે-તે સંજ્ઞાની આગળ 'બે' પૂર્વગ લગાવી મૂળ અર્થથી વિપરીત-ઊલટો અર્થ ધરાવતો શબ્દ બનાવી લેવામાં આવે છે.

ઉદાહરણ : આબરુ-બેઆબરૂ (આબરૂ નહીં), ભાન-બેભાન, નસીબ-બેનસીબ(ભાગ્યવાન નહીં), પરવા-બેપરવા, જવાબ-બેજવાબ, શરમ-બેશરમ, હદ-બેહદ, ઈમાન-બેઈમાન, કાબૂ-બેકાબૂ

ઘણી વખત 'પાછળનો પ્રત્યય' દૂર કરી સંજ્ઞારૂપની આગળ 'બે' પૂર્વગ લગાડી વિપરીત અર્થ બનાવી શકાય છે.

ઉદાહરણ : 'વફાદાર'માંથી પ્રત્યય 'દાર' દૂર કરી મૂળ 'વફા' સંજ્ઞાની આગળ 'બે' પૂર્વગ મૂકીને 'બેવફા' (જે વફાદાર નથી તે) બનાવી લેવાય છે.

સ્વાદિષ્ટમાંથી 'ઈષ્ટ' દૂર કરી બેસ્વાદ (સ્વાદ વગરનું)

તાલબદ્ધમાંથી 'બદ્ધ' દૂર કરી બેતાલ (તાલ વગરનું)

**4.'પરિ' ઉપસર્ગ :** આ ઉપસર્ગ વિશેષતઃ ક્રિયાનું મૂળ રૂપ(ધાતુ)ને લાગે છે.

● પરિ = ચારે તરફ, આસપાસ એવું સૂચવવા લાગતો- ઉપસર્ગ : પરિક્રમણ, પરિવર્તન, પરિસ્થિતિ, પરિણામ, પર્યટન, (પરિઅટન) પરિભ્રમણ, પરિમિતિ, પરિચર્યા (સેવાચાકરી), પરિસર

પરિ= બહુ વધારે, તદ્દન એવો અર્થ સૂચવવા લાગતો ઉપસર્ગઃ પરિપક્વ, પરિશીલન, પરિપૂર્ણ, પરિતૃપ્તિ, પરિશ્રમ, પરિપુષ્ટ, પરિપાક.

**સ્વાધ્યાય**

**1. નીચેનાં વાક્યોમાં રહેલો અર્થ-ભાવ સ્પષ્ટ કરો :**

(1) ભાઈ, કર્યાં ભોગવવાં છે!

(2) આજે પોસ્ટઑફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું.

(3) મારા સામેવાળાના તો અમુ બાર વગાડી દે.

(4) અમૃતાના મૃત્યુથી કુટુંબનું જાણે માંગલ્ય મરી ગયું.

(5) બાપ ! તમે મારા સોનાનાં ઝાડવાં છો. માફ કરો અને પાછા વળો.

(6) કેટલીક જીભો કાતરનું કામ કરે છે, કેટલીક સોયની ગરજ સારે છે.

(7) કૃષ્ણ મથુરાના સામ્રાજ્યનો તારણહાર બન્યો એ જોઈ મારી છાતી ગજ ગજ ફૂલી હતી.

(8) અણદો ગામની સફાઈ દિલપૂર્વક કરતો.

(9) આ સફેદ જીને મારે માટે સ્વર્ગ ખડું કર્યું છે.

**2. નીચેનાં વાક્યોમાં ઘાટાં પદોમાં 'ઈ' પ્રત્યય ઉમેરી, જરૂરી ફેરફાર કરી વાક્ય ફરીથી લખો :**

(1) આ માણસ **પંજાબ** રાજ્યનો છે.

(2) આ **સીતાફળ** આપતું ઝાડ બહુ જ સુંદર છે!

(3) શિક્ષક કોઈ દિવસ **પક્ષપાત** કરી શકે?

(4) તમે જ મને સારી જગ્યાએ **નોકર** રખાવ્યો.

(5) **ચોરનો** ધંધો કરવો એ ઈશ્વરને **છેતરામણ** કર્યું ગણાય.

(6) રાત ધીરે ધીરે **જામવા** જતી હતી એટલે બધું **શાંત** હતું.

**3. નીચેનાં વાક્યોમાં ઘાટાં પદોના સ્થાને મૂળ રૂપને 'અણ', 'આણ', 'અણી' અને 'અણુ' પ્રત્યય લગાડી વાક્ય ફરીથી લખો.**

(1) **તે ગૂંથવાનું કામ** ખૂબ સારું કરી શકે છે.

(2) રાવણ સાધુવેશે આવીને સીતાને **હરી ગયો**.

(3) અમારી કૉલેજ યુનિવર્સિટી સાથે **જોડાઈ રહી** છે.

(4) એ લોકો પોતાની **માગ** ક્યારેય બંધ રાખતા જ નથી.

(5) ભગવાને દાંત આપ્યા છે એટલે **ચાવવાનું** પણ આપશે જ.

**4. નીચેનાં વાક્યોમાં ઘાટાં પદોમાં રહેલા પ્રત્યયને દૂર કરી, મૂળ રૂપને 'ત' કે 'તર' પ્રત્યય લગાડી વાક્ય ફરીથી લખો :**

(1) તેનું **ભણવાનું** અને **ગણવાનું** બંને સારાં ચાલે છે.

(2) તેની પાસે **બચેલી** રકમ ઘણી જ પડી હતી.

(3) આ સીમ **પડી રહી** છે, તેમાં કોઈ વાવતું નથી.

(4) કડિયાનું **ચણવાનું** કામ વખાણવા લાયક!

(5) અંગ્રેજો સામે આપણું **લડવાનું કામ** બહુ વર્ષો ચાલુ રહ્યું.

**5. નીચેનાં વાક્યોમાં અધોરેખિત પદોમાં 'આઉ', 'આઈ', 'અનીય' પ્રત્યય વાપરીને અથવા જરૂર જણાય ત્યાં આ પ્રત્યયો દૂર કરીને વાક્ય ફરીથી લખો :**

(1) તે શહેરમાં રહે છે અને પૈસા <u>ઉડાડે</u> છે.

(2) <u>સુતરનું</u> કાપડ શરીરને બિલકુલ ઓછી ગરમી લાગવા દે.

(3) પરદેશી ચાંચિયાઓ <u>ઠગાઈ</u> કરતા.

(4) <u>બૂરું</u> કરવાથી આપણે કદી સુખી થવાના કે...?

(5) તે <u>માન આપવા લાયક</u> અને <u>વંદનયોગ્ય</u> સજ્જન છે.

**6. અધોરેખિત પદોમાં 'તા' અને 'ત્વ' પ્રત્યયનો ઉપયોગ કરીને વાક્ય ફરીથી લખો :**

(1) વાતાવરણ <u>સુંદર</u> હતું અને <u>પવિત્ર</u> પણ.

(2) એ સાધુપુરુષની <u>મહાનતા</u> હવે અમને સમજાઈ.

(3) ઉપરાઉપરી બીમાર થવાથી તે અકાળે <u>વૃદ્ધ</u> થઈ ગયો.

(4) ગાયકનો અવાજ <u>મધુરો</u> હતો.

(5) તેનું <u>સૌંદર્ય</u> જોઈને બધા જ યાત્રીઓને તેની મોટાઈનો ખ્યાલ આવ્યો.

**7. નીચેનાં રૂપોને અનુકૂળ-યોગ્ય પ્રત્યયો દૂર કરીને કે લગાડીને તેમાંથી વિવિધ સંજ્ઞા, વિશેષણ કે ક્રિયારૂપો બનાવો :**

કડવું, કાળું, વણ, વર્ષ, સમાજ, ખાટું, કટુ, આદર, ભણ, ટૂંકું, ચડ, ઊંડું, નવરું, ચળક, લૂંટ, ઊકળ

**8. નીચેના શબ્દોમાં યોગ્ય પૂર્વગો લગાવી શબ્દઘડતર કરો :**

ખંડ, સત્ય, દેશ, આબરૂ, સ્થિતિ, ક્રમણ, સ્વાદ, હદ, ફળ, કર્મ, ગુણ, માન, જીવન.

•

# 5 છપ્પા/ઉખાણાં

**અખો**

(17 મું શતક પૂર્વાર્ધ)

અખા ભગત મૂળ અમદાવાદ પાસેના જેતલપુરના વતની હતા અને જ્ઞાતિએ સોની હતા. તેઓ વેદાંતી કવિ છે. ગુજરાતના જ્ઞાનમાર્ગી કવિઓમાં તેઓ શ્રેષ્ઠ છે. તત્ત્વજ્ઞાન અને કવિતાનો સુભગ સમન્વય એમની કવિતામાં સુપેરે પ્રગટ થતો જોવા મળે છે. વેદાંતદર્શન તેમજ જીવનના અનુભવોથી પ્રૌઢ બનેલો જ્ઞાનવિચાર એમની કવિતાનું આભૂષણ છે.

જીવનમાં એક પછી એક થયેલાં સ્વજનોનાં મૃત્યુ, ધર્મની બહેન જમનાએ સોનાના હાર સંબંધી ઉઠાવેલી શંકા તેમજ ટંકશાળના ઉપરી તરીકે હલકી ધાતુ ભેળવવા અંગે તેમના પર આવી પડેલા આળને કારણે તેઓ એકાંતપ્રિય, ગંભીર તેમજ વૈરાગી થઈ ગયા હતા.

'પંચીકરણ', 'ગુરુશિષ્યસંવાદ', 'અનુભવબિંદુ' તેમજ 'અખેગીતા' તેમની નોંધપાત્ર રચનાઓ છે, જોકે એમના છપ્પાઓને કારણે તેઓ વિશેષ જાણીતા અને લોકપ્રિય છે. સામાજિક દૂષણો, પાખંડ, ઢોંગ, રૂઢિચુસ્તતા, કર્મકાંડ, દેહદમન, આચારજડતા, સાંપ્રદાયિક જડતા અને પાખંડી ગુરુઓ સામે અખાએ તીખા પ્રહારો-કટાક્ષો કર્યા છે. દૂષણો પ્રતિ શબ્દબાણ છોડતાં એમની ભાષા અર્થઘન અને ઓજસ્વી લાગે છે. છપ્પા દ્વારા સામર્થ્ય અને ગૌરવ પ્રગટ કરતી તેમની ભાષાને કારણે અખાનું સ્થાન સાહિત્યમાં હંમેશાં મોખરે રહેશે.

છપ્પા એ છ ચરણ ધરાવતો કાવ્યપ્રકાર છે. અખાએ મોટેભાગે છપ્પામાં ચોપાઈ છંદનો ઉપયોગ કર્યો છે. મધ્યકાળ તેમજ અર્વાચીન કાળમાં કટાક્ષ અને સદાચાર-બોધ માટે છપ્પાનો ઉપયોગ થયો છે.

પહેલા છપ્પામાં અનુભવ-જ્ઞાનનો મહિમા કરવામાં આવ્યો છે. કવિએ અનુભવરૂપી પાંખ જેમની પાસે છે તેમણે સંસારની આંટી-ઘૂંટીથી ડરવા જેવું નથી એ વાત ઉંદર અને પંખીના દૃષ્ટાંત દ્વારા સમજાવી છે.

બીજા છપ્પામાં ભાષાને ગૌણ ગણી, ભાવનાનું મૂલ્ય કરવામાં આવ્યું છે. યુદ્ધમાં ભાષાથી નહીં પણ બળથી જ જિતાય છે! શિષ્ટ એવી સંસ્કૃત ભાષા સામે પ્રાકૃત-તળ-બોલીની અર્થક્ષમતા ચીંધી આપતો અખો મૂળાક્ષરના બાવન અક્ષરથી ઘેરાયેલા સંસારથી મુક્ત થઈ, પરમ તત્ત્વરૂપી ત્રેપનમા અક્ષરને આરાધવાની અનુભવજન્ય વાત કરે છે.

---

**છપ્પા**

1. આવી નગરમાં લાગી લાય, પંખીને શો ધોખો થાય?
ઉંદર બિચારા કરે શોર, જેનું નહીં ઊડવાનું જોર.
અખા જ્ઞાની ભયથી ક્યમ ડરે, જેની અનુભવ-પાંખ આકાશે ફરે?

2. ભાષાને શું વળગે, ભૂર ! જે રણમાં જીતે તે શૂર
સંસ્કૃત બોલ્યે શું થયું? કોઈ પ્રાકૃતમાંથી નાસી ગયું?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર.

**શબ્દાર્થ**

**લાય** આગ **ધોખો** ફરિયાદ **શોર** અવાજ **ભય** ડર **ક્યમ** કેમ **વળગે** બાઝે, લપેટાય **ભૂર** મૂર્ખ, લુચ્ચું **શૂર** બહાદુર, પરાક્રમી **પ્રાકૃત** (સંસ્કૃત ઉપરથી ઊતરી આવેલી) લોકભાષા

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) નગરમાં આગ લાગવાથી કોણ ભય અનુભવતું નથી?

(2) ઉંદર શા માટે શોર કરે છે?

(3) કોની અનુભવરૂપી પાંખ આકાશમાં વિહરે છે?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) પહેલા છપ્પા દ્વારા અખો શું કહેવા માગે છે?

(2) બીજા છપ્પા દ્વારા અખો શી પ્રેરણા આપે છે?

(3) 'બાવનનો સઘળો વિસ્તાર' એટલે શું?

**3. મુદ્દાસર નોંધ લખો :**

(1) 'આવી નગરમાં લાગી લાય' છપ્પા દ્વારા રજૂ થયેલા જ્ઞાનના મહિમા વિશે નોંધ લખો.

(2) ભાષા વિશેના અખાના વિચારો વિશે નોંધ લખો.

* * *

## ઉખાણાં

**શામળ**

**(18મું શતક)**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ શામળ સૌથી વધુ લોકપ્રિય પદ્યવાર્તાકાર છે. અમદાવાદના ગોમતીપુર (વેંગણપુર)ના તેઓ વતની હતા. કથાકારનો તેમનો વ્યવસાય હતો. સંસ્કૃત, વ્રજ તેમજ ફારસી ભાષા ઉપર તેમનું પ્રભુત્વ હતું. સંસ્કૃત, પ્રાકૃત તેમજ અપભ્રંશકાળની કથાઓનો આધાર લઈને તેમણે પદ્યવાર્તાઓ લખી છે. પ્રેમ અને પરાક્રમના અદ્ભુતરસથી એમની કથાઓ ભાષા અને ભાવક બંનેને સમૃદ્ધ કરે છે. શામળે એમની પદ્યવાર્તાઓમાં સમસ્યા-ઉખાણાં તેમજ નીતિબોધના છપ્પાઓની રસમય ગૂંથણી કરી છે.

'મદનમોહના', 'વેતાલપચ્ચીસી', 'નંદબત્રીસી', 'સૂડા-બહોતરી', 'ચંદ્ર-ચંદ્રાવતી', 'પદ્માવતી' જેવી પદ્યવાર્તાઓ દ્વારા શામળે સમાજને ધર્મ, નીતિ તરફ વાળવાનો પ્રયત્ન કર્યો છે. બહુજનસમાજનું મનોરંજન દ્વારા બોધ આપવાનું શૈક્ષણિક કાર્ય શામળે કર્યું છે.

ઉખાણું માનવીની બુદ્ધિને કસે છે. વસ્તુ કે વ્યક્તિની લાક્ષણિકતા ઉખાણામાં રજૂ થાય છે, જેને આધારે જે-તે વસ્તુ કે વ્યક્તિનું નામ (જવાબરૂપે) શોધવાનું હોય છે.

પહેલું ઉખાણું પડછાયા વિશેનું છે. કવિ ચતુર નરને તેનો ઉત્તર આપવા કહે છે. પડછાયાને 'અચરત' (અચરજ) કહે છે!- કારણ કે, જેવો દેહ તેવો જ પડછાયો છે. શરીર પર તો ચામડી છે, હાડકાં છે, લોહી છે પણ પડછાયામાં તો આમાંનું કશું જ નથી ને છતાં 'પડછાયો' કવિને મન આશ્ચર્ય છે. પડછાયાની લાક્ષણિકતા ઉખાણામાં દર્શાવી છે અને તેનો ઉત્તર આપવા જણાવાયું છે.

બીજું ઉખાણું દર્પણ (અરીસા) વિશેનું છે. દર્પણને સરોવરની ઓળખ આપ્યા પછી, એ સરોવરનું જળ કોઈ પીતું ન હોવાનું અને સરોવરકાંઠે કોઈ પંખી આવતું ન હોવાનું જણાવી કવિએ જવાબ વિશે જિજ્ઞાસા જન્માવી છે. વળી, સરોવર પાસે જનારા અનેક લોકો તેમાં ડૂબ્યા છે એવી રહસ્યમયતા પણ કવિએ રચી છે. અરીસામાં જોઈ, રૂપની પાછળ ઘેલા થનારા અનેક લોકો આ તરફ આંગળી ચીંધીને, કવિ અંતે પતિ પાસે અરીસો મંગાવતી નાયિકા દ્વારા અરીસાથી યૌવનને પૂર્ણતા મળતી હોવાનો સંકેત કરે છે.

---

### ઉખાણાં

1. ચતુર નર તું ચેત, એક અચરત મેં દીઠું;
સુંદર રૂપ સ્વરૂપ, અધિક અમૃતથી મીઠું;
કાયા ઉપર હાડ, હાડ પર વાળ ભણીજે;
વાળ ઉપર છે રુધિર, સુગુણ તેના જ ગણીજે.
ખરી તે ઉપર તો ખાલ છે, ખાલ ઉપર વાળ જ નથી;
વળી મુખમાંથી અમૃત ઝરે, શામળ કહે કહો કથી.

(પડછાયો)

2. સરસ સરોવર એક, ભર્યું છે નિર્મળ નીરે;
પીએ નહિ કોઈ પંથી, હંસ નવ બેસે તીરે.

તે સર સમીપ જાય, બૂડે જન જોતાં ઝાઝા;
દુઃખ ન પામે દેહ, રહે તરબીબે તાજા,
કવિ શામળ કહે છે કારમું, હોંશીજનને હિત હશે;
સ્વામી લાવો સોહામણું, તો સોળે પૂરા થશે.

(દર્પણ)

### શબ્દાર્થ

**અચરત** અચરજ, વિસ્મય **અધિક** વધારે **હાડ** હાડકાં, અસ્થિ **રુધિર** લોહી, રક્ત **ખાલ** ચામડી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) કવિએ કયું અચરજ જોયું?

(2) કાયા ઉપર શું શું રહેલું છે?

(3) હંસ કોની પાસે બેસતા નથી?

(4) કવિએ કોને સરોવર કહ્યું છે?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1)પહેલા ઉખાણા દ્વારા કવિ શું કહેવા માગે છે?

(2)બીજા ઉખાણા દ્વારા કવિ શું કહેવા માગે છે?

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- કૂટપ્રશ્નો, કોયડા, ઉખાણાં અને જોડકણાં મિત્રો તેમજ પરિવારજનો પાસેથી મેળવીને હસ્તલિખિત અંક તૈયાર કરો.
- કોઈ એક ઉખાણું પસંદ કરીને પ્રાર્થનામાં રજૂ કરો.

### શિક્ષક પ્રવૃત્તિ

- અખાનો પરિચય આપી, તેમના અન્ય છપ્પાઓ કહી સંભળાવો.
- અન્ય કૂટપ્રશ્નો, કોયડા, જોડકણાં, ઉખાણાં વગેરે વિદ્યાર્થીઓને કહી સંભળાવો.
- ‘ભણ્યા પણ ગણ્યા નહીં’ એ ભાવ સમજાવતાં નાટક-સંવાદ રજૂ કરીને જીવનમાં અનુભવનું મહત્ત્વ સમજાવો.
- શામળનાં અન્ય ઉખાણાં મેળવી વિદ્યાર્થીઓને પૂછો.

•

# 6 સુંદરીની શોધ

**જયશંકર ભોજક 'સુંદરી'**

**(જન્મ : 30-1-1889; અવસાન : 22-1-1975)**

આત્મકથાકાર જયશંકર ભૂદરદાસ ભોજક 'સુંદરી'નો જન્મ ઉત્તર ગુજરાતના એમના વતન વિસનગરમાં થયો હતો. એમનો અભ્યાસ માત્ર બે ધોરણ સુધીનો હતો. ઈ. સ. 1898 થી 1901 કલકત્તા ઉર્દૂ નાટક મંડળીમાં, ઈ. સ. 1901 થી 1932 મુંબઈ ગુજરાતી નાટક મંડળી સાથે સંકળાયેલા રહ્યા. ઈ.સ. 1948 થી 1962 સુધી અમદાવાદ રંગભૂમિની આબોહવા સર્જવામાં સક્રિય બન્યા. ઈ. સ. 1964 માં મુંબઈમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના બાવીસમા અધિવેશનમાં કળાવિભાગના પ્રમુખ બન્યા. ઈ. સ. 1951માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને 1971માં પદ્મવિભૂષણનો ઇલકાબ મળ્યો હતો.

જૂની રંગભૂમિના સુવિખ્યાત નટ 'સુંદરી'ની આત્મકથા 'થોડાં આંસુ, થોડાં ફૂલ'માંથી આ પાઠ લેવામાં આવ્યો છે. તેમણે તેમનું નટજીવન 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'માં વીતાવ્યું. ઈ. સ. 1901માં ભજવાયેલ 'સૌભાગ્યસુંદરી' નાટકમાં માત્ર 12 વર્ષની ઉંમરે તેમણે ભજવેલી 'સુંદરી બાલા'ની પ્રથમ ભૂમિકામાં જ સહજ, સરલ, લાવણ્યમય અભિનય પરથી તેમની ઓળખ કાયમ માટે 'સુંદરી' બની ગઈ. મુંબઈના ગેઈટી થિએટરમાં સળંગ બત્રીસ વર્ષ સુધી નાટકોમાં સ્ત્રીનાં વિવિધ પાત્રો ભજવી તેમણે પ્રેક્ષકોની અપાર ચાહના મેળવી. 'નટમંડળ, અમદાવાદ'ના ઉપક્રમે 'મેનાગુર્જરી' ઇત્યાદિ નાટકોના દિગ્દર્શનને અનુલક્ષીને આજીવન અભિનયના ક્ષેત્રે ઈ. સ. 1957માં રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક મળ્યો.

પોતે પુરુષ હોવા છતાં સ્ત્રીનો અભિનય ક્યાંથી અને કેવી રીતે શીખતા ગયા તેના સ્વાનુભવનાં કેટલાંક બિંદુઓ પ્રસ્તુત પાઠમાં વર્ણવાયાં છે. શ્રી જયશંકર ભોજક અલ્પશિક્ષિત હોવાથી, પોતે બોલતા ગયા અને ડૉ. સોમભાઈ સી. પટેલ તથા ડૉ. દિનકર જયશંકર ભોજક લખતા ગયા અને ભાષાદષ્ટિએ મઠારતા ગયા, એ રીતે આ આત્મકથા એનો કાવ્યાત્મક શબ્દદેહ પામી.

---

'સૌભાગ્યસુંદરી' નાટક બહાર પાડ્યા પછી, મંડળીને વધારે સારી આવક કરી આપવા, બાપુલાલ જૂનાં નાટકોને, મારી ભૂમિકાને કેન્દ્રમાં રાખી, ઝડપથી મૂકવા માગતા હતા, આથી 'સૌભાગ્યસુંદરી' પછી આરામના આઠેક દિવસ શેઠ ગોપાળદાસ અમને માથેરાન ફરવા લઈ ગયા હતા. ત્યાં બાપુલાલ મારી પાસે 'વિક્રમચરિત્ર'ની 'રંભા દૂધવાળી'ની ભૂમિકા તૈયાર કરાવતા હતા. તેમાં મેં મારો દૃષ્ટિકોણ ક્રમે ક્રમે ઉમેરવા માંડ્યો. પ્રથમ તો સસરા વિક્રમ સાથે (થયેલી ચર્ચા પ્રમાણે) સ્ત્રીચરિત્ર છે એ સાબિત કરવાનું પ્રત્યેક પ્રસંગે હું મગજમાં રાખીને આગલા-પાછલા દૃશ્યોમાં અભિનય કરતો. રંભા દૂધવાળી બનીને પોતાના પતિ (વિક્રમના પુત્ર) રાજરતન પાસે આવે છે, ત્યારે એને પોતાના આકર્ષણથી આકર્ષવો અને જ્યારે આકર્ષાય ત્યાર પછી સ્ત્રીઓચિત રીતે નકાર કરવો અને જેમ જેમ નકારથી આકર્ષણ વધતું જાય, તેમ તેમ નકારની માત્રા પણ વધારતા જવી અને છેવટે લાચાર થઈ અને જાણે કોઈ ઉપાય ન હોય તે રીતે આકર્ષણથી વશ થઈ, રાજરતનની માગણીનો સ્વીકાર કરવો. આ બધી વાતોને ક્રમબદ્ધ રીતે અને ચઢિયાતા ક્રમે ઉપસાવી ભજવતો. પ્રસ્તુત નાટકનું 'કોઈ દૂધ લ્યો દિલરંગી' ગીત ખૂબ મશહૂર થયું હતું અને લોકજીભે રમતું થયેલું. કેટલીક મિલોએ સાડી અને ધોતિયાની કિનાર ઉપર એની પંક્તિઓ છપાવેલી.

'જુગલ જુગારી' નાટકની નાયિકા 'લલિતા'ની ભૂમિકામાં મારું મન એટલું તરબોળ થયું હતું કે એક વખત જે પતિ આટલો પ્રેમ કરતો હતો તે જ પતિ જુગારના છંદને લીધે પત્નીની સામે પણ જોતો નથી અને પત્નીને ફોસલાવી-મનાવીને એના બાળકના નામે મૂકેલું ધન પણ લઈ લેવા એની સહી કરાવી લેતો. આથી મારા મનમાં 'લલિતા'ની ભૂમિકાનો સમગ્ર ખ્યાલ ઊભો થયો અને સરળ વાચિક અભિનય વખતે મારી આંખમાંથી દડ દડ આંસુ સરવા લાગ્યાં અને છેલ્લા શબ્દો તો ઉચ્ચારવા પણ કઠણ થઈ પડ્યા. બાપુલાલ નાયકે મને ઉત્સાહિત કરતાં કહ્યું કે જે અસર અત્યારે તને થઈ છે તે જ અસર પ્રેક્ષકો પર થશે, એની હવે તારે ખાતરી રાખવી, અને આવી અસર ઊભી કરવી એ જ નટનું કર્તવ્ય છે. હું લલિતાની ભૂમિકાને સાવ નિરક્ષર પણ નહીં અને ડિગ્રીધારી શિક્ષિત પણ નહિ, છતાં સંપૂર્ણ સમજવાળી નારી કલ્પતો હતો.

દર સિઝનમાં બાબુભાઈ શેઠ મુંબઈનાં પરાઓમાં રહેવા જતા. આ વખતે તેઓ મુંબઈ અંધેરીમાં કુંવરબાઈના બંગલામાં ચાર માસ માટે રહેવા ગયા હતા. ત્યાં અમે પણ દર અઠવાડિયે બે-ત્રણ દિવસ માટે જતા. આ સમય દરમિયાન એક દિવસે અચાનક જ મને લલિતાની ભૂમિકાનો આદર્શ જડી આવ્યો. બાબુભાઈને મળવા એક કુમારિકા આવવાનાં હતાં, જે ભવિષ્યમાં એમના સંબંધીનાં પત્ની થવાનાં હતાં. આની જાણ એ કન્યાને હતી, તેટલી જ જાણ શ્રી બાબુભાઈને તેમજ તેમનાં પત્ની

કૃષ્ણાબહેનને પણ હતી, આથી એમણે ભાવિ વધૂનો સત્કાર કરવા માંડયો.

આ સત્કાર સ્વીકારતાં કન્યાના મુખ ઉપર શરમના શેરડા પડતા. મુખ હસી હસી જતું અને છતાં ઠાવકાપણું તે સાચવી લેતાં હતાં. આ જોઈ, મને 'લલિતા'ના 'જુગલ' સાથેના પ્રથમ મિલાપ સમયની ગૂંચ આપોઆપ ઉકલી ગઈ. વળી એમની વસ્ત્રપરિધાન કરવાની રીત સપ્રમાણ અને છટાદાર હતી. 'લલિતા'ના પોશાકનો ઉકેલ પણ મને મળી ગયો. મને એ કન્યા સાથે વાતચીત કરવાની ઈચ્છા થઈ હતી. એમની પાસેથી મારે કેટલીક વાતો જાણવી હતી. બે-ત્રણ દિવસના પરિચયથી થોડીક વાતચીત કરી શકું એવી હિંમત મારામાં અને તેમનામાં પણ આવી હતી.

એક નમતે બપોરે દીવાનખાનામાં તેઓ પોતાના પોલકાની બાંયોની બો બાંધતાં હતાં. મારા ઓરડામાંથી પ્રવેશી મેં પ્રશ્ન કર્યો; 'બહેન, પોલકાનું શું કરી રહ્યાં છો? તમે પોલકાં ક્યાં સીવડાવો છો? મને તેનું ઠેકાણું આપશો? પોલકાના કલર સાથે આ બોનો કલર ખૂબ સરસ રીતે જામે છે.' એ બહેને હસીને મને છૂટથી જવાબ આપ્યો અને દરજીનું ઠામઠેકાણું પણ બતાવ્યું.

એ વખતે એમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે હું મારું અવલોકન એમને રંગમંચ ઉપર ઉતારવા માટે કરી રહ્યો છું. તેમ સાંગોપાંગ એ જ હસતું મોઢું, એ જ સંકોચ અને છૂટથી આપેલા જવાબ- તે બધું જ હું 'લલિતા'ની ભૂમિકામાં ઉતારવાનો છું. આમ બે-ત્રણ દિવસમાં મારા અવલોકનથી 'લલિતા'ની ભૂમિકા માટે હું ઘણું ઘણું શીખીને આવ્યો હતો.

ત્યાર પછી આ નાટક, તાલીમ થયા બાદ તા. 26-7-1902 ને મંગળવારની રાત્રિએ પહેલ-વહેલું ભજવાયું હતું.

પ્રેક્ષકગૃહની આગલી જ હરોળમાં બાબુભાઈ અને તેમનું કુટુંબ તથા અમારા મિત્ર વિઠ્ઠલદાસ અને હરકિશનદાસ બેઠેલા હતા. નાટક પૂરું ભજવાઈ રહ્યા પછી નાટકની થયેલી અસર મને અને બાપુલાલને કહેવા માટે બાબુભાઈ થોભ્યા હતા. અમે અમારા વેશ ઉતારી નાખી એમની પાસે ગયા ત્યારે નાટક ખૂબ સરસ રીતે ભજવાયાના અને લોકો ઉપર ખૂબ મોટી અસર થયાના સમાચાર અમને મળ્યા. આ વખતે કૃષ્ણાબહેન એકાએક એમના પતિને કહેવા લાગ્યાં, 'શેઠ, આ લલિતા તો જાણે અસલ આપણી ગુલાબ. એવું જ હસવું, એવું જ બોલવું અને એનાં જ વસ્ત્રોની સજાવટ કરી હતી કે હું તો ભ્રમમાં જ પડી ગઈ કે આપણી ગુલાબ રંગમંચ ઉપર ક્યાંથી આવી?'

આ સમય દરમિયાન મારા અભિનયગુરુ બાપુલાલ નાયક અને હું સવારે ચોપાટી પર ફરવા ગયા હતા. રસ્તામાં બાપુલાલે મને કહ્યું, 'આજે આખી રાતનો ઉજાગરો થયો.' મારાથી સહજ બોલાઈ જવાયું, 'અરે, શાથી?' તેમણે કહ્યું, ''સરસ્વતીચંદ્ર''નો ચોથો ભાગ બહાર પડયો છે. વાંચવામાં એટલો રસ પડયો કે આખી રાતનો ઉજાગરો થયો. એટલે મેં કુતૂહલથી પૂછ્યું. ''સરસ્વતીચંદ્ર!'' એવું લાંબુ નામ શું છે? તે વખતે મારી ઉંમર આશરે બાર વરસની હતી. તેમણે થોડી સમજણ પાડી, આ એક નવલકથા છે. લેખકે ચોથો ભાગ બહુ જ મોડો બહાર પાડયો. હું ચોથા ભાગની રાહ જોતો હતો. વાંચવામાં ખૂબ મજા આવી. મેં પૂછ્યું, 'તેના ચાર ભાગ છે? તો તો તેનો પહેલો ભાગ આપણે ત્યાં હશે?' તેમણે કહ્યું, 'હા, છે.' મેં પૂછ્યું, 'હું તે વાંચુ?' તેમણે કહ્યું, 'વાંચજે.' આ પછી આ નવલકથા શું છે? તે જાણવાની મને સહેજ ઉત્કંઠા થઈ અને તેમની પાસેથી જ પહેલો ભાગ લઈ મેં તે નવલ વાંચવાનું શરૂ કર્યું. ક્રમે ક્રમે તેના ચારે ભાગ સમયે સમયે કરીને સાત વાર વાંચ્યા. એવું એ નવલકથાનું કામણ હતું. મારી શક્તિ ઉપરાંત કઠણ ભાષા, પ્રેમની આંટીઘૂંટી, વિરહની વેદના, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ, અનેક આડકથાઓ અને અનેક તળ ગુજરાતનાં સુરેખ રીતે આલેખાયેલાં પાત્રો વાંચી કથા પૂરતો ભાગ શરૂઆતમાં સમજાવા લાગેલો.

પેલી કુમુદસુંદરી, કુસુમ, ગુણસુંદરી તેમ જ અલકકિશોરી, સૌભાગ્યદેવી, મેનારાણી, ચંદ્રાવલીમૈયા - એ સર્વ પાત્રોએ મારા મન ઉપર ભારે અસર કરી. તેમના નારીત્વની મારા ઉપર ઘેરી છાપ પડી. ગુજરાતની જે નારીની શોધમાં હું હતો તેનાં અહીં દર્શન થતાં, હું તો અલૌકિક સૃષ્ટિમાં વિહરવા લાગ્યો. મને સમજાયું કે હું જે 'સુંદરી'ની શોધમાં છું તે તો આ નવલના પાને પાને આલેખાયેલી છે. એના અભ્યાસ માટે મેં એક નવી રીત શોધી કાઢી.

નવલકથાકારે આ પાત્રોનાં કરેલા વર્ણન પ્રમાણે અરીસાની આગળ હું નવલકથાને લઈને મોટેથી વાંચતો અને પાત્રોનો અભિનય અરીસામાં જોતાં જોતાં ભજવતો હતો અને એ દ્વારા પાત્રોના હૃદયના ભાવ સાથે મારા ભાવોનું સમત્વ પ્રાપ્ત કરવા મથતો હતો. આ અભ્યાસનું મારા પૂરતું પરિણામ એ આવ્યું કે કુમુદસુંદરીની ભૂમિકા ભજવવાનો મને મનોરથ જાગ્યો. થોડાં વર્ષ પછી અમારી મંડળીવાળાઓએ સાક્ષર શ્રી ગોવર્ધનરામભાઈને 'સરસ્વતીચંદ્ર'નું નાટ્યરૂપાંતર કરી આપવાની વિનંતી કરી. તે જ પ્રસંગે તેમણે સામેથી સરસ્વતીચંદ્ર અને કુમુદ તરીકેની અનુક્રમે બાપુલાલ નાયક અને મારી છબીઓ નવલકથામાં મૂકવા માટે માગી. કોઈ કારણથી અમારી છબીઓ અમારી મંડળીવાળાઓએ એમને મોકલી જ આપી નહિ.

પરંતુ કેટલાક સમય પછી ગોવર્ધનરામભાઈએ સરસ્વતીચંદ્રના નાટ્યરૂપાંતરનો પહેલો અંક અમારી મંડળીને મોકલી આપ્યો. આ અંકમાં તેમણે સરસ્વતીચંદ્ર ભાગ ચોથામાં આવતાં 'ઘેલી મારી કુસુમ'વાળા પ્રસંગ પછી વાર્તાનો તંતુ લંબાવીને વસ્તુ મૂક્યું હતું. તેમાં સરસ્વતીચંદ્રને ચોપાટી ઉપર ભાષણ કરતો અને લોકહિતની વાતો કરતો આલેખ્યો હતો, એટલું મને અત્યારે યાદ છે. ગમે તે કારણે અમારી મંડળીવાળાને આ નાટક મુંબઈની પ્રજાને ગમશે નહિ એમ લાગવાથી ભજવવાનું રુચ્યું નહિ અને નાટકનું કામ આગળ ચાલ્યું નહિ. આથી કુમુદ થવાનો મારો મનોરથ મનમાં જ રહી ગયો. સાથે સાથે તેની ભજવણીનો મારો અભ્યાસ પણ અધૂરો જ રહી ગયો.

આ ઉપરાંત, મારા અભ્યાસ માટે, 'સરસ્વતીચંદ્ર'માં 'બુદ્ધિપ્રકાશ' માસિકનો ઉલ્લેખ થયો છે, એટલે હું 'બુદ્ધિપ્રકાશ' મેળવીને વાંચવા લાગ્યો. મને જેટલો સમય મળતો હતો તેમાં ગુજરાતી નવલકથાઓ, કાવ્યો, નિબંધો વગેરે સાહિત્યનાં પુસ્તકો વાંચવામાં ગાળતો હતો. આ રીતે મારો અભ્યાસ હું વધારતો હતો અને મારી અભિનયની ગૂંચો હું ઉકેલતો હતો. વળી 'સૌભાગ્ય-સુંદરી'ની 'સુંદરી'ની ભૂમિકાને વધુ જીવંત બનાવવા શેક્સપિયરની 'ડેસ્ડીમોના' અને 'માલતીમાધવ'ની 'માલતી'નો અભ્યાસ મેં કરી લીધો હતો.

આ બધાને પરિણામે મારા મનમાં ભજવણીનો એક ચોક્કસ ક્રમ ઊભો થયો હતો અને મારે કહેવું જોઈએ કે છ માસને અંતે જ 'સુંદરી'ની ભૂમિકાને પૂરેપૂરી સમજીને ભજવતો થઈ ગયો હતો.

સમાજની બહેનો 'સુંદરી'નું અનુકરણ કરતી હતી એ વાત તદ્દન સાચી છે, પણ ખરી રીતે આ બધું જ મારી ગુરુ કહું તો ચાલે તેવી બહેનો પાસેથી જ શીખ્યો હતો અને તેમાં મારી સમજ ઉમેરીને તેમને હું પાછું આપતો હતો. લોકો તેને કલાનો નમૂનો સમજીને સ્વીકારતા. આવી બહેનો જ્યારે મુંબઈની ચોપાટી ઉપર ફરવા નીકળતી અને હું તે વખતે મારા શુભેચ્છક મિત્રો સાથે ગાડીમાં જતો હોઉં ત્યારે તેઓમાંથી કોઈ બોલી ઊઠતું 'જો, જો પેલી સુંદરી જાય' અને મારા સામું જોઈને હસતાં અને ઈશારામાં એમ સમજાવતાં કે આ 'સુંદરી'નું જ અનુકરણ થઈ રહ્યું છે ત્યારે હું નમ્રપણે હસતો અને મનમાં સંતોષ તેમ જ રોમાંચ અનુભવતો અને રંગભૂમિના આ જાતના વિજયથી સંતોષ અનુભવતો હતો.

'સૌભાગ્યસુંદરી' નાટકની રજૂઆતના બીજા દિવસથી જ ઘણા પ્રેક્ષકો મને ભેટસોગાદ આપી ગયેલ. આ વખતે મને એક જ વાત સમજાયેલી કે સ્ત્રીના શ્રેષ્ઠ ભાવોનું પ્રદર્શન લોકોને પ્રિય છે અને આ પ્રગટેલી ચેતનાએ અજ્ઞાત રીતે મને અનુકરણ કરતો કરી મૂકેલો.

આ સફળતાની પાછળ ઈશ્વરીય કૃપા પણ ઘણીય હશે એમ માનું છું. એક ક્ષણ... જ્યારે જયશંકરે સ્ત્રીનો પોશાક ધારણ કર્યો ત્યારે એક પુરુષ જાણે સુંદરીમાં પલટાતો હોય એમ મને લાગ્યું. પુરુષનું સ્ત્રીમાં રૂપાંતર કે અવાંતર નહિ પરંતુ સ્ત્રી-ભાવોના પ્રગટીકરણ માટે કળા-સ્વરૂપ ઘડવાનો પરમ પુરુષાર્થ. મેં મારામાંથી એક સુંદર નવયૌવનાને છૂટી પડતાં જોઈ. જેનાં ઘાટીલાં, મદભર અંગોમાંથી યૌવન નીતરે છે, જેની છટામાં સ્ત્રીનું લાવણ્ય મહેંકી રહ્યું છે, જેની આંખોમાંથી સ્ત્રી-સહજ ભાવો ઊભરાયા કરે છે, જેની ચાલમાં ગુજરાતણનો ઠસ્સો પ્રગટે છે. જે પુરુષ નથી, એક માત્ર સ્ત્રી જ છે... સ્ત્રી જ છે એવી એક છબીને મેં અરીસામાં જોઈ. એ સૌભાગ્યસુંદરી કે કુમુદસુંદરી? અંતરનું પ્રતિબિંબ પાડતો અરીસો બોલતો હતોઃ આ જયશંકર નથી. લજ્જાથી ગરવી ગુજરાતણ છે. એ લહેકો, એ અભિનય, એ કામણ. શરીરના અંગ-પ્રત્યંગમાં મધુર ઝણઝણાટી પેદા થઈ ચાલી ગઈ. ઘડીભર મને એમ થયું કે હું પુરુષ નથી જ.. નથી જ. સ્ત્રી થતાં મને સહજ સંકોચ શરૂઆતમાં થયો હતો. હવે એમ જ લાગ્યું કે હું સ્ત્રી જ છું. આ અવાંતર પ્રક્રિયાએ જ મને... મારામાં રહેલા નટને સાકાર થવામાં યારી આપી છે, પરંતુ અવસ્થાની અનુકૃતિને ઝીલનારો અને અનુભવનારો પ્રેક્ષકવર્ગ ન હોત તો? મારા હજારો પ્રેક્ષકોએ મને 'સુંદરી' બનાવ્યો છે, એ વાતની હું સગર્વ નોંધ લઉં છું. કદરદાન પ્રેક્ષકો વગર... ...માત્ર એકલો અટૂલો જયશંકર!!

### શબ્દાર્થ

**સ્ત્રીઓચિત** સ્ત્રીને શોભે એવો **પોલકું** સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર **બો** બાંધવામાં વપરાતી દોરી **સાંગોપાંગ** અંગ-ઉપાંગ સહિત (અહીં) એ જ પ્રકારનું **ઉત્કંઠા** તીવ્ર ઇચ્છા, આતુરતા **કામણ** વશીકરણ (અહીં) મોહિની લગાડવી તે **અલૌકિક** અસામાન્ય, અદ્‌ભુત **ભાવોનું સમત્વ પ્રાપ્ત કરવું** (અહીં) લાગણીઓ પર સમતા પ્રાપ્ત કરવી **શેકસપિયર** જાણીતો અંગ્રેજ કવિ-નાટ્યકાર **અવાંતર** અંદરનું **અનુકૃતિ** અનુકરણ, નકલ **કદરદાન** કદર કરે કે જાણે એવું, ગુણજ્ઞ

## રૂઢિપ્રયોગો

**મનોરથ મનમાં રહી જવો** મનની ધારણા-મુરાદ પૂરી ન થવી **રોમાંચ અનુભવવો** (લાગણીથી) શરીર ઉપરનાં રૂવાં ઊભા થયાની અનુભૂતિ થવી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) મંડળીને વધુ આવક કરી આપવા બાપુલાલ શું કરવા માગતા હતા ?
(2) 'વિક્રમચરિત્ર'માં જયશંકરે કોની ભૂમિકા ભજવી હતી ?
(3) મિલોએ કઈ પંક્તિનો જાહેરાત તરીકે ઉપયોગ કર્યો ?
(4) જયશંકર સુંદરીના અભિનય ગુરુ કોણ હતા ?
(5) બાપુલાલને આખી રાતનો ઉજાગરો શાથી થયો હતો ?
(6) 'સુંદરી'ના પાત્રને જીવંત બનાવવા જયશંકરે શું કર્યું હતું?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) બાપુલાલે નટના કર્તવ્ય અંગે જયશંકરને શું કહ્યું ?
(2) કૃષ્ણાબહેને એમના પતિને નાટક જોયા પછી શું કહ્યું ?
(3) જયશંકર ભોજકે 'સરસ્વતીચંદ્ર' કેટલી વાર વાંચી? તેમાંથી શું સમજાવા લાગ્યું ?
(4) બાપુલાલના મનોજગત પર કયાં કયાં પાત્રોએ અસર કરી હતી ?
(5) જયશંકર સુંદરીની શોધ ક્યારે પૂર્ણ થઈ ?
(6) જયશંકરની કુમુદ બનવાની ઇચ્છા શાથી અધૂરી રહી ગઈ ?
(7) જયશંકર પોતાના અભિનયની ગૂંચો શી રીતે ઉકેલતાં હતાં ?
(8) 'સુંદરી'ની ભૂમિકાને જયશંકર ક્યારે ન્યાય આપી શક્યા ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) જયશંકરની 'સુંદરી' સુધીની રૂપાંતરયાત્રા તમારા શબ્દોમાં વર્ણવો.
(2) સ્ત્રીના વેશને યથાતથ ભજવવા માટે જયશંકરે કેવા-કેવા પ્રયત્નો કર્યા હતા તે જણાવો.
(3) '' 'સુંદરીની શોધ' એ પરકાયા પ્રવેશની પ્રક્રિયાનું દૃષ્ટાંત પૂરું પાડતો આત્મકથાખંડ છે-'' આ વિધાનની પાઠને આધારે ચર્ચા કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- જયશંકર સુંદરીનો નટ-અભિનેતા તરીકે કેવી રીતે વિકાસ થયો તે વિશે ૧૫-૨૦ લીટી લખો.
- 'સત્યના પ્રયોગો'- ગાંધીજીમાંથી 'હાઈસ્કૂલમાં' પ્રકરણ વાંચો.
- આત્મકથા એટલે શું ? તમારા શિક્ષક પાસેથી જાણો.
- તમારા જીવનનો યાદગાર પ્રસંગ તમારી ભાષામાં લખો.

## ભાષા-અભિવ્યક્તિ

ભાષા દ્વારા આપણાં ભાવ-વિચાર-સંવેદન-લાગણી પ્રગટ થાય છે. એ ભાવ-વિચારના પ્રગટીકરણનો આધાર લેખક કેવી રીતે-ભાતે ભાષા પ્રયોજે તેના પર રહે છે. આ એકમમાં લેખકે પોતાના ભાવોનું-લાગણીઓનું બયાન પ્રયુક્તિથી આપણી સામે મૂક્યું છે.

'એક ક્ષણ... જ્યારે જયશંકરે સ્ત્રીનો પોશાક ધારણ કર્યો ત્યારે એક પુરુષ જાણે સુંદરીમાં પલટાતો હોય એમ મને લાગ્યું.

તમે અહીં જોઈ શકશો કે 'આત્મકથા' તો હંમેશાં ત્રીજા પુરુષ એકવચન 'હું'થી જ લખાતી હોય છે પણ વાતને વધારે અસરકારક બનાવવા ક્યારેક પ્રથમ પુરુષ 'તે'નો ઉપયોગ થતો હોય છે. અહીં લેખકને પોતાના પુરુષ-દેહનું રૂપાંતરણ જાણે સ્ત્રીમાં થઈ રહ્યું હોય તેવું બતાવવા આવી પ્રયુક્તિ વાપરી છે. અહીં ભાવપક્ષને મજબૂત રીતે આપણી સામે પ્રત્યક્ષ થતો બતાવ્યો છે. સમાન લાગતાં આ ત્રણ ટૂંકાં વાક્યો ધ્યાનથી વાંચો. એ પણ અધૂરાં.

'...જે પુરુષ નથી, એક માત્ર સ્ત્રી જ છે..સ્ત્રી જ છે '

'ઘડીભર મને થયું કે હું પુરુષ નથી જ... નથી જ.'

તમે જોઈ શકશો કે બંને વિધાનોમાં ' જ ' નિપાતની ભૂમિકા બહુ મહત્ત્વની છે. મારા હજારો પ્રેક્ષકોએ મને સુંદરી બનાવ્યો.
આ વિધાનનો સાદો-પહેલો અર્થ તો જયશંકરને પ્રેક્ષકોએ સુંદરી બનાવવામાં મદદ કરી એવો થાય પણ આ અર્થ નહીં લેતા પ્રેક્ષકોએ તેની ભૂમિકાને, અભિનયને વખાણીને તેને સુંદરી બનાવ્યો એવો અર્થ સમજતાં તમને વાર નહીં લાગે!

## શિક્ષકપ્રવૃત્તિ

- નાટ્યકલા, અભિનય વિશે વિગતે વાત કરો. વર્ષો પહેલાંની નાટકમંડળી-પ્રવૃત્તિનો પરિચય આપો.
- પુરુષને સ્ત્રી તરીકે પાત્ર ભજવવાની વાત જે-તે સમયમાં બહુ સ્વાભાવિક હતી તેવું તત્કાલીન સામાજિક વિગતો વર્ણવી સમજાવો.
- પાત્ર ભજવવા માટે અંતરંગ એકાત્મભાવ અનિવાર્ય છે તેવું પાઠ આધારે શીખવવું.

•

# 7 વનમાં ચાંદલિયો ઊગ્યો

**સંકલિત**

લોકગીતનો કોઈ રચયિતા નથી હોતો એમ કહેવા કરતાં એમ કહી શકાય કે, લોકસમૂહ લોકગીતોનો રચયિતા હોય છે. માત્ર એક વ્યક્તિથી નહીં પણ અનેકોની ઉત્સાહભરી સર્જકતાથી રચાયેલું લોકગીત, કોઈ એક પ્રસંગ કે ઘટના આધારિત આનંદ-ઉત્સાહ-ઉમંગ કે વેદના-વ્યથા-વિરહની સર્જનાત્મક અભિવ્યક્તિ છે.

આ લોકગીતને એક પ્રકારનું સંવાદગીત પણ કહી શકાય. પ્રિયતમના આગમનથી આનંદ અનુભવતી પ્રિયતમાના જીવનની વિરહરૂપી રાત્રી, મિલનરૂપી દિવસ બની જતી આલેખાઈ છે! 'વન' એકલતાનું અને 'ચાંદલિયો' પ્રિયતમના આગમનનું સૂચન બની રહે છે. 'સૂરજ'ને, ઉદાસ સ્થિતિને ઉજાશમાં બદલી નાખતા પ્રતીકરૂપે જોઈ શકાય. આંગણે આવેલા પ્રિયતમને દાતણ-નાવણ-ભોજન-મુખવાસ-પોઢણ જેવી સામગ્રી દ્વારા સમર્પણનો ભાવ દર્શાવતી પ્રિયતમા પ્રિયતમને રોકાઈ જવા ખૂબ આગ્રહ કરે છે, પણ મિત્રો સાથે હોવાથી રોકાઈ ન શકતો પ્રિયતમ મિત્રોને છોડીને રોકાવાની મજબૂરી દર્શાવી મિત્રપ્રેમ પણ વ્યક્ત કરે છે. વિરહના ભાવોને ઉલ્લાસના સૂરોમાં રજૂ કરતું આ લોકગીત ગુજરાતી લોકજીભે રમતી લોકપ્રિય રચના છે.

---

વનમાં ચાંદલિયો ઊગ્યો રે
હો રાજ મને સૂરજ થૈ લાગ્યો રે....(૨)

આવ્યા છો ત્યારે ઉતારા કરતા જાવ,
ઉતારા કેમ કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે દાતણ કરતા જાવ,
દાતણિયા અમે કેમ કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે નાવણ કરતા જાવ,
નાવણિયા અમે કેમ કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે દૂધડાં પીતા જાવ,
દૂધડિયાં અમે કેમ કરી પીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે મુખવાસ લેતા જાવ,
મુખવાસ કેમ કરી લઈએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

આવ્યા છો ત્યારે પોઢણ કરતા જાવ,
પોઢણિયાં અમે કેમ કરી કરીએ ગોરી,
હાં રે મારે ભાઈ-બંધની જોડી.... વનમાં

**શબ્દાર્થ**

**ચાંદલિયો** ચાંદો **ઉતારો** ઊતરવાનો મુકામ **ગોરી** રૂપાળી સ્ત્રી (અહીં) પ્રિયતમા **નાવણ** સ્નાન **દૂધડાં** દૂધ **પોઢણ** શયન

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) નાયિકાને ચાંદલિયો કેવો લાગે છે?

(2) નાયક રોકાવાની શા માટે ના કહે છે?

(3) નાયક નાયિકાને નહિ રોકાવા માટે કયું કારણ આપે છે?

**2. નીચેના પ્રશ્નનો મુદ્દાસર ઉત્તર લખો :**

નાયકના આતિથ્ય માટે નાયિકા શી-શી વિનંતી કરે છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

નાયિકાએ નાયક પ્રત્યે દર્શાવેલા ભાવને તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- ટી.વી., રેડિયો પરના લોકસાંસ્કૃતિક કાર્યક્રમો માણો-સાંભળો.
- પ્રાર્થના સંમેલનમાં આ લોકગીત રજૂ કરો.
- તમારા વિસ્તારમાં ગવાતાં ત્રણ લોકગીતો તમારી નોટબુકમાં લખો.

## ભાષા-અભિવ્યક્તિ

અહીં દાતણ, નાવણ, દૂધ, પોઢણ ને 'ઇઆ' પ્રત્યય લાગ્યો છે તે જુઓ. સાથે સાથે એ પણ જુઓ કે શબ્દમાં એથી શો ફેરફાર થાય છે? અહીં આ પ્રત્યય બહુવચન માટે નથી પ્રયોજાયો તે પણ તમારા ધ્યાનમાં આવ્યું હશે તો બીજી અને છઠ્ઠી કડીમાં આવતા 'ઉતારા' અને 'મુખવાસ' શબ્દને કોઈ પ્રત્યય લાગ્યો નથી. શા માટે? વિચારો.

'હાં રે મારે ભાઈ-બંધની જોડી'

પંક્તિ દરેક અંતરે દોહરાવાઈ છે તેમાં 'સાથે' જેવા શિષ્ટ શબ્દને બદલે 'હાં રે ' શબ્દ વપરાયો છે તે જુઓ.

' હો રાજ મને સૂરજ થૈ લાગ્યો રે....'

પ્રિયપાત્રના આગમનને કારણે નાયિકાને ચંદ્ર, સૂરજ જેવો લાગે છે એવું કહેવા લોકગીતના અજ્ઞાત સર્જક 'થૈ લાગ્યો' શબ્દને પસંદ કરે છે, તે ધ્યાનપાત્ર છે. યજમાન-નાયિકા મહેમાન એવા નાયકની આગતા-સ્વાગતા કરવા જે સામગ્રીને એક-એક કડીમાં વણી લે છે તે માણવું ગમશે.

## શિક્ષક પ્રવૃત્તિ

- લોકસાહિત્યનો પરિચય કરાવો.
- અન્ય લોકગીતો મેળવો, ગાઓ અને સમૂહગાન કરાવો.
- ઝવેરચંદ મેઘાણીનાં લોકગીતોના સંપાદન 'રઢિયાળી રાત' અંગે નિર્દેશ કરો.
- લોકસાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પરિચય કરાવો.
- સ્નેહ અને આતિથ્યના મહત્ત્વ વિશે ચર્ચા કરો.

•

# 8 બૂરાઈના દ્વાર પરથી

**ઝવેરચંદ મેઘાણી**

**(જન્મ : તા. 17-8-1897, મૃત્યુ : તા. 9-3-1947)**

કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક, અનુવાદક ઝવેરચંદ કાળિદાસ મેઘાણી સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામમાં જન્મ્યા હતા. બગસરા તેમનું વતન હતું. સૌરાષ્ટ્રમાં વિવિધ સ્થળે અભ્યાસ કર્યો. 1916માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી સ્નાતક થયા. ભાવનગરની સનાતનધર્મ હાઈસ્કૂલમાં ખંડસમયના શિક્ષક તરીકે નોકરી કરી. કલકત્તામાં ઍલ્યુમિનિયમના કારખાનામાં મૅનેજર થયા. પોતાના બાળપણના અને સૌરાષ્ટ્રના અનુભવોને આધારે તેમણે 'ચોરાનો પોકાર' લેખ લખ્યો. અમૃતલાલ શેઠના 'સૌરાષ્ટ્ર દૈનિક'માં પત્રકાર થયા અને રાણપુર વસ્યા. મેઘાણીને તેમનું પ્રિય કામ મળ્યું. અનેક વિસ્તારમાં ફરી વળીને દુહાગીરો, કથાકારો, વૃદ્ધજનો, સ્ત્રી-પુરુષો પાસેથી લોકગીતો અને લોકકથાઓ નોંધીને તેનું સંશોધન, સંપાદન, લેખન શરૂ કર્યું.

'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા', 'સોરઠી', 'દાદાજીની વાતો' એવાં લોકવાર્તાનાં સંપાદનો તથા 'કંકાવટી', 'રઢિયાળી રાત', 'ચૂંદડી', 'હાલરડાં', 'ઋતુગીતો' એવાં લોકગીતોનાં સંપાદનોમાં મેઘાણીની સૂઝ અને પરખ દેખાય છે. મેઘાણીના આ ભગીરથ કાર્યને કારણે સ્મૃતિને આધારે જળવાતો લોકસાહિત્યનો સમૃદ્ધ વારસો આપણને પ્રાપ્ત થયો છે.

'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં', 'લોકસાહિત્યનું સમાલોચન', 'ધરતીનું ધાવણ' જેવા ગ્રંથોમાં લોકસાહિત્યની મીમાંસા કરી તેની વિલક્ષણતાનો પરિચય કરાવ્યો છે. ગાંધીયુગ અને સ્વતંત્રતા સંગ્રામને ઝીલતા 'યુગવંદના', 'સિંધુડો' જેવા કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. રાષ્ટ્રપ્રેમ, દીનદુઃખી પ્રત્યે હમદર્દી વ્યક્ત કરતાં ગીતો-કાવ્યો તેમણે આપ્યાં છે.

'બૂરાઈના દ્વાર પરથી' નવલિકામાં ઝવેરચંદ મેઘાણીએ ઝમકુનું જનમનું સુમેળભર્યું સ્નેહાળ દામ્પત્યજીવન તો આલેખ્યું જ છે સાથે-સાથે મહેનત-મજૂરી કરનારા માણસો જીવનભર પરસેવો પાડે તોપણ તેમના જીવનમાં દારુણ ગરીબી અને શોષણ લખાયેલાં જ રહે છે તેવો સૂર આલેખી આપ્યો છે. સામે પક્ષે લેખકે કેટલાંક અમીર માણસોનાં સંકુચિત, શોષણખોર, મન, સ્વાર્થી અને સંવેદનહીન દર્શાવીને અહીં સરસ અભિવ્યક્તિ સાધી છે.

---

ઝમકુ અને જમન ચીભડાં વેચવા બેઠાં હતાં. શાકપીઠની અંદર હાટડું ભાડે રાખવાની બે દા'ડા સારું શી જરૂર, એટલે શેરીમાં રસ્તા ઉપર પછેડી પાથરીને ચીભડાં મૂક્યાં હતાં. પણ બેના ચાર દિવસ થઈ ગયા હતા. જુવાન જોડલું હતું. ચમનલાલ શેઠના 'બાથરૂમ'માં જઈને એક વાર જો તેલનું મર્દન લઈને માઈસોરી સુખડના સાબુથી અંઘોળ કરે અને ટુવાલે શરીર લૂછે, તો મજૂર અને વાણિયા વચ્ચેનો રૂપ-ભેદ કોણ પારખી શકે? - એવાં એ જમન અને ઝમકુનાં લાવણ્યવંતાં, ઘાટીલાં અને લાલ ચટકી ઊપડતાં શરીરો હતાં. સંસાર જો તપોવન હોય અને પરસેવો ટપકાવીને પેટ-ગુજારો કરવો એ જ સાચો યજ્ઞ હોય, તો તો આ બેઉ જણાં સાચો યજ્ઞ જ કરી રહ્યાં હતાં. બેઉ ઉપવાસી હતાં, ધૂપમાં બેઠાં હતાં, એક આસને બેઠાં હતાં; ધૂળના વંટોળા ગરીબીના હવનના ધુમાડા-શા ઊડતા હતા અને બેઉના મોં ઉપર આનંદનો ઉજાસ મલકતો હતો.

''હવે બે ફાંટ મતીરાં રિયાં છે, ઝટ નીકળી જાય તો ભાગીએં.''

''હા, હવે રોટલા પણ એક ટંકના જ બાકી છે. બે દિ'ના ઘડી લાવી'તી; તેને સાટે ચાર દિ' ગદરી ગયા. માતાજીએ સે' પૂરી, ખરું?''

''પણ હવે રોટલા કાં'ક સુકાણા, હો! ભેળું કાંઈ શાક-અથાણું ન મળે ખરું ને, એટલે પાણીને ઘૂંટડે-ઘૂંટડે..''

''અરે, તમે જુઓ તો ખરા! હોશિયાર થઈને આટલાં ચીભડાં કાઢી નાખો ને, એટલે સાંજે ને સાંજે અમરાપર ભેળાં થઈ જઈએ. અધરાત થઈ ગઈ હશે ને, તોય મારી મા ઊના-ઊના રોટલા ઘડી દેશે, ને હું લસણની ચટણી વાટી નાખીશ, માટે તમે હેમત રાખીને આટલાં વેચી કાઢો-મારો વાલો કરું.''

નાના બાળકને પ્રોત્સાહિત કરતી હોય તેવે શબ્દે ધણીને ચાનક આપતી બાઈ પોતાના ધાવણવિહોણા નાના બાળકને પાલવ ખેંચીને ઢાંકતી હતી, પણ પાલવ તાણવા જાય છે ત્યાં પાછી બીજી બાજુ પીઠ ઉઘાડી થઈ જતી હતી; છોકરો છાતીમાં માથું માર-માર કરતો હતો.

'' પણ ઘરાક આવે છે જ ક્યાં? ''

'' અરે, આવે શું નહીં? તમે મોઢામાંથી કાં'ક બોલો તો-તો હમણાં આવેઃ મોરલીને માથે નાગ આવે એમ આવે. આમ

જોવોને : આખી પીઠમાં કાછિયા કેવી-કેવી બોલી કરીને લલકારી રિયા છે! તમે તો, ભૂંડા, જીભ જ હલાવતા નથી.''

''મને એવું વેણ કાઢતાં ને સમે રાગે નાખતાં આવડે નહીં.''

''નો આવડે શું?'' ધીરે સૂરે બાઈ પુરુષને પઢાવવાં લાગી : ''એ આ સાકરિયા મેવા ! એ આ મધના ઘડા લઈ જાવ! અમૃતના મેવા લૂંટી જાવ!....લ્યો, બોલો એમ!''

લજામણીનો છોડ જાણે : એનું જડબું ફાટ્યું જ નહિ. નીચે જોઈ ગયો.

''ઓય માટીડો! નારી ઘડતાં-ઘડતાં ભૂલથી નર ઘડ્યો લાગે છે ભગવાને.'' એમ કહેતીકને બાઈ પોતાના ગળચટા ગળાના સૂર કાઢવા લાગી :

'' બે જઈના શેર! આ અમરતના કૂંપા બે પૈસાના શેર! આ સાકરટેટી બે જઈની શેર! આ મીઠા મેવા બે પૈસે શેર!''

એક ખેસધારી વેપારી આવીને ઊભા રહ્યા. ઘેરે વિવાહ છે; સાંજે જાનનાં માણસોને પીરસવા ચીભડાનું શાક કરવું છે. પૂછે છે :

''શો ભાવ?''

''બે પૈસે શેર, બાપા! અમૃત રોખો માલ!''

''આનાનાં અઢી શેર તો ઓલી દુકાને આપે છે.''

''ના, બાપા; અમારે પોસાય નહિ. અમે પરગામથી આવેલ છયેં! ચાર દિ'થી ખુવારના ખાટલા છે અમારે. નદીમાં કૂંટીઆ ગાળી-ગાળીને, માટલાં સારી-સારીને વાડા પાયા છે, ભાઈ! કેડયના મકોડા નોખા થઈ ગયા છે.!

''ઈ ઠીક; મહેનત વગર કાંઈ થોડો રોટલો મળે છે!'' રૂના સટ્ટા રમનાર વેપારીએ ઝમકુને ભોંઠી પાડી. ''લે-એક વાત કર, એટલે હું આખી ફાંટ લઈ લઉં. મારે ઘેર જાન આવવાની છે.''

''અરે, મારા ભાઈ ! જાનને જમાડવી છે, હજારું રૂપિયા ખરચીને વિવાહ માંડેલ છે, એમાં અમને ચાર-છ આના ખટાવતાં શું બીઓ છો? એમાં તમને કેટલોક કસ રે'શે?''

''લાંબી વાત નહિ, આનાનાં ત્રણ શેર તોળી દેવાં હોય તો દે. તારાં સડેલબડેલ, અડધાં ચીરેલાં - તમામ લઈ જાઉં.''

''ના, ભાઈ; પેટના પાટા ન છૂટે.''

''ઠીક ત્યાર; બેઠાં-બેઠાં ફાંકો ધૂળ આંહી બે દિ'સુધી.''

વેપારી ભાઈ હાટડે-હાટડે અને નીચે બેઠક કરીને વેચનાર એકોએકની પાસે ફરે છે. વારંવાર એની ટાંપ આ મજૂર-બેલડીની ફાંટ ઉપર મંડાય છે.

જમન-ઝમકુના અંતરમાં આ વાત પરથી વિચારનું જાણે કે એક વલોણું ચાલવા લાગ્યું :

''આ શેઠીઆવ; હજારું ના રળનાર, અને હજારુંના ધુંવાડા કરીને વરા ઉકેલનારા પણ શાકપાંદડાંની વાતમાં પાઈ-પૈસાની ગણતરી છોડતા જ નથી.''

''કોણ જાણે આપણે કઈ મેડીયું ચણાવી નાખીએં છયેં આ કમાણીમાંથી!''

''ઈ વેપારીયુંની વિદ્યા જ અવળચંડી. બાપ-દીકરાને પે'લું શાસ્તર જ ઈ પઢાવે કે આગલા પાસેથી કસીને લેવું અને સામાને છેતરે ઈ ચડિયાતો.''

એવી વાતો થાય છે ત્યાં તો એક બાઈ રૂમાલ લઈને આવી ઊભી રહી : હાથ-પગ અને ડોકમાં હેમના દાગીના છે; પગમાં ચંપલની જોડી છે; ઝીણો સુંદર સાડલો છે; નાની શી કોથળીમાં પૈસા ઠીક-ઠીક છે.

''કેમ દે છે ચીભડાં ?''

'' બે પૈસા શેર, બોન!''

''અરે, એવું તે હોય? તમે મજૂર તો હવે લૂંટવા બેઠાં. લે, જોખ એક શેર. મારે મંદિર જવાનું મોડું થાય છે...એમ શેની જોખ છ? જો, કડી ચડી ગઈ છે ત્રાજવાની ને નમતું જોખ બરાબર : છોકરાં ફોસલાવ મા.''

''લ્યો, બોન! - આ નમતું. '' કહીને ઝમકુએ દોઢ શેરથી ઝાઝેરો માલ જોખી આપ્યો.

''હવે એક ચીર દે આ પાકા ચીભડાંમાંથી.'' શેઠાણીએ એક કાપેલ ચીભડા ઉપર બણબણતી માંખો ઉડાડીને એમાંથી ચીર માગી.

''હજી પાછી ચીર, બોન!''

''હાસ્તો, મફત ક્યાં દેછ? મારો છોકરો ઘેર જતાં જ માગે- ખબર છે?''

''પણ, બોન,'' ઝમકુને એ અક્કેક પલકે પોતાનો મહેનતે ઉઝેરેલ વાડો, મથી મથીને ગાળેલ કુંટીઓ અને માટલે-માટલે સારીને ત્રણ મહિના સુધી લાગલાગટ પાયેલ પાણી સાંભરી આવતાં હતાં. શિયાળવાં અને હરાયાં ઢોર હાંકી-હાંકી ઉજાગરા તાણેલા.

''લાવ, ચીર દેછ કે? નીકર આ લે તારું ચીભડું પાછું.''

ચીર દેવી પડી. કેમ જાણે કલેજામાંથી ચીર કાપી આપવી પડી હોય, એવું દર્દ એના અંતઃકરણમાં થયું.

''આવા જીવ શે થઈ જાતા હશે આ પૈસાવાળાના ?''

''માટે જ આપણે નિર્ધન રહ્યાં સારાં.''

''ના, ના ; મને તો દાઝ ચડે છે કો'ક કો'ક વાર.''

''દાઝ ન ચડાવીએં, ડાયા! પારકો પરદેશ છેઃ આપણે રિયાં મજૂર : કાં'ક થાય તો સપાઈને આપણા જ વાંકની ગંધ આવે.''

તેટલામાં તો ''પિયુ, પે'લી પેસેન્જરમાં આવજો...'' નું છેલ્લામાં છેલ્લું નવું લોકપ્રિય નાટક-ગીત ગાતો-ગાતો બંકડો પોલીસ આવ્યો અને એક ચીભડું લઈ, કશી ચર્ચા, માથાકૂટ કે લપછપ કર્યા વગર મલપતી ચાલે ચાલ્યો ગયો, ચીભડા ઉપર આંગળીઓથી તાલ દેતો એ નવું કવાલી-ગીત ગાતો ગયો;

જમન અને ઝમકુ એકબીજા સામે જોઈ રહ્યાં. બાઈ તો ઝેર પી ગઈ હતી; હસીને બોલી : ''આય એક તાલ છે ને!''

''તને ઓળખે છે?'' ધણીની આંખોમાં ઠપકો હતો.

''તમારું તે ફટકી ગયું છે કે શું?''

''ચાર પૈસાનો માલ આમ ઉપાડીને હાલતો થાય, તોય તું દાંત કાઢ છ : કેમ જાણે તારા પિયરનો સગો હોય!''

''હવે વાત જાતી કરોને...'' બાઈએ ધણીના વાંસામાં હાથ ફેરવ્યો. ''જોને, તમારાં લૂગડાં એક મહિનામાં મેલાંડાટ થઈ ગયાં છે. આજ સાંજે મારા બાપને ઘેર પહોંચવા દેઃ ત્યાં ખારોપાટ છે, તે સંધાય લૂગડાં ત્યાં ઘસી-ભૂંસી, ચોળી હડમાનની કૂઈએ રૂપાળાં ધમધમાવી નાખું. હાલો, મારો વાલો કરું -હવે એકાદ લલકારો કરો જોઉં!''

ધણીના કલેજાની કળ જાણે કે આ સુંવાળાં વચનો વડે ઊતરી ગઈ. ''માતાના સમ! મને શરમ આવે છે.''

''હેઠ્ય -નાની વઉ!' કહીને કોમળ કંઠે ઝમકુએ સૂર છેડ્યાઃ ''એ...આ શરબતના કૂંપા લઈ જાવ! આ દૂધિયા માલ લઈ જાવ!

સાંજ નમતી હતી. વર-વહુના ચહેરા ઉપર પશ્ચિમનાં કેસૂડાં જાણે રંગ ઢોળતાં હતાં. આથમણી દિશાના માળી સૂરજે સીમાડા ઉપર ફૂલ ભરપૂર ખાખરાનાં કેસરિયાં વન ખડાં કર્યાં હતાં. વાદળાંઓમાં રમતી વગડાઉ છોકરીઓ એ વન-ફૂલને વેડતી હતી.

''સાંજે આપણે જાયેં ત્યારે ચારે દિ'ના પૈસા તમારી પાઘડીના માયલી કોરના એક આંટામાં બાંધી લેજો, હો! રસ્તે કાઠીનું ગામ છે....''

''પણ, ઈ તો પાઘડીય નહિ પડાવી લ્યે? રાતા મધરાસીઆની પાઘડી કાંઈ કાઠી એમ મૂકી દેશે ?''

''ઠીક ત્યારે, હું મારે કેડ્યે બાંધી લઈશ.''

બકરીને હાંકતાં-હાંકતાં ફરીથી બાઈએ લલકાર કર્યો કે, ''એ...આ ઘીના કૂડલા લઈ જાવ!''

'' કેમ કર્યાં ચીભડાં?'' એમ પૂછતો, જવાબની રાહ પણ જોયા વગર એક જુવાન નીચે બેસીને કહે છે કે, ''અધમણ જોખો''.

''સુમનલાલ!'' પેલા ખેસધારી વેપારી સામેની એક ખોજાની દુકાને ઊભા હતા, તેણે આ સુમનલાલને હાથની ઈશારત કરીને બોલાવી લીધા ને કહ્યું, ''ઉતાવળ કરો મા. એ છે પરગામનાં. આજ સાંજ પડશે એટલે મફત આપી દઈને પણ ભાગશે, એવાં થાકેલાં છે. તમે થોડી વાર થોભી જાવ. આનાનાં ત્રણ શેર લેખે આખોય 'લોટ' આપણે ઉપાડીને પછી વહેંચી લેશું.''

જમન-ઝમકુએ સમજી લીધું : ''આપણું ઘરાક ટાળ્યું ઓલ્યે શેઠીએ.''

''મને તો કાંઈનું કાંઈ થઈ જાય છે મનમાં '' જમનના ધમધમતા મગજમાંથી જાણે દસ કલ્પનાના માનવી અક્કેક ડાંગ લઈને દોડે છે અને એ વેપારીના ઉપર તૂટી પડે છે.

સુમનલાલ શરમે-શરમે થોડી વાર ઊભા થઈ રહ્યા. એના સલાહકાર ખેસધારી ભાઈ જમન-ઝમકુ સામે જોઈ હસવા લાગ્યા પણ સુમનલાલની અધીરાઈ દેખાવા લાગી. વારંવાર એની નજર પોતાની કાંડા-ઘડિયાળના કાંટા ઉપર પડવા માંડી. ખેસધારી ભાઈએ એને પાંચ-દસ મિનિટ કઢાવી નાખવાના હેતુથી પૂછવા માંડ્યું : ''કૉલેજમાં પાછા ક્યારે જવાના છો? કેટલામો નંબર રાખો છો? હવે 'એલ.એલ.બી. થવાને કેટલાં વરસ બાકી? વિલાયત જશો ને? -- કે ગાંધી મા'તમ્યામાં ભળશો?''

''જે થાય તે ખરું,'' એવા ટૂંકા અવાજથી પતાવીને સુમનલાલ પાછો એ જમન-ઝમકુ તરફ વળ્યો. ખેસધારીએ કહ્યું :

''કાં! ઘડીક સાટુ શીદ બગાડો છો બાજી?''

''મારે મોડું થાય છે.''

''વોય ભણેલો! આ વિદ્યા શું લીલું કરવાની હતી?''

સુમનલાલે જઈને કહ્યું : ''લ્યો, જોખો અધમણ : હું મજૂર બોલાવું.''

જમન દરેક પાંચ શેરની ધારણમાં અક્કેક શેર નમતું તોળવા લાગ્યો.

ખેસધારી ભાઈ આવીને ઊભા રહ્યા : ''આ બધું તો એકનું એક થયું ને, માળા ગાંડા!''

''કેમ?''

''આટલી નમતી ધારણે તો એ જ હિસાબ થઈ રહે છે : મેં આનાનાં ત્રણ શેર તો માગ્યાં'તા.''

''અમે તો, બાપા રકઝકના કાયર. ચાર દિ'થી સૂકા રોટલા ચાવતાં હોઈએ, ઇ કાંઈ અમનેય થોડું ગમે છે? પેટમાં પાણાની જેમ ખૂંચે છે, ભાઈ!''

ઝમકુ બોલતી ગઈ. જમન જોખતો ગયો. પાંચેક ચીભડાં વધ્યાં. જુવાને કહ્યું : ''જોખો એક વધુ ધારણ.''

''ના, ઝમકુએ કહ્યું : ''ઈમ ને ઈમ નાખી દ્યો. ધારણ નથી કરવી. ભલે ભાઈ લઈ જાતા. તમારાં પેટ ઠરે, બાપા!''

જુવાન સુમનલાલને આ જમન-ઝમકુમાં રસ પડ્યો. વર્ડ્ઝવર્થનાં ઊર્મિ-ગીતોમાં કદી આવો રસ નહોતો ઊપજ્યો. એણે કૌતુકથી પૂછવા માંડ્યું : ''ક્યાંનાં છો? ક્યા વાડા કરો છો? કેટલા મહિનાની મહેનત? શી-શી મુસીબતો? કેટલું રળો? ક્યારે પરણ્યાં છો? કેટલી ઉમ્મર છે બેઉની? આ બાળકને કેમ ધવરાવ્યા જ કરો છો? ટાઢા રોટલા કેમ ખાઓ છો? -આંહીં કોઈ ન્યાતીલાઓનાં ખોરડાં નથી?''

દરેક જવાબમાં સુમનલાલે સંધ્યાના રંગો જેટલી જ નિખાલસ સલૂકાઈ દીઠી. વચ્ચે-વચ્ચે વર-વહુના મતભેદનું મીઠું, મર્માળું ટીખળ પણ માણ્યું. પણ આ વર-વહુએ એ વાતો દરમિયાન પોતાનો સંકેલો ચાલુ જ રાખ્યો હતો. પછેડી ખંખેરીને એ બંને પોતાની ભાડે રાખેલી વખારમાં ગયાં.

સૂરજ દોડાદોડ ચાલ્યો છે : ક્યાં જાય છે આટલો અધીરો બની ક્યાં જાય છે! પોતાને સાસરે કે પિતૃઘેર-તે તો એ જાણે! પણ એની સાથે આ જમન-ઝમકુ પણ સંવાદ કરી રહ્યાં છે. છોકરાને કેડે ઝાલીને ઝમકુ ધણીને એક હાથે બધી લે મેલ્યમાં સાથ દઈ રહી છે. ''આ અલીભાઈની અઢી શેરી દઈ આવો : આ છરી લઈ લ્યો : આ દીવામાંથી ઘાસલેટ ઢોળીને લઈ લ્યો : આ લ્યો આ કાગળમાં વીંટી લ્યો : આ તાળું વખારના માલેકને આપી આવો : લ્યો, આપણાં લૂગડાંલત્તાંની ને તોલાં-ત્રાજવાંની ફાંટ બંધાવું : સૂંડલો મારે માથે મેલો : અરે, ભાન-ભૂલ્યા, ઈંઢોણી તો પે'લી મૂકો!''

દરેક આદેશનું મૂંગું પાલન કરતો ધણી દોડાદોડ કરતો હતો.

સુમનલાલ પણ વખારે આવીને તાલ જુએ છ ; ને બાઈને કહે છે :

''તમારું કહ્યું બરાબર ઉઠાવે છે, હો!''

''ઉઠાવે નહિ, ભાઈ ? ઊના-ઊના રોટલા જમવા છે. આજ મારી માના હાથના : ખરું ને, એલા?''

જમનના વ્યસનહીન રાતા હોઠ મરકતા હતા.

''પાછા આ વખતે તો અમારે સરમાણિયાને મેળે જવું છે : કાં ને, એલા ?''

જુવાનની આંખોમાં આ બધી વાતોની 'સેંકશન' થકી આનંદના દીવા રમવા લાગ્યા.

પેલા ખેસધારી ભાઈ ક્યાંઈક આંટો દઈને પાછા આવ્યા :

''કાં, સુમનલાલ! શાક ક્યાં?''

''ક્યારનું ઘેર પહોંચડાવી દીધું, મજૂર ભેળું.''

''ઠીક; મજૂરને પણ ઘરનું બે ટંકનું શાક નીકળશે! ને તમે તો બહુ રોકાણા! કાંડા ઘડિયાળના કાંટા ખોટકી ગયા કે શું?''

એ મર્મમાં હૃદયની તમામ દુર્ગંધ હતી.

સુમનલાલે કહ્યું : ''હું તો જોઈ રહ્યો છું, કે આ લોકોનું કેવું સાચું સહિયારું જીવન છે!''

''કૉલેજમાં આવું નહિ શિખવાડાતું હોય, ખરું? વાણિયાના દીકરાઓની નિશાળ શાકપીઠમાં ખોલાવવા જેવું છે : કેમ, નહિ?''

''હા, સટ્ટાબજારમાં તો નહિ જ...''

''બરાબર છે : ત્યાં બાઈઓ ન મળે ખરી ને!''

''એટલે જ આપણે પાંગળા છીએ ને? બાઈઓ રસોડે આપણા મહેમાનો સારુ ઊની-ઊની રોટલી જ ઉતાર્યા કરે છે!''

દરમિયાન જમન-ઝમકુ પરવારી રહ્યાં. વહુએ માથા પર ગાંસડીવાળો સૂંડો ચડાવી લીધો. ધણીએ છોકરાને ખભે ચડાવ્યો. છોકરો બાપના માથે માથું ઢાળીને ત્યાં ને ત્યાં જ ઊંઘી ગયો.

''લ્યો, બાપા, રામરામ! તમારે પરતાપે વે'લા વે'લા અમે ઊના રોટલા ભેગાં થઈ જાશું.''

''પ્રતાપ તમારી મહેનતનો, બહેન!''

ઉજળિયાત જુવાનના મોંમાંથી 'બહેન' શબ્દ સંબોધાતાં ઝમકુને એક નવી દુનિયાનાં દ્વાર ઊઘડી પડ્યાં લાગ્યાં.

''હું રાજપર આવીશ ત્યારે તમારા વાસમાં ચોક્કસ આવીશ.''

''જરૂર-જરૂર આવજો, ભાઈ : આ ગગાના સમ છે તમને.''

કેસૂડાંની વનરાઈ સંકેલીને જ્યારે સંધ્યા ચંપા-ધારની પાછળ ઊતરી ગઈ હતી અને આઠમનો ચાંદો વાદળીઓમાં રમતી કન્યાઓને દૂધિયા રંગની ઓઢણીઓ દેતો હતો, ત્યારે ત્રણ ઠેકાણે ત્રણ તરેહની વાતો ચાલી રહી હતી :

-પેલા ખેસધારી શેઠિયા પોતાની બહેનને ઘેર આવેલી જાનનાં માણસોને સુમનલાલનો દાખલો આપી કૉલેજમાં ભણનારાંની વ્યવહાર-કુશળતાની મશ્કરી માંડતા હતા : 'વાણિયા વિના રાવણનું રાજ ગયું તે આ રીતે, બાપા!' એ જૂની કહેવતને એમણે લાખ રૂપિયાની કહી જણાવી.

- ઘેરે પોતાની બહેનનાં લગ્ન હતાં, તેની ધમાલમાંથી છાની-માની પોતાની જુવાન પત્ની સવિતાને મેડી ઉપર બોલાવીને સુમન અમરાપરાનો કેડો બતાવતો હતો : ''સવિતા! એ કેડે બે વર-વહુ ચાલ્યાં જાય છે, એનું તે સાચું સહજીવન. મરતાં-મરતાં પણ એ જીવતરનાં તોફાનો સાથે રહી વીંઝે છે. આપણું સહજીવન કેવળ સિનેમામાં, ફોટોગ્રાફમાં અને રાતના પાંચ-છ કલાકમાં. હું વકીલ થઈશ; ને તું કુટુંબમાં રોવા-કૂટવાનું કરીશ, મારું ભઠિયારખાનું કરીશ : મારો, ક્લાર્ક પણ નહિ બની શકે. ઘૃણા છૂટે છે આ सहनाववतु सह नौ भुनक्तु सहवीर्यं करवावहै । ના એકવીસ ક્રોડ વાર જૂઠા બોલાયેલા મંત્ર પર. એ મંત્રનાં આચરનારાં તો ઓ જાય અમરાપરાના કેડા ઉપર......''

''માતાના સમ!'' અમરાપરને કેડે પુરુષ ખભે છોકરું સુવાડીને સ્ત્રીના હાથમાં હાથ પરોવી કહેતો હતો : ''આજ તો મને ખાઈ ગઈ'તી. પાંચ વરસથી વાડા વાવતાં આજે ગળોગળ આવી ગયો'તો. એમાં ઓલ્યા સપાઈએ, ઉપર ચીર્ય માગનારી બાઈએ ને શેઠિયાએ તો મારી ખોપરી ફાટ-ફાટ કરી મેલી.''

''અરે ભૂંડા, ખોપરીને તો ટાઢી રાખીએ.''

''ના, ના; આમ લોહીનાં પાણી કર્યેય જો રોટલો ન પામતો હોય, તો પછી.... મેરકાની ટોળીમાં ભળવું શું ખોટું!''

''રોયા! ચોરી....'' બાઈએ વરને ચીંટીઓ ભર્યો.

'' માતાના સમ : કદીક છે ને બે મહિનાની જેલ મળે, એટલું જ ને !''

''બસ, એ તારે મન કાંઈ નહિ?'' બાઈએ પ્રેમના તુંકારા માંડ્યા.

''ના, રોટલા તો ત્યાંયે મળે છે : ઊલટાનાં બે ટાણાં બબ્બે રોટલા, દાળ અને શાક પેટ- પૂરતાં આપે છે.''

''પણ ત્યાં તુંને બે વાનાં નહિ મળે; તારાં આંસુડાં નહિ સુકાય.''

''શું નહિ મળે ?''

'' એક આ તારી ઝમકુ, ને બીજો આ દીકરો ઝીણીયો.''

''એટલેથી કરીને જ આ વાડા પાઈને પ્રાણ નિચોવું છું ને! બાકી, આ દુનિયા-આ શેઠ-શાહુકાર ને આ સપારડા તો હવે મને ચોર જ બનાવી રહેલ છે.''

''કેમ આમ હારી જા છ?'' ઝમકુએ ચાંદાના ઉજાસમાં ધણીની આંખો ભીની થતી ભાળી. એના સાદમાં પણ ખરેડી પડી હતી. એણે ધણીને શરીરે હાથ વીંટીને હૈયા સાથે ચાંપ્યો : ''હે બહાદુર! મરદ થઈને આવા માઠા વચાર! ઠાકર''

''ઠાકરની વાત હવે નથી ગમતી. 'કીડીને કણ અને હાથીને હારો' દેનારો મરી ગયો લાગે છે.''

''ગાંડા! સંજ્યા-ટાણે ઠાકરનું હીણું ન બોલીએ તારે ખંભે તો જો : ઝીણીઓ ઝંપીને સૂતેલો છે.''

''પણ ત્યારે આ તું ને હું- બેય તૂટી મૂવાં, તોય તાજો રોટલો કેમ ન મળે? આ મલક બધો બંગલા-મેડીયુંમાં મા'લે છે., ગંઠાહાર ને હીરા પે'રે છે; તારા-મારા જેવા દસ નભે એટલી તો એની એઠ્ય રોજ ગટરુંમાં પડે છે; ફોનુંગ્રામ અન ધૂડપાપ વગર એના દા'ડા ખૂટતા નથી ત્યારે આપણને તો પૂરી ઊંઘેય નહિ! આ તે શુ?''

''તને વિચારવાયુ ઊપડ્યો.''

''મારું મન મૂંઝાય છે. મેરકાની ટોળી મહિને-પંદરદા'ડે કેટલું પાડે છે-જાણ છ?''

''તું ઝમકુનો દા'ડો ખા - જો હવે વધુ બોલ્ય તો. જો, અમરાપરાનો સીમાડો આવી ગયો.'' ઝમકુએ વરના ગાલ ઉપર ટાઢા હાથ દીધા.

સમાજનો સેવક આ જમન, એ આઠમની રાતને પહોરે, સમાજની શત્રુતાના ઊઘડું-ઊઘડું થતા દ્વારા ઉપર છેક ઉંબર સુધી પહોંચી ગયો હતો. ઝમકુનાં જનેતા સમાં ફોસલામણાંએ એને ત્યાંથી પાછો વાળી લીધો.

શિયાળવાંની લાળી સંભળાતી હતી. ચાંદનીમાં પણ એકાંત અકારી હતી. પોતાના પગ-ધબકાર પણ કોઈક પાછળ પડ્યું હોય તેવી ભ્રાંતિ કરાવતા હતા. એ બીક ઉરાડવા માટે બાઈ બોલી :

''કોઈ કાઠીબાઠી ન નીકળ્યો. દેન કોની છે આવવાની! માતાજીને નાળિયેર માન્યું છે મેં તો.''

ત્યાં તો ગામ-પાદરનાં કૂતરાં બોલ્યાં.

## શબ્દાર્થ

**મતીરાં** ચીભડાં **કાછિયો** શાકભાજી વેચવાવાળો **ટાંપ** નજર **વરા** પ્રસંગો **મધરાસિયું** મદ્રાસનું કાપડનું માથાબંધન

## રૂઢિપ્રયોગ

**ગળોગળ આવી જવું** ધરાઈ જવું (અહીં) કંટાળી જવું **પ્રાણ નિચોવવા** ખૂબ પરિશ્રમ કરવો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) લેખક ઝમકુ અને જમનના સંદર્ભે કોને સાચો યજ્ઞ કહે છે ?

(2) વેપારી બાપ, એના દિકરાને ક્યું શાસ્ત્ર ભણાવે છે ?

(3) એક ચીર લેતી શેઠાણીને જોઇને ઝમકુને શું સાંભરી આવ્યું ?

(4) સુમનલાલે ઝમકુના જવાબમાં શું જોયું ?

(5) ઝમકુએ માતાજીને શા માટે નાળિયેર માન્યું હતું ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) માતાજીએ સે' પૂરી છે એવું ઝમકુને ક્યારે લાગ્યું ?

(2) રૂના સટ્ટા રમનાર વેપારીએ ઝમકુને ભોંઠી પાડતાં શું કહ્યું ?

(3) જમનને દાઝે ભરાયેલો જોઇને ઝમકુએ શું કહ્યું ?

(4) સુમનલાલે ખેસધારી વેપારીએ શા માટે થોભી જવા કહ્યું ?

(5) સુમનલાલને જમન-ઝમકુ વિશે તેમની પત્ની આગળ શી પ્રશંસા કરી ?

**3. માગ્યા પ્રમાણે કરો :**

(1) ઝમકુ અને જમનનો દામ્પત્ય પ્રેમ. – પાઠને આધારે સમજાવો.

(2) શ્રીમંત લોકોની શોષણવૃત્તિ અને સંવેદનહિનતા – તમારા શબ્દોમાં વર્ણવો.

(3) 'બૂરાઇના દ્વાર પરથી' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમને પરિચય હોય તેવા બે અલગ મિજાજ ધરાવતા માણસોનો પરિચય લખો.
- આ વાર્તાના સંવાદો પાકા કરી વર્ગખંડમાં તેનું 'વાચિકમ્' કરો.

## ભાષા-અભિવ્યક્તિ

લેખકની ભાષા-અભિવ્યક્તિ જ આ વાર્તાનું ચાલકબળ બને છે. તળપદ શબ્દાવલિ, ધારદાર કથન, ટૂંકા સંવાદો, આછી ઘટના સાથે વાર્તા ગતિ કરે છે. પતિ-પત્નીના સંવાદોમાં લાઘવ છે.

''પણ હવે રોટલા કાં'ક સુકાણા, હો! ભેળું કાંઈ શાક-અથાણું ન મળે ખરુંને, એટલે પાણીને ઘૂંટડે-ઘૂંટડે....''

અહીં અવતરણમાં મુકાયેલા અધૂરા સંવાદમાં પતિ-પત્નીના લૂખા-સૂખા ભોજનની વાત સરસ રીતે મુકાઈ છે. સમગ્ર વાર્તાના કથાવસ્તુને સુંદર ઓપ આપે છે : તળપદી, સરળ છતાં સચોટ બોલી અને ઝમકુ તેમજ જમનનાં ખમીર ભર્યાં, ગરીબાઈથી રસકસ થયેલાં દામ્પત્યજીવનનાં શબ્દચિત્રો, સમગ્ર વાર્તાના કથાવસ્તુમાં ગૂંથાયેલા દંપતીના જીવનને ચરિતાર્થ કરતું શબ્દચિત્ર જુઓ, માણો અને શબ્દશક્તિને પ્રમાણો :

''સંસાર જો તપોવન હોય અને પરસેવો ટપકાવીને પેટ-ગુજારો કરવો એ જ **સાચો યજ્ઞ** હોય, તો તો આ બેઉ જણાં સાચો યજ્ઞ કરી રહ્યાં હતાં. બેઉ **ઉપવાસી** હતાં, ધૂપમાં બેઠાં હતાં, **એક આસને બેઠાં હતાં; ધૂળના** વંટોળા ગરીબીના **હવનના ધુમાડા** શા ઊડતા હતા અને બેઉના મોં ઉપર આનંદનો ઉજાસ હતો.''

ઘાટાં પદોના અર્થનાં અનેક ભાવવમળો તમારા મનને-હૃદયને-આનંદના ઉજાસમાં લઈ જશે!

## શિક્ષક પ્રવૃત્તિ

તમે આ વાર્તાનું નાટ્યરૂપાંતર કરી વિદ્યાર્થી પાસે ભજવાવો.

તમારા ગામમાં વસતા આવા કોઈ મજૂરોની મુલાકાત લેવાનો 'પ્રોજેક્ટ' વિદ્યાર્થીને સોંપો.

●

# વ્યાકરણ અને લેખન

## એકમ-2 : શબ્દભંડોળ

માનવસમાજને અરસપરસ વ્યવહાર કરવા માટે મળેલી કુદરતની બક્ષિસ ભાષા છે. ભાષા જ ન હોય તો?--આ વિચાર જ આપણને વિચારતા કરી દે છે. વ્યક્તિ પોતાનાં લાગણી, સંવેદના અને વ્યવહાર ભાષાના માધ્યમથી જ સમયસર અને સ્પષ્ટ રીતે કરી શકે છે. કોઈ વાત-વિચારનું અર્થગ્રહણ કરવા-થવા માટેનો નાનો એકમ વાક્ય ગણાય પણ વાક્ય એ શબ્દોનો સમુચ્ચય (સમૂહ) છે. આ શબ્દોની યોગ્ય અને આદર્શ ગોઠવણીથી જ ભાષા અને અર્થની સુંદરતા વધે છે.

1. અષાઢ મહિનાની વરસાદી રાતે દરિયાએ મર્યાદા ઓળંગી.

2. અષાઢની મેઘલી રાતે મહેરામણે માઝા મૂકી.

આ બંને વાક્યોમાં એક જ વાત કહેવાઈ છે પણ બીજું વાક્ય આપણને વધારે ગમે છે. મેઘલી, મહેરામણ, માઝા વગેરે શબ્દોની પસંદગીથી વાક્યની શોભા વધી છે એટલે કે વાક્યને એ શબ્દો આકર્ષક અને અસરકારક બનાવે છે એમ કહી શકાય.

દરેક ભાષાને પોતાનું શબ્દભંડોળ હોય છે. આપણી ભાષામાં પણ શબ્દોનો અખૂટ ભંડાર છે, એમાં વળી સમયાંતરે નવા-નવા શબ્દો ઉમેરાયા કરે છે. આધુનિક ટૅક્નોલૉજીને કારણે આજે કેટલાય શબ્દો પરભાષામાંથી આપણી ગુજરાતી ભાષામાં ભળી ગયા છે ઓગળી ગયા છે.

ટૂંકમાં, ભાષાનું અર્થસભર અંગ, શબ્દો, છે. શબ્દની પસંદગી અને યોગ્ય ગોઠવણીથી જ વાક્ય સુંદર લાગે છે અને વાક્ય દ્વારા જ સમગ્ર લખાણ અસરકારક બને છે. આપણે શબ્દોની નોંધપાત્ર વિશેષતાઓ વિશે થોડું જાણીએ :

■ **અનેકાર્થી શબ્દો : શબ્દ એક - અર્થ અનેક**

ફક્ત મૂળાક્ષરો-અક્ષરો-ને બાજુબાજુમાં ગોઠવી દેવાથી શબ્દ બનતો નથી. જેમાંથી અર્થ નીકળી શકે તેને 'શબ્દ' કહેવાય. 'કી', 'ર', 'ફી'-આ ત્રણ અક્ષરોને બાજુબાજુમાં મૂકીએ તો 'કીરફી' થાય પણ ગુજરાતી ભાષામાં એનો કંઈ અર્થ છે? નથી. તો ગુજરાતી ભાષામાં આપણે તેને 'શબ્દ' કહીશું નહીં. હા, બીજી કોઈ ભાષામાં એનો અર્થ જો હોય, તો 'કીરફી' એ ભાષાનો શબ્દ કહેવાય પણ આ ત્રણ અક્ષરોની મદદથી 'ફીરકી' એવો શબ્દ બનાવીએ તો તે આપણી ભાષાનો શબ્દ કહેવાય. ટૂંકમાં, કોઈ પણ ભાષામાં અક્ષરોને ગોઠવવાથી જો તેનો અર્થ નીકળે તો જ તે 'શબ્દ' કહેવાય.

દરેક શબ્દ ઓછામાં ઓછો એક અર્થ તો ધરાવતો હોય છે જ પણ કેટલાક શબ્દો એકથી વધારે અર્થો પણ ધરાવે છે.

આ વાક્યો વાંચો :

(1) એક કહે : <u>હદ</u> થાય હવે, નહીં ભાંડુ વિજોગ ખમાતો. ('મારા ફળીનાં ઝાડવાં બે')

(2) તુલસી-<u>દલ</u>થી તોલ કરો તો બને પવન-પરપોટો. ('ભજન કરે તે જીતે')

(3) સડકની એક બાજુ ઝાડોની <u>હાર</u> હતી.(પોસ્ટઑફિસ)

ઉપરના રેખાંકિત શબ્દોને તપાસો. 'હદ' એટલે 'સીમા', 'મર્યાદા', 'અંત'- એવા એના અર્થો થાય પણ પ્રથમ વાક્યમાં આ ત્રણેયમાંથી એકેય અર્થ બંધબેસતો થતો નથી એટલે 'હદ થાય' એ શબ્દસમૂહ દ્વારા રૂઢ થયેલો 'સહન થતું નથી'-એવો અર્થ આપણે લેવો પડે છે. બીજા વાક્યમાં 'દલ' એટલે 'સમૂહ', 'પાંદડું' એવા અર્થો થાય પણ અહીં 'પાંદડું' અર્થ બંધ બેસે છે. ત્રીજા વાક્યમાં રહેલા 'હાર' શબ્દના 'પરાજય', 'હારમાળા', 'ફૂલની મોટી માળા', 'ગળામાં પહેરવાનું ઘરેણું'- એવા અર્થો થાય પણ અહીં હારમાળા એવો અર્થ યોગ્ય છે.

આ પ્રમાણે દરેક વાક્યમાં રહેલા શબ્દોના અર્થ કરતી વખતે તેનો બીજા શબ્દો સાથેનો અને સમગ્ર વાક્ય સાથેનો સંદર્ભ પામીને સમજવો જોઈએ. એ સંદર્ભ અનુસાર વાક્યનો અર્થ પામવો-માણવો જોઈએ. લખતી કે બોલતી વખતે આપણે પણ આ વિચારપૂર્વક શબ્દો વાપરવા જોઈએ. ઘણી વખત અયોગ્ય શબ્દને કારણે વાક્યનો વિપરીત અર્થ પણ થઈ જતો હોય છે.

દા.ત., 'તે બહુ સારું બોલે છે' આ વાક્યમાં 'સારું'ની જગ્યાએ 'વધારે' શબ્દ પ્રયોજીએ તો- 'તે બહુ વધારે બોલે છે' નો

અર્થ 'ડહાપણ વધારે કરે છે' એવો થાય. આપણો અર્થ એમ કહેવાનો ન હોય, પણ ઉતાવળથી એકને બદલે બીજો શબ્દ વાપરવાથી બીજાને દુઃખ થાય એવું બનવા પામે છે એટલે તો આપણી ભાષામાં કહેવાયું છે,

''પડે ચડે જીભ વડે જ પ્રાણી, વિચારીને યાર ઉચ્ચાર વાણી! ''

**■ વર્ણસામ્ય ધરાવતા શબ્દો :**

લખાણમાં ઘણી વખત જે-તે વર્ણનાં યોગ્ય શૈલી-મરોડ નહીં થવાને કારણે તે ખોટી રીતે છપાઈ જાય છે અને પછી તેની પરંપરા ઊભી થાય છે, પરિણામે ખોટો ઉચ્ચાર સર્વત્ર વ્યાપી જાય છે. સમયાંતરે તે ખોટો ઉચ્ચાર અને લખાણ જ સાચાં માની લેવાય છે.

સ અને શ

'સાર' (સારાંશ, મદદ, લાભ)ને બદલે 'શાર' (કાણું, છિદ્ર) ઉચ્ચાર થાય છે. 'નુકસાન'ની જગ્યાએ નુકશાન લખાય છે અને ખોટો ઉચ્ચાર થાય છે. 'સરતચૂક' (ભૂલચૂક) ને બદલે 'શરતચૂક' એવો ખોટો ઉચ્ચાર અને ખોટું લખાય છે. 'શરત' એટલે 'બોલી', 'કરાર', 'શરતભંગ' શબ્દ છે, પણ 'શરતચૂક' એમ ન લખાય.

દા. ત; મારી સરતચૂકથી તેને ત્યાં લગ્નમાં જવાનું રહી ગયું. (અહીં 'શરતચૂક' ન લખાય.)

ધ અને ઘ

'મેધા' એટલે બુદ્ધિ; 'મેઘા' એટલે મેઘ (વરસાદ). પણ મોટે ભાગે 'મેધાવી'ના બદલે 'મેઘાવી બાળકો' એવું અશુદ્ધ રૂપ વપરાય છે. અશ્વમેધ (અશ્વનો વધ), યજ્ઞને બદલે 'અશ્વમેઘ' એમ શબ્દનો ખોટો વપરાશ થાય છે.

ઘૃણા(તિરસ્કાર)ને બદલે 'ધૃણા' (કશો અર્થ નથી) અને ઘૃત(ઘી)ની જગ્યાએ ધૃત (પકડી રાખેલું) વપરાશમાં ખોટી રીતે ઉચ્ચારાય-લખાય છે.

એવાં થોડાંક ઉદાહરણો જોઈએ :

| **અશુદ્ધ** | **શુદ્ધ** | **અશુદ્ધ** | **શુદ્ધ** | **અશુદ્ધ** | **શુદ્ધ** |
|---|---|---|---|---|---|
| જલ્દી | જલદી | પરાકાષ્ટા | પરાકાષ્ઠા | પત્થર | પથ્થર |
| રેલ્વે | રેલવે | જાગ્રતિ | જાગૃતિ | શ્રેષ્ટ | શ્રેષ્ઠ |
| મિલ્કત | મિલકત | ગણત્રી | ગણતરી | વ્યાજબી | વાજબી |
| આર્યુવેદ | આયુર્વેદ | પૃથ્થકરણ | પૃથક્કરણ | ડાભૂં | ડાબું |
| ઉતારૂ | ઉતારુ | મનોરમ્ય | મનોરમ | તૃતિય | તૃતીય |
| ઉપીયોગી | ઉપયોગી | પ્રસંશા | પ્રશંસા | નિરસ | નીરસ |
| કિલ્લોલ | કલ્લોલ | રુબરુ | રૂબરૂ | નિરાભિમાની | નિરભિમાની |
| ઓગષ્ટ | ઑગસ્ટ | શિરિષ | શિરીષ | નીતિવાન | નીતિમાન |
| ઓકટોમ્બર | ઑકટોબર | ટૂકડો | ટુકડો | શિર્ષક | શીર્ષક |
| ગૃપ | ગ્રુપ | જીલ્લો | જિલ્લો | સહસ્ત્ર | સહસ્ર |
| ઘેરહાજર | ગેરહાજર | ચુંટણી | ચૂંટણી | સુશ્રૂષા | શુશ્રૂષા |

એવી જ રીતે જોડાક્ષરોની શાસ્ત્રીય રીતનો ખ્યાલ ન હોવાને કારણે જોડાક્ષરો ખોટી રીતે લખાય છે અને પછી ખોટી રીતે જ તે ઉચ્ચારાય છે. ગુજરાતી લિપિના તમામ જોડાક્ષરોનો અભ્યાસ કરવાથી શુદ્ધ રીતે શબ્દો લખવાની ક્ષમતા કેળવાય છે અને પરિણામે શુદ્ધ ઉચ્ચારણ પણ સમજપૂર્વક કરી શકાય છે. તમારે આવા જોડાક્ષરો વિશે શિક્ષકની મદદથી જાણવું ખૂબ જ જરૂરી ગણાય. અહીં થોડાંક ઉદાહરણ જોઈએ.

| | |
|---|---|
| સ્ + ર = સ્ર | સ્રો, સ્રાવ (વહેવું). હિંસ્ર (હિંસક), સ્રગ્ધરા (એક છંદ) |
| સ્ + ત્ +ર = સ્ત્ર | સ્ત્રી, શસ્ત્ર, વસ્ત્ર, અસ્ત્ર, મિસ્ત્રી, |
| દ્ + ધ = દ્ધ | યુદ્ધ, પદ્ધતિ, વૃદ્ધ, શુદ્ધ, સિદ્ધિ, રિદ્ધિ, સમૃદ્ધિ, શ્રદ્ધા, યોદ્ધો, સિદ્ધાંત, પ્રબુદ્ધ વગેરે |
| ધ્ + ધ = ધ્ધ | અધ્ધર, સધ્ધર, સુધ્ધાં, ઓધ્ધો (હોદ્દો), સિધ્ધાર્થ, ગધ્ધાવૈતરું, જોધ્ધો વગેરે |

ગુજરાતી ભાષામાં ‘એ’ અને ‘ઓ’ ઉચ્ચારણ કરતી વખતે જો બંને હોઠ વચ્ચેનું અંતર વધારે હોય તો તે બંને ઉચ્ચારણો વિવૃત ગણાય છે. તેને અવળી માત્રા ( ॅ)વડે દર્શાવાય છે. (તે રેફ નથી) અને જો બંને હોઠ વચ્ચેનું અંતર ખાસ વધુ ન હોય તો તે સંવૃત ઉચ્ચારણ કહેવાય છે. તે સવળી માત્રા ( ે ) વડે દર્શાવાય છે. આ બંને ઉચ્ચારણોમાં ભેદ હોવાથી બંનેના અર્થો પણ જુદા થાય છે.

| **સંવૃત** | **વિવૃત** |
|---|---|
| મોર (એક પક્ષી) | મૉર (આંબાનો કોર) |
| ગોળ (ગોલક) | ગૉળ (ખાવાનો પદાર્થ) |
| ચોરી (તસ્કરી) | ચૉરી (લગ્નવેદી) |
| શોક (દુઃખ) | શૉક (આંચકો) |
| બોડી (ઉઘાડી, વિધવા) | બૉડી (શરીર) |

આ પ્રમાણે અનુસ્વાર લખવામાં પણ પૂરી ગંભીરતા નહીં લેવાથી ઘણી વખત ખોટી જગ્યાએ મુકાઈ જાય છે, પરિણામે ખોટું ઉચ્ચારણ થાય છે અને પછી વ્યવહારમાં ખોટા ઉચ્ચારનો વ્યાપ વધતો જાય છે, જુઓ :

‘આતંકવાદી’ એટલે આતંક (ભય) ફેલાવનાર, તેની જગ્યાએ ‘આંતકવાદી’ એવું ખોટું લખાય-બોલાય છે.

પ્રિયંવદા એટલે મીઠું બોલનારી, એની જગ્યાએ ‘પ્રિયવંદા’ થઈ જાય છે. શકુંતલાની જગ્યાએ શંકુતલા, સારુ (માટે)ની જગ્યાએ સારું (સુંદર) વપરાય છે. આવા ઘણા શબ્દો છે, જેનો યોગ્ય-સાચો ઉચ્ચાર કરી અનુસ્વાર કયા અક્ષર પર મુકાયું છે તેનો ખ્યાલ રાખવાથી ભૂલો નિવારી શકાય છે.

**■ રૂઢિપ્રયોગો :**

કોઈ પણ વાત રજૂ કરનારનો આશય વાતને અસરકારક અને ચોટદાર બનાવવાનો હોય છે. એમ કરવા માટે તે એવા બળકટ શબ્દોનો ઉપયોગ કરવાનો ઈરાદો રાખે છે. વપરાયેલા આવા શબ્દો પછીથી કાયમી, સહુના વપરાશમાં આવી જાય છે. તે રોજબરોજના વ્યવહારમાં વપરાતા થઈ જાય છે. ક્યારેક એવું બને છે કે આવા બે કે તેથી વધુ શબ્દો ભેગા કરીને કોઈ એક વિશેષ અર્થમાં તેને પ્રયોજે છે. આવા શબ્દો કે શબ્દસમૂહો પણ પછીથી વિશિષ્ટ અર્થ સાથે વ્યવહારુ બની જાય છે. તે કોશગત અર્થથી જુદો જ અર્થ ધરાવતા હોય છે, પણ કોશમાન્ય અર્થથી દૂર જઈને તે અમુક અર્થ દર્શાવે છે, પછીથી જનસમૂહ માટે તે ખૂબ જાણીતા થઈ પડે છે. ચલણમાં તે રૂઢ થઈ જાય છે. આવા જાણીતા રૂઢ શબ્દસમૂહો એટલે રૂઢિપ્રયોગો.

બેસી ગયો, બેઠો રહ્યો, બેસી જવું, મનમાં બેસવું વગેરે શબ્દો-શબ્દસમૂહોના અર્થ આપણે જાણીએ છીએ, પણ-

આ દિવસોમાં મંદી હોવાથી તે ‘ઘેર બેસી રહે છે.’ અહીં ઘેર બેસી રહેવું એટલે ‘બેકાર હોવું’ એવો અર્થ સમજાય છે. પેપર અઘરું હતું એટલે ‘પાણીમાં બેસી ગયો’. અહીં બેસી રહેવું એટલે ‘હિંમત હારી જવી’ એવો અર્થ થાય છે. કૌશિકને વાતમાં કંઈ બંધબેસતું લાગ્યુ નહીં, સમજાયું નહીં એવો અર્થ થાય છે.

આ પ્રમાણે વાક્યના સંદર્ભ સાથે આ રૂઢિપ્રયોગો વિશેષ અર્થમાં છે. સમયાંતરે સંદર્ભ વિના પણ તે પોતાનો ધારેલો અર્થ પ્રગટ કરી શકે તેટલા સાર્વત્રિક બની જતા હોય છે. આપણે આવા થોડા રૂઢિપ્રયોગો જોઈએ :

(1) અગિયારા ગણવા - ભાગી જવું

પોલીસની ગાડીની સાયરન વાગતાં જ લૂંટારાઓ અગિયારા ગણી ગયા.

(2) હવનમાં હાડકાં નાખવાં - સારા કામમાં દખલ કરવી

શાળાના બાંધકામમાં કોઈએ હવનમાં હાડકાં શા સારુ૧૨૩ નાખવાં?

(3) ચોખા મૂકવા - નિમંત્રણ આપવું

લક્ષ્મીચંદ એમની દીકરીના લગ્ન નિમિત્તે સાહેબને ત્યાં ચોખા મૂકવા આવેલા.

(4) પેટનું પાણી પણ ન હાલવું - કશી જ અસર ન થવી

વાવાઝોડું આવી રહ્યું છે એવા સમાચાર જાણ્યા પછી પણ કાનદાસના પેટનું પાણી ન હાલ્યું.

(5) મોં ભરવું - લાંચ આપવી

તમારે જો આ કામ કરાવવું હોય તો અમલદારસાહેબનું મોં ભરવું પડશે.

(6) હાથ મારવો - ચોરી કરવી

સહુ તો લગ્નવિધિમાં પડ્યા હતા અને કોણ જાણે ઘરેણાં પર કોઈ હાથ મારી ગયું.

પાઠ્યક્રમમાં વપરાયેલા રૂઢિપ્રયોગો જુઓ.

(1) બા મને પકડવા આવી ત્યારે બંદા તો પોબારા ગણી ગયા. (અમૃતા) બાના નાનપણની એક ઘટના, લેખક બાને વર્ણવે છે અને તેના ભોળપણ પર હસે છે ત્યારે બા મસ્તીથી લેખકને સ્નેહપૂર્વક પકડે છે અને લેખક દૂર નાસી જાય છે. આ વાતને લેખક રેખાંકિત રૂઢિપ્રયોગથી તાદશ કરે છે.

(2) મારા લગ્નની તૈયારીઓના પાશેરાની પહેલી પૂણી હતી. (અમૃતા) અહીં લગ્નની તૈયારીઓની શરૂઆત થઈ ચૂકી હતી એમ સૂચવાયું છે.

(3) (અમુ જતાં) કુટુંબનું જાણે માંગલ્ય મરી ગયું. (અમૃતા) અમુની વિદાયથી કુટુંબ ઉપર અસહ્ય વેદના ફરી વળી એમ સૂચવવા આ પ્રયોગ થયો છે.

આ રીતે તમારા પુસ્તકની કૃતિઓમાં આવો વિશિષ્ટ અને રૂઢ અર્થ ધરાવતા શબ્દસમૂહો અહીં-તહીં રહેલા છે. 'થોડામાં ઘણું' કહી જતા આવા રૂઢિપ્રયોગો એ ભાષાનું સૌંદર્ય છે ભાષાનું અસરકારક શબ્દભંડોળ છે ભાષાની સંપત્તિ છે,

**■ સામાસિક શબ્દો :**

બે કે તેથી વધારે શબ્દોનું પાસ-પાસે આવીને જોડાવું એટલે સમાસ.

આપણે ઘણી વખત બે સ્વરો કે વ્યંજનોની સંધિ કરી-જોડીને, ટૂંકું કરીને બોલીએ છીએ. એ રીતે શબ્દોની વચ્ચે રહેલા પ્રત્યયો, નામયોગીઓ વગેરે દૂર કરીને શબ્દો ભેગા કરવા એટલે સમાસ કર્યો કહેવાય. આ પદો એટલે જ સામાસિક પદો.

સમાસનો પરિચય તમે ધો. ૯ અને ૧૦માં કર્યો છે. તેના વિવિધ પ્રકારો વિશે પણ તમે સમજો છો.

(1) પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે એટલે **રાત અને દિવસ** થાય છે.

(2) **ટપાલ નાખવાની પેટીમાં** તેણે પોસ્ટકાર્ડ નાખ્યું.

(3) **કામને પૂર્ણ કરનારી ધેનુ (ગાય)** સમુદ્રમંથનમાંથી પ્રાપ્ત થઈ.

(4) **જેની ઉપમા ન આપી શકાય તેવું** સૌંદર્ય હિમાલયનું !

(5) **રાત્રિના મધ્યભાગે** ધીમે-ધીમે વાવાઝોડાએ મંડાણ માંડ્યાં.

ઉપરનાં વાક્યોમાં રહેલાં ઘાટાં પદો તપાસો. પ્રથમ વાક્યમાં રાત અને દિવસ એ પદોની જગ્યાએ 'રાત-દિવસ' મૂકીએ એટલે - 'પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે એટલે રાતદિવસ થાય છે' એમ વાક્ય થયું. એ મુજબ ક્રમશઃ રેખાંકિત પદોની જગ્યાએ સામાસિક પદો 'ટપાલપેટી,' 'કામધેનુ,' 'અનુપમ' અને 'મધરાતે' પદો મૂકીને વાક્યો ફરી લખો.

વાક્યમાં સામાસિક શબ્દો પ્રયોજવાથી વાક્ય ટૂંકું, સચોટ બને છે અને એથી અર્થગ્રહણ સરળતાથી થઈ શકે છે.

**■ સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો :**

વાક્યને વધારે ચોટદાર બનાવવા, વાક્યમાં ચમત્કૃતિ લાવવા અને તેને અસરકારક બનાવવા ઘણી વખત જે-તે શબ્દના અર્થની સમાનતા ધરાવતા શબ્દની જરૂર પડે છે. આવો શબ્દ વાક્યના અન્ય શબ્દો સાથે પ્રાસયુક્ત થતો હોવાથી વાક્ય વધારે સુંદર બને છે. જુઓ :

(1) 'હસીને **હરિ** હેઠા બેઠા રામ અશરણશર્ણ.' (નાવિક વળતો બોલિયો) આ પંક્તિમાં હરિની જગ્યાએ 'ઈશ', 'વિભુ', 'રામ' એવા શબ્દો મૂકીને આ પંક્તિ બોલી જુઓ. **હરિ** શબ્દ પસંદ કરતી વખતે કવિએ રામ શબ્દના બધા જ સમાનાર્થીઓ વિચાર્યા પછી જ 'હરિ' શબ્દની પસંદગી કરી હશે. 'હ' અક્ષરનો પ્રાસ-'હસીને હરિ હેઠા બેઠા'માં આબાદ રીતે ઊપસી આવ્યો છે. આ જ છે કવિનું કર્મ.

(2) પળે છે **પંથે** પોતાને શબોની વચમાં થઈ. (પરાજયની જીત) અહીં પંથની જગ્યાએ 'માર્ગ','રસ્તો' વગેરે શબ્દો મૂકી શકાય તોપણ અર્થ એ જ રહે, પણ એનો સમાનાર્થી શબ્દ 'પંથ' મૂકી કવિએ વર્ણાનુપ્રાસ અલંકાર રચ્યો છે અને પંક્તિને લય-તાલબદ્ધ કરી છે.

(3) રાજા આજે અનુભવ કરે અંતરે કો **અપૂર્વ.** (પરાજયની જીત) આ પંક્તિમાં પણ 'અ'નો પ્રાસ મેળવવા કવિએ સમાનાર્થી શબ્દો મેળવવાનો પ્રયત્ન કરવો પડ્યો હશે; પછી જ અનુભવ, અંતર, અપૂર્વ-એવા શબ્દો પસંદ કરી મૂક્યા હશે. પૂર્વે રાજાને જેવો અનુભવ થયો હશે એવો અનુભવ આ નથી જ એટલે વિરોધી શબ્દ 'અપૂર્વ' પસંદ કરીને કેટલાય શબ્દોના બદલે આ 'અપૂર્વ' શબ્દ મૂકી પોતાની વાત રજૂ કરી. આમ, વિરોધી શબ્દો દ્વારા વાક્ય-પંક્તિમાં લાઘવ (ટૂંકાપણું) અને પ્રાસ બંને લાવી શકાયાં છે. દરેક અલંકાર, છંદ અને સમાસ દ્વારા વાક્યને સુંદર બનાવવા માટે શબ્દભંડોળ ખૂબ જ ખપમાં આવે છે.

■ **ઉપસંહાર :**

આપણે જોયું કે વાક્યને સુંદરતા આપવા માટે મહત્ત્વનું પ્રદાન શબ્દોનું છે. વિવિધ પૂર્વ પ્રત્યયો, સમાસ, રૂઢિપ્રયોગો, સમાનાર્થી શબ્દો, વિરોધી શબ્દો-આ બધાની જાણકારી અને મહાવરાથી જ વાક્ય સચોટ, અને અસરકારક બનાવી શકાય છે.

તમે જ્યારે કોઈ પણ વિષયનું વાંચન કરો ત્યારે તમે નવા શબ્દોની નોંધ લેતા જશો તો તમારી લેખનશક્તિ ધીરે ધીરે અવશ્ય સારી બની શકે છે. કોઈ નવો શબ્દ જણાય તો શબ્દકોશનો ઉપયોગ કરીને તેના અર્થ સુધી પહોંચવાનો પ્રયત્ન તમારે કરવો જોઈએ. શબ્દભંડોળ જેનું સારું તેનાં વકતૃત્વ અને લેખન સારાં જ હોય.

**સ્વાધ્યાય**

**1. નીચેનાં વાક્યોમાં ઘાટા શબ્દો એકથી વધુ અર્થ ધરાવે છે, તેના અર્થો જણાવો. અહીં યોગ્ય અર્થ મૂકી વાક્ય ફરીથી લખો :**

(1) અલીડોસા દીકરીના સમાચારની **રાહ** જોતા હતા.
(2) પોસ્ટમાસ્તરે અલીભાઈ તરફ **લક્ષ** ન આપ્યું.
(3) સફાઈ કરવી એ અણદાની **ધૂન** હતી.
(4) સાઈકલવાળાને હરિયાએ પૈસા લેવા માટે **તાણ** કરી.
(5) શહેરના રસ્તાઓ **પાકા** અને મજબૂત હતા.
(6) તમે દૂર જશો **મા**, બાપા હવે આ આવ્યા.

**2. નીચેનાં વાક્યોમાં ઘાટાં પદોના સ્થાને રહેલો શબ્દ ખોટો હોય તો સુધારીને વાક્યો ફરીથી લખો :**

(1) **મેઘાવી** બાળક ભણતર ઝડપથી ગ્રહણ કરી લે છે.
(2) રામના નામે **પત્થરો** તર્યા એવી કહેણી છે.
(3) **શરતચૂક** થઈ એટલે હું આપને ત્યાં ફરીથી આવ્યો.
(4) આ આખીયે વાર્તાનો **શાર** કહેશો?
(5) આ ઓરડો **બાધવા** માટે સરકારે રકમ આપી છે.
(6) ગામને પાદર સળગતી **ચિંતા** જોઈ સૌને **ચિતા** થઈ.
(7) ચૂંટણીમાં પચાસ ટકા જગ્યાઓ બહેનો માટે **અમાનત** રાખી છે.
(8) તે માણસ **હોંશિયાર** છે અને વૈદકશાસ્ત્રના **નિષ્ણાંત** છે.
(9) 'માણસ'થી કદી **આંતકવાદ** ફેલાવી શકાય ખરો?
(10) યુદ્ધમાં **યોધ્ધાઓએ સહસ્ત્ર** માણસોનો **સંહાર** કર્યો.

**3. તમારા પાઠ્યપુસ્તકમાંથી કોઈ પણ દસ રૂઢિપ્રયોગોના અર્થ લખી તેનો મૌલિક (કૃતિ બહારનો સંદર્ભ ધરાવતાં) વાક્યોમાં પ્રયોગ કરો.**

**4. નીચનાં વાક્યોનો અર્થ ફરે નહીં તે રીતે ઘાટા શબ્દોના સ્થાને તેનો વિરોધી શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો :**

(1) **ડાહ્યો** માણસ બધું જ કામ વિચારપૂર્વક કરે છે.
(2) શહેરના રસ્તાઓ **પાકા** અને **સાંકડા** હોય છે.
(3) ઘરનું દ્વાર **બંધ** છે અને નળ **બંધ** નથી.
(4) ઉપકારનો બદલો ઉપકારથી વાળનાર **કૃતજ્ઞ** કહેવાય.
(5) બંધન કોઈને ગમે ખરું? સહુને **સ્વાધીન** થવું છે.
(6) **સુજ્ઞ** માણસ ટૂંકમાં જ બધી વાત સમજી જાય છે.

**5. પાઠ્યપુસ્તકમાંથી વીસ સામાસિક શબ્દોની યાદી બનાવો, એનો યોગ્ય વિગ્રહ કરી તેનો પ્રકાર જાણો.**

•

# 9 ચક્રવાકમિથુન

**મણિશંકર ભટ્ટ 'કાન્ત'**

**(જન્મ : 20-11-1863; અવસાન : 16-06-1923)**

કવિ, નાટ્યકાર શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'નો જન્મ અમરેલી જિલ્લાના ચાવંડ ગામમાં થયો હતો. વિદ્યા અને વ્યવસાયનાં કેટલાંક વર્ષો તેઓ મુંબઈમાં રહેલા. તેમણે શિક્ષક, અધ્યાપક, આચાર્ય અને શિક્ષણાધિકારી તરીકે જુદાં જુદાં સ્થળોએ પોતાની સેવાઓ આપી હતી. 'પૂર્વાલાપ' એમનો એકમાત્ર કાવ્યસંગ્રહ છે. ગુજરાતી કાવ્યસાહિત્યને એમના કાવ્યસંગ્રહ તેમજ તેમાંનાં ખંડકાવ્યોથી વિશેષ સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે. 'ઉપહાર', 'સાગર અને શશી' જેવાં ઉત્તમ સૉનેટ તેમજ ઊર્મિકાવ્ય સાથે તેમણે ઉત્કૃષ્ટ ખંડકાવ્યો, દેશભક્તિનાં કાવ્યો તેમજ સુંદર પ્રાર્થનાઓની ભેટ ધરી છે. એમની સર્જકપ્રતિભા 'ખંડકાવ્યો'માં સોળે કળાએ ખીલેલી જોવા મળે છે. સંઘર્ષને અંતે પણ પ્રેમપ્રાપ્તિ મુશ્કેલ છે, જીવનનિયતિની પ્રબળતાને પરિણામે પ્રાપ્ત થતી કરુણા એમની કવિતાને ચિરકાલીન બનાવે છે.

ચક્રવાકમિથુનને કવિએ મનુષ્યપ્રેમની મૂર્તિરૂપ કલ્પ્યું છે. અહીં પક્ષીયુગલનો અનિવાર્ય વિયોગ એ મનુષ્યચિત્ત અને સૃષ્ટિક્રમ વચ્ચેના વિરોધાભાસને પ્રગટ કરે છે. દિવસ દરમિયાન પક્ષીયુગલ સુખની ક્ષણો માણી શકે છે, પરંતુ સૂર્યાસ્તની સાથે જ બંનેને વિખૂટાં પડી જવું પડે છે, એ જ એમની નિયતિ છે.

પરસ્પર વિયોગે ઝૂરતા આ યુગલના પ્રણયની તૃપ્તિ થવી શક્ય નથી, માટે ચક્રવાકી ચક્રવાકને કહે છે, 'ચાલો, આપણે એવા સ્થળે ચાલ્યાં જઈએ જ્યાં સૂર્યનો પ્રકાશ લાંબા સમય સુધી રહેતો હોય', ત્યારે ચક્રવાક ચક્રવાકીને કહે છે, 'હે પ્રિય સખી! જ્યાં દિવસો લાંબા હોય ત્યાં રાત્રીઓ પણ લાંબી જ હોવાની, માટે પ્રણયસુખની આશા જ ઠગારી છે' અને અંતે સૂર્યને ઝંખતું આ યુગલ આકાશમાં ઊંચે ને ઊંચે ઊડે છે. આખરે પંખીયુગલ સૂર્યાસ્ત થતાં અંધકારભરી ખીણમાં ઝંપલાવે છે, ત્યાં એમને દિવ્ય પ્રકાશનાં દર્શન થાય છે.

આ દિવ્ય પ્રકાશનું દર્શન કવિની સ્વિડનબોર્ગી ધર્મશ્રદ્ધાના પરિણામરૂપ છે, તેમની ઈશ્વરસંબંધી બદલાયેલી માન્યતાનું એ પરિણામ છે. તેમની ઈશ્વરસંબંધી ધર્મશ્રદ્ધા બદલાઈ નહોતી ત્યારે ખંડકાવ્યની અંતિમ પંક્તિ હતી : 'કયહીં **ચેતન** એક દીસે નહીં!'- ધર્મશ્રદ્ધા બદલાતાં પંક્તિમાં ફેરફાર થયો : 'કયહીં **અચેતન** એક દીસે નહીં!' એક પંક્તિના આ ફેરફારથી સમગ્ર કાવ્યની અર્થચ્છાયા બદલાઈ ગઈ. કાન્તની સર્જનશક્તિ તેમજ કાવ્યસામર્થ્યનું આ જ્વલંત ઉદાહરણ છે. ચક્રવાકયુગલની બીજી દુનિયાની ખોજ સફળ થાય છે. સર્વત્ર પ્રકાશમય ચૈતન્ય જ જણાવા લાગે છે. આ રચનામાં ભાવાનુકૂળ છંદોવિધાન થયું છે, જે નોંધનીય છે.

---

પ્રસરી રહી ચોપાસ શાખાઓ શૈલરાજની:
ન જણાય, જશે કેવી સંધ્યા એ મધ્ય આજની !

સરિતાનાં જલ કૃષ્ણ જરા થયાં,
કિરણ સૂર્ય તણાં શિખરે ગયાં,
સભય નાથ પ્રિયા હૃદયે ધરે;
વિરહ સંભવ આકુલતા કરે !

ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,
વર્ષાકાલે જલધિજલનાં હોય જાણે તરંગ !
પાસે સામે તમ પ્રસરતાં એક ઉદ્‌ગ્રીવ જોય,
ભીરુ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય.

વિહગયુગ્મ કિશોર રસજ્ઞ એ,
રસ મહીં જ પરસ્પર મગ્ન એ,
નિભૃત અત્ર અહર્નિશ આવતું,
રમણ આચરવા મન ભાવતું !

ઊંચે બેસી રવિઉદયને જેહ સાથે વિલોકે,
ઘેલાં જેવાં ક્ષણ સ્મૃતિ થતાં જે દીસે હર્ષશોકે;
ઘાટાં ભીનાં વિટપ પર એ ત્યાં નિહાળે સુવર્ણ,
માણિક્યોથી ગ્રથિત સરખાં રમ્ય જ્યાં થાય પર્ણ.

હરિત નીલ સુદૂર વનસ્થલી -
પર મળી સુકુમાર મૃગો રમે;
ઉપવનો તણી સંવૃત આવલી -
મહીં જવા પ્રણયી તરુણો ભમે !

નાનાં નાનાં ક્યહીં શુચિ સરો, કચ્છ ઉત્તાન રમ્ય,
સ્નેહે જોવા થકી ઊપજતી ભાવના કૈં અગમ્ય !
આઘું આઘું મુદિત રવનું ચિત્ર સંગીત થાય,
શાનો ક્યાંથી કંઈ નીસરતો મિષ્ટ આમોદ વાય !

અસર સુંદર અદ્‌ભુત રંગની,
સકલ સૃષ્ટિ નવીન ખરે બની;
રવિમરીચિ બધે હિમને હરે,
ગહનમાં તદનંતર ઊતરે.

શાખાઓમાં તરુવરતણી ચક્રવાકી છુપાતી,
શોધી કાઢે દયિત નયનો, જોઈને હૃષ્ટ થાતી;
ચંચૂ ચંચૂ મહીં લઈ પછી પક્ષને પક્ષમાં લે.
ક્રીડા એવી કંઈ કંઈ કરે મૌગ્ધ્યમાં દંપતી તે.

સુયુત બે ચરણો થકી ઊડતાં,
પવનથી પડતાં કંઈ બૂડતાં;
વિમુખ એકલી ન્હાતી પ્રિયા-શિરે,
પતિ જઈ અભિષેક કદી કરે.

કાંઠે બેસી નજર કરતાં આત્મછાયા જણાય,
બીજાની ત્યાં પ્રતિકૃતિ ભણી એક દૃષ્ટિ તણાય;
પૂરાં અંગો નહિ કંઈ દીસે, પ્રેમ તો તોય વાધે,
જોતાં જોતાં મુખ અવરનું ગાઢ આશ્લેષ સાધે !

પ્રણયની પણ તૃપ્તિ થતી નથીઃ
પ્રણયની અભિલાષ જતી નથીઃ
સમયનું લવ ભાન રહે નહીંઃ
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં !

હાવાં રક્તદ્યુતિ ઊડી જતાં થાય વૃક્ષો સરોષ,
હાવાં ઠંડી મૃદુ વહનથી સૂચવે છે પ્રદોષ;
આકાશે જ્યાં હતી વિચરતી દેવતાઓ ત્યહીંથી,
જાગ્યાં પ્રેમી વિરલ સુખની મોહનિદ્રા મહીંથી.

વિરહસંભવને વીસર્યાં હતાં,
બની નિરંકુશ બેય ફર્યાં હતાં;
જવનિકા ત્રુટતાં સ્મૃતિનાશની,
નિકટ મૂર્તિ ઊભી વિધિપાશની !

અનુભવે, ન છતાં, ક્ષણ એક તે,
વિવિશ, મૂઢ, નિરાશ જ છેક તે;
સહુ થનાર ક્રમે નજરે વહ્યું,
રુદન અંતરમાં ઊછળી રહ્યું !

અંધારાનાં પ્રલયજલથી યામિની પૂર્ણ ઘોર,
સ્વેચ્છાના વા કુટિલ કૃતિના મંદ્ર અવ્યક્ત શોર,
ઊંડાણોમાં પડી સૂઈ જતો નિષ્ઠુરપ્રાણ કાલ;
આભાસોથી થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ !

થઈ તથાપિ વિમુક્ત પ્રયાસથી,
લઈ વિદાય નદીતટ પાસથી;
મિથુન એહ ચડે અવકાશમાં,
સ્થિતિ કરે દિનતેજ-સકાશમાં.
અવર કાંઈ હવે નથી દેખતાં:
અવર કાંઈ હવે નથી લેખતાં:
ચપલ, આખરની, ક્ષણ એ છતાં,
ઉભય જીવન એક થતાં દીસે!

ધીમે ધીમે ગતિ કરી જતો પશ્ચિમે સૂર્ય જેમ,
ઊડી બંને ગ્રહણ કરતાં ઉન્નત સ્થાન તેમ;
દૃષ્ટિ પ્રેરે વિતત ગગને, કાંતિ કૈં ના જણાય,
આછી આછી રસરહિત ત્યાં વાદળીઓ તણાય.

ઉદધિને રવિબિંબ હવે અડે.
અતિ સમુચ્છ્રિત તેય હવે ચડે,
ક્ષણ લગી પરિરંભ કરી રહે,
હૃદય કંપિત સાથ ધરી રહે !

રોમે રોમે વિરહભયની વેદનાથી બળે છે,
છૂટી છૂટી, સહન ન થતાં, મત્ત પાછાં મળે છે;

વેળા થાતાં વિધિદમનની ગાત્ર ખેંચાય સામાં,
પ્રેમી બંને ધૃતિ અતિ છતાં થાય સંમૂઢ આમાં.

ટળવળે નીરખી રચના વને,
તરફડે સમજી રચનારનેઃ
શ્વસન દુઃખિત છેવટે સારતી,
પ્રિયતમા વચ આમ ઉચારતીઃ

''પાષાણોમાં નહિ નહિ હવે આપણે, નાથ! રહેવું,
શાને આવું, નહિ નહિ જ, રે! આપણે, નાથ! સ્હેવું ;
ચાલો એવા સ્થલ મહીં, વસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ!''

પ્રવદતાં અટકી ગઈ એ અહીં,
અધિક ધીરજ ધારી શકી નહીં;
થઈ નિરાશ હવે લલના રુવે,
મૃદુલ પિચ્છ થકી પ્રિય તે લ્હુવે!
પણ હજી દિન શેષ રહ્યો જરા,
નજર ફેરવી જોઈ બધી ધરા;
પ્રણયવીર લહી સ્થિરતા કહે,
અગર જો રુજ અંતરમાં સહે : --

હા ! શબ્દો આ સરલ સરખા, મર્મને તીવ્ર ભેદે,
ગર્ભાત્માને સ્ફુરિત કરતા ધૈર્યને છેક છેદે;
'લાંબા છે જ્યાં દિન, પ્રિય સખી! રાત્રિયે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની, હાય! આશા જ કેવી!,

અવર કાંઈ ઉપાય હવે નથીઃ
વિરહ, જીવન, સંહરીએ મથીઃ
ગહનમાં પડીએ દિન દેખતાંઃ
નયન મીંચી કરી દઈ એકતા!'

પાછું જોતાં દ્વિજયુગલને અન્યથા થાય ભાસ,
ઊંડું ઊંડું દિનકર સમું કૈંક દેખાય હાસ;
'આહા! આહા! અવર દુનિયા ધન્ય!' એ બોલતામાં,
નીચે નીચે ઊતરી પડતું વેગથી દંપતી ત્યાં!

અધિક એહ પ્રકાશ થતો જતો,
જવ જનાર તણો વધતો જતો;
અમિત એ અવકાશ તણી મહીં,
ક્યહીં અચેતન એક દીસે નહીં!

**'પૂર્વાલાપ'માંથી**

## શબ્દાર્થ

**પ્રસરી** વિસ્તરી **ચોપાસ** ચારે બાજુ **શાખાઓ** (અહીં) પર્વતની હારમાળા **શૈલરાજ** પર્વતરાજ **સરિત** નદી **કૃષ્ણ** શ્યામ, કાળું **જરા** થોડો **સભય** ભય સાથે **શૃંગ** શિખર, ટોચ **જલધિજલ** સમુદ્રનાં પાણી **તમ** અંધારું **ઉદ્ગ્રીવ** ઊંચી ડોકે **ભીરું** ગભરું **લ્હોય** લૂછે **વિહગયુગ્મ** પંખીનું જોડું **રસજ્ઞ** રસને જાણનાર, રસિક **મગ્ન** તલ્લીન **નિભૃત** નિર્ભય **અત્ર** અહીં **અહર્નિશ** દિનરાત **રમણ** વિલાસ, ક્રીડા **રવિ** સૂર્ય **વિલોકે** જુએ **દીસે** દેખાય, ભાસે **વિટપ** ડાળી **માણિક્યોથી ગ્રથિત** માણેકથી ગ્રંથેલાં-જડેલાં **રમ્ય** રમણીય **વનસ્થલી** અરણ્ય, જંગલ **મૃગ** હરણ **સંવૃત્ત** આચ્છાદિત, ઢાંકેલું, ઢંકાયેલું **આવલી** હાર, પંક્તિ **શુચિ** શુદ્ધ, પવિત્ર **સરો** સર, સરોવર **કચ્છ** (અહીં) કિનારો, કિનારા પરનો પ્રદેશ, હંમેશ જ્યાં પાણી રહે એ પ્રદેશ **ઉત્તાન** પથરાયેલું, ફેલાયેલું **અગમ્ય** જે ન જાણી શકાય તેવું, અજાણ **મુદિત** આનંદિત **રવ** અવાજ **મિષ્ટ** મીઠું, મધુર **આમોદ** આનંદ, સુગંધ (અહીં) સુગંધી પવન **રવિમરીચિ** સૂર્યનાં કિરણ **ગહન** ઊંડાણ **તદનંતર** ત્યાર પછી, તે પછી **ચક્રવાકી** ચક્રવાકની માદા, એક પક્ષી, ચકવાની માદા **દયિત** પ્રિય, પ્રીતમ **હૃષ્ટ** પ્રસન્ન **મૈગ્ધ્ય** મુગ્ધતા **સુયુત** બરાબર-સારી રીતે જોડાયેલું **અભિષેક** જલધારા **પ્રતિકૃતિ** છબિ, નકલ **ભણી** તરફ, બાજુએ **વાધે** વધે, વૃદ્ધિ થાય **અવર** ઇતર, બીજું, અન્ય **આશ્લેષ** આલિંગન, ભેટવું તે **સાધે** સિદ્ધ કરે, લાભ ઉઠાવી લે, ઉપયોગ કરી લે **અભિલાષ** ઉત્કટ ઇચ્છા **લવ** સહેજેય, જરા **અવધિ** હદ, નિશ્ચિત સમય **અંકુશ** દાબ, કાબૂ **હાવાં** હવે **રક્તદ્યુતિ** રાતો-લાલ પ્રકાશ (સંધ્યા ટાણાનો) **સરોષ** રોષ સાથે (અહીં) ઝાંખાં **પ્રદોષ** સંધ્યાકાળ **જવનિકા** પડદો **વિધિપાશ** નસીબનું બંધન, દુર્ભાગ્ય **વિવિશ** વિવશ, પરાધીન, વ્યાકુળ **મૂઢ** સ્તબ્ધ, મોહવશ **યામિની** રાત્રી **ઘોર** બિહામણું, ગાઢ **વા** અથવા, કે **કુટિલ** છળવાળું, કપટી **ઉન્મત્ત** ભાન ભૂલેલું **તથાપિ** તોપણ **મિથુન** જોડું, જોડ **ચપલ** ચંચલ **ઉભય** બંને **વિતત** વિસ્તરેલું, વ્યાપેલું, ફેલાયેલું **કાંતિ** તેજ, નૂર, દીપ્તિ **ઉદધિ** સમુદ્ર **સમુચ્છિત** ઊંચે ચડેલું **પરિરંભ** આલિંગન **વેળા** સમય, વખત **વિધિદમન** ભાગ્યદેવતાનું દમન, દુર્ભાગ્ય **ગાત્ર** અંગ **ધૃતિ** ધીરજ **સંમૂઢ** સંમોહિત થવું, ગાઢ મોહમાં પડવું **વચ** વચન **સદૈવ** હંમેશ **આર્દ્ર** ભીનું (અહીં) કરુણાવાળું **દૈવ** નસીબ **પ્રવદતાં** વદતાં, બોલતાં **લલના** સુંદર સ્ત્રી (અહીં) ચક્રવાકી **મૃદુલ** મૃદુ, કોમળ, સુંવાળું **શેષ** બાકી રહેલું **રુજ** પીડા, વેદના **ગર્ભાત્માને** અંતરાત્માને **સ્ફુરિત** પ્રગટેલું **ઐશ્વર્ય** (અહીં) ભૌતિક દુનિયામાં, સંસારમાં **સંહરીએ** (અહીં) પૂરું કરીએ **અન્યથા** બીજી રીતે **ભાસ** આભાસ (અહીં) સરખાપણું, - ના જેવું દેખાવું તે **દિનકર** સૂર્ય **હાસ** હાસ્ય, હસવું તે **અમિત** અમાપ **અચેતન** ચેતન વિનાનું, નિષ્પ્રાણ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ચોપાસ કોની શાખાઓ પ્રસરી રહી છે?
(2) દિવસના કયા પ્રહરની વાત કાવ્યના કેન્દ્રમાં છે ?
(3) કવિએ 'વિહગયુગ્મ' શબ્દ કોના માટે પ્રયોજ્યો છે?
(4) ચક્રવાકી ક્યાં છુપાઈ જાય છે?
(5) સ્નેહબાળ યુગલ કોનાથી ઉન્મત્ત થાય છે?
(6) 'ચાલો એવા સ્થલમહીં', વસે સૂર્ય જ્યાં સદૈવ' - આ પંક્તિ કોણ બોલે છે?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) ચક્રવાકી ચક્રવાકને ક્યાં જઈ વસવાનું કહે છે? શા માટે?
(2) ચક્રવાક ચક્રવાકીને બીજે નહિ વસવા અંગે શું કારણ આપે છે?
(3) ચક્રવાક-ચક્રવાકી માટે કવિએ કયા કયા શબ્દો વાપર્યા છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

(1) ચક્રવાક-ચક્રવાકીના જીવન ઉપર રહેલો નિયતિનો પ્રભાવ વર્ણવો.
(2) 'ચક્રવાકમિથુન' ખંડકાવ્યનો અંત.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- પક્ષીસૃષ્ટિના સંદર્ભમાં ચક્રવાક-ચક્રવાકીનો પરિચય મેળવો.
- 'કાન્ત'ની 'ઓ હિન્દ દેવભૂમિ' કવિતાનું પ્રાર્થનાસભામાં ગાન કરો.
- 'કાન્ત'ના એકમાત્ર કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ' દ્વારા તેમનો પરિચય મેળવો.

## ભાષા-અભિવ્યક્તિ

આ કાવ્ય સાથેનો કૃતિપરિચય વાંચો. ઈશ્વર સંબંધી માન્યતા બદલાતાં કવિએ 'ચેતન'નું 'અચેતન' કર્યું. માત્ર 'અ' ઉમેર્યો ત્યાં આખા કાવ્યના ભાવાર્થ ઉપર એની અસર થઈ. અહીં 'અ' પ્રત્યય વિરોધવાચક નથી, પણ અભાવદર્શક છે એની નોંધ લેવી. આપણે પ્રત્યયોનો અભ્યાસ કર્યો છે, એ સંદર્ભે આ કાવ્યની સંસ્કૃત પ્રચુર પદાવલિઓનો અભ્યાસ કરો.

કવિએ ભાવને અનુરૂપ કે અનુકૂળ છંદની માવજત કરી છે. શરૂઆતની બે પંક્તિ અનુષ્ટુપમાં છે, એ પછી ક્યાંય અનુષ્ટુપ નથી. એમાં 'સજીવારોપણ' અને વર્ણાનુપ્રાસ અલંકાર કાવ્યાર્થને કેવી રીતે વ્યાપ અને ઊંડાણ આપે તે જુઓ :

કવિએ શબ્દ પાસેથી એક શિલ્પીનું કામ લીધું છે તે માટે એક દૃશ્ય જુઓ :

'પાસે સામે તમ પ્રસરતાં એક ઉદ્ગ્રીવ જોય,
ભીરુ શ્યામા પણ નયનમાં આવતું અશ્રુ લ્હોય.'

પ્રાસ જુઓ. ઊંચી દૃષ્ટિ કરીને 'જોવાનું' છે, પણ નિયતિ જ એવી છે કે માત્ર 'આંસુ' જ લ્હોવાનાં છે. કવિએ 'અંધકાર'નો સમાનાર્થી 'તમ' પસંદ કર્યો છે અને ચક્રવાકી માટે 'શ્યામા' નિયતિનું નિમિત્ત પણ 'અંધકાર' છે. 'પાસે સામે' શબ્દોથી દૃષ્ટિ સામેનો વ્યાપ પ્રગટ થાય છે. આવા તો અનેક ભાવ કે અર્થની પુષ્ટિ કરતાં દૃશ્યો કવિસર્જનનો વિશેષ છે.

સાથે સાથે મંદાક્રાન્તા છંદ દ્વારા યુગલનું મંદ મંદ આક્રંદ આપણા ચિત્તને યુગલ સાથે તદાકાર કરી દે છે. જ્યાં જ્યાં મંદાક્રાન્તા છંદ કવિએ પ્રયોજ્યો છે, ત્યાં 'ભાવ' આક્રંદરૂપે વ્યક્ત થયો છે, વ્યથા છે, સંતાપ છે.

ભાષા-અભિવ્યક્તિની બીજી છટાઓ શોધો.

## શિક્ષક પ્રવૃત્તિ

- 'ચક્રવાકમિથુન'નો ખંડકાવ્ય તરીકે પરિચય આપો.
- નિર્દોષ પ્રેમ અને સમર્પણભાવ વિશે અવતરણસંગ્રહ તૈયાર કરાવો.
- સમાજવ્યવસ્થાની નકારાત્મકતા કે રૂઢિચુસ્તતાનો ભોગ બનવા છતાં સ્નેહનું સ્વાર્પણ કરનારા સમજદાર લોકો ત્યાગના કારણે જ અમર બને છે તે સમજાવો.
- કાવ્યમાંના પ્રકૃતિવર્ણનની નોંધ કરાવો.
- કાવ્યમાં વપરાયેલા છંદોને ભાવાનુસાર સમજાવો.
- જાણીતા પક્ષીવિદ્‌ને શાળામાં બોલાવી વ્યાખ્યાન ગોઠવો.

•

# 10 જીભ

**જ્યોતીન્દ્ર દવે**

**(જન્મ : 21-10-1901; અવસાન : 11-9-1980)**

હાસ્યલેખક જ્યોતીન્દ્ર હરિશંકર દવેનો જન્મ પોતાના વતન સુરતમાં થયો હતો. તેમણે કૉલેજ સુધીનું શિક્ષણ સુરતમાં લીધું. 1933-37 દરમિયાન સુરતની એમ.ટી.બી. કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક રહ્યા. જીવનનો મોટો ભાગ તેઓ મુંબઈમાં વસ્યા હતા. છેલ્લે માંડવી (કચ્છ)ની કૉલેજમાં ત્રણેક વર્ષ આચાર્ય રહ્યા હતા. તેઓ વિશેષ લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર હતા. હાસ્યલેખક તરીકેની શક્તિ અને હાસ્યપ્રેરક વ્યાખ્યાનો આપવાની ઉત્તમ આવડત એ બંને ગુણોનો સમન્વય તેમનામાં હતો. તેઓ ભારતીય કાવ્યમીમાંસાના અભ્યાસી હતા. તેમણે નાટક અને અનુવાદો પણ આપ્યા છે.

'રંગતરંગ ભાગ-1 થી 6', 'મારી નોંધપોથી', 'રેતીની રોટલી', 'પાનનાં બીડાં', 'અલ્પાત્માનું આત્મપુરાણ', 'નજરઃ લાંબી અને ટૂંકી', 'ત્રીજું સુખ', 'રોગ, યોગ અને પ્રયોગ', 'જ્યાં ત્યાં પડે નજર મારી' તથા પ્રતિનિધિ હાસ્યલેખોનો સંગ્રહ 'જ્યોતીન્દ્ર તરંગ' છે, જેમાં ઉત્તમ હાસ્યનિબંધો છે. ધનસુખલાલ મહેતા સાથે તેમણે 'અમે બધાં' નામની હાસ્યસભર નવલકથા આપી છે. હાસ્યની વિવિધ પ્રયુક્તિનો આશ્રય લેતી એમની શૈલી હાસ્ય જન્માવે છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયા હતા.

આ કૃતિમાં 'જીભ' વિશે જણાવતાં લેખક કહે છે કે મનુષ્યની સર્વ ઇન્દ્રિયોમાં જીભનું સ્થાન વિશિષ્ટ છે. જીભ એક છે પણ બે કામ કરે છે-સ્વાદ પારખવાનું અને બોલવાનું. જીભ જન્મથી મરણ અને મરણ પછી પણ વાણીરૂપે અમર રહે છે. રસાસ્વાદનો અધિકાર પણ જીભને મળ્યો છે. જ્ઞાન અને કર્મનો સુંદર સમન્વય તે સાધી શકે છે. શરીરની વ્યાધિઓનો પરિચય પણ જીભથી થાય છે. જીભથી મનુષ્યના સંસ્કારોની ઓળખ થાય છે. માન અને અપમાનના અનુભવો જીભથી જ થાય છે. કેટલીક જીભ કાતરનું કામ કરે છે તો કેટલીક સોયની ગરજ સારે છે. મનુષ્યની તંદુરસ્તી, નીતિ, વિવેક, ધર્મ આદિ એનું આખું જીવન જીભને આધારે વિકસે છે કે વણસે છે. ઈશ્વરે જીભને છૂટી કરી શકાય એવી રચના કરી હોત તો કેટલું સારું થાત! કંકાસ, મારા-મારી, ગાળાગાળીના પ્રસંગે જીભને કાઢી ગજવામાં મૂકી દઈ આવા કેટલાય પ્રસંગો સુધારી શકાયા હોત. ક્યારેક કોઈની જીભ અદલાબદલી થઈ જાત પણ તેમાંય ફાયદો જ થાત. રામનું રટણ કરનારી જીભ કોઈ ખ્રિસ્તીના મોંમાં તો રહીમને ભજનારની જીભ કોઈ બ્રાહ્મણના મુખમાં જઈ ચડે તો આપોઆપ રામ, રહીમ અને ગૉડની એકતા સિદ્ધ થઈ જાત! આ નિબંધમાં હળવો-ગંભીર વિષય લઈ લેખક ઉત્તમ કક્ષાનું હાસ્ય જન્માવી શક્યા છે એટલું જ નહીં, આ હળવાશની સાથે-સાથે જીવનની ગંભીર સમસ્યાઓના સમાધાનની કલ્પના કરી ઉત્તમ ઉપદેશ પણ આપ્યો છે.

---

મનુષ્યની સર્વ ઇન્દ્રિયોમાં જીભનું સ્થાન વિશિષ્ટ છે. બીજી બધી કરતાં એનું મહત્ત્વ પણ વિશેષ છે. કાન, હાથ, પગ આદિ બબ્બે ઇન્દ્રિયો છે ને તે કાર્ય એક જ કરે છે. એક સાંભળવાનું કામ કરવા માટે બે કાન, એક શ્વાસ લેવાનું કાર્ય કરવા માટે બે નસકોરાં, ચાલવાના એક કાર્ય માટે બે પગ, જોવાના કામ માટે બે આંખો, પણ બોલવાનું ને સ્વાદ પારખવાનું એમ બે કામ માટે એકલી જીભની જ નિમણૂક કરવામાં આવી છે.

ઘણીખરી ઇન્દ્રિયો પર આપણો કાબૂ નથી. આપણી ઇચ્છા વિરુદ્ધ પણ પરસંસ્કારની અસર એના પર થયા વગર રહેતી નથી. કોઈ આપણને ગાળ દેતું હોય ને તે સાંભળવી આપણને કુદરતી રીતે જ ન રુચતી હોય તોપણ આપણા પોતાના કાન એ ગાળ આપણા મગજ સુધી પહોંચાડ્યા વિના નહિ રહે. ન જોવા જેવું આંખ અનેક વાર જુએ ને માથું ફેરવી નાખે એવી દુર્ગંધ નાસિકા મગજને પહોંચાડે છે, પરંતુ જીભની ઉપર તો મનુષ્યની પૂરેપૂરી સત્તા પ્રવર્તે છે. એની ઇચ્છા હોય તો જ બોલવાનું કે સ્વાદ આપવાનું કાર્ય જીભ કરી શકે, અન્યથા નહિ.

બોલવાનું ને ખાવાનું--દુનિયાનાં બે મોટામાં મોટાં કાર્ય એક નાનકડી જીભ બજાવે છે. માનવજીવનમાં આના કરતાં વધારે ઉપયુક્ત કે જરૂરી બીજાં કોઈ કાર્ય નથી. એ બંને કાર્યની મનુષ્યના જન્મથી શરૂઆત થાય છે ને જીવનનો અંત આવતાં સુધી ચાલે છે અથવા મનુષ્યના મરણ પછી પણ એની જીભનું કાર્ય તો ચાલુ જ રહે છે. એના મત, અભિપ્રાય, વચન આદિનો પાછળનાંઓ વારંવાર ઉલ્લેખ કરીને એની વાણીને અમર બનાવે છે ને એની પાછળ બારમું, તેરમું, શ્રાદ્ધ, વરસી આદિ પ્રસંગો યોજીને એની રસાસ્વાદની અભિલાષાને મરણ પછી સંતોષે છે. આમ, જીભનું કાર્ય મનુષ્યના જન્મથી શરૂ થાય છે ને એ મરણ પછી પણ ચાલુ રહે છે. વૃદ્ધાવસ્થામાં બીજી ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે ત્યારે પણ જીભ તો એવી ને એવી બળવાન રહે છે. ઘણી વાર તો બીજી ઇન્દ્રિયોની શક્તિ એનામાં ભેગી થતી હોય એમ લાગે છે. ઘરડી આંખ, ઘરડું મગજ-એ નિર્બળતાની નિશાની છે; પણ ઘરડી જીભ એટલે અનુભવે ને સંસ્કારે, બળમાં ને કળમાં દુર્જેય બનેલી જીભ એમ જ સમજવાનું છે.

રસાસ્વાદનો અધિકાર જીભને મળ્યો છે, એના વડે જ સ્વાદનું જ્ઞાન થાય છે માટે એને જ્ઞાનેન્દ્રિય ગણીએ તો ગણી શકાય. બોલવાનું કાર્ય એ કરે છે એટલા માટે એને કર્મેન્દ્રિય પણ કહી શકાય. શ્રીમદ્ ભગવદ્ગીતાની પેઠે જ્ઞાન ને કર્મનો એ સુંદર સમન્વય સાધી બતાવે છે. મન ને હૃદય-એની વચ્ચેનું એનું સ્થાન છે તે બહુ સૂચક છે. બંનેને એના વિના ચાલતું નથી. બંનેના પ્રતિનિધિની ગરજ એ જ સારે છે. મનના વિચાર ને હૃદયની ઊર્મિઓને જીભ જ વ્યક્ત કરે છે. વિદ્યાર્થીઓને ગણિત કે તત્ત્વજ્ઞાનના મુશ્કેલ કોયડાઓ સમજાવતી જીભ જ પ્રિયતમાના સાંનિધ્યમાં પ્રણયવચનો ઉચ્ચારે છે.

જેમ કેટલીક કુલવધૂઓ આખા ગૃહનો ભાર ચલાવે છે છતાં ગૃહ બહારનાંને તેનાં દર્શન પણ થઈ શકતાં નથી તેમ જીવનમાં બે સૌથી મુખ્ય કાર્યો કરતી હોવા છતાં જીભ ઘણું ખરું અદૃશ્ય રહે છે.

સ્નિગ્ધ, સુકોમળ, નાની, નાજુક ને નમણી એવી જીભ અનેક રીતે સ્ત્રીના સરખી છે. આપણે એની પાસે સૌથી વધારે કામ લઈએ છીએ તે છતાં બને ત્યાં સુધી એને ઓઝલ પડદામાં રાખીએ છીએ. રસોઈ બનાવીને સ્ત્રી આપણી સ્વાદવૃત્તિને પોષે છે ને સુંદર ઘરેણાં-લૂગડાં પહેરી આપણી અભિમાનવૃત્તિને પોષે છે તેવી જ રીતે જીભ આપણી સ્વાદવૃત્તિને સંતોષે છે ને સરસ શબ્દો વડે આપણાં વખાણ કરી અભિમાનવૃત્તિને ઉત્તેજે છે. સ્ત્રીની પેઠે જીભ પણ ઘાયલ કરે છે ને ઘા રુઝાવેય છે. तुम्हीने दर्द दिया है, तुम्ही दवाई देना એમ માશૂક કહે છે તે જ રીતે જીભને પણ કહી શકાય. કોઈનું અપમાન કરી તેને ઘાયલ કરનારી જીભ પાછળથી જરૂર પડ્યે તેનાં વખાણ કરી પોતે પાડેલા ઘાને રુઝાવી શકે છે. પુરુષનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કેટલીક વાર સ્ત્રીને કરવું પડે છે તેમ પેટ આદિના રોગના ભોગ જીભને બનવું પડે છે. પેટમાં અપચો થતાં જીભ પર ચાંદી પડે છે. પેટની વાત જીભ તરત જ કહી દે છે. અબળા વર્ગ તરફથી ઘણીવાર ગૃહનાં છિદ્ર બહારનાંને જાણવાનાં મળે છે, તે જ પ્રમાણે રોગોના નિદાન માટે તજ્જ્ઞો જીભ પર ઘણો આધાર રાખે છે.

ફીકી, સફેદ, નરમ, પહોળી ને અસ્થિર જીભ પાંડુરોગની સૂચક છે. ભૂરાશ પડતી જીભ છાતીનાં દરદોનો સંભવ દર્શાવે છે. વચ્ચે છારીવાળી સૂને છેડે રતાશવાળી જીભ અપચો અને અન્ય ઉદરરોગનું સૂચન કરે છે. મુખ બહાર કાઢતાં જેની જીભ સ્થિર રહી ન શકે તે મનુષ્ય નશો કરતો હશે એમ કહી શકાય. મુખ બહાર કાઢતાં એક બાજુથી બીજી બાજુએ જીભને હલાવી ન શકાય તો એ પક્ષાઘાતનું ચિહ્ન ગણાય છે. આમ, જીભ દેહનાં અનેક દરદો ખુલ્લાં કરે છે, પરંતુ જીભ માત્ર શરીરના વ્યાધિઓને જણાવતી નથી. એ મનુષ્યનાં ગામ, જાતિ આદિની પણ માહિતી વગર પૂછ્યે આપી દે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર - એ ભેદો પણ કદાચ જીભને આધારે કરવામાં આવ્યા હશે. જેની જીભ સહેલાઈથી, નહિ જેવા કારણે, ભયંકર શાપ આપી શકે તે બ્રહ્મર્ષિઃ જેની જીભ વેદમંત્રોના ઘન, જટા, ક્રમ ઇત્યાદિ પ્રકારે પાઠો કરી કસરત કરે ને સોમરસનું આસ્વાદન કરે તે બ્રાહ્મણઃ જેની જીભ વીરરસની વાતો કરે ને કસુંબાપાણીમાં રાચી રહે તે ક્ષત્રિય; પૈસાની વાત સાંભળી જેની જીભ ભીંજાઈ જાય તે વૈશ્ય; ને જેની જીભ ઘણુંખરું મૌન સેવે ને ઇતર વર્ણના હુકમ સાંભળી ''હા, માબાપ!'' કહે તે શૂદ્ર. અત્યારે આ વર્ગભેદ લોપાતા જાય છે અને તેને બદલે નવીન ભેદો રચાતા જાય છે. જેની જીભ ''યુ ગધ્ધા! બેવકૂફ- સુવર!'' એમ ઉચ્ચારતી હોય ને દિવસમાં ચાર-પાંચ વાર વિવિધ ઉત્તમ વાનીઓનો રસાસ્વાદ માણતી હોય તે ઉત્તમ વર્ગના મનુષ્યો. જેની જીભ ''મા-બાપ, સરકાર, પ્રભુ'' એવો પાઠ પઢ્યા કરતી હોય ને બેએક દિવસે એક વાર, અતિશયોક્તિમાં જેને અન્ન કહી શકાય એવું કંઈક આરોગતી હોય તે નીચ વર્ગનો મનુષ્ય. ''રજાબજા નહિ મળે, સમજ્યા? જુઓ, આજે જરા બે-ત્રણ કલાક વધારે બેસજો ને આવતે મહિને તમારા પગારમાં દશ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે'' એમ જેની જીભ બોલતી હોય તે ઉપરી અધિકારી. 'સાહેબ, છે-તે-છે-તે જરા આજે - આજે જરા - એમ કે સાહેબ, આજે જરા વહેલો ઘેર જાઉં? ઘેર માંદગી છે. સાહેબ, સાહેબ બાકીનું કામ ઘેર લઈ જઈશ' એમ બીતાં બીતાં કરગરતા અવાજે ને દીનમુદ્રાએ બોલે તે કારકુનિયા જીભ.

જીભ આમ માણસનાં જાતિકુળ જ નથી જણાવી દેતી, પરંતુ એ કયા શહેર કે ગામનો છે તે પણ એ કહી દે છે. એક વખત ભરૂચમાં મેં બે મનુષ્યોને વાગ્યુદ્ધ ખેલતા જોયા હતા અને તે વેળા મને બહુ નવાઈ લાગી હતી. વાગ્યુદ્ધ ખેલતા હતા તેની નવાઈ નહોતી લાગી-બે માણસો મળે ને લડે નહિ તો નવાઈ લાગે - લડે એમાં નવાઈ નથી એ હું સારી રીતે જાણું છું.
'તું લાલચોલ ડોલા કાઢીને ગાલ પર ગાલ દે છે તે માલ પરથી નીચે ઊતરની! બતાવી દઉં!' એકે કહ્યુંઃ 'સાલા, તારું મોં ઊજલું છે, પણ કરમ તો કાલાં છે. ધોલામાં ધૂલ પડી તારા!' બીજાએ ઉપરથી જવાબ દીધો. આ બંને યોદ્ધાઓએ એકમતે ''ળ'' કારનો બહિષ્કાર કરેલો જોઈ મને નવાઈ લાગી. તે પછી ભરૂચમાં લગભગ બધા જ માણસોને મેં 'ળ'ને સ્થાને 'લ' વાપરતા સાંભળ્યા હતા. સુરત, વડોદરા, અમદાવાદ બધે સ્થળે 'ળ' બોલાય છે તે ભરૂચમાં કેમ બોલાતો નથી એ ઉચ્ચારશાસ્ત્રનો વિષમ કોયડો છે. મને લાગે છે કે બાળપોથીમાં નળનું ચિત્ર આપી તે પરથી 'ળ'કાર શીખવવામાં આવે છે ને ભરૂચમાં નળ નથી, તેથી કદાચ ભરૂચવાસીઓએ નળની સાથે 'ળ'નો પણ બહિષ્કાર કર્યો હશે પણ એ સાથે આપણને ઝાઝી નિસબત નથી. 'ળ'કારનો બહિષ્કાર કરનારી જીભ ભરૂચવાસીની છે એમ તરત જણાઈ આવે છે. તે જ રીતે 'હવાકાનું હેર હાક' માગનારી સુરતી જીભ ને 'સડકું ખોદીએં સીએં ને રાબું પીએં સીએં.' એમ કહેનારી કાઠિયાવાડી જીભ પણ પોતાના નિવાસસ્થાનની ખબર આપી દે છે.

જીભની કુતૂહલપ્રિયતા ને છિદ્રાન્વેષીપણું અદ્‌ભુત છે. દાંતના ખૂણેખૂણામાં એ ફરી વળે છે. એક ઝીણી સરખી કરચ દાંતમાં ગમે ત્યાં સંતાઈને ભરાઈ બેઠી હોય તો તેને શોધી કાઢે ત્યારે જ એ જંપે છે. એ વિષયમાં પણ એ અબળાવર્ગ સાથે હરીફાઈમાં ઊતરી શકે એમ છે. મોંમાં કાતરા પડ્યા હોય કે ચાંદી પડી હોય તો જીભ વારંવાર ત્યાં જ જવાની. કૂતરાં વગેરે પ્રાણીની જીભમાં ઘા રુઝવવાની શક્તિ છે ને તેથી શરીર પર પડેલા ઘાને જીભ વડે ચાટ ચાટ કરે છે પણ ઉત્ક્રાંતિક્રમમાં આગળ વધતાં મનુષ્યની જીભમાંથી ઘા રુઝવવાની શક્તિ જતી રહી ને તેને સ્થાને ઘા પાડવાની ને પડેલા ઘા ચાટી ચાટી વિશાળ ને ઊંડા બનાવવાની શક્તિ આવી.

બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યનું શ્રેષ્ઠત્વ તથા વિશિષ્ટત્વ એની જીભને લીધે જ છે. અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યોનું મગજ વધારે બળવાન હોય છે અથવા એનામાં બુદ્ધિ વધારે હોય છે, એ વાત મનુષ્ય અને પ્રાણી-બંનેના પરિચયમાં આવનાર કોઈથી પણ મનાય એવી નથી. મનુષ્ય કરતાં આંખની બાબતમાં બિલાડી, હાથની બાબતમાં ગોરીલો, નાકની બાબતમાં કૂતરો, પેટની બાબતમાં વરુ ને પગની બાબતમાં ગધેડો બળવાન હોય છે એ જાણીતું છે, તેમજ બીજાં જાનવરોની માફક એને શીંગડાં ને પૂંછડી પણ હોતાં નથી. એ પરથી સમજાય છે કે મનુષ્ય કરતાં, જીભ સિવાયની બીજી ઇન્દ્રિયોના વિષયમાં અન્ય પ્રાણીઓ વધારે નસીબદાર છે. મનુષ્યનો ખરેખરો વિકાસ જીભના વિષયમાં થયો છે. કીડી, મંકોડા, વંદા આદિને જીભ હોતી જ નથી. સુખ-દુઃખના ધ્વનિ પણ એનાથી કાઢી શકાતા નથી. બિલાડાં, કૂતરાં આદિ પશુઓને જીભ હોય છે પણ તે માત્ર અમુક પ્રકારના ધ્વનિ કાઢી શકે છે. એથી ઉચ્ચ પ્રકારનાં પ્રાણીઓ જીભ વડે વિવિધ પ્રકારના ધ્વનિનું ઉચ્ચારણ કરી શકે છે. પોપટ વગેરે પક્ષીઓ કંઈક માણસના અવાજને મળતા આવે એવા પ્રકારના ધ્વનિ કાઢી શકે છે; પરંતુ એક મનુષ્ય જ એવું પ્રાણી છે, જે જીભ વડે કોઈ પણ પ્રકારનો ધ્વનિ કાઢી શકે છે. પશુપંખીઓ તેમ કરી શકતાં નથી, માટે જ મનુષ્ય પશુપંખી કરતાં શ્રેષ્ઠ ગણાય છે. એક મનુષ્ય બીજાં મનુષ્યને 'કૂતરાં, ગધ્ધો, સૂવર, હેવાન' વગેરે કહી શકે છે. જાનવરો એક-બીજાને 'માણસ, આદમી, ઈન્સાન' વગેરે કહીને ગાળ દઈ શકતાં નથી એટલે એ માણસ કરતાં ઊતરતાં દરજ્જાના ગણાય છે. મનુષ્ય પોતાને શ્રેષ્ઠ કહી શકે છે - જીભ વડે; બીજું કોઈ પ્રાણી પોતાને શ્રેષ્ઠ કહી શકતું નથી; એ જ બતાવે છે કે મનુષ્યની શ્રેષ્ઠતા એની જીભને લીધે જ છે.

સમય ને સંજોગોને અનુકૂળ થઈ જવાની જીભની શક્તિ પણ સ્ત્રીના જેટલી જ છે. પિતાના ઘરના વાતાવરણ કરતાં તદ્દન ભિન્ન પ્રકારના વાતાવરણમાં આવેલી નવોઢા, નવીન પરિસ્થિતિને અનુકૂળ થઈ જઈ, જાણે એ જ વાતાવરણમાં નાનપણથી ઊછરી હોય તેમ વર્તવા માંડે છે, તે જ પ્રમાણે જીભ પણ સંજોગો બદલાતાં તરત તેને અનુકૂળ થઈ જાય છે. સુધારકો પર તીવ્ર બાણ વરસાવતી જીભ સંજોગોમાં ફેરફાર થતાં તરત જ સુધારકની પ્રશંસા કરવા મંડી પડે છે. ઘરને ખૂણે ઉપરી અમલદારની સખત ઝાટકણી કાઢતી જીભ એ અમલદારના સાંનિધ્યમાં એના ગુણગાન ગાવા મંડી પડે છે.

એક ગાડીવાળાએ એક નાના છોકરાને કંઈક વાંકસર તમાચો માર્યો. છોકરો રડતો રડતો પોતાના પિતા પાસે ગયો. એનો પિતા ઉશ્કેરાઈ ગયો. 'કોણે માર્યો મારા છોકરાને? એની છાલ ઉખેડી નાખું! જોવું તો ખરો, મારા છોકરાને આંગળી અડાડવાની હિંમત કોણે કરી?' એમ બોલતો એ છોકરાને લઈને આગળ આવ્યો. છોકરાએ ગાડીવાળાને બતાવી કહ્યું: 'આણે માર્યો.' છ ફૂટ ઊંચા ને બસો રતલ વજનવાળા ગાડીવાળાએ આગળ આવી 'હા, મેં માર્યો, શું છે?' કહીને બાંય ચઢાવવા માંડી. છોકરાના પિતાની જીભે બદલાયેલો રંગ જોઈ કહ્યું: 'બહુ સારું કર્યું એ તો એ જ લાગનો છે. એક જ તમાચો શું કામ માર્યો? મારવા'તાને બેચાર! મારા દેખતાં મારો બીજી એક થાપટ!' આ જ પ્રમાણે બધાંની જીભમાં સમયને અનુકૂળ થઈ જવાની શક્તિ રહેલી છે, જેનામાં એ શક્તિ જેટલી વધારે વિકસિત તેટલો એ વધારે પ્રતિષ્ઠાસંપન્ન, સમજુ ને શાણો ગણાય છે.

કામિની પેઠે જીભના જાદુ ને કામણ પણ અનેરાં છે. એ મોહિનીના મોહનાસ્ત્ર ભારે અસરકારક છે. નયનબાણ કરતાં પણ જિહ્‌વાબાણ વધારે કાતિલ નીવડે છે. ઘણીવાર અમુક ઓળખીતા પુરુષ પર કોઈ સ્ત્રી ફિદા થઈ જવાનું જાણીએ છીએ ત્યારે આપણને અત્યંત આશ્ચર્ય થાય છે. 'એવું એનામાં છે શું? નથી રંગ, નથી રૂપ, નથી મર્દાનગી, નથી પૈસા, નથી પ્રતિષ્ઠા. એવું તે એ સ્ત્રીએ એનામાં જોયું શું?' એમ સામાન્ય રીતે બધાંને લાગે છે પણ તન, મન કે ધનના વૈભવ વડે નહીં, એણે તો જીભના જાદુથી એ સ્ત્રીનું મન હરી લીધું હોય છે એ આપણે જાણતા હોતા નથી. અભિમન્યુ પર નયનોનાં જાદુ અજમાવી ચૂકેલી ઉત્તરાને જીભના જાદુ અજમાવવાનો વધારે અવસર મળ્યો હોત, તો એ વીર પુરુષ બની રણસંગ્રામમાં જઈ સ્વર્ગવાસી બનવાને બદલે ધીર પુરુષ બની નમૂનેદાર ગૃહસ્થાશ્રમી થયો હોત ઈશ્વર પણ જીભને વશ થાય છે. માત્ર મનથી નહિ, પણ જીભ વડે સ્તોત્રો ગાઈ ઈશ્વરપ્રાર્થના કરવી જોઈએ તેનું કારણ પણ આ જ છે. શેષનાગની હજાર જીભને લીધે જ જગત ગતિમાન રહી શક્યું છે ને એના પર શયન કરવાને લીધે જ ઈશ્વર પણ જાગ્રત રહી શકે છે.

જેમ દેશ દેશની જીભો વિશિષ્ટ પ્રકારની હોય છે તેમ ભિન્ન ભિન્ન વ્યક્તિની જીભની ખાસિયત પણ જુદી જુદી જાતની હોય છે. કેટલીક જીભો શ્રોતાના કાનની ઉપાસક હોય છે. આખો વખત સાંભળનારના કાનમાં એ ઘૂમ્યા કરે છે. કેટલીક જીભો આત્મપ્રશંસાની હેલીમાં પોતાને ને સાંભળનારને ડુબાડી દે છે, તો કેટલીક સાંભળનારની ખુશામદમાં જ રચીપચી રહે છે.

કેટલીક જીભો સ્ત્રીમુખને જોઈને વાચાળ બને છે, અન્યથા મૂક થઈને રહે છે. જીભો બહુવ્રીહિ સમાસની પેઠે અન્યપદપ્રધાન હોય છે. બીજાના જ મનના વિચારની વાહક બને છે. કેટલીક જીભો કાતરનું કામ કરે છે, કેટલીક સોયની ગરજ સારે છે, કેટલીક નેતરની સોટીનો ખ્યાલ આપે છે.

જીભને આપણે 'લૂલી'નું અભિધાન આપ્યું છે પણ એ લૂલી હશે તોયે ઈશ્વરકૃપા પામેલા પંગુના જેવી હશે-આખો ગિરિ ઓળંગી શકે એવી. જગતમાં જે કાંઈ થાય છે સારું-નરસું, આનંદ-કંકાસ, આત્મશ્લાઘા, ખુશામદ, વિવાહ ને વરસી, માંદગી ને તંદુરસ્તી તે સર્વ મોટે ભાગે જીભને લઈને જ થાય છે. સિદ્ધાંત તરીકે જીભ પર અંકુશ રાખવાની શક્તિ મનુષ્યમાં છે, પણ ખરી રીતે જોતાં સત્તા હેઠળ એ દબાઈ જાય છે. સમાજ, ધર્મ ને કાયદાની રૂએ પુરુષ સ્ત્રીનો સ્વામી છે, પણ વસ્તુતઃ એ સ્ત્રીનો ગુલામ હોય તેમ વર્તે છે. એ જ રીતે જીભના તાબામાં એ રહે છે. એની તંદુરસ્તી, એની નીતિ, એનો વિવેક, એનો ધર્મ, એનું આખું જીવન એની જીભને આધારે જ વિકસે છે કે વણસે છે. મનુષ્ય એટલે જ જીભ.

મને લાગે છે કે ઈશ્વરે આ માનવયંત્ર ઘડ્યું, પણ ક્યાં તો એણે બહુ ઉતાવળ કરી હશે ક્યાં તો યંત્ર ઘડવાનો એને ઝાઝો અનુભવ નહિ હોય. થઈ શકે એવી કેટલીયે સગવડ એણે કરી નથી. સ્ક્રૂ મૂકવાને બદલે કેટલીક વસ્તુ એણે એમની એમ જડી દીધી છે. જીભને ધારીએ ત્યારે મોંમાંથી છૂટી કરી શકાય એવી રચના કરી હોત તો કેટલી સગવડ થાત! નાટક, સિનેમા અથવા સભામાં પ્રેક્ષકો ને શ્રોતાઓ પોતાની જીભનો વધારે પડતો ઉપયોગ કરી બીજાને દખલ કરે છે, તેને બદલે સૌને પોતાની જીભ બહાર જુદી જુદી ડબ્બીમાં મૂક્યા પછી જ સભાસ્થાનમાં દાખલ કરવામાં આવતા હોત તો નાટક, સિનેમા તથા સભા આપણને કેટલાં વધારે આનંદદાયક લાગત! તેમ જ આખો વખત બોલબોલ કરી કંટાળો આપનાર વ્યક્તિને મળવા જતાં જીભ અત્યારે એના મોંમાં નથી, પણ ઘી ચોપડીને કબાટમાં ઊંચી મૂકી છાંડી છે એમ ખાતરી કરીને નિર્ભયપણે આપણે મળવા જઈ શકત. કોઈ પર ગુસ્સે થઈ જઈએ ત્યારે કલહ અને કંકાસના પ્રસંગ ઉપસ્થિત થતાં પહેલાં, આપણે મોંમાંથી જીભ બહાર કાઢી ગજવામાં મૂકી દઈ મારામારી ને ગાળાગાળીના પ્રસંગો કેટલી સહેલાઈથી ટાળી શકત! બળવાખોર ભાષણ કરનારાઓને કોઈ પણ દેશની સરકાર કેદમાં પૂરે છે તેને બદલે તેમની જીભ જપ્ત કરી પોતાની સુરક્ષિતતા વધારે સારી રીતે જાળવી શકત. કદાચ કોઈ વાર જીભની અદલાબદલી પણ થઈ જાત, પણ તેમાં કંઈ નુકસાન ન થતાં ઊલટો ફાયદો જ થાત. બાળકના મોંમાં કોઈ વૃદ્ધની જીભ આવતાં તે અનુભવભરી વાણીના ઉદ્ગાર કાઢી શકત. રામનું રટણ કરનારી જીભ ખ્રિસ્તના ઉપાસકના મોંમાં જઈને, રહીમને ભજનારી જીભ બ્રાહ્મણના મુખમાં જઈ ચડીને રામ, રહીમ ને ગૉડની એકતા આપોઆપ સિદ્ધ કરત. હજીયે ઈશ્વરને આટલો સુધારો કરવાનું સૂઝે તો ખોટું નહિ.

પ્રતિકૂળ સંજોગોમાં પણ આનંદથી શી રીતે કર્તવ્ય બજાવ્યા જવાય એ જીભ આપણને શીખવે છે. આગળ બત્રીસ ભૈયા જેવા મજબૂત દાંત, પાછળ ગળાની ઊંડી ખાઈ, અનેક પ્રકારના, ટાઢા-ઊના, તીખા-ખારા પદાર્થોનો સતત મારો, સંચલન માટે ઓછામાં ઓછી જગ્યા, સૂર્યનો જરાય પ્રકાશ ન આવે એવી સાંકડી અંધારી જગ્યામાં લપાઈ રહેવાનું: આવી અનેક પ્રતિકૂળતાઓ છતાં જીભ આનંદથી નિર્ભયપણે પોતાનું કાર્ય કરી જાય છે. ખાનપાનનો રસાસ્વાદ માણી અંદરનો ને મન ને હૃદયના વિચારભાવોને વ્યક્ત કરી બહારનો સંસાર સાચવે છે અને સુખી થવું હોય તો મનુષ્યે સંસારમાં જલકમલવત્ નહિ પણ મુખજીભવત્ રહેવું એવો સાંભળે તેને ઘેરો ને ગૂઢ બોધ વગર બોલ્યે સંભળાવે છે.

### શબ્દાર્થ

**દુર્જેય** જીતવું મુશ્કેલ એવું **રસાસ્વાદ** (અહીં) રસનો સ્વાદ **સમન્વય** પરસ્પર સંબંધ કે મેળ **સ્નિગ્ધ** (અહીં) ભીની **ઓઝલપડદામાં** ઘૂમટામાં-લાજમાં **માશૂક** પ્રિયા **તજજ્ઞ** (અમુક વિષયનો) જાણકાર, વિદ્વાન **પાંડુરોગ** એક રોગ **પક્ષાઘાત** લકવો **વ્યાધિ** રોગ **બ્રહ્મર્ષિ** બ્રાહ્મણ ઋષિ **કસુંબાપાણી** પાણીમાં ઘોળેલું અફીણ કે તે મિષે થતો મેળાવડો **લોપાતું જવું** (અહીં) લુપ્ત-નાશ પામતું જવું **કરગરવું** અત્યંત દીનતાપૂર્વક આજીજી કરવી - કાલાવાલા કરવા **વાગ્યુદ્ધ** માત્ર શાબ્દિક યુદ્ધ, ગરમાગરમ ચર્ચા **બહિષ્કાર** અસ્વીકાર, ત્યાગ **છિદ્રાન્વેષી** બીજાના દોષ શોધનારું **નવોઢા** નવવધૂ **ઝાટકણી કાઢવી** સખત ઠપકો આપવો **સાંનિધ્ય** સમીપતા **મોહનાસ્ત્ર** બેહોશ કરી નાખે એવું અસ્ત્ર **ફિદા થઈ જવું** અતિ આસક્ત થઈ જવું **શેષનાગ** પૃથ્વીને ધારણ કરતો અનંત ફણાવાળો મહાન નાગ, સર્પ **ખુશામદ** સ્વાર્થ માટે કરેલાં હદ બહારનાં વખાણ, હા જી હા **પંગુ** પાંગળું **આત્મશ્લાઘા** આપવખાણ, પોતે જ પોતાનાં વખાણ કરવાં **બળવાખોર** બંડખોર, બળવો કરનાર **જલકમલવત્** કમળ જેમ પાણીમાં રહે છે તેમ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો :**

(1) જીભ દ્વારા કયાં બે મોટાં કાર્યો થાય છે?

(2) કેવી જીભ પાંડુરોગની સૂચક છે?

(3) કોઈ માણસ નશો કરતો હશે તેમ શા પરથી કહી શકાય?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) લેખકે સર્વ ઇન્દ્રિયોમાં જીભનું સ્થાન વિશિષ્ટ શાથી ગણાવ્યું છે?

(2) જીભ ઉપર મનુષ્યની સત્તા છે તેમ શા પરથી કહી શકાય ?

(3) લેખક જીભને 'જ્ઞાનેન્દ્રિય' તથા 'કર્મેન્દ્રિય' સાથે શા માટે સરખાવે છે?

(4) લેખકને ઉચ્ચારશાસ્ત્રનો વિષમ કોયડો કયો લાગે છે? શા માટે ?

(5) ભિન્ન ભિન્ન વ્યક્તિઓની જીભની ખાસિયત લખો.

(6) પ્રતિકૂળ સંજોગોમાં જીભ આનંદથી રહેવાનું શી રીતે શીખવે છે?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) 'જીભ દ્વારા મનુષ્યની જાતિ આદિ બાબતોની માહિતી મળે છે' - વિધાનની ચર્ચા સદૃષ્ટાંત કરો.

(2) જીભ માટે ઈશ્વરે કેટલીક સગવડ કરી નથી તેવું લેખક શાથી કહે છે?

(3) જીભ વિશેના લેખકના વિચારો તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- જ્યોતીન્દ્ર દવેનું 'હાસ્યતરંગ' મેળવીને વાંચો.
- ટીવી પર પ્રસારિત થતી હાસ્યની સિરિયલો જુઓ.
- તમારા જીવનના અથવા તમે સાંભળેલા હળવા પ્રસંગો વર્ગ-સંમેલનમાં કહો.
- વિચારવિસ્તાર કરો :

  પોપટ કોયલ બોલે થોડો પણ લાગે ભલો,<br>
  વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકા.

## ભાષા-અભિવ્યક્તિ

પ્રથમ ફકરો ધ્યાનથી વાંચો. જ્યોતીન્દ્ર દવે સાવ સામાન્ય ચીજનું અસામાન્ય વર્ણન કરીને હાસ્ય નિષ્પન્ન કરવામાં નિપુણ છે. 'બોલવાનું ને સ્વાદ પારખવાનું એમ બે કામ માટે એકલી જીભની જ નિમણૂક કરવામાં આવી છે ' 'બોલવાનું ને ખાવાનું-દુનિયાનાં બે મોટાંમાં મોટાં કાર્ય એક નાનકડી જીભ બજાવે છે'.

આ બે વિધાન લગભગ સમાન લાગે પણ લેખકની વર્ણનકલા જ તેને જુદાં પાડે છે તે તમે જોઈ શકશો.

'છે-તે-છે-તે-જરા આજે-આજે- જરા-એમ કે સાહેબ, આજે જરા વહેલો ઘેર જાઉં?'

અહીં વચ્ચે લઘુરેખા મૂકીને કારકુન પોતાના ઉપરી પાસેથી કેવો ડચકાં ખાતો રજાની યાચના કરે છે તેનું વર્ણન....

'જાનવરો એકબીજાને માણસ, આદમી, ઇન્સાન' વગેરે કહીને ગાળ દઈ શકતાં નથી એટલે એ માણસ કરતાં ઊતરતાં દરજ્જાના ગણાય છે.' આ વાતમાં માણસ પર કરેલો એમનો કટાક્ષ ઊડીને આંખે વળગે છે.

લેખકે જીભની વિશિષ્ટતા બતાવવા કરેલી જુદાં જુદાં સાધનો સાથેની સરખામણી જુઓ :

કેટલીક જીભો કાતરનું **કામ કરે**, કેટલીક સોયની ગરજ **સારે છે**, કેટલીક નેતરની સોટીનો **ખ્યાલ આપે છે.**

રેખાંકિત ક્રિયાપદો એકસરખાં આપ્યાં હોત તો દરેક સાધનની કાર્યસાધકતા એકસરખી બની રહેત.

## શિક્ષક પ્રવૃત્તિ

- જીભ વિશે (જીભનાં વિવિધ કાર્યો વિશે) ડિબેટનું આયોજન કરો.
- શરીરનાં વિવિધ અંગોનાં પ્રત્યક્ષ કાર્યો અને પ્રચ્છન્ન કાર્યો સમજો.
- 'હાસ્ય', 'વિનોદ', 'કટાક્ષ'- વગેરેનું જીવનમાં સ્થાન સમજાવો.
- જીભની જેમ વિદ્યાર્થીને 'કાન', 'આંખ', 'અંગૂઠા'-વગેરે વિશે હાસ્યપૂર્ણ નિબંધ લખતાં શીખવો.

•

# 11 સીમ અને ઘર

**ઉમાશંકર જોશી**

**(જન્મ : 21-7-1911; અવસાન : 19-12-1988)**

ઉમાશંકર જેઠાલાલ જોશી 'વાસુકિ'નો જન્મ ઉત્તર ગુજરાતના ઈડર પાસેના બામણા ગામમાં થયો હતો. તેઓ સમર્થ કવિ, વિવેચક, સંશોધક, અનુવાદક તેમજ સંપાદક તરીકે વિશેષ જાણીતા છે. તેમણે પ્રવાસ, વાર્તા, એકાંકી તેમજ નવલકથા ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર' તેમજ 'સપ્તપદી', જેવા કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. એ સંગ્રહોમાંની તમામ કવિતા 'સમગ્ર કવિતા' રૂપે પ્રગટ થઈ છે. સંવાદકાવ્ય તથા પદ્યનાટક જેવા કાવ્યપ્રકારોમાં એમનું વિશેષ પ્રદાન રહ્યું છે. નિરૂપણ રીતિ તેમજ છંદોલયની વિવિધ તરાહો એમનાં કાવ્યોમાં જોવા મળે છે. પ્રકૃતિનું રમ્ય-રૌદ્ર સૌંદર્ય, માનવપ્રેમ, વિશ્વશાંતિ તેમજ ધર્મસંસ્કૃતિ જેવા જીવનના ગહન-ગંભીર વિષયોનું દર્શન એમનાં કાવ્યોમાં પ્રગટ થતું રહ્યું છે. 'સંસ્કૃતિ' માસિકના તેઓ તંત્રી હતા. 'સંસ્કૃતિ' દ્વારા તેમણે સાહિત્ય, શિક્ષણ તેમજ પ્રજાના સંસ્કારજીવન સતત ચિંતા અને ચિંતન કર્યાં છે. 'પુરાણોમાં ગુજરાત' તેમજ 'અખો : એક અધ્યયન' એમના મહત્ત્વના સંશોધનગ્રંથો છે. 'સમસંવેદન', 'શૈલી અને સ્વરૂપ', 'કવિની સાધના', 'શ્રી અને સૌરભ', 'કવિની શ્રદ્ધા' એમના વિવેચન ગ્રંથો છે. 'અંદામાનમાં ટહુક્યા મોર', 'યુરોપયાત્રા', 'ચીનમાં ૫૪ દિવસ', 'યાત્રી' એમનાં પ્રવાસ અંગેનાં પુસ્તકો છે. 'હૃદયમાં પડેલી છબીઓ'ના બે ભાગ, 'ઈશામુ શિદા અને અન્ય' એમનાં ચરિત્રાત્મક લખાણોનાં પુસ્તકો છે. 'નિશીથ' કાવ્યગ્રંથ માટે, 1967ના વર્ષનો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર કન્નડ કવિ પુટપ્પા સાથે સંયુક્ત રીતે મળ્યો હતો. ભાષાસાહિત્યના અધ્યાપકથી લઈને ગુજ. યુનિ.ના કુલપતિ, રાજ્યસભાના સભ્ય, સાહિત્ય અકાદમી દિલ્લીના અધ્યક્ષ તેમજ 'વિશ્વભારતી'ના કુલપતિ તરીકે તેમણે સેવાઓ આપી હતી.

'સીમ અને ઘર' કવિ ઉમાશંકર જોશીની શેક્સપિયરશાઈ સૉનેટની ઉત્તમ પ્રકારની રચના છે. સીમમાં ચરીને ઘરે પાછી ફરેલી ગાયોનાં આંચળ જ્યારે વાછરડાંના મુખમાં આવે છે ત્યારે આખી લીલીછમ સીમનું સત્ત્વ પેલા વાછરડાને ધાવણમાં મળતું હોવાની કલ્પના કવિ કરે છે. કવિની કલ્પના જ એટલી સત્ત્વશીલ છે કે કૃતિમાં આપોઆપ સૌંદર્ય નિખરી ઊઠે છે, પરિણામે આ સૉનેટ આસ્વાદ્ય બની રહે છે. 14 પંક્તિની આ રચના, લય અને છંદ ધ્યાનાકર્ષક છે. આ સૉનેટમાં સર્જકના અંતરમાં ચાલતાં મનોમંથનો અદ્ભુત રીતે પ્રગટ્યાં છે. તેમનાં મનોમંથનો અને અનુભવની ફલશ્રુતિ- તો અસ્તિત્વનો છલોછલ અમૃતકુંભ પ્રાપ્ત કરવામાં છે. સૉનેટનાં વિષયવસ્તુને યથાર્થ રીતે પ્રગટ કરવામાં કવિએ સાધેલો પ્રકૃતિનો સમુચિત વિનિયોગ તેમજ ભાવાનુરૂપ છંદોવિધાન આસ્વાદ્ય છે.

---

હજીય લીલીછમ સીમ બાકી,
કેમે ન ખૂટે, ભરપેટ ખાધી.
અલોપ થાશે હમણાં નિશામાં,
ચાલ્યાં ધણો સૌ ઘરની દિશામાં.

બપોરવેળા વડલા તળે ત્યાં,
વાગોળતાં, ઝોકુંય ખાઈ લેતાં,
અસીમ સી શાંતિ હસી રહી હતી,
નસે નસે સીમ ધસી રહી હતી.

ઘરે ગમાણે બમણે બગાઈઓ,
ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ,
અંધારું આંખે મહીં મેંશ ઘૂંટે,
બંધાઈ, જૈને ઘડી માંહીં ખૂંટે,

જ્યાં આંચળોમાં મુખ નાખ્યું વાછરડે,
સારીયે તે સીમનું હીર ત્યાં દડે.

**'સમગ્ર કવિતા'માંથી**

## શબ્દાર્થ

**સીમ** ખેતર કે ગામની હદ, તે ભાગની જમીન **ધણ** ગાયોનું ટોળું **ધસી** જોશથી આગળ વધી **ગમાણ** ઢોરને નીરણ નીરવા માટે બાંધેલી જગ્યા **બમણે** બણબણે **બગાઈ** ઢોર ઉપર બેસતી એક જાતની માખ **મેશ** કાજળ **હીર** સત્ત્વ, દૈવત

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ધણ ક્યારે ઘર તરફ જાય છે?

(2) ધણ બપોરે શું કરે છે?

(3) વાછરડું આંચળમાં મુખ નાખે છે ત્યારે શું થાય છે?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) 'ધણની નસેનસમાં સીમ ધસી રહી છે' - તેમ કવિ શા માટે કહે છે?

(2) ગમાણે બાંધેલી ગાયનું વર્ણન કરો.

(3) સૉનેટની છેવટની બે પંક્તિઓનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

(4) 'સીમ અને ઘર' એ આપણે જીવંતચિત્ર જોતાં હોઈએ, તેવું સૉનેટ છે. -આ વિધાનની સાર્થકતા સિદ્ધ કરો.

(5) 'સીમ અને ઘર'નું કથાવસ્તુ તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- ઉમાશંકર જોશીનો જીવનપરિચય મેળવો.
- તમારા પ્રદેશમાં બોલાતા પ્રાદેશિક શબ્દોની યાદી બનાવી તેમના અર્થો મેળવો.

## ભાષા-અભિવ્યક્તિ

આ સૉનેટમાં સીમનું વર્ણન પ્રથમ બે ચતુષ્કમાં છે અને છેલ્લા ચતુષ્કમાં ઘરનું. ચાર પંક્તિના ત્રણ અને બે પંક્તિનું એક એવા પંક્તિ વિભાજનવાળું આ કાવ્ય શેકસપિરિયન સૉનેટ છે. ચારેય ખંડકમાં અનુક્રમે રૂપમેળ છંદ એવા ઈન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, ઈન્દ્રવજ્રા અને વંશસ્થ છંદનો ઉપયોગ કર્યો છે.

પ્રથમ બે ચતુષ્કમાં 'ઈ'કારાન્ત વર્ણન અને ત્રીજામાં મૂર્ધન્ય વર્ણોનું વર્ણન ધ્યાન દોરે છે.

હાઈકુમાં જેમ માત્ર સત્તર અક્ષરમાં ઘણી મોટી વાત કહેવાય છે તેમજ આ કવિતાની છેલ્લી પંક્તિમાં સમગ્ર કવિતાનું હીર પાથરી આપ્યું છે. જેમ ગાયના આંચળમાંથી વાછરડાના મુખમાં જતું દૂધ એ આખીયે સીમનું હીર-નવનીત-છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- સૉનેટ સ્વરૂપનો પરિચય આપો.
- 'ધણ', 'પાદર', 'વાગોળવું ', 'ગમાણ', 'હીર' વગેરે શબ્દો સમજાવો. આ પ્રકારના શબ્દોની સાંસ્કૃતિક ભૂમિકા સ્પષ્ટ કરો. અન્ય ખેતીવિષયક  તળપદા શબ્દોનો પરિચય કરાવો.
- 'ગ્રામપરિવેશ' વિશે ચર્ચા કરો. વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરો.
- ગૌમાતા પ્રત્યે શ્રદ્ધા, પ્રકૃતિ પ્રત્યે આદર અને માતૃવાત્સલ્ય - એમ ત્રિમાતાને વંદન કરવાનો ભાવ સ્પષ્ટ કરો.
- ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી કરો.

•

# 12 પ્રસંગદીપ

**ભરત ભટ્ટ**
**(જન્મ : 07-10-1940)**

ભરત નાનાભાઈ ભટ્ટનો જન્મ ભાવનગરમાં થયો હતો. તેમણે ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા, લોકભારતી સણોસરા, ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ તથા સૌરાષ્ટ્ર યુનિ. ભાવનગરમાં અભ્યાસ કર્યો છે. તેઓ સ્નાતક, એમ.એ. ગુજરાતી-હિન્દી તથા ઇતિહાસ વિષયમાં થયા છે. તેમણે ઘરશાળા-ભાવનગર, વળિયા કૉલેજ-ભાવનગર તથા લોકભારતી મહાવિદ્યાલય-સણોસરામાં ગુજરાતી-ઇતિહાસના અધ્યાપક તરીકે કામ કર્યું છે. તેઓ ઈ. સ. 2000માં નિવૃત્ત થઈને હાલ અમદાવાદમાં સ્થાયી થયા છે.

તેઓ સાહિત્ય, ઇતિહાસ, રમત-ગમત, ભૂગોળ, કેળવણી, પ્રવાસ અને અધ્યાત્મસાહિત્ય પર લેખન કરતા રહ્યા છે . તેમણે કુલ પચીસેક પુસ્તકો આપ્યાં છે.

તેમના પુસ્તક 'આનંદ મંગલ લોકે'ને 2009નો ગુ. સા. અકાદમીનો પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

વિદ્યાર્થીનું માનસ હંમેશાં કલ્પનાશીલ હોય છે, એમાંય વિદ્યાર્થીઓનું જૂથ એકત્ર થાય પછી તો પૂછવું જ શું? નિત-નવા પ્રશ્નો, કલ્પનાઓ તેમના મનમાં ન જાગે તો જ નવાઈ !

અહીં દક્ષિણામૂર્તિ-ભાવનગર સંસ્થામાં વિદ્યાર્થીઓના ચિત્તે આકાર લેતી કલ્પનાઓ અને પ્રયોગોનું એક ઉત્તમ અધ્યાપકની અદાથી નાનાભાઈએ કરેલું નિરાકરણ પ્રેરણાપ્રદ છે. પ્રશ્નોને દબાવી દેવાથી પ્રશ્નોનું નિર્મૂલન થતું નથી. અનુભવી દ્રષ્ટા, ઉત્તમ શિક્ષક અને કેળવણીકારના વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારનું અહીં નિરૂપણ છે. આ પ્રસંગો આશરે ઈ. સ. 1925 આજુબાજુના છે. 'નાનાભાઈ ભટ્ટ : પ્રસંગદીપ'માંથી આ પ્રસંગો લીધા છે.

---

## 1. તોફાનદિન : કેળવણીનું ઊર્મિકાવ્ય

આજે દક્ષિણામૂર્તિમાં ધમાલ ચાલી રહી છે. વિદ્યાર્થીઓ અનેરા ઉત્સાહથી કશાકની તૈયારી કરી રહ્યા છે.

વાત એમ છે કે થોડા દિવસ પહેલાં કેટલાક વિદ્યાર્થીઓ નાનાભાઈ પાસે જઈને કહે, ''નાનાભાઈ, આપણે ઘણા 'દિન' ઊજવીએ છીએ. સફાઈદિન, સ્વાવલંબનદિન, વિનયદિન, સ્વયંશિક્ષણદિન વગેરે તો પછી આપણે એક દિવસ તોફાનદિન ઊજવીએ તો ?''

નાનાભાઈ કોઈ પણ બાબતનું મૂળ તરત પારખી શકતા. કોઈ પણ વાત ક્યાં પહોંચશે; શું પરિણામ લાવશે; કેવી રીતે તેને વળાંક આપી શકાશે વગેરે બધું તેઓ તરત જોઈ શકતા. વિદ્યાર્થીઓના આ સૂચનમાં રહેલી બધી શક્યતાઓને પારખી લઈ નાનાભાઈ હસીને કહે, ''જરૂર ઊજવીએ.''

''તોફાનદિનને દિવસે બધાંને કોઈ પણ તોફાન કરવાની છૂટ એમ જ ને? ''વિદ્યાર્થીઓએ પૂછ્યું.

''હા, એમ જ '' નાનાભાઈએ શાંતિથી કહ્યું.

''રસોડામાં જઈને દહીં-ખાંડ ખાઈ જવાનાં, કેવી મજા!'' એક વિદ્યાર્થીએ ગેલમાં આવી જઈ કહ્યું.

''કોઠારમાંથી ઘી-ગોળ ખાવાનાં!'' બીજા વિદ્યાર્થીએ હોઠ પર જીભ ફેરવતાં કહ્યું.

''તોફાન એટલે તોફાન. આ બધું જ તોફાનમાં આવી શકે અને તોફાનદિને તેમ કરી શકાય,'' નાનાભાઈએ ગાંભીર્ય ધારણ કરીને કહ્યું.

છોકરાઓ તો નાનાભાઈની આ સંમતિથી ખુશ ખુશ થઈ ગયા. પૂછ્યું, 'નાનાભાઈ' તો અમે તોફાનદિનની તૈયારી કરીએ ને ?''

''હા, તમે આયોજન કરવા લાગો, પરંતુ હું તેમાં ભાગ લઉં તો તમને ગમશે ને?'' ચોરની ભેગો ઘરધણી ભળી જવાનો ઢોંગ કરે તેવી અદાથી નાનાભાઈએ કહ્યું.

''તમે પણ જોડાશો! તો તો બહુ મજા પડશે. તમે જરૂર ભાગ લો.'' છોકરાઓ ઠેકડા મારતા બોલ્યા અને છૂટા પડીને તેમની રીતે તોફાનદિનનું આયોજન કરવા લાગ્યા.

તોફાનદિનનો દિવસ નક્કી થયો અને તેની જાહેરાત થઈ એ પછી નાનાભાઈએ તોફાનદિનની આગેવાન મંડળીમાં ન હોય તેવા પાંચ-સાત વિદ્યાર્થીઓને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, ''જુઓ, આપણે તોફાનદિન ઊજવવો છે ને તેમાં હું તમને મારી સાથે રાખવા માગું છું.''

નાનાભાઈ પોતાની સાથે રહેશે અને તોફાનદિનમાં ભાગ લેશે તે જાણીને છોકરાઓ  તો રાજી થઈ તાળી પાડવા લાગ્યા.

''જુઓ, બિલકુલ અવાજ નહીં થવો જોઈએ. આપણા આયોજનની કોઈને ખબર પડશે તો તોફાનમાં મજા નહીં રહે. આપણે બધું ખાનગીમાં અને ચૂપચાપ કરીશું.'' નાનાભાઈએ સુકાની તરીકે શિસ્તનો પાઠ આપ્યો. બધા એકદમ ડાહ્યા-ચૂપ થઈ ગયા.

''નાનાભાઈ, આપણે કેવાં કેવાં તોફાનો કરીશું?'' એક-બે જણાએ ધીરેથી પૂછ્યું.

નાનાભાઈએ એક કાગળ લઈને આપ્યો. ''લો કાગળ, બનાવો યાદી, ચાલો, હું એક તોફાન સૂચવું : પ્રવીણ (આ નામો કાલ્પનિક છે)ની બેગમાં જે નવા સૂટ પડ્યા છે તેને કાતર મૂકવી.'' નાનાભાઈએ તોફાનદિનના એક આગેવાનને, તેનો કપડાંનો શોખ ધ્યાનમાં લઈ સકંજામાં લીધો.

''વાહ, વાહ, નાનાભાઈ સરસ સૂચવ્યું તમે.'' બધાં આનંદમાં આવી ગયાં અને તેઓના હાથ તાળી પાડતાં જરામાં રહી ગયા ! તેઓને તોફાનની દિશા મળી ગઈ. યાદીમાં ઉપરનું લખાણ છે ત્યાં બીજા આગેવાનને સંભારતા નાનાભાઈ કહે, ''લખો, ગિરીશની બાબરીમાં રાત્રે કાતર ચલાવવી.''

પટિયાના શોખીન ગિરીશની હાલત કલ્પી સૌ મોં મલકાવે છે ત્યાં એક વિદ્યાર્થીએ ત્રીજું નામ દઈને કહ્યું, ''મહેન્દ્રનું ટાંકું તોડી તેમાં કરેલું સુશોભન બગાડી નાખવું.''

''જુઓ, હવે તમે સૌ તમારી રીતે યાદી વધારતા જજો અને મને મળતા રહેજો. દરેક તોફાન માટે જરૂરી વસ્તુઓ પણ ભેગી કરજો અને હા, કોઈને ગંધ સુધ્ધાં ન આવવી જોઈએ, નહીંતર મજા મારી જશે.'' એક કાબેલ શતરંજ ખેલાડીની અદાથી નાનાભાઈ પોતાની ચાલનાં પરિણામોનાં પૂર્વાનુમાન સમજી લઈ જાણે અલિપ્ત બની ગયા!

ગયેલા છોકરાઓ કાંઈ મૂંગા રહી શકે? તરત વાત ફેલાઈ ગઈ ને પ્રવીણ, ગિરીશ, મહેન્દ્ર આવ્યા નાનાભાઈ પાસે.

''નાનાભાઈ, કોઈની બેગમાંથી નવાં કપડાં કાઢીને તેને કાતર મુકાય?''નાનાભાઈએ ધાર્યો હતો તેવો જ પ્રશ્ન પ્રવીણે પૂછ્યો.

''કોઈક એવું તોફાન કરે તો આપણાથી ના કેમ પડાય?''નાનાભાઈએ ઠંડે કલેજે કહ્યું.

''પણ તો તો નાનાભાઈ અમને કેટલું બધું નુકસાન જાય?''

''નુકસાન તો જાય જ ને? આ તો તોફાનદિન છે. રસોડામાં પણ ગોળ, ખાંડનું નુકસાન થશે ને?'' નાનાભાઈ ગંતવ્ય તરફ આગળ વધતા બોલ્યા.

''પણ એ તો સંસ્થાને નુકસાન થયું કહેવાય, જ્યારે આ તો વિદ્યાર્થીઓને નુકસાન જાય.'' વિદ્યાર્થી ભેદ બતાવવા બોલ્યો પણ વાક્ય પૂરું કરતાં જરા ધીમો પડી ગયો.

''તો, તો તોફાનદિનમાં માત્ર સંસ્થાને નુકસાન થાય એ જ તોફાન આવે એમને?'' નાનાભાઈએ વેધકતાથી પૂછ્યું. ''જેમ સંસ્થાને નુકસાન થાય તેમ તમને પણ નુકસાન થાય ને મને પણ નુકસાન થાય. તોફાનદિન તો બધાને સરખો જ લાગુ પડે ને? બોલો, એવો તોફાનદિન ઊજવવો છે ને?'' નાનાભાઈએ ઉમેર્યું.

કોઈ શું બોલે? અંદર ગુસપુસ અને હા-ના થવા લાગ્યાં.

''જુઓ, અહીં અંદરોઅંદર વાદ-વિવાદ ન કરો. બધા જ વિદ્યાર્થીઓને ભેગા કરો. તોફાનદિન રાખવો કે નહીં તે આપણે સૌ સાથે મળીને નક્કી કરીએ,'' નાનાભાઈએ કહ્યું.

બધા નાનાભાઈની હાજરીમાં મળ્યા અને પોતે જેને આકર્ષક અને લાભપ્રદ કાર્યક્રમ માનતા હતા તેની પર ગંભીરતાથી ચર્ચા-વિચારણા કરી. જેઓ તોફાનદિનની મધુર કલ્પનાના સર્જન માટેનું ફળદ્રુપ ભેજું ધરાવતા હતા તેઓએ જ આ સભામાં ''તોફાનદિન બંધ છે'' તેમ જાહેર કર્યું.

શતરંજ કહો, નાટક કહો, યુદ્ધ કહો જે કહો તે પણ તેના ખેલનારા જુદા હતા ને તેને ખેલવનારા દૂર અદૃશ્ય, અલગ હતા. નાનાભાઈએ આમ યુવાકેળવણીની એક અદ્‌ભુત ચાલ ચાલી બતાવી.

## 2. દક્ષિણામૂર્તિના ઉત્તરકુમારો

વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, મને લાગે છે કે કવિ સાથે જ સરખાવી શકાય. એક વાર દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આવા પ્રખર ''કાલ્પનિકો'' નાનાભાઈને કહે, ''નાનાભાઈ, તમે સંસ્થામાં વિદ્યાર્થી-સ્વરાજની વાત કરો છો ને સ્વયંશિક્ષણદિનનું મહત્ત્વ સમજાવો છો તો સંસ્થા ચલાવવાનું અમને વિદ્યાર્થીઓને સોંપો તો?''

''હા, તમે સંસ્થા ચલાવો એથી રૂડું શું? કાલે તમે ઑફિસમાં મને મળો એટલે આપણે બધી વિચારણા-ગોઠવણ કરી લઈએ.'' નાનાભાઈએ તરત સંમતિ આપતાં કહ્યું.

વિરાટ રાજાનો કુંવર ઉત્તરકુમાર જેવી તૈયારી સાથે કૌરવસેનાને હરાવવા અને ગોવાળોની ગાયો છોડાવવા નીકળી પડ્યો હતો તેવી જ તૈયારી સાથે બીજે દિવસે વિદ્યાર્થીઓ નાનાભાઈને તેમની ઑફિસમાં મળવા ગયા.

પ્રતિનિધિઓ ઑફિસમાં પહોંચ્યા એટલે નાનાભાઈ કહે, ''આવી ગયા? ચાલો, મેં બધું તૈયાર જ રાખ્યું છે. તમે સંસ્થા સંભાળો છો ના?''

''અમે તો સંભાળવા તૈયાર જ છીએ. તમને શું લાગે છે?'' વિદ્યાર્થીઓએ પૂછ્યું.

''મને તો બરાબર લાગે છે. તમે સંસ્થા સંભાળો, અમારે એટલી ચિંતા ઓછી.'' નાનાભાઈ બોલ્યા!

''તો હવે તમે અમને સોંપો અને સમજાવો.''

''જુઓ, પહેલાં તમે નક્કી કરી નાખો કે તમારામાંથી નિયામક કોણ થશે એટલે હું તેને બધું સોંપી દઉં, પછી હિસાબનીશ કોણ થશે, મકાન બાંધકામનું કોણ સંભાળશે, પ્રકાશન વિભાગને કોણ સંભાળશે, મુખ્ય ગૃહપતિ કોણ થશે વગેરે પણ તમે નક્કી કરી નાખો.'' નાની લાગતી સંસ્થાના વિરાટદર્શનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ.

વાત આગળ ચાલી, ''તમે સરવૈયું અને સિલક તપાસી લો. પગારની તારીખ નજીક આવે છે તેથી, પૈસા છે કે નહીં તે જાણી લ્યો. પગાર માટે તેમજ બીજાં કામો માટે ખૂટતી રકમ ક્યાંથી મેળવવી તે વિચારી લો.''

'' તે, નાનાભાઈ, અમે પૈસાની વ્યવસ્થા તો ક્યાંથી કરીએ?'' વિદ્યાર્થીઓના પગ જરા ઢીલા થયા.

''મેં સંસ્થા શરૂ કરી ત્યારે અને આજે પણ મારા વડીલો-મિત્રોની મદદથી બધું ચાલ્યું છે. તમે તમારા વડીલો-મિત્રોને લખો !'' નાનાભાઈ સાવ ભોળા બની જઈ બોલ્યા.

''વડીલો-મિત્રો, કાંઈ અમને પૈસા આપે?''

''તો બીજેથી મેળવો. સંસ્થા ચલાવવા પૈસા તો જોઈશે ના?''

''નાનાભાઈ, એમ કરીએ. નિયામક તમે જ રહો ને પૈસા લાવવાની જવાબદારી તમારી. બાકી બધું અમે સંભાળીશું.'' એક ચતુર વિદ્યાર્થીએ રસ્તો કાઢ્યો.

''તમે કહેશો તો હું નિયામક થઈશ પણ પછી સંસ્થા મેં જ ચલાવી કહેવાશે, તમે ચલાવી નહીં કહેવાય. મારા કહેવા પ્રમાણે જ બધું ચાલશે એવું થશે.'' નાનાભાઈએ વાસ્તવિકતા જણાવી.

ઘડીક મૂંગા થઈ વિદ્યાર્થીઓ કહે, '' સંસ્થા ચલાવવા તૈયાર છીએ પણ પૈસા લાવવાનું તો અમે કેવી રીતે કરીએ? ''

''ત્યારે એ તો જે બધી ચિંતા કરી શકે તે સંસ્થા ચલાવી શકે. સંસ્થા ચલાવવી એટલે કાંઈ તમે ભાજી-મૂળા માનો છો? બોલો, તમે સંસ્થા સંભાળો છો ને?'' નાનાભાઈએ જરા કડક અવાજે કહ્યું.

ઘડીક ઊભા રહી, સંકોચ પામતા, નજર ચુકાવતા વિદ્યાર્થીઓ ઑફિસની બહાર નીકળી ગયા.

### શબ્દાર્થ

**ગાંભીર્ય** ગંભીરતા **સકંજામાં** પકડમાં **બાબરી; પટિયા** વિશિષ્ટ રીતે વાળ ઓળવાની રીત **ટાંકું (અહીં)** વિદ્યાર્થી-સામગ્રી મૂકવા માટેનું નાનું ખાનું **કાબેલ** બાહોશ, હોશિયાર **ગંતવ્ય** નિર્ધારિત લક્ષ; (અહીં) નાનાભાઈનો હેતુ **વેધકતા** તીવ્રતા, અસરકારકતા **લાભપ્રદ** ફાયદાકારક **પ્રખર** વિદ્વાન; (અહીં) વિશિષ્ટ **નિયામક** નિયમન કરનાર; સંસ્થાના વડા **પ્રકાશન** પ્રકાશિત કરવાનું કાર્ય; જાહેરમાં મૂકવાનું કાર્ય કરવું **સરવૈયું** નફા-ખોટનો હિસાબ **સિલક** બાકી વધેલી રકમ

### રૂઢિપ્રયોગ

**ચાલ ચાલવી** યુક્તિ પ્રમાણે અમલ કરવો **ભાજીમૂળા માનવા** વાતને સરળ જાણવી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) આજે સંસ્થા-શાળાઓમાં કયા કયા દિવસોની ઉજવણી કરવામાં આવે છે?

(2) દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ કયા દિવસની ઉજવણી કરવા થનગની રહ્યા હતા?

(3) સંસ્થા ચલાવવા બાબતે વિદ્યાર્થીઓની વાતનો નાનાભાઈએ શો પ્રત્યુત્તર આપ્યો?

(4) સંસ્થા ચલાવવા તૈયાર વિદ્યાર્થીઓએ અંતે શું કર્યું?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) તોફાનદિનની ઉજવણી કરવાની હા કહ્યા પછી નાનાભાઈએ પ્રથમ શું કર્યું ? શા માટે ?

(2) તોફાનદિનની આગેવાન મંડળીએ રજૂ કરેલી ચિંતાનો નાનાભાઈએ શો ઉત્તર આપ્યો ?

(3) સંસ્થામાં કયા કયા વિભાગો ચલાવવાના હોય છે ? ટૂંકી યાદી આપો.

(4) સંસ્થા ચલાવવા માટે પૈસાની વ્યવસ્થા સંદર્ભે નાનાભાઈએ વિદ્યાર્થીઓને શી સલાહ આપી ?

**3. સવિસ્તર ઉત્તર લખો :**

(1) તોફાનદિનની ઉજવણી અને સંસ્થા ચલાવવાની કામગીરીનો વિચાર આખરે વિદ્યાર્થીઓએ જ શા માટે બંધ રાખ્યો?

(2) આ બંને પ્રસંગો દ્વારા નાનાભાઈનો હેતુ વિદ્યાર્થીઓને શો–શો સંદેશ આપવાનો હતો ?

(3) વિદ્યાર્થીઓનાં મનમાં ઊભા થતા પ્રશ્નોનું નિરાકરણ લાવવાની નાનાભાઈની રીત તમને કેવી લાગી ? શા માટે ?

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમારી શાળામાં 'તોફાનદિન'નું આયોજન કરવું હોય તો તેની રૂપરેખા તૈયાર કરવા માટે વર્ગમાં ચર્ચાસભા ગોઠવો.
- 'નાનાભાઈ ભટ્ટ : પ્રસંગદીપ' મેળવી તેમના જીવનના અન્ય પ્રસંગો પ્રાર્થના-સંમેલનમાં વાંચો.
- તમારા કોઈ મિત્ર પાસેથી નિવાસી સંસ્થાની દિનચર્યા વિશે જાણકારી પ્રાપ્ત કરો.

## ભાષા-અભિવ્યક્તિ

આ બંને પ્રસંગોમાં રહેલાં વાક્યોને તપાસો. લેખકે આ પ્રસંગોમાં રહેલી વાતને સંવાદોમાં મૂકીને રજૂ કરી છે. લેખક પોતે હકીકતને વર્ણવે એવું પણ થઈ શકે પણ વિદ્યાર્થીઓ સાથે નાનાભાઈએ કરેલી વાતોને લેખકે સંવાદોમાં મૂકીને વાચકની પ્રીતિને વધારી છે.

સંવાદમાં રહેલાં ટૂંકાં વાક્યોમાં વિદ્યાર્થીઓનો નાનાભાઈ તરફનો વિવેક અને નાનાભાઈની વિદ્યાર્થીઓ તરફની કેળવણીલક્ષી ધીરજનાં દર્શન થાય છે.

કોઈ પણ અઘરી અને મુશ્કેલરૂપ બાબતને ટૂંકાં વાક્યોમાં રજૂ કરવાથી પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સરળતા રહે છે; આ વ્યવહારુ બાબતને આચરવાનો બોધ પણ આ લેખનશૈલીમાંથી આડકતરી રીતે મળી રહે છે.

'તોફાન એટલે તોફાન. આ બધું જ તોફાનમાં આવી શકે; અને તોફાનદિને તેમ કરી શકાય.'

આ વાક્યોને આ રીતે કહેવામાં આવે તો-

'તોફાનદિને તમને બધાં જ તોફાનો કરવાની છૂટ છે, જાઓ!'

આમ કહેવાય તો હકીકત અકબંધ રહે છે પણ કેળવણીવ્યવહાર જોખમાય છે, જે નવા પ્રશ્નો વિદ્યાર્થીના માનસમાં છોડી જાય છે. ટૂંકમાં પ્રસંગાનુરૂપ લેખનરીતિ અહીં ઉત્તમ રીતે આલેખાઈ છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- તમે કોઈ સારા કાર્ય માટે, કશુંક મેળવવા માટે, કેવી રીતે તમે વાતચીત કરશો એના મુદ્દા લખો.
- તમારી નજીક આવેલી કોઈપણ સંસ્થાની માહિતી મેળવો/ મુલાકાત લેવડાવો.
- " સંસ્થા ચલાવવી એટલે કાંઈ તમે ભાજી-મૂળા માનો છો ? ''- આ વિધાન સમજાવો.

•

## વ્યાકરણ અને લેખન

# એકમ - 3 : વાક્યવિષયક સજ્જતા

આપણે જોયું કે વાક્યની અસરકારકતા તેના શબ્દો પર રહેલી હોય છે. શબ્દોની પસંદગી જેટલી યોગ્ય હોય એટલું તેનું અર્થગ્રહણ સારું અને સચોટ થાય પણ એ શબ્દોને ગમે તે રીતે વાક્યમાં ગોઠવી દેવાથી વાક્ય બનતું નથી. શબ્દોની યોગ્ય પસંદગી, શબ્દોનો યોગ્ય ક્રમ, વિભક્તિના પ્રત્યયો (અનુગો), નામયોગીઓ, નિપાતો, વિરામચિહ્નો - આ બધું જ સમજપૂર્વક યોગ્ય સ્થાને મૂકવાથી વાક્ય સચોટ અભિવ્યક્તિક્ષમ બને છે. આવું વાક્ય વક્તા કે લેખકના કહેવાના- સમજાવવાના-અર્થને બરાબર સ્ફુટ કરે છે.

**■ શબ્દ અને પદ :**

(1) હું બાર વરસ ઊતર તેર વરસ બેસ

(2) બા આંખો શ્રાવણ-ભાદરવો વરસ હોવું

(3) હું ગજવું પાંચીકા થેલી પકડ

--આ ત્રણેય પંક્તિઓ તપાસો, તેમાં શબ્દો પણ સારા છે. શબ્દોને ક્રમમાં પણ ગોઠવેલા છે પણ એક શબ્દનો બીજા શબ્દો સાથેનો સંબંધ સ્થાપિત થયો નથી. આમ તે વાક્યો બની શક્યાં નથી. તેને વિભક્તિના પ્રત્યયો (અનુગો) લગાડીને શબ્દો સાથેનો આંતરસંબંધ નિશ્ચિત કરી આપવો પડે છે. એમ ન થાય ત્યાં સુધી એ માત્ર શબ્દો જ છે; પદો નથી. કોઈ શબ્દ અન્ય શબ્દો સાથે પોતાનો સંબંધ નિશ્ચિત કરે પછી જ તે 'પદ' તરીકે ઓળખાય છે. 'અમૃતા' કૃતિમાં ઉપરના શબ્દો પરથી લેખકે આ મુજબ વાક્યો રચ્યાં છે :

(1) મ**ને** બાર**મું** વરસ ઊતરીને તેર**મું** બેઠું.

(2) બા**ની** આંખો**માંથી** શ્રાવણ-ભાદરવો વરસતા હતા.

(3) મારા ગજવા**માં** પાંચીકા**ની** થેલી પડી છે.

અહીં ઘાટા અક્ષરો એ પ્રત્યયો છે. તેના દ્વારા શબ્દોનો આંતરસંબંધ સુનિશ્ચિત થયો છે. હવે એ ત્રણેય વાક્યો છે અને તેના બધા જ શબ્દો એ ' પદો' છે તેમ કહેવાય, ખરું ને ?

**● વાક્યમાં શબ્દસંબંધ અને પદોની સંખ્યા :**

સૌપ્રથમ શબ્દ પસંદ થાય, પ્રત્યયો, અનુગો વગેરે દ્વારા તે પદ બને અને પદોની વ્યવસ્થિત ગોઠવણીથી વાક્ય બને છે. માત્ર 'શબ્દ' એ 'અર્થતત્ત્વ' તરીકે ઓળખાય છે. તે એક ચોક્કસ અને સંદર્ભગત અર્થ ધારણ કરે છે. શબ્દમાંથી તે 'પદ'નો દરજ્જો ધારણ કરે છે. એક પદનો બીજા પદ સાથેનો સંબંધ સ્થપાય છે, તેનો વ્યાકરણીય મોભો(નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, નિપાત, ક્રિયાપદ વગેરે) નિશ્ચિત થાય છે ત્યારે તે 'સંબંધતત્ત્વ' તરીકે ઓળખાય છે.

ટૂંકમાં, વિચાર-ભાવને અભિવ્યક્ત કરવાનો નાનામાં નાનો પણ સ્વયં રીતે પૂર્ણ હોય તેવો ખંડ એટલે 'વાક્ય'. વાક્ય એ યોગ્ય ક્રમમાં ગોઠવેલાં પદોનો સમૂહ છે, તે પૂર્ણ અર્થ ધરાવે છે.

વાક્ય કેટલાં પદોનું હોય? વાક્યમાં કેટલાં પદો હોવાં એ મહત્ત્વનું નથી. તે એક પદનું પણ હોય અને વધારે પદોનું પણ હોય પણ તેનો અર્થ, વિચાર, ભાવપૂર્ણ હોવો જોઈએ. નાનકડું બાળક માત્ર 'ભૂ' બોલે છે. તે સાંભળનાર તેનો સંપૂર્ણ અર્થ પામી જાય છે. એટલે એ શબ્દને વાક્ય કહી શકાય. કોઈ કશાક કાર્યક્રમમાં પધારવાનું નિમંત્રણ આપીને આપણો જવાબ ઇચ્છે છે. આપણે તેનો એકાક્ષરી 'હા' કે 'ના' જવાબ આપીએ છીએ, ત્યારે આ બંને અક્ષરો પણ બે વાક્યોનો દરજ્જો પ્રાપ્ત કરે છે. 'હા, હું આપના કાર્યક્રમમાં આવીશ.' અથવા 'ના , હું આપને ત્યાં આવી શકીશ નહીં.' એમ પૂરા વાક્યનો અર્થ આપણે 'હા' અને

'ના'માં પામી જઈએ છીએ. આ પ્રમાણે એક અક્ષર કે શબ્દ પણ પૂરો અર્થ વ્યક્ત કરી શકે તો તે વાક્ય કહેવાય છે.

પણ 'આજે વરસાદ' એમ કોઈ બોલે તો તેમાં બે શબ્દો હોવા છતાંય તે વાક્ય બનતું નથી. આજે વરસાદ... પછી શું? કશો અર્થ-ભાવ સ્પષ્ટ થતો નથી. 'આજે વરસાદ બિલકુલ નથી પડવાનો'. કે 'આજે' વરસાદ ધોધમાર પડશે' -એમ જ્યારે કહેવાય છે ત્યારે તે પૂરો અર્થ-ભાવ રજૂ કરે છે, એટલે તે વાક્યો છે એમ કહેવાય.

**■ વાક્યનાં અંગો :**

વાક્ય એટલે પદોનો સમૂહ. એક જ વાક્યમાં અમુક પદોની ભૂમિકા એક પ્રકારની હોય છે. બીજાં પદોની ભૂમિકા વળી જુદી જ હોય છે. તેની કાર્યભૂમિકા પ્રમાણે તેનાં બે અંગો છે : ઉદ્દેશ્ય અને વિધેય.

વાક્યમાં 'જેના, વિશે કહેવામાં આવ્યું હોય તે શબ્દ કે વાક્યખંડને 'ઉદ્દેશ્ય (કર્તા)' કહેવાય. ઉદ્દેશ્ય (કર્તા) વિશે જે કંઈ કહેવામાં આવ્યું હોય તે વાક્યખંડને 'વિધેય' કહેવાય.

1. એક વૃદ્ધ ડોસો શહેરના મધ્યભાગમાં થઈને જતો હતો, (પોસ્ટઑફિસ)

   1 2

2. લોકો મીઠી નિદ્રામાં ઘોરતા હતા, (પોસ્ટઑફિસ)

   1 2

3. મારી નાની બહેનનું નામ તો અમૃતા, (અમૃતા)

   2 1

4. અનાજ પૂરતું મળે નહીં. (દાદાની દૃષ્ટાંતકથાઓ)

   1 2

ઉપરનાં વાક્યોમાં ખંડ-1 એ ઉદ્દેશ્ય ખંડો છે અને ખંડ-2 વિધેયખંડો છે. વાક્ય નં-1 માં 'વૃદ્ધ ડોસા' વિશે કહેવાયું છે. શું કહેવાયું છે ? કહ્યું છે કે- તે શહેરના મધ્યભાગમાં થઈને જતો હતો. માટે 'એક વૃદ્ધ ડોસો' એ ખંડ છે અને 'તેના વિશેની વાત' એ વિધેયખંડ છે.

વાક્યનં-3 માં 'અમૃતા' પદ વાક્યના ઉત્તરાર્ધમાં મૂકેલું છે પણ વાક્યમાં 'અમૃતા' વિશે કહેવાયું છે માટે તે ઉદ્દેશ્યખંડ છે અને 'તે મારી નાની બહેન' એ વિધેયખંડ છે. આમ, વાક્યનો પૂર્વખંડ તે જ હંમેશાં 'ઉદ્દેશ્યખંડ' હોય એમ નિશ્ચિત હોતું નથી. વાક્ય નં-4 માં 'અનાજ પૂરતું મળે નહીં'માં 'અનાજ' ખંડને આપણે ઉદ્દેશ્યખંડ કહી શકીએ. એ જ રીતે 'પૂરતું નહીં મળે' ખંડને આપણે વિધેયખંડ કહી શકીએ, પણ આ વાક્યની આગળ-પાછળનાં વાક્યોનો સંદર્ભ જોતાં અનાજ પૂરતું નથી મળતું એ રાધનપુર વિસ્તારની વાત છે પણ આ વાક્યમાં 'રાધનપુર વિસ્તાર' અધ્યાહૃત છે. પણ અન્ય વાક્યોના સંદર્ભ મુજબ 'રાધનપુર વિસ્તાર'ને આપણે ઉદ્દેશ્યખંડ ગણી શકીએ, એટલે ઘણી વખત વાક્યમાં અદૃશ્ય રહેલા કોઈ એક ખંડને સંદર્ભ વાક્યો દ્વારા સમજી શકાય છે.

**● ક્રિયાપદના આધારે વાક્યના પ્રકાર :**

જે પદ-પદો-સંપૂર્ણ અર્થ આપી શકે તે વાક્ય. વાક્યમાં મોટા ભાગે ક્રિયાપદ હોય જ- એમ આપણે સામાન્ય રીતે માનીએ-સમજીએ છીએ. એ દૃષ્ટિએ વાક્યના આપણે બે ભાગ પાડી શકીએ : ક્રિયાપદવાળાં વાક્યો અને ક્રિયાપદ વગરનાં વાક્યો.

નીચેનાં પદોને તપાસી જુઓ.

- હા.
- હે ભગવાન !
- તમારી પેન ક્યાં ?
- પારકે ભાણે મોટો લાડુ.
- મન ચંગા તો કથરોટમાં ગંગા.

દરેક પંક્તિ-ભલે તે એક અક્ષર કે શબ્દની હોય તોપણ તેનો અર્થ પૂર્ણ રીતે આપણને સમજાય છે. પૂરેપૂરો અર્થ સમજાય તે ખંડ એટલે જ વાક્ય. પણ એની બીજી  વિશેષતા તમે નોંધી હશે. એમાં ક્યાંય ક્રિયાપદ વપરાયું નથી. 'હા' એમ કહેવાથી સંદર્ભવાક્યો કે હકીકતની મદદથી તે શું સૂચવે છે તે સમજી શકાય છે. 'હે ભગવાન ! ' એ ઉદ્‌ગાર દ્વારા તેણે નિઃસાસો નાખ્યો છે કે આભાર માન્યો છે તે પણ સંદર્ભ વાક્યો દ્વારા સમજી શકાય છે. વળી, કહેવતોમાં તો ક્રિયાપદ મોટા ભાગે હોતું જ નથી, પણ તેનો અર્થ પામી શકાય છે.

ક્રિયાપદવાળાં વાક્યોથી તો આપણે સુપરિચિત છીએ જ.

• વાક્યમાં જ્યારે ક્રિયાપદ હોય ત્યારે તેમાં કર્તા-પદાર્થની બે પ્રકારની સ્થિતિ હોય છે : સ્થિર સ્થિતિ અને ગતિશીલ સ્થિતિ. સ્થિર સ્થિતિને 'અવસ્થા' કહેવાય છે અને ગતિશીલ-હલનચલન થતું હોય એવી સ્થિતિને ક્રિયા અથવા પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે.

1. આ કોચમૅન અલી ડોસા છે.      2. ભાવનગરમાં ગરમી ઓછી છે.

આ બંને વાક્યોમાં 'અલી ડોસા'ની અને 'ભાવનગરની ગરમી'ની 'અવસ્થા' રજૂ થઈ છે. એમાં ક્યાંય કોઈ પ્રકારની પ્રક્રિયા થતી નથી. માત્ર એક સ્થિતિનું-હકીકતનું બયાન રજૂ થયું છે.

ગતિશીલ સ્થિતિ બે પ્રકારની હોય છે :  ક્રિયા અને પ્રક્રિયા. ગતિશીલ સ્થિતિ ઉપર કર્તા-પદાર્થનો કાબૂ હોય તો એને 'ક્રિયા' કહેવાય, પણ ગતિશીલ સ્થિતિ ઉપર પદાર્થનો કાબૂ હોય જ નહીં તો એને 'પ્રક્રિયા' કહેવાય.  દા.ત. : 'પક્ષી ઊડ્યું', 'ઘોડો દોડ્યો', 'રમણલાલ હસ્યા' - આ ત્રણેય ક્રિયાઓ 'ઊડવું' 'દોડવું' અને હસવું' પર અનુક્રમે પક્ષી, ઘોડો અને રમણલાલ કાબૂ ધરાવે છે. પક્ષી ઊડવાનું, ઘોડો દોડવાનું અને રમણલાલ હસવાનું  પોતાની મરજીથી કરે છે. તેઓ એ  ક્રિયા કરવાનું બંધ કરી શકે છે એટલે એ ગતિશીલ સ્થિતિને 'ક્રિયાઓ' કહેવાય.

'પાંદડું ખર્યું', 'રજ ઊડી', 'લીમડો ધ્રૂજ્યો' - આ ત્રણેય ક્રિયાઓ 'ખરવું', 'ઊડવું' અને 'ધ્રૂજવું' પર અનુક્રમે પાંદડું, રજ અને લીમડો કાબૂ ધરાવતા નથી. તે પોતાની ઇચ્છાથી એમ કરતાં નથી. તે ઇચ્છે તો પણ એમ કરવાનું બંધ રાખી શકતાં નથી. આ ક્રિયાઓ કરવી- ન કરવી તે એકેયના હાથમાં નથી એટલે આ ત્રણેય ક્રિયાઓને 'પ્રક્રિયાઓ' કહેવાય.

## ■ વિભક્તિ : અનુગો અને નામયોગીઓ (અવ્યયો)

આપણે જોઈ રહ્યાં છીએ કે ધાતુ-મૂળરૂપો-ને પૂર્વ-પ્રત્યયો અને પર-પ્રત્યયો લગાડીને આપણે શબ્દોનું નિર્માણ કરીએ છીએ. હવે એ શબ્દોને ક્રમમાં ગોઠવી દઈએ તો વાક્ય બની જાય ખરું ?

- મોનિકા ગોપી દફતર ગુલાબી રંગ પેન આપી.

અહીં શબ્દો યોગ્ય ક્રમમાં મૂકેલા જ છે પણ તેનાથી વાક્યનો અર્થ આપણે પામી શકતા નથી. તેને એકબીજા સાથે

સાંકળવા માટે કોઈક અક્ષર-અક્ષરો ઉમેરવા પડે છે. તેને જે-તે શબ્દો સાથે જોડવાથી એક શબ્દનો બીજા શબ્દ સાથેનો સંબંધ નિશ્ચિત થાય છે. એવા સહસંબંધ ધરાવતા શબ્દોને 'પદો' કહેવામાં આવે છે. વાક્યનાં બધાં જ પદો એકત્ર થઈને એક અર્થ સુનિશ્ચિત કરે છે. હવે ઉપરના શબ્દોને પદો બનાવી તેનો અર્થ પામવા માટે આપણે થોડા અક્ષરો ઉમેરીએ. જુઓ,

- મોનિકાએ ગોપીને દફતરમાંથી ગુલાબી રંગની પેન્સિલ આપી.

આ રેખાંક્તિ અક્ષર-અક્ષરો એ વિભક્તિના પ્રત્યયો 'અનુગો' તરીકે ઓળખાય છે. ગુજરાતી ભાષામાં આઠ વિભક્તિઓ છે. એ તમામનો ઉપયોગ શબ્દોનો આંતરસંબંધ રચવા માટે થાય છે. વાક્યનો અર્થ પ્રગટ કરવા માટે શબ્દોને અંતે આ 'અનુગો' લગાડવામાં આવે છે.

- **વિભક્તિના પ્રત્યયો (અનુગો)**

| ક્રમ | વિભક્તિ | કાર્ય | પ્રત્યય | ઉદાહરણ |
|---|---|---|---|---|
| 1. | કર્તા | ક્રિયાનો કરનાર દર્શાવે છે. | એ, ને, થી, શૂન્ય પ્રત્યય | રમીલાએ લેસન કર્યું. (એ)<br>અલકા રમે છે. (શૂન્ય)<br>કલ્પેશથી ચલાતું નથી. (થી) |
| 2. | કર્મ | ક્રિયાપદની સાથે કર્મનો સંબંધ દર્શાવે છે. | ને<br>શૂન્ય પ્રત્યય, | ગીતા દીવડાને પ્રગટાવે છે. (ને)<br>કૌશિક ભાખરી વણે છે. (શૂન્ય) |
| 3. | કરણ | ક્રિયાપદની સાથે કરણ(સાધન)નો સંબંધ બતાવે છે. | એ, થી, થકી વડે | ચપ્પુથી બટેટાં સમારો.<br>સોય વડે ટાંકા લઈ લો. |
| 4. | સંપ્રદાન | ક્રિયાપદ સાથે કશુંક આપવાનો સંબંધ બતાવે છે.<br>(સંપ્રદાન = આપવું) | ને | સમીરે તેને ગુલાબ આપ્યું.<br>ગરીબોને કામ આપો. |
| 5. | અપાદાન | છૂટા પડવાનો, અંતર બતાવવાનો સંબંધ ધરાવે છે.<br>અપાદાન = છૂટું પાડવું | થી, એથી, થકી, માંથી | તે ઝાડેથી નીચે પડ્યો.<br>ભાવનગરથી અંબાજી ઘણું દૂર છે.<br>તેણે ટ્રેઈનમાંથી સામાન બહાર નાખ્યો. |
| 6. | સંબંધ | સંજ્ઞા સાથે સંજ્ઞાનો સંબંધ બતાવે છે. | નો, ની, નું<br>ના, નાં | કપિલરાયનો મધુકર પાસ થઈ ગયો.<br>કૂતરી તેનાં ગલુડિયાં સાથે આવી.<br>આ તેની દીકરી છે. |
| 7. | અધિકરણ | ક્રિયાનાં સ્થળ કે સમય બતાવે છે. | એ, માં, ઉપર પર | તે કાલે રાત્રે ગયો. (સમય)<br>તે ગાડીમાં જ ઊંઘી ગયો. (સ્થળ)<br>ડોલમાં ઘણું પાણી છે. (પાણીનું સ્થળ) |
| 8. | સંબોધન | કોઈ પણ સંજ્ઞાને સંબોધન માટે | શૂન્ય પ્રત્યય | પરેશ, એક ફોન કરી દેજે.<br>કાકી, તમે ચાલો મારી સાથે. |

આમ, આ અનુગો જે-તે શબ્દની સાથે જોડાઈને પદોનો આંતરસંબંધ નક્કી કરવામાં મદદરૂપ થાય છે. નામયોગીઓનું કાર્ય પણ પ્રત્યયો-અનુગોના કાર્ય જેવું જ છે  પણ તે શબ્દથી છૂટા પાડીને લખાય છે. તે અનુગો કરતાં વિશેષ ચોક્કસ અને નક્કર અર્થો ધરાવે છે. પ્રત્યયો-અનુગો શબ્દની પાછળ-તરત જ જોડીને  મુકાય છે, જ્યારે નામયોગીઓ શબ્દની પાછળ કે આગળ પણ આવી શકે છે. તે અવ્યયો તરીકે પણ ઓળખાય છે (જેનો વ્યય થતો નથી તેવાં).

1. તેમના વડે (<u>થકી</u>) અમને ખૂબ જ મદદ મળી.

2. <u>થકી</u> તેમના અમોને મદદ મળી જ ખૂબ.

આ બંને પંક્તિઓમાં એક જ વાત કહેવાઈ છે પણ નામયોગી પ્રથમ પંક્તિમાં સર્વનામ પછી મુકાયું છે, જ્યારે બીજી પંક્તિમાં સર્વનામ પહેલાં મુકાયું છે. અનુગોને આપણે આ પ્રમાણે કરી શકતાં નથી.

નામયોગીઓની સંખ્યા વિપુલ છેઃ 'સારુ (માટે)', 'વડે', 'થકી', 'વતી', 'અર્થે (માટે)', 'તણું', 'દ્વારા', 'વિશે', 'લીધે', 'સ્થળે', 'પ્રમાણે', કારણે, આગળ, પાછળ, પેઠે, તરફ, ઉપર, નીચે, સામું, પૂરતું, લેખે, તરીકે વગેરે. જ્યારે અનુગોની સંખ્યા નિશ્ચિત છે : એ, ને, થી, માંથી, નો-ની-નુ-નાં-ના, માં, એથી, શૂન્ય.

ઘણી વખત વિભક્તિનો પ્રત્યય (અનુગ) શબ્દને લાગ્યા પછી પણ નામયોગી મૂકવાની જરૂર પડે છે. દા. ત.,

દેરાસર<u>ની</u> <u>આગળ</u> ઘણાં વૃક્ષો ઊભાં છે.

તેમની <u>પાસે</u> બધી જ વસ્તુઓ છે.

તે ઝાડે<u>થી</u> <u>નીચે</u> ઊતર્યો.

-આ વાક્યોમાં 'આગળ', 'પાસે', 'નીચે', નામયોગીઓ છે. તે આગળના શબ્દને પ્રત્યયો લાગ્યા પછી મુકાયા છે.

### ■ કર્તરિ, કર્મણિ અને ભાવે રચનાઓ :

વાક્યમાં જેમ કર્તાપદ અને ક્રિયાપદ હોય છે, એમ જ ત્રીજું મહત્ત્વનું કર્મપદ હોય છે. આ ત્રણેય પદોની પ્રધાનતા-મહત્તાના આધારે વાક્યના ત્રણ પ્રકારો પાડી શકાય છે. બોલનાર કે લખનાર પોતાના ઇરાદાથી કે પોતાની લઢણથી  કર્તાપદ, કર્મપદ અને ક્રિયાપદને મુખ્ય-પ્રધાન રાખીને વાત રજૂ કરતો હોય છે. તેને 'પ્રયોગ' શબ્દથી પણ ઓળખી શકાય છે. આવા ત્રણ પ્રકારના પ્રયોગો થાય છે : કર્તરિપ્રયોગ, કર્મણિપ્રયોગ અને ભાવેપ્રયોગ.

* કર્તરિપ્રયોગમાં ક્રિયાપદો કર્તાનાં લિંગ (પુંલ્લિંગ-સ્ત્રીલિંગ-નપુંસકલિંગ) અને વચન (એકવચન-બહુવચન) પ્રમાણે બદલાય  છે.

દા. ત.  <u>હું</u> લેખન <u>કરું</u> છું.<br>
<u>તું</u> લેખન <u>કરે</u> છે.<br>
<u>અમે</u> લેખન <u>કરીએ</u> છીએ.

આ વાક્યોમાં કર્તાપદ બદલવાથી તેનું ક્રિયાપદ ફેરફાર પામ્યું છે. ટૂંકમાં, કર્તાના આધારે ક્રિયાપદમાં ફેરફાર કરવો પડે તેવી રચનાને કર્તરિરચના કહે છે.

કર્મણિપ્રયોગમાં ક્રિયાપદો કર્મનાં લિંગ અને વચન પ્રમાણે બદલાય છે.

દા. ત., મેં <u>કાગળ</u> <u>લખ્યો</u>.<br>
મેં <u>પુસ્તક</u> <u>લખ્યું.</u><br>
મેં <u>ચોપડી</u> <u>લખી</u>

આ ત્રણેય વાક્યોમાં કર્તા 'મેં' હોવા છતાં ક્રિયાપદો ફેરફાર પામ્યાં છે, કારણ કે તે 'કર્મપદ'ને અનુસરે છે. ટૂંકમાં, કર્મના આધારે ક્રિયાપદમાં ફેરફાર કરવો પડે તેવી રચનાને કર્મણિરચના કહે છે.

કર્તરિ ધાતુ(મૂળરૂપ)ને આ-આમ પ્રત્યય લગાડવાથી ધાતુનું કર્મણિ રૂપ બને છે. દા. ત. :

| કર્તરિરચના | કર્મણિરચના |
|---|---|
| (1) મેં એક કવિતા વાંચી. | મારાથી એક કવિતા વંચાઈ. |
| (2) શેઠ દરરોજ મંદિરે જાય છે. | શેઠથી દરરોજ મંદિરે જવાય છે. |
| (3) મેં એક કેળું ખાધું. | મારાથી એક કેળું ખવાયું. |
| (4) સંસ્થાએ દાતાઓનું સમ્માન કર્યું. | સંસ્થા તરફથી દાતાઓનું સમ્માન કરાયું. |

અહીં વાક્ય નં. 1 અને 3 ને સરખાવો : 'કવિતા વંચાઈ' અને 'કેળું ખવાયું'. હવે કવિતાની જગ્યાએ 'પાઠ' મૂકીએ તો 'પાઠ વંચાયો' થશે અને 'કેળું'ની જગ્યાએ 'કેરી' મૂકીએ તો 'કેરી' ખવાઈ એમ થશે ને !

ટૂંકમાં, કર્મણિ રચનામાં ક્રિયાપદ કર્મને અનુલક્ષીને મુકાય છે.

* વાક્યના કર્તા અને કર્મનાં લિંગ-વચનમાં ફેરફાર થાય તોપણ કેટલાંક ક્રિયાપદો ફેરફાર પામતાં નથી. એવી રચનાઓ ભાવે રચનાઓ કહેવાય.

દા. ત., (1) રમેશને વાંચવાનું છે. (કર્તાનું લિંગ પુંલ્લિંગ છે.)
(2) સરલાને વાંચવાનું છે.(કર્તાનું લિંગ સ્ત્રીલિંગ છે.)
(3) બાળકે વાંચવાનું છે. (કર્તાનું લિંગ ન.પું.લિંગ છે.)
(4) વિશ્વનાથે ખેતરે જવાનું છે. (કર્મનું લિંગ નપુંસકલિંગ છે.)
(5) બહેને ડુંગરે જવાનું છે. (કર્મનું લિંગ પુંલ્લિંગ છે.)
(6) ભાઈએ કૉલેજ જવાનું છે. (કર્મનું લિંગ સ્ત્રીલિંગ છે.)

ઉપરનાં ત્રણ વાક્યોમાં કર્મપદ નથી. ભાવેરચનામાં મોટે ભાગે 'કર્મપદ' હોતું નથી. તેમાં ક્રિયાપદ ત્રીજો પુરુષ ન.પું, એ.વ. લે છે.

## ■ વાક્યના વિવિધ પ્રકારો

વક્તા કે લેખક જ્યારે પોતાની વાતને વાક્ય દ્વારા રજૂ કરે છે ત્યારે તેનો હેતુ પોતાની વાત સારી રીતે સમજાવવાનો હોય છે. ભાવક-વાચકને પોતાની વાત અસરકારક રીતે સમજાય તેવા પ્રયત્નો તેના હોય છે. આ અસરકારકતા માટે પોતાની વાત-રજૂઆત કરવાની તેની શૈલીને 'લય' તરીકે ઓળખવામાં આવે છે. લયને આપણે 'સૂર', 'લઢણ' જેવા શબ્દોથી પણ ઓળખીએ છીએ.

સૂર-લયના બે પ્રકારો છે : આરોહ સૂર અને અવરોહ સૂર. નીચા સૂર પરથી ઊંચા સૂર પર જવું તે આરોહ અને ઊંચા સૂર પરથી નીચા સૂર પર જવું તે અવરોહ કહેવાય છે. 'તમે ચાર વાગે અમદાવાદ જવા માટે નીકળશો?' આ વાક્યમાં 'તમે' પદથી બોલવાનું શરૂ કરો છો અને 'નીકળશો' પદ સુધી પહોંચો છો ત્યારે સૂરને ધીરે ધીરે ઊંચાઈ તરફ લઈ જવો પડે છે. આરોહ આપવો પડે છે. જો એમ ન થાય તો આ વાક્ય પ્રશ્નવાક્ય બને જ નહીં. તમારો ઈરાદો સામેના પક્ષેથી જવાબ મેળવવાનો હોય તો સ્વરને 'આરોહ' આપવો જ પડે. જો એમ ન થાય તો એ વાક્ય વિધાનવાક્ય બની જાય. તેનો જવાબ સામેના પક્ષેથી ન મળે. બોલનારે માત્ર હકીકતનું બયાન કર્યું છે તેવું સમજી લેવામાં આવે છે. એ જ પ્રમાણે વાક્યમાંના લય, ઈરાદા, ભાવ અને તેમાં રહેલા અર્થની દૃષ્ટિએ જુદી જુદી રીતે વાક્યરચના કરવી પડે છે. આપણે આવાં વાક્યો વિશે જાણીએ :

**1. વિધાનવાક્ય :** કોઈ હકીકત, ઘટના કે સ્થિતિનું સીધું-સાદું કથન એટલે વિધાનવાક્ય. જેને અંતે પૂર્ણવિરામ હોય છે. તેમાં હકારનો ભાવ રહેલો હોય છે.

(1) સૂર્ય આપણને પ્રકાશ અને ગરમી આપે છે.
(2) મને બારમું વરસ ઊતરીને તેરમું બેઠું. (અમૃતા)
(3) મનુષ્યની સર્વ ઇન્દ્રિયોમાં જીભનું સ્થાન વિશિષ્ટ છે. (જીભ)
(4) અણદો ઝોળીમાંથી મોરલી કાઢીને વગાડવા લાગ્યો.
(5) હરિયો આખા રસ્તે હસતો હસતો ઘેર ગયો. (કાન)

**2. નિષેધ વાચક (નકાર વાચક) :** જે વાક્યમાં ન કરવાનો, ન થવાનો કે ન થયાનો ભાવ હોય તે વાક્ય નિષેધ વાચક કહેવાય.

(1) મારે હવે તેનો કશો ઉપયોગ નથી. (પોસ્ટઑફિસ)

(2) અમે બંને આ પરિસ્થિતિ સહી ના શક્યાં (અમૃતા)

(3) ઘણી ખરી ઇન્દ્રિયો પર આપણો કાબૂ નથી. (જીભ)

(4) એ ગામની સફાઈ દિલપૂર્વક કરતો, પણ બદલામાં કશું માગતો નહીં.

**3. પ્રશ્નવાચક :** જે વાક્યમાં પ્રશ્ન પૂછવાનો ભાવ રહેલો હોય તે વાક્ય પ્રશ્નવાચક કહેવાય.

(1) પણ અહીં કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે? (પોસ્ટઑફિસ)

(2) મારા છોકરાને આંગળી અડાડવાની હિંમત કોણે કરી? (જીભ)

(3) મારા મનમાં કુતૂહલ જાગી ગયું : આ અણદો કોણ હશે? (જોશીડાનો દા'ડો)

**4. ઉદ્‌ગારવાચક :** જે વાક્યમાં હર્ષ, શોક, ઘૃણા, વિસ્મય વગેરે ભાવો રહેલા હોય તે વાક્ય ઉદ્‌ગારવાચક કહેવાય.

(1) જા, જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહીં જાય! (ઘૃણાભાવ)

(2) અમુ ચોધાર આંસુએ રડી પડી : 'ઓ મારા ભાઈ રે !' (શોકભાવ)

(3) માળું, ગાંડાની પણ દુનિયા લાગે છે ! (વિસ્મયભાવ)

(4) વાહ, કેવો રૂપકડો મજાનો કાન છે મારા દીકરાનો ! (હર્ષભાવ)

**5. આજ્ઞાવાચક :** જે વાક્યમાં આજ્ઞા કે અનુમતિ-સંમતિનો ભાવ રહેલો હોય તે વાક્ય આજ્ઞાવાચક વાક્ય કહેવાય.

(1) તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો. (પોસ્ટઑફિસ)

(2) બા, મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે. (અમૃતા)

(3) જુઓ, આજે જરા બે-ત્રણ કલાક વધારે બેસજો. (જીભ)

(4) પહેરજે, શર્ટ ફાડી નાખતો નહીં.

**6. વિધ્યર્થ :** જે વાક્યમાં શાસ્ત્રની આજ્ઞા, પ્રેરણા, ઉપદેશ કે ફરજનો ભાવ દર્શાવતો હોય તે વાક્યને વિધ્યર્થ વાક્ય કહે થે.

(1) ભાઈ, કર્યાં ભોગવવાં છે! (શાસ્ત્રની આજ્ઞા)

(2) પુરુષનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કેટલીક વાર સ્ત્રીને કરવું પડે છે. (ઉપદેશ)

(3) બીજાને દીનદુ:ખિયાને મહેનત કરતાં શીખવ. (પ્રેરણા, ઉપદેશ)

(4) તમને મારા જવાબથી સંતોષ થાય તો તમારે મને પાંચ રૂપિયા આપવાના. (ફરજનો ભાવ)

**7. સંભાવનાર્થ :** જે વાક્યમાં સંભાવના કે શક્યતાનો ભાવ પ્રગટ થતો હોય તે સંભાવનાર્થ વાક્ય કહેવાય.

(1) આટલું મારું માનશો તો સો વર્ષ જીવશો. (જીવવાની સંભાવના)

(2) અમુ મોટી થશે ત્યારે નર્મદા જેવી જ રૂપાળી થવાની. (રૂપ માટેની સંભાવના)

(3) નહીં તો હું આ કંઠી કોઈ સાધુને આપી દઈશ. (આપી દેવાની સંભાવના)

(4) જરૂર તમે એક દિવસ પ્રખ્યાત કર્ણવિદ બનશો. (કર્ણવિદ બનવાની સંભાવના)

**8. ક્રિયાતિપત્તિ અર્થ (ક્રિયાતિપત્ત્યર્થ) :** કાર્યની અસફળતાનો આધાર તેની આગળના કાર્ય પર નિર્ભર હતો એવો ભાવ દર્શાવતી રચના એટલે ક્રિયાતિપત્ત્યર્થ

(1) જો પવન નીકળ્યો હોત તો બધાં અહીં સૂઈ રહેત.

(2) જો પરીક્ષા આપી હોત તો પાસ થઈ જવાત.

(3) જો ગાડીમાં બેઠાં હોત તો વહેલા પહોંચી ગયા હોત.

(4) ભગવાન ભજ્યા હોત તો ખોટું કાર્ય ન કરત.

જુદા જુદા ભાવો દર્શાવતાં વાક્યોનું બંધારણ કેવું હોય એ આપણે જોયું. વાંચન કરતી વખતે આ બધા જ પ્રકારનાં વાક્યોમાંથી પસાર થવાનું બનતું હોય છે ત્યારે સભાનતાપૂર્વક, થોડા અટકીને આવી વાક્યરચનાને તપાસતા જવાથી ધીરે ધીરે તમે કુશળતા મેળવી લેશો. આપણે બધા જ પ્રકારનાં વાક્યોના બે-બે નમૂનાઓ અહીં જોઈએ, જેથી વાક્યપરિવર્તન કરવામાં પણ શો ખ્યાલ રાખવો તેનું માર્ગદર્શન તમને મળી રહેશે.

| વાક્યપ્રકાર | ઉદાહરણ | ઉદાહરણ |
|---|---|---|
| વિધાનવાક્ય | વરસાદ પડી રહ્યો છે. | તેઓ આજે ભાવનગર જશે. |
| નિષેધવાક્ય | વરસાદ પડી રહ્યો નથી. | તેઓ આજે ભાવનગર જશે નહીં. |
| પ્રશ્નવાક્ય | શું વરસાદ નથી પડી રહ્યો? વિધાનવાક્યનું પ્રશ્નાર્થ બનાવવા તેને નકાર બનાવવું પડે છે. | શું તેઓ આજે ભાવનગર નહીં જાય? |
| ઉદ્ગારવાક્ય | અરે, વરસાદ પડી રહ્યો છે! | અરે, તેઓ આજે ભાવનગર જઈ રહ્યા છે! |
| આજ્ઞાર્થવાક્ય | હે ભગવાન ! વરસાદ વરસાવો. | તમે આજે ભાવનગર જશો. |
| વિધ્યર્થ વાક્ય | વૃક્ષો વાવજો, વરસાદ પડશે જ. | તેઓએ ભાવનગર જવું જોઈએ. |
| સંભાવનાર્થવાક્ય | કદાચ આજે વરસાદ પડશે. | તેઓ આજે કદાચ ભાવનગર જશે. |
| ક્રિયાતિપત્યર્થ | જો વાદળાં થયાં હોત તો વરસાદ પડી રહ્યો હોત. | ગાડી આવી હોત તો તેઓ ભાવનગર ગયા હોત. |

**સ્વાધ્યાય**

**1. નીચેનાં વાક્યોમાં ઘાટા કરેલા પ્રત્યયો ખોટા મુકાયા છે, તેને સુધારી વાક્યો ફરીથી લખો :**

(1) અલી ડોસાના જમાઈ**થી** લશ્કર**ને** નોકરી હતી.
(2) આજે પોસ્ટઑફિસ**થી** ગાંડા**નું** પુરાણ નીકળ્યું હતું.
(3) પોસ્ટમાસ્તરને તે દિવસે ગામ જવા**માં** ઉતાવળથી હતા.
(4) અમુ**થી** વિદાય હતી, બા**ને** આંખો**થી** શ્રાવણ-ભાદરવો વરસતા હતા.
(5) મારા ગજવા**ને** પાંચીકા**થી** મશરૂની થેલી પડી છે.
(6) કોઈ મોટા સાહેબ**થી** મળવા જવા**માં** હતું, જામનગરથી.
(7) છેલ્લા તેર વરસ**ને** અણદા**માં** જોયા નથી.

**2. નીચે દર્શાવેલા વાક્યપ્રકારોનાં પાંચ-પાંચ વાક્યો બનાવો :**

(1) વિધાનવાક્ય (2) નિષેધવાક્ય (3) પ્રશ્નવાક્ય
(4) ઉદ્ગારવાક્ય (5) આજ્ઞાર્થવાક્ય (6) સંભાવનાર્થ વાક્ય
(7) ક્રિયાતિપત્યર્થ
(એક જ વાક્યને બધા પ્રકારોમાં ફેરવવાનું ફરજિયાત નથી.)

**3. નીચેનાં વાક્યોનું સૂચના મુજબ રૂપાંતર કરો :**

(1) શાળાએ વિદ્યાર્થીઓનું સમ્માન કર્યું. (કર્મણિવાક્ય બનાવો.)
(2) મારાથી એક કેળું ખવાયું. (કર્તરિવાક્ય બનાવો.)
(3) રમેશ વાંચે છે. (ભાવે વાક્ય બનાવો.)
(4) બળદથી ખેતર ખેડાય છે. (કર્તરિવાક્ય બનાવો.)
(5) કલ્પેશ કવિતાગાન કરી રહ્યો છે. (કર્મણિવાક્ય બનાવો.)

**4. નીચેનાં વાક્યોમાંથી ઉદ્દેશ્યખંડ અને વિધેયખંડ જુદા પાડીને બતાવો :**

(1) ટ્રઈનમાં આજે ભરચક ગિરદી હતી.
(2) મધ્ય શિયાળામાં કડકડતી ઠંડીની તો શી કરવી !
(3) ત્રણ નાનાં છોકરાં ધૂંસો ઓઢીને બેઠાં હતાં.
(4) હરિયો રોજ નદીએ નહાવા જતો.
(5) ત્યાગ અને સ્વાર્પણની ભાવના લોકોમાં પડી છે એટલે સંસ્કૃતિ જીવે છે.

•

# 13 પરાજયની જીત

**પ્રહ્લાદ પારેખ**

**(જન્મ : 12-10-1912; અવસાન : 2-1-1962)**

કવિ પ્રહ્લાદ પારેખનો જન્મ ભાવનગરમાં થયો હતો. તેઓના ઘડતરમાં ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાનો મુખ્ય ફાળો રહ્યો છે. શ્રી નાનાભાઈ ભટ્ટ તેમજ શ્રી હરભાઈ ત્રિવેદી જેવા શિક્ષણવિદો પાસે તેઓ સંસ્કાર-ઘડતર પામેલા. ગુજરાતી કાવ્યસાહિત્યમાં 1940 પછી એમના 'બારીબહાર' કાવ્યસંગ્રહથી સૌંદર્યાભિમુખ કાવ્યધારા શરૂ થઈ. 'બારીબહાર' સંગ્રહની બીજી આવૃત્તિમાં એમનાં 'સરવાણી' કાવ્યસંગ્રહનાં કાવ્યો સમાવી લેવાયાં છે. પ્રકૃતિ અને માનવપ્રેમનાં ગીતો તેમજ છંદોબદ્ધ કાવ્યો ઇન્દ્રિયગ્રાહ્ય અભિવ્યક્તિ તેમજ નિરાળી લયસમૃદ્ધિથી વિશેષ ધ્યાનપાત્ર બન્યાં છે. ઉમાશંકર જોશીની પ્રસ્તાવનાનો લાભ આ સંગ્રહને મળ્યો છે. 'રાજકુમારની શોધમાં' તેમજ 'કરુણાનો સ્વયંવર' જેવી દીર્ઘ-બાળવાર્તાઓ પણ તેમણે આપી છે.

કવિ પ્રહ્લાદ પારેખે પ્રસ્તુત ખંડકાવ્યમાં કલિંગના યુદ્ધને વિષય તરીકે નિરૂપ્યું છે. મગધના રાજવી અશોકે કલિંગ પર આક્રમણ કરી ભયંકર માનવસંહાર કરી વિજય મેળવ્યો. સમ્રાટ અશોકે કલિંગ નગરી પરનો પોતાનો વિજય પ્રત્યક્ષ નિહાળ્યો. આખી નગરીને સ્મશાનમાં ફેરવાઈ ગયેલી તેમણે પ્રત્યક્ષ નિહાળી. ધરતી પર સર્વત્ર મૃત માનવદેહો છવાયેલા હતા. જાણે સમ્રાટની વિજયગાથા આ શબોની લિપિમાં સમાઈ ગઈ હતી. આવો માનવસંહાર જોતાં અશોકનું હૈયું પશ્ચાત્તાપ અનુભવી રહ્યું. જે વિજયથી માનવીનાં હૈયાં ન જીતાય એ જીતને જીત કેમ કહેવાય? તલવારની ધારથી મેળવેલા વિજયની 'હાર'માં અશોકને પોતાની 'હાર'(પરાજય)ની પ્રતીતિ થાય છે. અશોક ખડ્ગથી સત્તા વિસ્તારવાની લાલચને છોડી દે છે અને હિંસાનો ત્યાગ કરી અહિંસાનો માર્ગ સ્વીકારે છે. ઊંડા મનોમંથન પછી સમ્રાટ અશોકે કરુણાને પ્રબોધતા બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. જગતભરમાં કરુણા અને અહિંસાનો સંદેશ ફેલાવ્યો. આ કાવ્યમાં ગંભીર વિષયની પસંદગી હોવા છતાં કેન્દ્રવર્તી ચરિત્રનું મનોમંથન, ભાવોનું નિરૂપણ અને એને અનુકૂળ છંદોની પસંદગીને કારણે આ ખંડકાવ્ય આસ્વાદ્ય બની રહે છે.

---

થયું ખતમ યુદ્ધ ને સકલ શોર તેનો શમ્યો,<br>
કલિંગ પડિયું, અશોકનૃપ પામિયો છે જય.<br>
ભયંકર હતી લડાઈ, સહુ નાદ શસ્ત્રો તણા :<br>
ભયાનક હતા, કૃતાન્ત કરતો તહીં તાંડવ.<br>
બધાય મધુરા સ્વરો જીવનના ગયા'તા ડૂબી,<br>
પ્રચંડ અતિ યુદ્ધના ગરજતા મહાનાદમાં:<br>
શમ્યો બહુ દિનો પછી પદપ્રહાર એ તાંડવી,<br>
પરાજિત કલિંગમાં ચુપકીદી છવાઈ રહી.<br>
પરંતુ ચુપકીદી એ ભયદ યુદ્ધથીયે હતી,<br>
નિરાશ નગરી હતી નયનનીરને ઢાળતી;<br>
હતી બિનસહાય એ, કરુણ આજ તેની સ્થિતિ,<br>
સમૂળ ઊખડી ગયેલ મૃદુ વેલ શી એ પડી.<br>
વાગોળે છે વિજય શિબિરે આજ સમ્રાટ તેના,<br>
દીપ્તિ તેના નયનમહીં છે દર્પ કેરી ભરેલી;<br>
'' જોઉં જાતે વિજય,'' નૃપને સંસ્ફુરે ઊર્મિ એવી,<br>
''જોઉં જાતે મગધ-અસિની ધાર છે તીક્ષ્ણ કેવી! ''

ગયાં તેજ ને આવિયો અંધકાર,
નહીં ભેદ કિન્તુ કલિંગે લગાર.
હતો આજ એવો : ઉરે ને બહાર
જુએ એક અંધારને એ અપાર.
નિહાળવાને નિજ જીત જાતે,
અંધારમાં એ નગરી--સ્મશાને
રાજા પ્રવેશે : કરવા પ્રકાશ
મશાલચીઓ લઈ કૈંક સાથ.
કોઈ બીજું હતું ના ત્યાં રાજા ને સૌ મશાલચી
પળે છે પંથ પોતાને શબોની વચમાં થઈ,
શબોના શબ્દમાં ગાથા લખાઈ ભૂપ--જીતની
રાજમાર્ગે, મહોલ્લામાં આખીયે નગરી ભરી.
ડાબે ને જમણે આંખો ફેરવી ભૂપ વાંચતો,
ઉકેલે જેમ એ તેમ જયનો અર્થ જાગતો.
રાજા આજે અનુભવ કરે, અંતરે કો અપૂર્વ,
જાણ્યો ન્હોતો કદીયે જયનો અર્થ ભેંકાર આવો;
લાવાધક્કે પ્રબળ ધરતી જેમ કંપી ઊઠે છે,
તેવું કંપે નૃપતિઉર આવેગથી ભાવ કેવા,
જેના જોરે કઠણ પડ હૈયાતણાં સર્વ તૂટે
જોવાની જયને ઇચ્છા હવે ના નૃપને રહી,
ઉર કે આંખ તેની આ શકે ના જીતને સહી.
ક્ષણાર્ધ પાય થંભ્યા ને, પડ્યું ચિત્ત વિમાસણે,
''ચાલો સૌ શિબિરે પાછા, '' ભૂપ આજ્ઞા પછી કરે.
મશાલચીઓ સહુ મૂઢ થાતા,
ક્રિયા કશીયે સમજ્યા ન ભૂપની;
પરસ્પરે ઇંગિતથી જ પૂછતાંઃ
અરે, થયું શું સમજે છ તું કંઈ?
ગયો શિબિરમાંહી ભૂપ આગળ કર્યા સેવકો,
અને શ્રમિત શીર્ષને કરમહીં ધરી બેસિયો.
કર્યાં નયન બંધ તોય અળગી કરી ના શક્યો
ભયંકર ભૂતાવળો વિજય દૃશ્યની કિન્તુ એ.
''હજારો હૈયાંને નિજ નિજ તણી સૃષ્ટિ સહ મેં
અરે, સંહાર્યાં ને જીવિત ઉર ખંડેર કરિયાં,
મહત્તા એ મારી ? વિજય મુજ એ ? ગૌરવ ગણું?
અને એ ભૂમિની ઉપર જઈ મારો જય ચણું?
અજંપો ઉગ્ર રાજાના હૈયાને આજ રહે દમી,

ભાર એ અંતરે આજે જયનો ના શકે ખમી,
ઘડી ઊઠે, ઘડી બેસે, ફરે છે શિબિરે ઘડી,
એનો જ જય આવ્યો છે આજ એના પરે ચઢી.
''જે જીતે નવ જીતિયાં મનુજનાં હૈયાં નહીં જીત એ,
જે જીતે રચિયાં મસાણ, નવ એ સાચી કદી જીત છે,
જે જીતે નવલું કશું ન સરજ્યું, એને કહું જીત શેં!
જેથી માનવ માનવી મટી જતો છે જીત કે હાર એ?
ઉચ્ચારે મન રાજાનું, ''હાર એ હાર છે નકી;
કદીયે ખડ્ગની ધાર, જીત ના સરજી શકી.
નથી વિસ્તારવી સત્તા ખડ્ગની જીત ના ચહું,
મારે તો માનવી કેરા હૈયાને અપનાવવું.
હૈયાની શક્તિથી કોઈ અન્ય શક્તિ નથી વડી,
આજથી કરમાં મારા રહેશે ધર્મની છડી.
તમે હવે ખડ્ગ રહો જ મ્યાનમાં,
કલ્યાણમાં માનવના નકામાં;
ઓ ધર્મ, આદેશ દિયો તમારો,
ને એ જ થાશે બસ માર્ગ મારો.''
પૂર્વમાં તેજ કેરી ત્યાં, દેખાઈ નવમંજરી,
રાયના અંતરે શ્રદ્ધા, નવાં લૈ તેજ સંચરી.

**'બારીબહાર'માંથી**

**શબ્દાર્થ**

**કૃતાંત** યમ, કાળ, મૃત્યુ **તાંડવ** શિવનું નૃત્ય, ભયંકર નૃત્ય **ચુપકીદી** મૌન, શાંતિ **દીપ્તિ** પ્રકાશ **દર્પ** અભિમાન **સંસ્ફુરે** એકાએક સૂઝે **અસિ** તલવાર **મશાલચી** મશાલ ધરનારો **ગાથા** કથા **ભૂપ** રાજા **ભેંકાર** ભયાનક **લાવા** જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ **ઈંગિત** ઇશારો, સંકેત **ભૂતાવળો** બિહામણાં (દૃશ્ય) **સંહાર્યા** નાશ કર્યો, કતલ કરી **અજંપો** આંતરિક ઉચાટ **મનુજ** મનુષ્ય **ખડગ** તલવાર **નવમંજરી** નવી કૂંપળ (અહીં) નવચેતન, જાગૃતિ

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સમ્રાટ અશોકે કયા રાજ્ય પર વિજય મેળવ્યો હતો ?
(2) 'સમૂળ ઊખડી ગયેલ મૃદુ વેલ શી એ પડી' - આ પંક્તિ કોનો નિર્દેશ કરે છે?
(3) વિજય પછી અશોકના મનમાં શો વિચાર સ્ફુર્યો ?
(4) નૃપે સૈનિકોને શી આજ્ઞા કરી ?
(5) ખડગ મ્યાન કરીને સમ્રાટે હાથમાં શું ધારણ કર્યું ?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) સમ્રાટ અશોક પોતાની જીતને જીત શા માટે ગણતા નથી ?
(2) કાવ્યાંતે અશોકની કઈ ઉદાત્ત ભાવના રજૂ થઈ છે ?
(3) 'પરાજયની જીત' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

**3. મુદ્દાસર નોંધ લખો :**

(1) કલિંગ નગરીની ઉદાસીનતા

(2) અશોકનું પાત્રાલેખન

(3) 'યુદ્ધથી સામ્રાજ્ય જીતી શકાય છે, હૃદય નહિ.' કાવ્યને આધારે આ વિધાન સમજાવો.

(4) 'પરાજયની જીત' ખંડકાવ્ય દ્વારા રજૂ થતો માનવસંદેશ

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- 'યુદ્ધ નહીં પણ બુદ્ધ' - વિષય પર નિબંધ લખો.
- કવિ 'સુંદરમ્'નું 'બુદ્ધનાં ચક્ષુ' કાવ્ય મેળવીને તમારી નોંધપોથીમાં લખો.
- અશોકના જીવનચરિત્રમાંથી ત્રણ પ્રસંગો મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

કવિએ આ ખંડકાવ્યમાં ભાવને અનુરૂપ છંદ પ્રયોજ્યા છે. (સમ્રાટ અશોકનું મનોમંથન ક્યાંક સ્વગતોક્તિરૂપે તો ક્યાંક સંવાદરૂપે મુકાયું છે.

જુઓ આ કડી :

'' જોઉં જાતે વિજય,'' નૃપને સંસ્ફુરે ઊર્મિ એવી,
''જોઉં જાતે મગધ-અસિની ધાર છે તીક્ષ્ણ કેવી ! ''

કાવ્યનું શીર્ષક સૌપ્રથમ તમને રોકશે. અહીં યુદ્ધ કરનારા બંને યોદ્ધામાંથી એકેયની જીત થઈ નથી - પણ હારની જ જીત થઈ છે એવું સૂચિત થાય છે. અશોકને પોતે જીતેલી કલિંગ નગરી 'સમૂળ ઊખડી ગયેલ મૃદુ વેલ શી...' લાગે છે તેમાં રહેલ ભાવને અભિવ્યક્ત કરવાની કવિની શબ્દછટા જોઈ શકાય છે. તેમાં રહેલ ઉપમા અલંકાર ધ્યાનપાત્ર છે, તો 'નગરી-સ્મશાને' અહીં વચ્ચે મૂકેલી ગુરુરેખા સૂચક છે. કવિને કલિંગ નગરી સ્મશાનમાં જ ફેરવાઈ ગઈ છે એવું કહેવામાં રૂપક અને આ ગુરુરેખા મદદે આવે છે.

'શબોના શબ્દમાં ગાથા લખાઈ ભૂપ-જીતની'

ખરેખર તો શબ બોલ નહીં પણ અહીં તો ભૂપ-જીતની કથા ગાથા શબો જ સુણાવે છે. તેમાં રહેલ સજીવારોપણ અલંકાર અર્થોચિત છે, અર્થને સ-રસ રીતે વ્યક્ત કરે છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- અશોકના હૃદયપરિવર્તનની કથા કહો.
- અન્ય કથા કે કાવ્ય કહી સંભળાવો.
- 'યુદ્ધનો  નહીં પણ બુદ્ધ(ધર્મ)નો માર્ગ કલ્યાણકારી છે'- એ વિશે ચર્ચાસભા યોજો.

•

# 14 વાત એક શાપની

**મહેશ યાજ્ઞિક**
**(જન્મ : 21-12-1953 )**

મહેશ વાસુદેવભાઈ યાજ્ઞિકનો જન્મ ધંધુકા(જિ. અમદાવાદ)માં થયો હતો. તેઓએ વાણિજ્ય પ્રવાહમાં સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો. એલ.આઈ.સી.માં નોકરી, હવે સેવાનિવૃત્તિ. તેમણે સાત નવલિકાસંગ્રહ આપ્યા, તેમણે નવલકથાઓ પણ લખી. તેમાં 'રેશમડંખ', 'ખેલંદો', 'વંશવિચ્છેદ', 'છળકપટ', જેવી લોકપ્રિય નવલકથાઓ આપી છે. વિવિધ સામયિકો અને વર્તમાનપત્રોના ખ્યાતનામ કટારલેખક (કૉલમિસ્ટ). 'રેશમખંડ' જેવી એમની યશકલગી સમી નવલકથા ઉપરથી એ જ નામે હિન્દીમાં સિરિયલ પણ બનેલી. પાંત્રીસ વાર્તાઓના સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમી(2010)નું તૃતીય પારિતોષિક પ્રાપ્ત થયેલું.

'વાત એક શાપની' વાર્તા, મહેશ યાજ્ઞિકની અતિ લોકપ્રિય વાર્તામાંની એક છે. કર્મનો સિદ્ધાંત ભારતીય તત્ત્વચિંતનમાં પ્રમુખસ્થાને રહ્યો છે. આજે પણ આપણા લોકજીવનમાં કર્મના સિદ્ધાંતની યથાર્થતા વિશે ચર્ચા થતી આપણે સાંભળીએ છીએ. '...તારું ધનોતપનોત નીકળી જશે... તારી વાંહે કોઈ રોવાવાળું નહીં રે...' એ શાપિત વચનો વાર્તાના અંતને કરુણ બનાવે છે. કર્મનો હિસાબ દરેકે ચુકવવો જ પડે છે એ વાત સમગ્ર વાર્તા દ્વારા સ્પષ્ટ થાય છે.

---

'હજુ ટ્રેઈન ઊપડવાને પાંચેક મિનિટની વાર છે. અમારું કમ્પાર્ટમેન્ટ સાવ ખાલી છે...' મોબાઈલથી વાત કરતી વખતે હેમંતની નજર કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટફૉર્મ ઉપર ફરતી હતી. એની બારીની બરાબર સામેના ટી સ્ટોલ ઉપર બે યુવાનો ચાની ચૂસકી લઈ રહ્યા હતા. 'તને તકલીફ થશે..' સામા છેડે વેરાવળથી અશ્વિને હસીને ટકોર કરી. 'તારા જેવા વાતોડિયા માણસને કોઈ વાત કરનાર નહીં મળે તો સજા જેવું લાગશે. એની-વે, વેરાવળ ટ્રેન ઊભી રહે કે તરત રિંગ મારજે. આવી જઈશ...ગુડ નાઈટ...'

'ગુડ નાઈટ...' હેમંતે મોબાઈલ ખિસ્સામાં મૂક્યો. થોડી વાર પછી હળવા આંચકા સાથે ટ્રેઈન ઊપડી. પેલા જે બે યુવાનો ઊભા હતા એ પૈકી એક દોડીને ડબ્બામાં પ્રવેશ્યો. બીજો એને સ્ટેશને મૂકવા આવ્યો હતો.

'વેરાવળ?...'સામેની બર્થ ઉપર બેસીને એ યુવાને હેમંતને પૂછ્યું, હેમંતે હકારમાં માથું હલાવીને એની સામે જોયા પછી પૂછ્યું, 'આ સોમનાથ મેલ પહેલાં તો કાયમ ભરચક જતો હતો. હવે ભીડ નથી રહેતી?' 'જનરલ ડબ્બામાં થોડી ભીડ રહે. બાકી સ્લીપરમાં રિઝર્વેશન કરાવનારા મારા-તમારા જેવા લોકોને ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં વધુ મજા આવે છે. વળી, સસ્તું પડે. મારે તો દર પંદર દિવસે જવાનું હોય એટલે સોમનાથ મેલમાં આરામથી ઊંઘી જવાનું. કોઈ ટેન્શન નહીં...'

હેમંતની ઉંમરનો એ યુવાન પણ વાતોડિયો હતો. એનું નામ સમીર. પરસ્પર ઓળખવિધિ પતી ગઈ.

'ગાંધીગ્રામથી બીજાં પેસેન્જરો આવશે?' હેમંતે પૂછ્યું. સમીરે નકારમાં માથું ધુણાવ્યું. 'આપણા ડબ્બામાં રડ્યાખડ્યા બે-ચાર જણા આવશે..' એણે કાંડાઘડિયાળ સામે જોઈને ઉમેર્યું. 'બસ, હવે પાંચ મિનિટમાં ગાંધીગ્રામ આવી જશે.'

ગાંધીગ્રામ એટલે કે એલિસબ્રિજ સ્ટેશને ટ્રેઈન ઊભી રહી. સમીરની વાત સાચી હતી. ગણીને ચાર માણસ એમના ડબ્બામાં ચઢ્યા. એમાંથી ત્રણ આગળ ગયા. એક ભાઈ સમીરની બાજુમાં આવીને બેઠા. પોતાની નાની સૂટકેસ પણ એમણે સીટ ઉપર જ મૂકી. એના ઉપર જમણો હાથ મૂકીને જાણે થાકી ગયા હોય એમ એમણે આંખો બંધ કરી.

એ જ વખતે એક ભિખારણ આવીને એ ત્રણેયની સામે ઊભી રહી. મેલાઘેલા છોકરાને કાખમાં તેડીને એ દયામણી નજરે ત્રણેયની સામે તાકી રહી.

'સાહેબ, આ છોકરું સવારનું ભૂખ્યું છે...' તે કરગરી રહી હતી. 'કંઈક દયા કરો...' એ કરગરતી હતી અને આઠેક મહિનાનું બાળક રડતું હતું.

'નીચે ઊતર...' આ રૂટના અનુભવી સમીરે ઊભા થઈને જમણા હાથના અંગૂઠા અને બીજી આંગળીથી ચપટી વગાડીને આદેશ આપ્યો. 'ફૂટ અહીંથી..'

પેલા નવા આવેલા નાની સૂટકેસવાળા ભાઈએ આંખો ખોલી. પેલી ભિખારણ અને રડતા બાળક સામે જોયું અને પછી ખિસ્સામાંથી પાકિટ કાઢ્યું. સો રૂપિયાની કડકડતી નોટ એમણે ભિખારણ સામે લંબાવી. 'આ નોટ લઈને ફટાફટ નીચે ઊતરી જા બહેન. ગાડી ઊપડશે તો તકલીફ પડશે...' એમના અવાજમાં થાક હતો. સો રૂપિયાની નોટ લઈને ખુશખુશાલ ભિખારણ ઝડપથી નીચે ઊતરી ગઈ.

ટ્રેઈને ગતિ પકડી. એ વખતે હેમંત અને સમીર બંનેની આશ્ચર્યચકિત નજર એ ભાઈ સામે હતી.

અઠ્ઠાવનથી સાઠની ઉંમર, ચોરસ ચહેરો, સૂર્યના તડકાથી ઘઉંવર્ણી બનેલી ત્વચા, થોભિયાના વાળ સફેદ બાકી ભરાવદાર કાળા વાળ, ઊંચાઈ છ ફૂટ જેટલી તો હશે, આછા બદામી રંગનું સફારી...એમનું નિરીક્ષણ કરતી વખતે હેમંતની નજર એમની આંખો ઉપર અટકી. તેનું વ્યક્તિત્વ કદાવર અને રૂઆબદાર હતું, એ છતાં એમની વિશાળ આંખો વિષાદથી છલકાતી હતી. એ માણસની આંખોમાં વેદનાનો મહાસાગર ઘૂઘવાતો હોય એવું પહેલી નજરે પારખી શકાય.

'આ બધાં ભિખારાં હરામી હોય છે...' એમની સામે જોઈને સમીરે ધૂંધવાટ ઠાલવ્યો. 'તક મળે તો તમારી આ બેગ લઈને રફૂચક્કર થઈ જાય. આવાને તો એક પૈસોય ના આપવો જોઈએ.'

સમીર આક્રમક બનીને બોલતો હતો. એ વખતે હેમંતની નજર એ સજ્જનના ચહેરા સામે હતી. એમની આંખોમાં કંઈક એવું હતું કે જોનારને એ હચમચાવી મૂકે. સમીર તો ઊભો ઊભો ભાષણ આપતો હતો એટલે એને આ બાબતનો ખ્યાલ નહોતો. હેમંતે ઊભા થઈને એના ખભે હાથ મૂક્યો અને એને નીચે બેસાડ્યો. એ વૃદ્ધના ચહેરા સામે નજર પડી કે તરત સમીર પણ મૂંગો થઈ ગયો.

'મારી દીકરી વેરાવળમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાય છે...' હેમંત અને સમીર સામે જોઈને એ વૃદ્ધે ખુલાસો કર્યો. એના રુંધાયેલા અવાજમાં ભીનાશ હતી. 'કલાક પહેલાં જ એના સસરાનો ફોન આવ્યો એટલે પાણી પીવાય નથી રોકાયો. અઠ્ઠાવીસ વરસની મારી દીકરી દાઝી ગઈ છે. વેવાઈએ ફોનમાં કીધું કે 'સિરિયસ છે, તાત્કાલિક આવો...' અવાજમાં ડૂસકું ભળ્યું એટલે એ અટક્યા. પછી એમણે દયામણી નજરે સમીર સામે જોયું. 'તમારી વાત કદાચ સાચી હશે પણ હું દીકરીનો બાપ છું. એ ભિખારણને કરગરતી જોઈને દયા આવી ગઈ. માથે રાત જેવું ધાબું છે એટલે ખોટું નહીં બોલું. એને પૈસા આપતી વખતે મનમાં લગીર સ્વાર્થ પણ હતો. આવા કોઈ ગરીબના આશીર્વાદ મળે અને દીકરીના શ્વાસ થોડાક લંબાય તો કમ સે કમ એનું મોઢું તો જોવા મળે.'

એ કદાવર માણસ જાત ઉપર કાબૂ ના રાખી શક્યો. ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. ઠપકા ભરેલી નજરે હેમંત સમીર સામે જોઈ રહ્યો. સમીરને પણ હવે પસ્તાવો થતો હતો. વાતાવરણ ગંભીર બની ગયું. 'આઈ એમ વેરી સોરી...' પોતાના થેલામાંથી પાણીની બોટલ કાઢીને સમીરે એમના હાથમાં આપી અને સાંત્વના આપી. 'વડીલ, ચિંતા ના કરો. ઈશ્વર સહુ સારાંવાનાં કરશે. તમારી દીકરી બચી જશે.'

લમણે હાથ મૂકીને એ વૃદ્ધ ચિંતામગ્ન દશામાં જ બેસી રહ્યા. સમીરે આપેલી પાણીની બોટલ હજુ એના હાથમાં જ હતી. એણે પાણી નહોતું પીધું. 'વડીલ, પાણી..' હેમંતે એમના ખભે હાથ મૂક્યો અને પાણી પીવા આગ્રહ કર્યો.

'પાણી તો હવે દીકરીનું મોઢું જોઈને જ પીશ.'

'તમે તો સમજદાર મુરબ્બી છો. દીકરીની ચાકરી કરવા માટે પણ શરીરમાં તાકાત ટકાવી રાખવી પડશે.' સમીરે સમજાવ્યું. 'પ્લીઝ, બે ઘૂંટડા પાણી પીશો તો અમનેય સારું લાગશે.' એ બંને ખરા હૃદયથી આગ્રહ કરી રહ્યા હતા. એ જોઈને એ વૃદ્ધે પાણીની બોટલ બાજુમાં મૂકી. બે હાથ જોડીને આંખો બંધ કરીને ગરદન ઊંચી કરીને જાણે ઈશ્વરની માફી માગી અને એ પછી ત્રણ-ચાર ઘૂંટડા પાણી પીધું. બહાર ઘનઘોર અંધકાર હતો. ટ્રેઈન સડસડાટ આગળ વધતી હતી.

પાંચેક મિનિટ સુધી કોઈ કશું ના બોલ્યું. ત્રણેય ચૂપચાપ બેસી રહ્યા હતા. એ જ વખતે એ વૃદ્ધના ખિસ્સામાં મોબાઈલ રણક્યો. એમણે ખિસ્સામાંથી મોબાઇલ બહાર કાઢ્યો. સ્ક્રીન ઉપર નજર કરીને પાછો ખિસ્સામાં મૂકી દીધો! થોડી વાર રિંગ વાગ્યા પછી મોબાઇલ શાંત થઈ ગયો.

'કોનો ફોન હતો?' હેમંતે પૂછ્યું. 'વેવાઈનો...' તેણે ઉત્તર આપ્યો.

'તો પછી વાત કેમ ના કરી?'

'હિંમત હારી ગયો છું દીકરા!...' વૃદ્ધના અવાજમાં ધ્રુજારી ઉમેરાઈ. 'રખેને એ કંઈક એવા સમાચાર આપી દે તો વેરાવળ સુધીનો રસ્તો કાપવાનું પણ ભારે પડે.'

'બી પોઝિટિવ. ઈશ્વર ઉપર વિશ્વાસ રાખો. હિંમત હારીને શો ફાયદો? આપણે કોઈનું કંઈ બગાડ્યું ના હોય તો પછી ખરાબ થશે એવું શા માટે વિચારો છો?...' સમીરે સમજાવ્યું. 'મારું મન કહે છે કે તમારી દીકરીને કંઈ નહીં થાય. પાંચ-છ દિવસમાં હસતી-રમતી થઈ જશે. એ વખતે મને યાદ કરજો.'

સમીર આત્મવિશ્વાસથી બોલતો હતો. એ વખતે એ વૃદ્ધ એકીટશે સમીરના ચહેરા સામે તાકી રહ્યા હતા. 'મારા પાપની સજા મારી દીકરીએ ભોગવવી પડી...' એકાદ મિનિટના મનોમંથન પછી એમણે મોં ખોલ્યું. 'ગુનો મેં કર્યો અને સજા એ બાપડીને મળી. હજુ ચાર મહિના પહેલાં જ વિધવા થઈ છે. જોતાંવેંત આંખને ઠારે એવો જુવાનજોધ જમાઈ ઘડીના છઠ્ઠા ભાગમાં

હતો-નહોતો થઈ ગયો. હજુ એ ઘાની કળ વળે એ પહેલાં આ કઠણાઈ આવી...' અર્ધમીંચેલી આંખે એ બબડી રહ્યો હતો. હેમંત અને સમીર સ્તબ્ધ બનીને એની સામે સહાનુભૂતિપૂર્વક તાકી રહ્યા હતા.

'કોઈની આંતરડી કકળે ને એ શાપ આપે તો શું થાય એ સગી આંખે જોઈ લીધું. કોઈની દુઆ કે આશીર્વાદ ફળે છે કે નહીં એ જોવાનું બાકી છે...' નીચું જોઈને નિરાશાથી માથું ધુણાવીને એ બોલતો હતો. 'વર્ષો પછી હૈયું ખોલવાની તક મળી છે એટલે મનનો ભાર હળવો થશે. પાપ ધોવાશે... મનની અંદર પારાવાર પસ્તાવો તો ઘણીવાર થાય પણ એ પીડા ઠાલવવી ક્યાં? આજે બધું કહી દઈશ એટલે...' આંખો ઊંચી કરીને એણે સીધું સમીર સામે જોયું. 'તમને પણ કંઈક બોધપાઠ મળશે...'

જાણે બારી બહાર અંધકાર વચ્ચે ભૂતકાળનાં દૃશ્યો દેખાતાં હોય એમ એ તાકી રહ્યો. 'રમણિક મારું નામ. અત્યારે એકસઠમું ચાલે છે. ચોવીસ વર્ષની ઉંમરે ફોરેસ્ટ ઑફિસરની નોકરી મળેલી. અત્યારના શરીર ઉપરથી એ વખતે મારું શરીર કેવું હશે એની કલ્પના કરી શકો છો. હોદ્દો અને સત્તાનો નશો અને ગધાપચીસીની ઉંમર એટલે વાત ના પૂછો. લગ્ન થયાં. પહેલા ખોળે દીકરો અને બીજી આ દીકરી. એ વખતે વઘઈમાં મારું પોસ્ટિંગ થયેલું. સરસ મજાનો સરકારી બંગલો, નોકરચાકર અને સાગના બે નંબરના ધંધાની મબલખ કમાણી, એટલે ખરા અર્થમાં આકાશમાં ઊડતો હતો. ધાક જમાવવા માટે જીપ લઈને રાઉન્ડમાં નીકળું એ વખતે જાણે વઘઈનાં જંગલનો મહારાજા હોઉં એવો વટ રાખતો' તો...'

બારી સામે જોઈને એ ધીમા અવાજે બોલતો હતો.

'દીકરો ત્રણ વર્ષનો હતો અને દીકરીનો પહેલો જન્મદિવસ હતો. રાત્રે બંગલે પાર્ટી રાખેલી. એ અગાઉ બપોરે હું રાઉન્ડમાં નીકળ્યો. ડ્રાઇવર જીપ ચલાવતો હતો અને ઢોળાવવાળા રસ્તે મારી નજર શિકારી કૂતરાની જેમ ચારે તરફ હતી. લાકડાંનો ભારો લઈને જતા બે શ્રમજીવી દૂરથી દેખાયા એટલે જીપ એ તરફ લેવડાવી. પેલા બંને ઢાળ ઊતરીને ભાગ્યા, એ જોઈને હાથમાં ચાબૂક લઈને હું નીચે ઊતર્યો..'

આખું દૃશ્ય જાણે અત્યારે આંખ સામે દેખાઈ રહ્યું હોય એમ એ બોલતો હતો.

''--'મેં એમને પડકાર્યા, એ છતાં એમણે ભાગવાનો પ્રયત્ન કર્યો એટલે મારી કમાન છટકી. એ બેમાંથી જે જુવાન હતો એ ભાગ્યો પણ બીજાના પગ ઉપર મારા ચાબૂકનો ફટકો પડ્યો એટલે એ લથડાયો. બે હાથ જોડીને કરગર્યો, 'સાહેબ, છોકરાં ભૂખ્યાં છે અને આ ડાંખળાં તો વીણેલાં છે, કાંઈ ઝાડ નથી કાપ્યું...' એ કરગરતો હતો પણ હું હેવાન બની ગયો હતો. સૂકી નદીના કાંઠે મોટા મોટા પથરાઓની વચ્ચે અમે ઊભા હતા. નીચે પડેલો ભારો લઈને એ ફરીથી ચાલવા લાગ્યો અને મેં ફરીથી ચાબૂક વિંઝવાનું શરૂ કર્યું. એ પથ્થરની ધાર પર ઊભો હતો અને મેં એના પગ પર ચાબૂક એટલા જોરથી માર્યો કે એ ઊછળીને ચત્તોપાટ પડ્યો. એ એવી રીતે પડ્યો કે નાળિયેરના કાચલાની જેમ એની ખોપરી ફાટી ગઈ!..'

હેમંત અને સમીર સ્તબ્ધ બનીને સાંભળી રહ્યા હતા. બે-ત્રણ સેકન્ડ અટકીને રમણિકે આગળ બોલવાનું શરૂ કર્યું.

'એ રાત્રે નવેક વાગ્યે મારા બંગલે બેબીની બર્થ ડે પાર્ટી ચાલતી હતી, એ વખતે મશાલ લઈને દશેક શ્રમજીવીઓ ત્યાં આવ્યા. બાકીનાં બધાં દૂર ઊભા રહ્યાં પણ પાંત્રીસેક વર્ષની એક સ્ત્રી એનાં ચાર ટાબરિયાં સાથે છેક અંદર ધસી આવી. પેલો જે ગુજરી ગયો હતો એ શ્રમજીવીની એ પત્ની હતી. મેલાંઘેલાં બાળકોને લઈને એ અંદર આવી. એ વખતે એનામાં એટલું ઝનૂન હતું કે બંગલાનો ચોકીદાર એનાથી ગભરાઈ ગયો. એની પાછળ-પાછળ બીજા પણ અંદર આવીને ચૂપચાપ ઊભા રહી ગયા. 'દીકરીએય તારો દીવો નહીં રે સાહેબ...' હાથમાં મશાલ પકડીને એ રડતી રડતી ચીસો પાડીને બોલતી હતી. 'મારા ધણીને મારીને તને શું મળ્યું કાળમુખા!' એમ કહીને એ મારી સામે ધસી. બધા મહેમાનો સ્તબ્ધ બનીને ઊભા હતા. એ સ્ત્રીની સાથે આવેલી બીજી બે સ્ત્રીઓએ મળીને મહાપ્રયત્ને એના હાથમાંથી મશાલ તો ઝૂંટવી લીધી પણ એની જીભને રોકવાનું કોઈના માટે શક્ય નહોતું...'ઘેર પોયરાંઓ ભૂખથી ટળવળતાં હતાં એટલે ઈ લાકડાં લેવા આવેલો સાહેબ-ઈણે ઝાડવાં નો'તાં કાપ્યાં, વીણીવીણીને ડાંખળાં ભેગાં કર્યાં, ઈયે તારાથી નો ખમાણું?' મારી સામે હાથ લંબાવીને એ ચીસો પાડીને બોલતી હતી. 'તેં ઈને મારી નાખ્યો મૂવા રાક્ષસ! ઉપરવાળાના ચોપડે આ બધું લખાશે કાળમુખા ! યાદ રાખજે... ઈ હિસાબનું પાનું એક દિ ઊઘડશે ત્યારે મને યાદ કરજે...તારા ચાબુકનો તો અવાજ આવે છે પણ ઉપરવાળાની લાકડી વિંઝાશે ત્યારે કોઈ અવાજ નહીં આવે...રોઈ રોઈને તારી આંખનાં પાણી ખૂટી જશે એવો દા'ડો આવશે ત્યારે મને યાદ કરજે..' ભયાનક ઝનૂનથી એ રડતી રડતી બોલતી હતી. 'મારી નાખ્યો મારા ધણીને...ઈ તો ગયો હવે આ આખી જિંદગી અમને પાંચેયને કોણ ખવડાવશે, મૂવા પાપિયા? ખટારાના ખટારા ભરીને લાકડાં જાય છે ઈ નથી દેખાતું ને ગરીબને કાયદો દેખાડો છો? મૂવા રાક્ષસ, તારી સરકારને આંખો નથી બળી પણ ઉપરવાળાને બધું દેખાય છે એ ન્યાય કરશે..તારું ધનોતપનોત નીકળી જશે...તારી વાંહે કોઈ રોવાવાળું નહીં રે...'

'લખી, હવે શાંત થા. કોઈને આવા શાપ ના દેવાય...' એની સાથે આવેલી એક સમજદાર સ્ત્રીએ બે હાથેથી પકડીને એને શાંત પાડવા પ્રયત્ન કર્યો. 'ધણી મારો મર્યો છે કે તારો?' એક ઝાટકા સાથે એના હાથમાંથી જાત છોડાવીને લખીએ ફરીથી છાતી કૂટવાનું શરૂ કર્યું અને રડતી વખતે એ મારી સાથે હાથ લંબાવીને હજુય શાપ વરસાવી રહી હતી. પેલાં ચારેય ટાબરિયાં ઓશિયાળાં બનીને લખીને વિંટળાઈને ઊભાં હતાં...હૈયું હચમચાવી મૂકે એવો એનો વિલાપ હજુય મારા કાનમાં પડઘાય છે.'

રમણિકલાલનો આખો ચહેરો પરસેવે રેબઝેબ થઈ ચૂક્યો હતો. બે હાથ વચ્ચે માથું પકડીને એ ફાટી આંખે બારી બહાર તાકી રહ્યો હતો. એક શ્વાસે આટલું બોલ્યા પછી દોઢ-બે મિનિટ સુધી વાતાવરણમાં સ્તબ્ધતા છવાયેલી હતી.

'કકળતી આંતરડીએ લખીએ જે શાપ આપેલો એ ભોગવી રહ્યો છું...' રમણિકલાલનો અવાજ સાવ ઢીલોઢસ થઈ ચૂક્યો હતો. 'પાંચ વર્ષ અગાઉ શ્રીમતીને હાર્ટએટેક આવ્યો અને વિદાય લીધી. દીકરો એન્જિનિયર થઈને અમેરિકા ગયો હતો. બે વર્ષ પહેલાં એને ત્યાં આંતરડાનું કેન્સર થયું. હું ત્યાં ગયો. એની સારવારમાં બધી કમાણી સાફ થઈ ગઈ પણ એ ના બચ્યો. સારું ઘર જોઈને દીકરીને વેરાવળમાં પરણાવી હતી. ચાર મહિના પહેલાં જુવાનજોધ જમાઈ ફાટી પડ્યો. એક્સિડન્ટમાં એ ગુજરી ગયો એટલે એના ઈન્સ્યોરન્સના પચાસ લાખ રૂપિયા દીકરીને મળવાના હતા, એમાં એના દિયર જોડે પરણાવવાના કાવાદાવા એ લોકોએ શરૂ કરી દીધા કે જેથી એ પૈસા ઘરમાં જ રહે. મારી દીકરીએ ના પાડી એમાં ઝઘડા શરૂ થયા. છેલ્લા મહિનાથી એ આંતરેદા'ડે મને ફોન કરીને રડતી હતી. પેલા રાક્ષસો એને દિયર જોડે પરણાવી દેવા દબાણ કરતા હતા. ગઈ કાલે સવારે દીકરીનો ફોન આવ્યો કે બાપા, આ લોકો મને મારી નાખીને પણ પૈસા હડપ કરી જશે. ભાગીને એ અમદાવાદ આવી જવાની હતી પણ પેલા લોકોએ એને આવવા ના દીધી અને સળગાવી દીધી...

સહેજ અટકીને રમણિકે બારી બહાર જોઈને નિઃસાસો નાખ્યો. 'ઈશ્વર જાણે કે એ બાપડી કેટલું દાઝી હશે!...'

હેમંત અને સમીરની નજર એ દુઃખી બાપના ચહેરા ઉપર સ્થિર હતી. એ વખતે ફરીથી રમણિકનો મોબાઈલ રણક્યો. એમણે ખિસ્સામાંથી મોબાઈલ બહાર કાઢીને સ્ક્રીન સામે જોઈને નિરાશાથી માથું ધુણાવ્યું. 'વેરાવળથી છે?' હેમંતે પૂછ્યું. 'હિંમત નથી ચાલતી..' હકારમાં માથું હલાવીને એ બબડ્યા. હેમંતે હિંમત કરી. રમણિકલાલ કંઈ સમજે એ અગાઉ એમના હાથમાંથી મોબાઈલ લઈ લીધો.

'હલ્લો...' હેમંતે જણાવ્યું. 'રમણિકભાઈ ઊંઘી ગયા છે. હું એમનો મિત્ર છું. અમે લોકો સોમનાથ મેલમાં જ છીએ.'

'એમને અત્યારે જગાડવાની જરૂર નથી.' સામા છેડેથી ભારેખમ અવાજવાળા પુરુષે સમજાવ્યું. 'સમાચાર સારા નથી. તમે સમજી ગયા ને? એમને સાચવીને લાવજો.'

રમણિકલાલ સામે નજર મેળવવાની હવે હેમંતમાં હિંમત નહોતી. એ મોબાઈલ સામે તાકી રહ્યો. આંખોમાં આશા આંજીને રમણિકલાલ એની સામે જોઈ રહ્યા હતા. બહાર ભીષણ અંધકાર વચ્ચે તીણી વ્હિસલ વગાડીને ટ્રેન ધમધમાટ આગળ વધી રહી હતી.

## શબ્દાર્થ

**કદાવર** કદમાં મોટું **રૂઆબદાર** પ્રભાવશાળી, તેજસ્વી **ખમાણું** ખમાયું(અહીં સહન થવું), **કાવાદાવા** કૂડકપટ, તરકીબ

## રૂઢિપ્રયોગ

**જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાવાં** જીવવાની આશા ન હોવી, **ધનોત-પનોત નીકળી જવું** સર્વસ્વ નાશ પામવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) રમણિકલાલના પરિવારમાં કોણ કોણ હતાં ?

(2) રમણિકલાલનો વ્યવસાય શો હતો ?

(3) રમણિકલાલને પોતાની સ્થિતિ માટે કઈ ઘટના જવાબદાર લાગે છે ?

(4) રમણિકલાલે ટઈનમાં ફોન શા માટે ન ઉપાડ્યો ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ટ્રેઈનમાં ચડેલા રમણિકલાલનો દેખાવ કેવો હતો ?

(2) તેઓ શાની ચિંતામાં હતા ?

(3) રમણિકલાલ પર શો ફોન આવ્યો હતો ?

(4) સમીરે રમણિકલાલને શી સાંત્વના આપી ?

(5) રમણિકલાલના નોકરીની શરૂઆત સમયનો દમામ તમારા શબ્દોમાં આલેખો.

(6) રમણિકલાલે કઈ આશાથી ભિખારણને સો રૂપિયાની નોટ આપી દીધી ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) રમણિકલાલના જીવનના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધની સ્થિતિનું વર્ણન કરો.

(2) 'કર્મનો હિસાબ દરેકે ચૂકવવો જ પડે છે'-આ વિધાન કૃતિના આધારે સમજાવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- 'પોસ્ટ-ઑફિસ વાર્તા વાંચો. અલી શિકારી હતો, પંખીઓને તરફડતાં જોવાનો આનંદ માણતો હતો- એને પોતાને દીકરીના વિયોગમાં તરફડવું પડ્યું-'કર્મના ફળની વાત'ને સરખાવો.
- જીવનમાં બનતી આવી પ્રત્યક્ષ ઘટનાઓની ચર્ચા કરો.

## ભાષા-અભિવ્યક્તિ

સમગ્ર ઘટના ટ્રેઈનમાં બને છે, સંદર્ભો ટ્રેઈન બહારના, રમણિકલાલના જીવનના છે. 'ટ્રેઈન' વ્યક્તિના જીવનના સંદર્ભે સૂચક છે. રમણિકલાલને લાગે છે કે પોતે પોતાનાં કર્મનું ફળ ભોગવે છે. પ્રતીતિ અને પશ્ચાત્તાપ છે. બાજુમાં બેઠેલા બે અજાણ્યા મુસાફરોને જીવનની આ નિયતિ નજીક લાવે છે. કથાવસ્તુની ભાષાભિવ્યક્તિ ભાષા તાજગીને કારણે વાચકને પકડી રાખે છે. સમગ્ર વાર્તામાં વરતાતી આ ભાષાભિવ્યક્તિની એક ઝલક જુઓ-લેખકે કરેલું રમણિકલાલનું વર્ણન વાંચો.

'અઠ્ઠાવનથી સાઈઠની ઉંમર, ચોરસ ચહેરો, સૂર્યના તડકાથી ઘઉંવર્ણી બનેલી ત્વચા, થોભિયાના વાળ સફેદ, બાકી ભરાવદાર કાળા વાળ, ઊંચાઈ છ ફૂટ જેટલી તો હશે, આછા બદામી રંગનું સફારી---એમનું નિરીક્ષણ કરતી વખતે હેમંતની નજર એમની આંખો ઉપર અટકી. તેનું વ્યક્તિત્વ કદાવર અને રૂઆબદાર હતું, એ છતાં એની વિશાળ આંખો વિષાદથી છલકાતી હતી. એ માણસની આંખોમાં વેદનાનો મહાસાગર ઘૂઘવતો હોય એવું પહેલી નજરે પારખી શકાય.'

## શિક્ષક પ્રવૃત્તિ

- 'જીવનમાં કર્મની અસર' વિશે ચર્ચાસભા યોજી શકાય.
- આ પ્રકારના કથાવસ્તુવાળી વાર્તાઓ વિદ્યાર્થીઓને વાંચવા સૂચન કરવું.
- મહાપ્રયાણ વખતે મહાભારતમાં પાંડવોને કર્મ પ્રમાણે ગતિ પ્રાપ્ત થઈ તે વાત વિદ્યાર્થીઓને કહેવી.

•

# 15 મારા ફળીનાં ઝાડવાં બે...

**દેવજી રા. મોઢા**

**(જન્મ : 8-5-1913; અવસાન : 21 -11-1987)**

કવિ દેવજી રામજી મોઢા 'શિરીષ'નો જન્મ પોરબંદરમાં થયો હતો. ઈ. સ. 1930માં મેટ્રિક થયા, ઈ. સ. 1944માં મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન ડી. જે. સિંધ કૉલેજમાંથી એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. ઈ. સ. 1948માં વતન પોરબંદર આવ્યા અને નવી શાળા નવયુગ વિદ્યાલયમાં આચાર્ય થયા. ઈ. સ. 1963માં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કર્યો ઈ. સ. 1977 સુધીમાં શિક્ષણક્ષેત્રે લાંબો સમય સેવા આપી, એ સંસ્થામાંથી જ નિવૃત્ત થયા.

'પ્રયાણ', શ્રદ્ધા', 'આરત', 'અનિદ્રા', 'વનશ્રી', 'રાધિકા', 'શિલ્પા', 'અમૃતા', વગેરે એમના કાવ્યસંગ્રહો છે. પ્રકૃતિપ્રેમ, સામાજિક અસમાનતા અંગેની વ્યથા, દેશપ્રેમ જેવા ભાવો એમનાં કાવ્યોમાં નિરૂપણ પામ્યા છે. તળપદી સરળ-સહજ ભાષામાં એમનાં કાવ્યોની ભાવાભિવ્યક્તિ નોંધપાત્ર છે.

આ ગીતમાં કવિ બે વૃક્ષો વચ્ચેનો વાર્તાલાપ કલ્પે છે. કાવ્ય-નાયકના ફળિયામાં ઊગેલાં બે ઝાડવાંમાંનું એક દૂરના જંગલમાં જવા ઇચ્છે છે. જંગલમાં રહેલાં પોતાનાં ભાઈ-ભાંડુ સાથે બાકીનું જીવન જીવવા ઝંખે છે. અહીં હવે એને એકલું લાગે છે. બીજા વૃક્ષનો જવાબ સરસ છે : જંગલમાં જીવનું જોખમ છે. કઠિયારો ક્યારે કુહાડીથી કાપી નાખે, નક્કી નહીં ! અહીં સુરક્ષિત છીએ. વળી, જે વ્યક્તિએ પોતાને ઉછેર્યાં, મોટા કર્યાં; હવે ફળ અને છાંયો આપવાનો સમય થયો ત્યારે એને છોડીને જતું રહેવું યોગ્ય નથી! બીજું વૃક્ષ તો અહીં જ રોકાઈને, પોતાને ઉછેરનારને અંત સુધી ઉપયોગી થવાની ભાવના સેવતું તેના ચૂલાનું બળતણ થવા પણ તૈયાર છે! ઉપકારનો બદલો ઉપકારથી આપવાની ભાવનાનો સંકેત કરતું આ ગીત વૃક્ષની ઉદારતાનો તો પરિચય કરાવે જ છે, જીવનપર્યંત અને મૃત્યુ પછી પણ બીજાને ઉપયોગી થવાનો માનવીને બોધ પણ આપે છે. માનવજીવનની સાર્થકતા અન્યને ઉપયોગી થવામાં છે એ વાત કવિએ બે વૃક્ષોના રૂપક દ્વારા સમજાવી છે.

---

મારા ફળીનાં ઝાડવાં બે હતાં કરતાં એક દિ' વાતો!
એક કહે : હદ થાય હવે, નહીં ભાંડુ-વિજોગ ખમાતો!
        ચાલને, આંહીંથી ચાલતાં થાયેં,
        આઘાં આઘાં વનમાં જાયેં!
બીજું કહે : એમાં જીવનું જોખમ, નિત આવે કઠિયારા,
આવી ઓચિંતાના ચલવે આપણા પર કુઠારના મારા;
        જોકે મરવું કોઈ ન ટાળે,
        તો યે મરવું શીદ અકાળે ?
પે'લું કહે : અહીં દન ખૂટે તો પાછી ન ખૂટે રાત;
અહીં અટૂલું એકલું લાગે, તહીં તો આપણી નાત !
        ચાલને, આપણે ચાલતાં થાયેં
        આઘાં આઘાં વનમાં જાયેં !
બીજું કહે : જેણે જાત ઘસીને આપણને જળ પાયાં,
એમને ક્યારે આપશું આપણાં ફળ ને આપણી છાયા?!
        હું તો કહું : અહીં રોકાઈ જાયેં,
        એના ચૂલામાં ઈંધણાં થાયેં !

**શબ્દાર્થ**

**ફળી** ફળિયું **ભાંડુ-વિજોગ** પરિવારનો વિયોગ **ખમાતો** સહન થતો **આઘાં** દૂર **કુઠાર** કુહાડો, ફરસી **શીદ** શા માટે, શું કામ **અકાળે** અયોગ્ય સમયે, (અહીં) કુદરતી મૃત્યુ પહેલાં **દન** દિવસ **ઈંધણાં** બળતણ

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ફળીનાં ઝાડવાં ક્યાં જવાની વાતો કરે છે ?

(2) જંગલમાં ઝાડવાંને શા માટે જોખમ અનુભવાય છે?

(3) વૃક્ષોને પોતાનાં ફળ અને છાંયો કોને આપવાં છે ?

(4) કાવ્યને અંતે વૃક્ષો દ્વારા કઈ સુંદર ભાવના વ્યક્ત થઈ છે ?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) એક ઝાડવાને ફળિયું છોડીને શા માટે જંગલમાં જવું છે ?

(2) વૃક્ષોને ફળીમાં એકલું શા માટે લાગે છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

'મારા ફળીનાં ઝાડવાં બે....'કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમારા ઘરે કે શાળામાં એક વૃક્ષ વાવીને ઉછેરો.
- ઉમાશંકરનું 'વડ' કાવ્ય મેળવીને વાંચો અને નોટિસબોર્ડ ઉપર મૂકો.
- વૃક્ષ વિશેનાં સૂત્રો-કંડિકાઓ મેળવીને નોંધો.

### ભાષા-અભિવ્યક્તિ

આ કાવ્યમાં કવિએ સંવાદની એક સરસ રીત અપનાવી છે. બે ઝાડના સંવાદમાં પોતે સંવાદક(સૂત્રધાર)ની ભૂમિકા ભજવી છે. પ્રથમ પંક્તિમાં '...કરતાં એક દિ' વાતો' દ્વારા ખ્યાલ આવે છે કે વાત ભૂતકાળની છે. 'વાતો' - 'ખમાતો'નો પ્રાસ કાવ્યને સરસ આરંભ કરી આપે છે.

ચાલને, આંહીંથી ચાલતાં થાયેં,
આઘાં આઘાં વનમાં જાયેં!

કડીની તળપદી ચાલ ભાવની અભિવ્યક્તિ માટે ચોંટડૂક બંધ બેસી જાય છે. આરંભે 'ચાલને'માં ચાલવાનો સંદર્ભ નથી પણ બોલીનો સહજ કાકુ છે. જે સંવાદમાં સામેની વ્યક્તિનું ધ્યાન દોરવા માટે છે તો 'થાય' અને 'જાયેં'નો બોલીસહજ લહેકો અસરકારક છે.

કાવ્યની ટૂંકી બેરની ચાર કડીઓમાંથી પ્રથમ, ત્રીજી અને ચોથી કડીના ભાવનું ધીરે ધીરે પરિવર્તન આસ્વાદ્ય છે તો બંને ઝાડની દલીલો જોરદાર છે. 'ભાંડુ-વિજોગ'-'આપણા પર કુઠારના મારા', 'પાછી ન ખૂટે રાત'- 'જાત ઘસીને આપણને જળ પાયાં'ને સામસામે મૂકીને સંવાદને રસપ્રદ બનાવવામાં કવિની શબ્દપસંદગી નોંધપાત્ર છે.

### શિક્ષક પ્રવૃત્તિ

- સમર્પણ-ભાવ અને કૃતજ્ઞતાનો અર્થ સમજાવો.
- શાળામાં વૃક્ષારોપણ કરાવો, એના વિશે અહેવાલ લેખન કરાવો.
- વૃક્ષનું મહત્ત્વ સમજાવો.
- આસપાસનાં પ્રાકૃતિક સ્થળોની મુલાકાત કરાવી, વનભોજનનું આયોજન કરાવો.

•

# 16 તપસ્વી સારસ્વત

ચંદ્રકાન્ત શેઠ
(જન્મ : 3-2-1938 )

ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠ ખેડા જિલ્લામાં આવેલા ઠાસરાના વતની છે. તેઓ કવિ, નાટ્યકાર, ચરિત્રકાર, વાર્તાકાર, હાસ્યકાર તેમજ લલિતનિબંધોના સર્જક છે. આ ઉપરાંત એમણે વિવેચન, અનુવાદ અને સંપાદન વગેરે ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર પ્રદાન કરેલું છે. ગુજરાતીના અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી તેઓ હાલ ગુજરાત વિશ્વકોશ શ્રેણીના સંપાદનકાર્ય સાથે જોડાયેલા છે. 'પવન રૂપેરી', 'ઊઘડતી દીવાલો', 'પડઘાની પેલે પાર', 'ગગન ખોલતી બારી, 'શગે એક ઝળહળીએ', 'જળ, વાદળ ને વીજ', 'ગગનધરા પર તડકા નીચે' જેવા તેમના અનેક કાવ્યસંગ્રહો છે. 'ચાંદલિયાની ગાડી', 'હું તો ચાલું મારી જેમ' અને 'ઘોડે ચડીને આવું છું'-એ એમનાં બાળકાવ્યોના સંગ્રહો છે. 'નંદ સામવેદી' લલિતનિબંધોનો સંગ્રહ તેમજ 'ધૂળમાંની પગલીઓ' શૈશવનાં સ્મરણોની રોચક કથા છે. તેમને ગુજરાતી સાહિત્યસભા તરફથી રણજિતરામ સુવર્ણચંદ્રક તથા દિલ્હી સાહિત્ય અકાદમીનો એવોર્ડ પણ મળ્યા છે.

પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કે. કા.શાસ્ત્રી વિશે ચંદ્રકાન્ત શેઠે સઘન વ્યક્તિચિત્ર આલેખ્યું છે. શાસ્ત્રીજીનું જીવન-કવન સમગ્ર રીતે અહીં આલેખાયું છે. એમની આંતરબાહ્ય છબી આ વ્યક્તિચિત્રમાં સુપેરે ઝિલાઈ છે.

---

બેઠી દડીનું હલકું પાતળું હાડ, ઘઉંવર્ણો વાન, ચપળ આંખો અને અણિયાળું નાક, ભાલપ્રદેશમાં સદાય ચમકતું ચીપિયા જેવું કુમકુમવર્ણું તિલક, કસવાળી વૈષ્ણવી બંડી, ઢીંચણથી થોડીક નીચી ધોતી, માથે જરા ત્રાંસી મુકાયેલી કેસરી ટોપી, ક્યારેક ગળે વીંટાળેલો કેસરી ઉપરણાનો ખેસ અને પગમાં રબરની સ્લિપર કે ચંપલ પહેરેલી  એક વૃદ્ધ કાયા, હાથમાં લાકડી લઈને અમદાવાદની સડક પર - પુષ્ટિસંપ્રદાયની હવેલી તરફ દેવદર્શન કે કીર્તન માટે ઉતાવળી ચાલે ધસતી જતી જોઈને તમે ખુશીથી ધારણા કરી શકો કે. કે. કા,શાસ્ત્રી હશે. હવે તો શાસ્ત્રીજીનું આવું દર્શન આપણા માટે સ્મરણનો વિષય બનીને રહ્યું છે!

આપણા આરૂઢ વિદ્વાન કેશવરામ શાસ્ત્રીને સાહિત્યજગત 'કે.કા.' કે 'શાસ્ત્રીજી'ના ટૂંકા નામથી ઓળખે છે. પિતા કાશીરામ શાસ્ત્રી અને માતા દેવકીબહેન પૂરેપૂરાં વૈષ્ણવધર્મી. શાસ્ત્રીજીનું જન્મસ્થળ અને વતન માંગરોળ (જિ. જૂનાગઢ). જન્મ 28મી જુલાઈ, 1905ના રોજ, બરડાઈ બ્રાહ્મણ પરિવારમાં. પિતાજી મોટા વિદ્વાન; માતા ધાર્મિક વૃત્તિનાં, ગૃહિણી. વેદશાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન વારસામાં મળેલું. શાસ્ત્રીજીને ગળથૂથીમાં જ શાસ્ત્રપ્રેમ અને સંપ્રદાયપ્રેમ મળ્યાં. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માંગરોળમાં લીધું. શ્રી માંગરોળ વૈષ્ણવ સુબોધિની પાઠશાળામાં 11મા વર્ષથી તેમણે સંસ્કૃત વ્યાકરણ, સંસ્કૃત મહાકાવ્યો, ભાગવત આદિ પુરાણો અને ષોડશ ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ  આરંભ્યો હતો. યુવાવસ્થામાં પ્રવેશતાં જ શાસ્ત્રીજીમાં પુષ્ટિભક્તિ અને પુષ્ટિજ્ઞાન સુદૃઢ થઈ ચૂક્યાં હતાં. 1936 થી 39ના ગાળામાં બેંગાલ સંસ્કૃત એસોસિયેશનની ચાર અને બૌદ્ધ પાલીની બે પરીક્ષાઓમાં તેઓ ઉત્તીર્ણ થઈ ચૂક્યા હતા.

શાસ્ત્રીજી મૅટ્રિક થયા પછી મુંબઈ ગયા, પરંતુ સ્વાસ્થ્ય માટે વાતાવરણ પ્રતિકૂળ જણાતાં વતનમાં જ શિક્ષકની કામગીરી સ્વીકારી. મુંબઈવાસ દરમિયાન શાસ્ત્રીજી હસ્તપ્રતો પરથી મુદ્રણકામ નકલ (પ્રેસ-કૉપી) તૈયાર કરવાની અને પ્રૂફવાચનની તાલીમ લઈ ચૂક્યા હતા. વતનમાં પણ એક મિત્રના છાપખાનામાં અક્ષરોનાં બીબાં ગોઠવવાની અને ટ્રેડલ મશીન ચલાવવાની તાલીમ લઈ લીધેલી, જે તેમને પાછળથી અમદાવાદમાં કામ લાગેલી.

1925 થી 1935 સુધીના એક દાયકાના શિક્ષક તરીકેના કાર્ય દરમિયાન શાસ્ત્રીજીનું લેખનકાર્ય તો ચાલતું જ હતું. કનૈયાલાલ મુનશીએ નરસિંહ મહેતા 16મી સદીમાં થયા હોવાનું જણાવ્યું ત્યારે શાસ્ત્રીજીએ તેમના મતનું ખંડન કરતા લેખો 'ગુજરાતી' સાપ્તાહિકમાં લખ્યા. તેનાથી અનેક ગુજરાતી વિદ્વાનોનું ધ્યાન તેમના તરફ ખેંચાયેલું. ચુનીલાલ વ. શાહે શાસ્ત્રીજીની કલમની શક્તિ પિછાણી તેમને 'પ્રજાબંધુ' સાપ્તાહિકના તંત્રીમંડળમાં કામ કરવા આમંત્ર્યા. આ કામગીરીમાં શાસ્ત્રીજીને ઘણું ઘડાવાનું મળ્યું. 'જગતનું રાજકારણ' અને 'સોદાગરની કિતાબ' જેવી બે કૉલમો 'પ્રજાબંધુ'માં તેઓ ચલાવતા હતા.

આ દરમિયાન ગુજરાત વિધાનસભાના 'બુદ્ધિપ્રકાશ' સામયિકમાં છપાતા શાસ્ત્રીજીના લેખોથી આકર્ષાઈ એ સંસ્થાના મંત્રી હીરાલાલ પારેખે શાસ્ત્રીજીને ગુજરાત વિધાનસભામાં જોડાવા નિમંત્રણ આપ્યું. 11 એપ્રિલ, 1936થી તેમણે ગુજરાત વિધાનસભાના હસ્તલિખિત ગ્રંથસંગ્રહની કામગીરી સંભાળી અને ખૂબ પરિશ્રમ લઈને ત્યાંની હસ્તપ્રતોની સંકલિત યાદી તૈયાર કરી આપી આ સમયગાળા દરમિયાન મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સન્માન્ય વિદ્વાનની પ્રતિષ્ઠા રળાવી આપનારા 'કવિચરિત ભાગ 1-2' અને 'આપણા કવિઓ' જેવા ગ્રંથો તેમણે આપ્યા. સંશોધનનું કાર્ય શાસ્ત્રીજીનું પ્રિય કાર્ય હતું.

હેમચંદ્રાચાર્યના 'અપભ્રંશવ્યાકરણ'નો સમજૂતી સાથેનો ગુજરાતી અનુવાદ તેમણે તૈયાર કરેલો. શાસ્ત્રીજીએ ભાષા, વ્યાકરણ, કોશ, ઇતિહાસ, સંસ્કૃતિ તથા સાહિત્ય તેમજ પત્રકારત્વ જેવાં ક્ષેત્રોમાં વિવિધ પ્રકારે વિપુલ પ્રમાણમાં કાર્ય કર્યું છે. સાહિત્ય ક્ષેત્રે પણ સંશોધન, સંપાદન, અનુવાદ, વિવેચન ઉપરાંત સર્જનક્ષેત્રે કવિતા નાટક, ચરિત્ર, પ્રવાસ આદિમાં પણ કેટલુંક નોંધપાત્ર પ્રદાન કર્યું છે. શાસ્ત્રીજીની સંશોધક તરીકેની પ્રતિભાની ગુજરાતના અનેક વિદ્વાનોએ નોંધ લીધી હતી. એના વિકાસમાં ગુજરાત વિદ્યાસભા મહત્ત્વનું નિમિત્ત બની રહેલી.

1939થી શાસ્ત્રીજીએ ઉચ્ચશિક્ષણનાં ક્ષેત્રે કાર્ય કર્યું. પોતે મૅટ્રિક છતાં ગુજરાતી, સંસ્કૃત આદિ ભાષાઓ અને તેના સાહિત્ય પરનું અને ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃત પરનું તેમનું જ્ઞાન-પ્રભુત્વ જોઈને ગુજરાત યુનિવર્સિટીએ તેમને અનુસ્નાતક-કક્ષાએ-પીએચ.ડી. કક્ષાએ અધ્યાપનકાર્ય કરવાની માન્યતા આપી. તેમના માર્ગદર્શન હેઠળ 16 વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયેલા. ગુજરાત યુનિવર્સિટી ઉપરાંત તેમની અધ્યાપક તરીકેની સેવાઓનો લાભ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીને પણ મળ્યો હતો. એલ.ડી. ઇન્સ્ટિટયૂટ ઑફ ઈન્ડોલૉજી જેવી સંસ્થાઓને તેમની સંશોધન-સેવાઓનો લાભ મળ્યો હતો. શાળાની 11 વર્ષની અને ઉચ્ચશિક્ષણની બાવન વર્ષની (1939 થી 90) તેમની અધ્યાપનસેવાઓ ગણતાં 65 વર્ષની તેમની વિદ્યાકીય કારકિર્દી વિરલ કહેવાય એવી હતી. આ દરમિયાન અભ્યાસી-સંશોધક પ્રાધ્યાપક તરીકેની શાસ્ત્રીજીની સેવાનો સાર્વત્રિક રીતે સમાદર થતો રહેલો. આયુષ્યના અંત સુધી શાસ્ત્રીજી સાહિત્યમાં સંશોધન-સંપાદન, કોશકાર્ય અને લેખનકાર્યમાં ગળાડૂબ રહ્યા હતા.

સંશોધન-સંપાદનક્ષેત્રે શાસ્ત્રીજીએ મહાભારત વિશેની મધ્યકાલીન ગુજરાતી કવિઓની કેટલીક કૃતિઓ સંકલિત કરી તેમનું સુંદર સંપાદન કરેલું છે. તે પછી વેદવ્યાસના મહાભારતનો મૂળ અસલી ભાગ કયો, કેટલો ને કેવો તેનું સંશોધન કરી સંપાદન કર્યું. આ ઉપરાંત આયુષ્યના અવશેષે શ્રીમદ્ભાગવત જેવા ભક્તિપુરાણના દશમસ્કંધનું સંશોધન-સંપાદન કરી તેમની વિદ્વતપ્રતિભાનું ઊજળું પ્રમાણ સૌને આપ્યું છે. વળી મહાભારતમાંથી 'ભારતસંહિતા' અને તેમાંથી 8800 શ્લોકોની 'જયસંહિતા' તારવી આપવાનું કઠિન કાર્ય તેમણે કરી આપ્યું છે. તેમણે શ્રીમદ્ભાગવદ્ગીતામાંથી 101 શ્લોકોની 'ગીતા-શતશ્લોકી' પણ તૈયારી કરી આપી છે.

શાસ્ત્રીજી પાસેથી અંદાજે અઢીસો (250) જેટલાં પુસ્તકો અને 1500 જેટલા સંશોધનલેખો મળ્યાં છે. ગુરુ શ્રી ગોમતીદાસજીની હૂંફથી સંસ્કૃત કાવ્યશાસ્ત્ર, છંદઃશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્રની તેમને લગની લાગી હતી, તે જીવનભર જળવાઈ રહી. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથોનો અનુવાદ તેમણે 21 વર્ષની વયે કરીને પોતાની ઉત્કૃષ્ટ વિદ્યાનિષ્ઠાનો પરિચય સૌને આપ્યો હતો. જીવનભર સ્વાધ્યાય-સંશોધન-સંપાદન-અનુવાદ-વિવેચનકાર્ય દ્વારા કે. કા. શાસ્ત્રીજીએ ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિની બહુમૂલ્ય સેવા કરી છે.

કોશકાર્ય પણ શાસ્ત્રીજીનું પ્રિય ક્ષેત્ર રહેલું. ગુજરાતી ભાષાનો લઘુકોશ, ગુજરાતી ભાષાનો પાયાનો કોશ, અનુપ્રાસ કોશ, બૃહદ્ ગુજરાતી કોશ (ગ્રંથ : 1 અને 2), વનૌષધિ કોશ, સંસ્કૃત-ગુજરાતી કોશ, વ્યુત્પત્તિકોશ, ભગવદ્ગોમંડળનાં 900 જેટલાં અધિકરણોનું વાચન કરીને પ્રમાણિક કરવાં - આ બધાં કામ તેનાં ઉદાહરણરૂપ છે.

આવા વિદ્વાનની પાછળપાછળ સન્માનો આવે તે સહજ છે. તેમની સારસ્વત-સાધનાને અખિલ ભારતીય સંમેલને 'વિદ્યાવાચસ્પતિ'ની ઉપાધિ અને ભારત સરકારે 'પદ્મશ્રી'નો ખિતાબ આપી સન્માનેલા, તો ગુજરાત સાહિત્યસભાએ રણજિતરામ સુવર્ણચંદ્રક(1952) અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ 'ડી. લિટ.'ની પદવી આપીને પોંખેલા. તેમને 15 પદવીઓ, 10 ઍવોર્ડ અને 38 જેટલાં માનપત્રો મળેલાં. ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ પણ તેમણે શોભાવ્યું હતું. 'ભાષાભાસ્કર', 'ધર્મભાસ્કર', 'ભારતમાર્તંડ', 'ગુર્જરરત્ન', 'મહામહિમોપાધ્યાય' જેવાં અનેક ગૌરવ-બિરુદો તેમને અર્પવામાં આવ્યાં હતાં.

શાસ્ત્રીજીના સ્વભાવની સરળતા અને ઔદાર્યને કારણે અને તેમની સારસ્વત પ્રતિભાને કારણે આનંદશંકર ધ્રુવ, કેશવ હર્ષદ ધ્રુવ, કૃષ્ણલાલ ઝવેરી, નરસિંહરાવ દિવેટિયા, કનૈયાલાલ મુનશી, બલવંતરાય ઠાકોરથી માંડીને રામનારાયણ વિ. પાઠક, રસિકલાલ છો. પરીખ, ચુનીલાલ વ. શાહ, હીરાલાલ પારેખ સુધીના અનેક સર્જક-વિદ્વાનોનો પ્રેમ અને સહકાર એમને મળ્યા હતા. શાસ્ત્રીજી અજાતશત્રુ હતા. સૌએ એમની સારસ્વત-સેવાઓનો સદ્ભાવપૂર્વક સત્કાર કર્યો હતો.

ગુજરાતી ભાષા-સાહિત્યના ગૌરવરૂપ શાસ્ત્રીજી ખૂબ વિનયશીલ હતા. 'કમ ખા, ગમ ખા' - એ એમનો જીવનસિદ્ધાંત હતો. સૂર્યોદય પહેલાં ઊઠી જઈ, નિત્યક્રમથી પરવારી તેઓ ધર્મધ્યાન અને સરસ્વતીસેવામાં પોતાનો બધો સમય વિતાવતા. મિતભાષી શાસ્ત્રીજી આરામ પણ વધુ કામ કરવા માટે જ લેતા હતા.

શાસ્ત્રીજીનું જીવન સરળતા અને સાદાઈનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. સતત કાર્યરત શાસ્ત્રીજીનું શરીર તેમ મન હંમેશાં હળવાંફૂલ રહેતાં. ઓછામાં ઓછો પરિગ્રહ અને વધુમાં વધુ વિદ્યાસંગ્રહ એ એમનો આદર્શ હતો. ટપાલમાં આવેલ પરબીડિયાં ઉપરની ટિકિટમાં સિક્કો ન વાગ્યો હોય તોપણ શાસ્ત્રીજી એ ટિકિટને રદ કરવાની કાળજી લેતા.

દૃઢ આસન બાંધીને રસેશ્વર શ્રીકૃષ્ણની અને રસરૂપા સરસ્વતીની સંનિષ્ઠાથી સેવા કરવી, એમાં જ શાત્રીજી પોતાનું એકાન્ત અને ધ્યાન, જીવનનો સાત્ત્વિક આનંદ અને જીવનની સાચી સાર્થકતા અનુભવતા હતા. સારસ્વતયજ્ઞમાં હરકોઈને સહાયક અને માર્ગદર્શક થવું તેને તેઓ પોતાનો સ્વ-ધર્મ, પોતાનું કર્તવ્ય લેખતા હતા.

આવા શીલ અને તપના સંનિષ્ઠ ઉપાસક શાસ્ત્રીજીનું 9 સપ્ટેમ્બર, 2006ના રોજ અમદાવાદમાં ટૂંકી માંદગી પછી અવસાન થયું. સારસ્વત-સેવાના સાચા ભેખધારી ગુજરાતના આ વૈષ્ણવ વિદ્વાનને તો વંદના જ હોય!

**શબ્દાર્થ**

**હાડ** બાંધો, કાઠું **કસ** અંગરખું, બંડી વગેરે બાંધવાની નાની દોરી હોય છે તે (બટનને બદલે) **પુષ્ટિસંપ્રદાય** શ્રીમદ્ વલ્લભાચાર્યે ચલાવેલો વૈષ્ણવ ભક્તિમાર્ગ; પ્રભુની કૃપા જ જીવના ઉદ્ધારમાં હેતુ છે એવી શરણભાવનાને એમાં સ્વીકારવામાં આવી છે. **વૈષ્ણવધર્મી** ભગવાન વિષ્ણુની- તેના અવતાર ગણાતા શ્રીકૃષ્ણની ઉપાસના કરનાર **ગળથૂથીમાં મળવું** છેક બાળપણથી-મૂળથી મળવું **ષોડશ** સોળ **પ્રૂફવાચન** છાપશુદ્ધિનું કાર્ય **ટ્રેડલ મશીન** (અં.) યંત્ર ચલાવવા માટેની કે પૈડું ફેરવવા માટેની પગ મૂકવાની પાવડી દ્વારા ચલાવાતું અગાઉના સમયમાં વપરાતું મુદ્રણયંત્ર કૉલમ (અં.) કટાર **એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી** શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશીના નામ સાથે જોડાયેલી મહિલા વિદ્યાપીઠ **સમાદર** માનપૂર્વક સ્વીકાર **શ્રીમદ્ વલ્લાભાચાર્યજી** પુષ્ટિસંપ્રદાયના સંસ્થાપક, પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય **વ્યુત્પત્તિ** શબ્દની મૂળ ઉત્પત્તિ **અધિકરણ** કોઈ પણ પ્રકારના કોશમાં આવતો મુદ્દો - એન્ટ્રી **અજાતશત્રુ** જેમનો કોઈ શત્રુ નથી એવા

**સ્વાધ્યાય**

1. 'કે. કા. શાસ્ત્રીએ સંશોધન-સંપાદક તરીકે ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિની બહુમૂલ્ય સેવા કરી છે.' -આ વિધાનનું સમર્થન કરતી વિગતો આપો.
2. 'કે. કા. શાસ્ત્રીની પાછળ પદવીઓ, ખિતાબો અને સન્માનો દોડતાં આવતાં હતાં.'- એમ તમે કઈ રીતે કહી શકશો?'
3. 'કે. કા. શાસ્ત્રી અજાતશત્રુ વિદ્વાન છે.' - શી રીતે ?
4. 'કે. કા. શાસ્ત્રીએ રસેશ્વર શ્રીકૃષ્ણ અને રસરૂપ સરસ્વતીની સંનિષ્ઠાથી સેવા કરી છે,' તે દૃષ્ટાંત સિદ્ધ કરો.

**5. ટૂંકમાં ઉત્તર આપો :**

(1) અમદાવાદની સડક પર જતાં શાસ્ત્રીજીને તમે કઈ રીતે ઓળખી શકતા હતા?

(2) કે. કા. શાસ્ત્રીમાં પુષ્ટિભક્તિ અને પુષ્ટિજ્ઞાન શી રીતે સુદૃઢ બન્યાં?

(3) શાસ્ત્રીજીની સંશોધક તરીકેની પ્રતિભા ક્યારે ખીલી ઊઠી?

(4) શાસ્ત્રીજીની સેવાનો લાભ કઈ-કઈ શૈક્ષણિક સંસ્થાઓને મળ્યો?

(5) કે. કા. શાસ્ત્રીનો જીવનસિદ્ધાંત અને જીવન-આદર્શ શો છે?

**6. સમજાવો.**

(1) કોશકાર્ય શાસ્ત્રીજીનું પ્રિય ક્ષેત્ર રહ્યું છે :

(2) શાસ્ત્રીજીનું જીવન સરળતા અને સાદાઈનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે.

•

# એકમ-4 : પરિચ્છેદ, સર્વનામ, સંયોજક, પ્રાસ-લય

## ■ પરિચ્છેદ

શબ્દને પોતાનો 'અર્થ' હોય છે. શબ્દની સાથે અનુગો જોડાઈને 'પદ' બને છે. પદોની યોગ્ય ક્રમમાં સાર્થ ગોઠવણી એટલે જ વાક્ય. દરેક વાક્યને પોતાના સ્વતંત્ર ભાવ-વિચાર-અર્થ હોય છે. આવાં થોડાં વાક્યોની ગોઠવણીથી પરિચ્છેદ તૈયાર થાય છે. પરિચ્છેદ એ ઇચ્છિત ભાવ-વિચારને રજૂ કરવાનો વાક્યથી મોટો એકમ છે. જે વાત એક વાક્યમાં સમજાવી ન શકાય તે વાતને કહેવા-સમજાવવા માટે, થોડાં સમાન ભૂમિકાનાં વાક્યો મળીને એક પરિચ્છેદ-ગદ્યખંડ તૈયાર કરે છે. નવલકથા, નવલિકા, વાર્તા, નાટક, નિબંધ, અહેવાલ - કોઈ પણ લેખનમાં પરિચ્છેદ-બંધારણ ખૂબ મહત્ત્વનું છે. કોઈ સર્જકના એકાદ-બે પરિચ્છેદના નમૂના પરથી તેની સર્જકશક્તિનો અંદાજ આવી શકે છે. વ્યક્તિ વાંચન વધારવામાં, રસ ઊભો કરવામાં પરિચ્છેદની શૈલી જ મહત્ત્વની બની રહે છે. 'વાહ!', 'મજા પડી ગઈ!', 'સરસ લખ્યું છે!', 'અદ્ભુત છે!' -એવા ઉદ્ગારો સરી પડે અને ફરી ફરીને પણ વાંચવાની ઇચ્છા થઈ આવે એવા પરિચ્છેદને આપણે 'સુંદર શૈલી' કહીને નવાજીએ છીએ. ઘણી વખત સારી વાત કે સારો વિચાર તેની નબળી રજૂઆત-શૈલીને કારણે પસંદગી પામતો નથી. ટૂંકમાં રજૂઆતને ચોટદાર, અસરકારક અને આકર્ષક બનાવવાનું કાર્ય વાક્યો દ્વારા--પરિચ્છેદ દ્વારા-થાય છે.

તમે બધાં ઘણાં વર્ષોથી વાક્યો વાંચો છો. તેનો અર્થ સમજો છો. વાક્યની રચના પણ તમે કરી શકો છો. નિબંધ, અહેવાલ વગેરે મારફત મૌલિક લેખન પણ તમે લખો છો, પણ તમારાં પાઠ્યપુસ્તકોમાં રહેલી કૃતિઓની રજૂઆત જેવી રજૂઆત તમે કરી શકો ખરા? હા, તમે ચોક્કસ એવું સુંદર લખાણ પણ લખી શકો. પણ એના માટે તમારે મહાવરો કરવો જોઈએ. આ વસ્તુની ગોખણપટ્ટી ન થઈ શકે. તમે સારા વક્તાઓનાં વક્તવ્યો સાંભળો. સારાં લખાણોને વાચવાની ટેવ કેળવો. નિયમિત અને ધીરજપૂર્વક વાંચવાની આદત તમને ચોક્કસ સારું લખતા કરી શકે. તમારાં પાઠ્યપુસ્તક સિવાય- અન્ય પાઠ્યપુસ્તકો, વર્તમાનપત્રો અને સામયિકોનાં લખાણો તથા સારાં પુસ્તકો વાંચવાનું નિયમિત રાખો. આજે તમે ગુજરાતી જાણો છો, સમજો છો, એમ તમે ભલે કહો છો; પણ કેટલાંક ગુજરાતી લખાણો પણ તમે સમજી ન શકો- સમજવામાં અઘરાં પડે એવું બને. નવા નવા શબ્દોની જાણકારી પ્રાપ્ત કરતાં રહો. ચોક્કસ આવા મહાવરાથી ભાષાસૌંદર્ય પ્રગટાવવાની શક્તિ તમે પણ મેળવી શકશો.

● લખાણને-પરિચ્છેદને સુંદર અને અસરકારક બનાવવા માટેની સાવધાની બાબતે આપણે થોડું વિચારીએ :

(1) સૌ પ્રથમ તો આપણે જે વિષય કે મુદ્દાની રજૂઆત કરવાની હોય તેના વિશે થોડાં વાક્યો રચવાં જોઈએ.

(2) ત્યારબાદ લખાયેલાં વાક્યોને વિચારના ક્રમ પ્રમાણે ગોઠવવાં જોઈએ. વાતની સાંકળ સળંગ રહે અને ક્રમશઃ તેની રજૂઆત થાય એ પ્રમાણે વાક્યોનો પરસ્પર બંધ સચવાઈ રહેવો જોઈએ.

(3) વાક્યમાં કોઈ પદાર્થ, વસ્તુ કે વ્યક્તિના ઉલ્લેખો વારંવાર આવતા હોય તો તેના માટે યોગ્ય સર્વનામો પ્રયોજવાં જોઈએ.

(4) કોઈ વાક્ય વધારે પડતું લાંબું અને સંકુલ (અવ્યવસ્થિત, અસંગત) જણાય તો તેને સરળ બનાવવું જોઈએ.

(5) અતિ લાંબાં વાક્ય સમજવામાં કિલષ્ટ (સમજવામાં મહેનત પડે તેવાં) હોય તેવા વાક્યને જરૂરી વિરામચિહ્નો મૂકવાં જોઈએ. જેથી વાક્યના ખંડ બનવાથી અર્થ સરળતાથી સમજાઈ શકે.

(6) પરિચ્છેદનાં અન્ય વાક્યોની સરખામણીમાં કોઈ વાક્ય અતિ ટૂંકું જણાય તો સંયોજકો વગેરે મૂકીને તેને સપ્રમાણ કરવું જોઈએ.

(7) સમગ્ર પરિચ્છેદના વિચારથી અલગ પડતું કે એકનો એક અર્થ ફરી વખત આપતું વાક્ય હોય તો તેને દૂર કરવું જોઈએ. બંનેમાંથી સારા શબ્દો પસંદ કરી તેમાંથી ત્રીજું સારું વાક્ય પણ બનાવી શકાય.

(8) કોઈ શબ્દની પુનરુક્તિ થતી હોય કે તદ્દન અજાણ્યો-નવો-તળપદો શબ્દ હોય તો લખાણની શૈલી પ્રમાણે તેમાં જરૂરી ફેરફાર-બદલાવ લાવવો જોઈએ.

(9) પરિચ્છેદ લેખનની શરૂઆતમાં ડાબી બાજુથી દોઢ-બે સેમી જગ્યા છોડવી જોઈએ. (પાઠ્યપુસ્તકના લખાણનું નિરીક્ષણ કરવું.)

(10) પરિચ્છેદ  પૂરો થાય ત્યારે-છેલ્લે વધેલી લીટીને કોરી છોડી દઈને પછીની લીટીથી નવો પરિચ્છેદ લખવો જોઈએ.

(11) પરિચ્છેદ  જો અતિશય લાંબો થતો જણાય તો વાંચનારને કંટાળો આવે છે. આવા વખતે પરિચ્છેદના બે ભાગ કરવા જોઈએ. વિચાર-સાંકળ ખંડિત થાય તે રીતે એક પરિચ્છેદ પૂરો કરી, નવો પરિચ્છેદ શરૂ કરવો જોઈએ.

**■ સર્વનામનો ઉપયોગ :**

પરિચ્છેદ-રચના સુંદર થાય તે માટેની શાસ્ત્રીય બાબતો વિશે આપણે જાણ્યું. પણ માત્ર જાણકારી ધરાવવાથી જ આ કાર્ય સુંદર થતું નથી. એનો લેખિત-મહાવરો જ આપણને સફળતા તરફ દોરી જાય છે. સારાં લખાણોનું વાંચન અને તેનો અભ્યાસ કરવાથી લેખનક્ષમતા આપોઆપ વિકસતી જાય છે. અહીં આપણે એક પરિચ્છેદનો અભ્યાસ કરીએ :

'**અણદો** મને સમજાતો નહોતો. ગામલોકોને મન **અણદો** ગાંડો હતો. કુટુંબીઓએ **અણદા**ને ગાંડો ગણીને કાઢી મૂક્યો હતો. છોકરાઓ **અણદા**ની પાછળ ધૂળ ઊડાડતા, કાંકરા મારતા, બૂમો પાડતા, ગાળો દેતા પણ **અણદો** કદી ચિડાતો નહીં. **અણદો** જે ગામમાં જતો એ ગામની સફાઈ દિલપૂર્વક કરતો. પણ બદલામાં કશું માગતો નહીં.'

આ પરિચ્છેદનો અભ્યાસ કરો. બે-ત્રણ વખત તેનું વાચન કર્યા પછી તમારા ધ્યાનમાં આવ્યું હશે કે 'અણદો' સંજ્ઞાની અહીં પુનરુક્તિ થયા કરે છે. આ શબ્દનું પુનરાવર્તન વાંચતી વખતે ખૂંચે છે. હવે આ 'અણદો' સંજ્ઞાને બદલે જો આપણે સર્વનામ મૂકી દઈએ તો...? પુનરોચ્ચારણનો કંટાળો દૂર થશે અને વાંચન કરવામાં સરળતા પણ રહેશે. તમે આવાં યોગ્ય સર્વનામો મૂકી આ પરિચ્છેદ ફરી લખો. ત્યારબાદ વાંચો. સર્વનામનું મહત્ત્વ સમજો.

આ પરિચ્છેદ વાંચો :

'રંગમોલ નિશાળમાં એક નવો છોકરો ભણવા આવ્યો હતો. અને એના બાપુજી નિશાળમાં આવીને ગંજીફરાક મફત ઈનામમાં વહેંચતા હતા. હેડમાસ્તરે હરિયાને બોલાવીને બેસાડ્યો, હરિયો ભારમાં મોઢું રાખીને બેઠો. હરિયાની ઓળખાણ કરાવી. ગંજીફરાક હરિયાને હાથે વહેંચાય એવું નક્કી થયું.  આય વળી નવું!'

વાચન કરતાં તમારા ધ્યાનમાં આવ્યું હશે કે અહીં તો લેખકે જ 'હરિયો' સંજ્ઞાનો પુનરોચ્ચાર કર્યો છે. અહીં પ્રથમ વખત 'હરિયો' રાખી બાકીની જગ્યાએ ચાર વખત સર્વનામો શા માટે નહીં મૂક્યાં હોય?...વિચારો...જુઓ. આ નાનકડા પરિચ્છેદમાં ચાર પાત્રો પોતાની ક્રિયાઓ કરી રહ્યાં છે. એક શાળાના હેડમાસ્તર છે. બીજો છે નવો વિદ્યાર્થી, ત્રીજા તેના બાપુજી અને ચોથો છે હરિયો. હવે અહીં 'હરિયા'ના સ્થાને જો સર્વનામ વાપરવામાં આવે તો એ સર્વનામ ચાર પૈકી કોના માટે વપરાયું છે, તેનો ગૂંચવાડો થવા સંભવ છે. કોણ, કઈ ક્રિયા, કોની પાસે અને કેવી રીતે કરાવે છે તે વાચકને સમજવું થોડું મુશ્કેલ બને. એટલે સરળતાથી વાતને સમજાવવા માટે જ લેખકે આખાયે પરિચ્છેદમાં 'હરિયા' માટે સર્વનામ વાપર્યું નથી. આપણે થોડું વિસ્તારથી સમજીએ :

'...એના બાપુજી નિશાળમાં આવીને ગંજીફરાક મફતમાં ઈનામમાં વહેંચતા હતા. હેડમાસ્તરે <u>તેને</u> બોલાવીને બેસાડ્યો. <u>તે</u> ભારમાં મોઢું રાખીને બેઠો. <u>તેની</u> ઓળખાણ કરાવી. ગંજીફરાક <u>તેના</u> હાથે વહેંચાય એવું નક્કી થયું. <u>તેને</u> થયું...'

આ અધોરેખિત (નીચે લીટી કરેલાં) સર્વનામો ચાર પાત્રો પૈકી કોને માટે વાપર્યાં છે એ નક્કી કરવામાં મુશ્કેલી પડે છે. ને! 'હેડમાસ્તરે તેને બોલાવીને બેસાડ્યો.' (કોને બેસાડ્યો - હરિયાને, નવા વિદ્યાર્થીને કે તેના બાપુજીને?)

'તે ભારમાં મોઢું રાખીને બેઠો.' (કોણ બેઠું...?)

'તેની ઓળખાણ કરાવી.' (કોની ઓળખાણ કરાવી ?)

'ગંજીફરાક તેના હાથે...' (કોના હાથે...?)

તેને થયું (કોને થયું - નવા વિદ્યાર્થીને, તેના બાપુજીને કે હરિયાને ?)

સમજાયું ને....સર્વનામ નહીં વાપરવાનું કારણ ! ટૂંકમાં, સર્વનામનો ઉપયોગ વાક્ય અને અર્થને સરળ કરવા માટે છે- એ હેતુ હંમેશાં જળવાઈ રહેવો જોઈએ.

**● સંયોજકોનો યોગ્ય ઉપયોગ :**

બે શબ્દ, બે વાક્યખંડો કે બે વાક્યોને જોડનાર પદ (અવ્યય) એટલે સંયોજક. 'અને', 'એટલે', 'તથા', 'તેથી', 'અથવા', કે 'માટે', 'જો...તો', 'જ્યારે...ત્યારે' 'જે...તે' વગેરે સંયોજકો છે. રામ અને લક્ષ્મણ ('અને' સંયોજક બે શબ્દોને જોડે છે.) 'રામ જઈ રહ્યા છે', 'લક્ષ્મણ જઈ રહ્યા છે'. આ બે વાક્યોના સ્થાને 'રામ અને લક્ષ્મણ જઈ રહ્યા છે'. બંને શબ્દોને 'અને' સંયોજકથી જોડીને એક જ ક્રિયાપદથી કામ ચાલે છે. વળી વાક્ય ટૂંકું બને છે.

(1) બા મને પકડવા આવી. બંદા તો પોબારા ગણી ગયા. (અમૃતા)

(2) મારી નાની બહેનનું નામ તો અમૃતા. સૌ એને અમુના વહાલસોયા નામથી જ બોલાવતા. (અમૃતા)

(3) એના જમાઈને લશ્કરમાં નોકરી હતી. તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી. (પોસ્ટઑફિસ)

(4) હું એકલો રહ્યો. અમુ ધીરે ધીરે પાસે આવીને મારી સોડમાં લપાઈ ગઈ. (અમૃતા)

ઉપરના ક્રમ (1) થી (4)માંનાં વાક્યો વાંચો. દરેકમાં બે-બે વાક્યો છે. આ વાક્યને યોગ્ય સંયોજક મૂકીને જોડવામાં આવે તો વાક્યો સપ્રમાણ બને છે. વળી એમાંનું એક વાક્ય બીજા વાક્ય પર આધાર રાખીને રચેલું છે. બંને વાક્યોને એક કરીને વાંચીએ તો જ તેનો પૂરો અર્થ સમજાય છે. ક્રમ નં. (1) માં રહેલાં બંને વાક્યોને એક કરવાથી જ લેખકના પોબારા ગણી જવાનું કારણ સમજાય છે. બંને વાક્યોને 'ત્યારે' સંયોજકથી જોડીને વાંચી જુઓ. અહીં સૌથી આગળ 'જ્યારે' પણ મૂકી શકાય. 'જ્યારે...ત્યારે', 'જે...તે', 'જેમ...તેમ', વગેરે જોડીમાં, અલગ અલગ સ્થાને વપરાતાં સંયોજકો છે.

ક્રમ નં. (2) માં જેને અમુના વહાલસોયા નામથી સૌ બોલાવતાં તેનું મૂળ નામ તો અમૃતા હતું તે સમજાય છે. 'પણ' સંયોજકથી બંનેને જોડી જુઓ. ક્રમ નં. (3)માં ડોસાની દીકરીનું પંજાબ જવાનું કારણ પ્રથમ વાક્યમાં સમાયેલું છે. 'તેથી' સંયોજક વડે તેમને જોડવાથી અર્થ સંપૂર્ણ બને છે. ક્રમ નં. (4)માં 'જ્યારે હું એકલો રહ્યો ત્યારે અમુ ધીરે-ધીરે પાસે આવીને મારી સોડમાં લપાઈ ગઈ.' માં 'જ્યારે...ત્યારે' સંયોજકથી બંનેનો વાક્યોનો સંબંધ સ્થપાયો છે.

આ પ્રમાણે સંયોજકોથી બે વાક્યોના અર્થ વચ્ચે રહેલા સંબંધનો ખ્યાલ આવે છે, જેથી અર્થગ્રહણ કરવામાં ખૂબ જ સરળતા રહે છે.

## ■ શબ્દો : તેના પ્રાસ-લય

'અણદો' વિશેનો આ પરિચ્છેદ વાંચો :

મારા મનમાં કુતૂહલ જાગી ગયું...મેલા-ઘેલા ચીંથરેહાલ, લટુરિયા વાળવાળો, ગંદો-ગોબરો, ચામડીના દર્દથી પીડાતો, કૃશકાય, ચિડાતો, ઉશ્કેરાતો, ગાળો બોલતો, જે હાથમાં આવે તેને ઉપાડતો અને ઘા કરતો...

તમે તારવી શકશો કે અહીં મૂકેલા શબ્દોમાં એક પ્રાસ ગૂંથાયેલો છે. તેના લીધે પઠન કરતી વખતે 'લય-બદ્ધ' પઠન આપોઆપ અનાયાસે થઈ જતું હોય એવું લાગે છે. 'મારા મનમાં' પદોમાં 'મ'નું આવર્તન ગમી જાય છે. 'જાગી ગયું'માં પ્રથમ પદનો 'ગ' અને બીજા પદનો 'ગ' મળીને ઉચ્ચાર-સામ્ય સ્થાપે છે. 'મેલા-ઘેલા', 'ગંદા-ગોબરા' અને 'પીડાતો...ચિડાતમાં' રહેલી દ્વિરુક્તિ ઉચ્ચારવી ગમે છે. પીડાતો, ચિડાતો, ઉશ્કેરાતો, ગાળો બોલતો, ઉપાડતો, ઘા કરતો - આ ક્રિયારૂપોમાં રહેલો 'ઓ'કારાંત (અંતે રહેલો 'ઓ') નવા-સવા વાચકને પણ સ્પર્શી જાય તેવો છે. અહીં મુકાયેલ સંજ્ઞાઓ કે ક્રિયાપદો નવાં નથી. જે રોજબરોજ આપણે વાપરીએ છીએ તેમાંનાં જ છે પણ તેના વિવિધ પ્રત્યયો દ્વારા ઉચ્ચાર-સામ્ય સ્થપાયું છે. એને કારણે પરિચ્છેદનું પઠન કરવું ગમે છે. હવે ફરીથી આ ખંડનું પઠન કરી જુઓ. ધીરે-ધીરે લેખનની વિશેષતાઓ તમારા ધ્યાન પર આવતી જશે. બસ આ મહાવરો એટલે જ અભ્યાસ.

'જીભ' કૃતિમાંથી ગદ્યનો આવો જ એક નમૂનો જોઈએ :

'સ્નિગ્ધ, સુકોમળ, નાની, નાજુકને નમણી એવી જીભ અનેક રીતે સ્ત્રીના સરખી છે. આપણે એની પાસે સૌથી વધારે કામ લઈએ છીએ. તે છતાં બને ત્યાં સુધી એને ઓઝલ પડદામાં રાખીએ છીએ. રસોઈ બનાવીને સ્ત્રી આપણી સ્વાદવૃત્તિને પોષે છે' ને સુંદર ઘરેણાં-લૂગડાં પહેરી આપણી અભિમાનવૃત્તિને પોષે છે, તેવી જ રીતે જીભ આપણી સ્વાદવૃત્તિને સંતોષે છે ને સરસ શબ્દો વડે આપણાં વખાણ કરી અભિમાનવૃત્તિને ઉત્તેજે છે. સ્ત્રીની પેઠે જીભ પણ ઘાયલ કરે છે ને ઘા રુઝાવેયે છે...'

આ ગદ્યખંડનો બે-ત્રણ વાર પાઠ કરો. તમે એના શબ્દો વચ્ચે અને ક્રિયારૂપો વચ્ચે રહેલો પ્રાસ પકડી શકશો. 'સ્નિગ્ધ અને સુકોમળમાં' 'સ'ની પુનરુક્તિ, 'નાની, નાજુક ને નમણી' માં 'ન'ની પુનરુક્તિ અને 'પોષે,' 'સંતોષે', 'ઉત્તેજે', અને 'રુઝવેયે' ક્રિયારૂપોમાં 'એ'કારાન્તનું સામ્ય, આપણા કાનને ઘણું જ ગમે છે. કાનને પ્રિય લાગે એ ઉચ્ચારવું - વારંવાર ઉચ્ચારવું પણ ગમે જ ને!

## ■ વિરામચિહ્નો :

પરિચ્છેદ તેમાંનાં વાક્યોથી સુંદર લાગે છે, પણ વાક્યના બંધારણમાં વિરામચિહ્નોની પણ મોટી અસર હોય છે. વિરામચિહ્નોની સંખ્યા તો ઘણી મોટી છે, પણ એ બધામાં - 'લઘુરેખા', 'અલ્પવિરામ', 'પૂર્ણવિરામ', 'ઉદ્ગારચિહ્ન', 'પ્રશ્નચિહ્ન' વગેરેનો લખાણમાં સવિશેષ અને વારંવાર ઉપયોગ થાય છે. આ ચિહ્નોના અયોગ્ય વપરાશથી ઘણી વખત વાક્યનો અર્થ પૂરેપૂરો બદલાઇ જાય છે. તો ઘણી વખત વાક્ય ધારી અસર ન ઉપજાવી શકે તેવું પણ બને છે, માટે આ ચિહ્નોનો કાળજીપૂર્વક ઉપયોગ થાય તે ખૂબ જ જરૂરી ગણાય.

(1) બાળકો, ગામ આગળ છે.

(2) બાળકો ગામ આગળ છે.

આ બંને વાક્યોનું પઠન કરી જુઓ. તમને સમજાશે કે પહેલા વાક્યમાં ગામનું સ્થાન ક્યાં છે. તે બાળકોને સંબોધીને કહેવામાં આવ્યું છે. જ્યારે બીજા વાક્યમાં કોઈને દેખીતા સંબોધન વિના બાળકો ક્યાં છે તે સૂચવવામાં આવ્યું છે. આ બંને વાક્યોના પઠનમાં આરોહ-અવરોહ, લય વગેરે અલગ પડતાં તમે અનુભવી શકશો. માત્ર એક અલ્પવિરામની હાજરી-ગેરહાજરીથી થતો અર્થભેદ તમારા ધ્યાનમાં આવ્યો હશે.

(1) આજે રવિવાર છે.

(2) આજે રવિવાર છે?

(3) આજે રવિવાર છે!

હવે આ વાક્યોનું પઠન કરો. પ્રથમ વાક્યના પઠનથી એવું અનુભવી શકાશે કે બોલનારને ખ્યાલ જ છે કે આજે ક્યો વાર છે. પણ વક્તા માત્ર પોતાને જાણ છે તે માહિતી આ વાક્યથી ઉચ્ચારે છે. બીજા વાક્યથી શું સૂચવાય છે? બોલનારને આજે ક્યો વાર છે? તેની માહિતી નથી એટલે તે પ્રશ્ન પૂછી રહ્યા છે. આ વાક્ય દ્વારા તે માહિતી મેળવવાનો હેતુ ધરાવે છે, આ વાક્ય પ્રશ્નવાક્ય છે. જ્યારે ત્રીજા વાક્યમાં એવું સૂચવાયું કે બોલનારને 'આજે રવિવાર છે' એવું જાણીને નવાઈ લાગે છે. તે આજે કોઈ અન્ય વાર છે એવું સમજતા હતા. આજે રવિવાર હોવો- એ એમના માટે નવાઈની વાત બની છે. તમે નોંધ્યું હશે કે વાક્યોના શબ્દો એના એ જ હોવા છતાં ત્રણેય વાક્યો એકબીજાથી જુદાં પડે છે. ત્રણેય વિરામચિહ્નો વાક્યની ઉચ્ચારવાની લઢણ અને તેના આરોહ-અવરોહ નક્કી કરી આપે છે. આજ પ્રમાણે બે શબ્દોની વચ્ચે મુકાતી લઘુરેખા બંને શબ્દો વચ્ચેનું કોઈ ને કોઈ રીતે સામ્ય-વૈષમ્ય સૂચવે છે.

(1) <u>લાંબો-ટૂંકો</u> વિચાર કર્યા વગર જ તેણે જવાબ આપ્યો.

(2) સૌના જીવનમાં <u>ચડતી-પડતી</u> તો આવ્યા જ કરવાની.

(3) તેણે <u>બે-ચાર</u> મિનિટ થોડી વાત કરી.

(4) એનાં <u>સગાં-સંબંધીઓ</u> એને બોલાવીને ખવરાવે ખરાં?

(5) પોસ્ટઑફિસ-કદાચ જગતમાં સૌથી રસહીન મકાન-એનું ધર્મસ્થાન-તીર્થસ્થાન બન્યું.

આ વાક્યોમાં તમે જોઈ શક્યાં હશો કે 'લાંબો-ટૂંકો' અને 'ચડતી-પડતી'એ બંને વિરોધી શબ્દજોડકાં છે. 'બે-ચાર' અને સગાં-સંબંધીઓ' એ તદ્દન નજીકના બે અર્થો દર્શાવે છે. 'પોસ્ટ-ઑફિસ - કદાચ જગતમાં સૌથી રસહીન મકાન -'એ પોસ્ટઑફિસનો વાર્તાસંદર્ભે પણ વિસ્તૃત અર્થ સમજાવવા માટે શબ્દસમૂહ વાપર્યો છે. આ શબ્દસમૂહની બંને બાજુ લઘુરેખાનો ઉપયોગ કર્યો છે. જે કૌંસની ગરજ સારે છે. આ વાક્યને આ મુજબ પણ લખી શકાયઃ 'પોસ્ટઑફિસ (કદાચ જગતમાં સૌથી રસહીન મકાન) એનું ધર્મસ્થાન-તીર્થસ્થાન બન્યું.'

આવા બીજા નમૂનાઓ તમે વાચન કરતી વખતે ધ્યાને રાખતા જશો. અન્ય વિરામચિહ્નો પણ જે-તે સ્થાને ક્યો અર્થ દર્શાવી જાય છે, એવું માનસિક રીતે નોંધતા જશો.

આ બધા જ પ્રકારનો મહાવરો તમને વાચન-આદર્શ વાચન દ્વારા મળતો જશે.

સારો પરિચ્છેદ તૈયાર કરવા માટેની નોંધપાત્ર બાબતો વિશે આપણે જે વિચાર કર્યો તેના વિશે મહાવરો કરવાથી તમે પણ ચોક્કસ સારો પરિચ્છેદ તૈયાર કરી શકશો.

## સ્વાધ્યાય

**1. સૂચના પ્રમાણે કરો :**

(1) જોશી ઘરે પહોંચ્યો ત્યારે મધરાત થઈ ચૂકી હતી. પત્ની રાહ જોતી બારણે જ ઊભી હતી. એણે આટલું મોડું થવાનું કારણ પૂછ્યું. 'આ ગણ. એક જ માણસે આ બધા આપ્યા.' કહીને એણે પત્ની તરફ સિક્કા ફેંક્યા. (આ પરિચ્છેદમાં રેખાંકિત પદોની જગ્યાએ યોગ્ય સંજ્ઞા મૂકી ફરી લખો. સર્વનામ વાપરવાથી શો ફેર પડે છે. તે જાણો)

(2) ''મારું નામ ધૂળી'' એણે કહ્યું. ''તમે બળદ કેમ વેચી દીધા?'' ''મા'રાજ, એ ઘઈડાય ન'તા થ્યા, બહુ મે'નત કરી કરીને મરી જયા. એમનું મારાથી ખવાય? આ બળદ એમના હતા એટલે વેચી દીધા.''

(આ પરિચ્છેદમાં રેખાંકિત પદોના બદલે યોગ્ય સંજ્ઞા-પદો વાપરી પરિચ્છેદ ફરીથી લખો.)

**2. નીચેના પ્રશ્નોમાં સૂચનાનુસાર ફેરફાર કરી તેને ફરીથી લખો :**

(1) દીપકને નાનકડો અકસ્માત થયો હોવાથી દીપકને દવાખાને જવું પડશે. (રેખાંકિત સંજ્ઞાના સ્થાને યોગ્ય સર્વનામ મૂકો.)

(2) વિદ્યાર્થીઓએ લોકોને સુંદર વાત કરી. લોકોને આ વાત ખૂબ જ ગમી. લોકોએ વાતનો તરત જ અમલ કર્યો. વિદ્યાર્થીઓનો લોકોએ આભાર માન્યો. (રેખાંકિત પદોમાં યોગ્ય સર્વનામ મૂકો.)

**3. તમારા પાઠ્યપુસ્તકની ગદ્યકૃતિઓમાંથી સંયોજકનો ઉપયોગ થયો હોય તેવાં દસ વાક્યો શોધીને લખો. સંયોજકોને રેખાંકિત કરીને દર્શાવો.**

**4. નીચેનાં વાક્યોમાં અલ્પવિરામનો ખોટી જગ્યાએ ઉપયોગ થવાને કારણે વાક્યનો કેવો અર્થ થયો છે તે સમજાવો. પછી અલ્પવિરામને યોગ્ય જગ્યાએ મૂકીને સાચો અર્થ દર્શાવતું વાક્ય બનાવો :**

(1) અહીં ગંદકી કરવી, નહિ કરનારને દંડ થશે.

(2) પરીક્ષામાં વાતો કરશો, નહિ કરશો તો સજા થશે.

(3) બાળકો મૂંઝાશો, નહીં તો આગળ વધાશે.

(4) તું ખા બધાને, ખવરાવીને પછી ખા.

•

# 17 ભજન કરે તે જીતે

**મકરંદ દવે**

**(જન્મ : 13-11-1922; અવસાન : 31-01-2005)**

કવિ, નવલકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર અને અધ્યાત્મસાધક મકરંદ વજેશંકર દવેનો જન્મ ગોંડલમાં થયો હતો. માધ્યમિક સુધીનું શિક્ષણ ગોંડલમાં, રાજકોટ આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા પછી 42ની લડત માટે ઇન્ટર આર્ટ્સથી અભ્યાસ છોડ્યો. અનેક દૈનિકપત્રો, સામયિકો સાથે તેઓ જોડાયા અને સાહિત્યિક પત્રકાર તરીકે તેમણે નોંધપાત્ર કામગીરી કરેલી છે.

સૌંદર્યપ્રીતિ, માનવહૃદયની સંવેદનાનું ઝીણું આલેખન, સૌરાષ્ટ્રની વાણીનાં ઓજ તથા માધુર્ય, કાવ્યબાનીની સુઘડતા એમના કાવ્યલેખનને આગવો મિજાજ બક્ષે છે. અધ્યાત્મ અને ધર્મના સ્તર પર રહી ભજન-ગીતોમાં એમના ઉન્મેષો પરંપરાની વાણીમાં પોતીકો અવાજ ભેળવવા મથે છે. ગૂઢ અનુભવ અને ગહન ચિંતનને કવિ રસમય અભિવ્યક્તિ આપી શકે છે.

‘તરણાં’, ‘જયભેરી’, ‘ગોરજ’, ‘સૂરજમુખી’, ‘સંજ્ઞા’, ‘સંગતિ’ જેવા એમના કાવ્યસંગ્રહો છે. ‘ઝબૂક વીજળી ઝબૂક’ તેમનો બાળકાવ્યસંગ્રહ છે તો ‘શેણી વિજાણંદ’ ગીતનાટિકા છે. પુરાણકથાને ગૂંથતી ‘માટીનો મહેકતો સાદ’ એમની નવલકથા છે. ‘બે ભાઈ’ બાળનાટ્યસંગ્રહો છે. ‘પીડ પરાઈ’માં પ્રસંગચિત્રો છે. ‘અંતર્વેદી’, ‘યોગપથ’, ‘સહજને કિનારે’, ‘ભાગવતી સાધના’, ‘ગર્ભદીપ’, ‘ચિરંતના’ જેવા ગ્રંથોમાં એમનું ચિંતન પ્રગટ થયું છે. ‘સત કેરી વાણી’ એમનો સંપાદિત ભજનસંગ્રહ છે. ‘ઘટને મારગે’ અને ‘ટારઝન જંગલનો રાજા’ એમના અનુવાદો છે.

તેમને ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’, ‘નરસિંહ મહેતા ઍવોર્ડ, તેમજ ‘સાહિત્ય ગૌરવ’ પુરસ્કાર પ્રાપ્ત થયા છે. વલસાડ પાસેના નંદીગ્રામમાં, જીવનની પોતીકી શૈલી તેમજ ચોક્કસ ઉદ્દેશોને સાર્થક કરતી ‘કૉમ્યુન લાઇફ’ તેમણે વિકસાવી છે.

---

વજન કરે તે હારે રે મનવા  
ભજન કરે તે જીતે.  
તુલસી-દલથી તોલ કરો તો  
બને પવન-પરપોટો,  
અને હિમાલય મૂકો હેમનો  
તો મેરુથી મોટોઃ  
આ ભારે હળવા હરિવરને  
મૂલવવો શી રીતે!  
રે મનવા, ભજન કરે તે જીતે.  
એક ઘડી તને માંડ મળી છે  
આ જીવતરને ઘાટે,  
સાચ-ખોટનાં ખાતાં પાડી  
એમાં તું નહીં ખાટેઃ  
સહેલીશ તું સાગરમોજે કે  
પડ્યો રહીશ પછીતે ?  
રે મનવા, ભજન કરે તે જીતે.  
આવ, હવે તારા ગજ મૂકી,  
વજન મૂકીને વરવાં,  
નવલખ તારા નીચે બેઠો  
ક્યાં ત્રાજવડે તરવા ?  
ચૌદ ભુવનનો સ્વામી આવે  
ચપટી ધૂળની પ્રીતે  
રે મનવા, ભજન કરે તે જીતે.

**- ‘સંજ્ઞા’ માંથી**

## શબ્દાર્થ

**મનવા** માનવી **તુલસીદલ** તુલસીપત્ર, તુલસીનું પાંદડું **તોલ** વજન, મૂલ્ય **મેરુ** એક મોટો પર્વત **સ્હેલીશ** સફર કરીશ, ફરીશ **ખાટે** લાભ મેળવે, ફાવે **પછીત** ઘરની પાછલી ભીંત **ગજ** કાપડ માપવાની ધાતુની પટ્ટી, (અહીં) સમજ **વરવાં** નકામાં, કઢંગાં **નવલખ** નવલાખ (અહીં) અગણિત **ત્રાજવડે** ત્રાજવે

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) હરિને શી રીતે મૂલવી શકાય ?

(2) કવિ કઈ ખાતાવહી નિભાવવાની ના કહે છે?

(3) ચૌદ ભુવનનો સ્વામી શી રીતે રાજી થાય ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) 'વજન કરે તે હારે' એમ કવિ શા માટે કહે છે?

(2) પછીતે પડ્યા રહેનારને કવિ શું કહે છે?

(3) કવિ હાર-જીત કોને ગણાવે છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

(1) 'ભજન કરે ઈ જીતે ' ગીતને આધારે ભક્તિનો મહિમા વર્ણવો.

(2) 'ભજન કરે ઈ જીતે' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- આવાં બીજાં ભજનો સાંભળો.
- પ્રાર્થનાસભામાં આ ભજન રજૂ કરો.
- કોઈ પણ બે ભક્તજનોના જીવન વિશે જાણો.

## ભાષા-અભિવ્યક્તિ

અહીં તમે જોઈ શકશો કે 'વજન' અને 'ભજન' કાનોમાતર વિનાના બે શબ્દોને સામસામે મૂકીને કવિએ ચમત્કૃતિ સાધી છે. 'ભજન'માં વિશ્વાસ છે, જ્યારે 'વજન'માં અવિશ્વાસ આવું બયાન આપોઆપ થઈ જાય છે.

મનુષ્ય માટે 'મનવા' શબ્દ વપરાયો છે તે વાંચનારને સીધો જ લાગુ પડે છે, તો 'પરપોટો'-'મોટો', 'રીતે'-'જીતે' 'ઘાટે'-'ખાટે', 'વરવાં'-'તરવા' વગેરે જેવા શબ્દપ્રયોગો ગીતને પ્રાસબદ્ધ બનાવે છે - ગેય બનાવે છે.

'સાચ-ખોટના ખાતાં પાડી
એમાં તું નહીં ખાટે'

અહીં 'ખોટ', 'ખાતાં', 'ખાટે'ના 'આ'કારાન્ત-અનુપ્રાસ ધ્યાનપાત્ર છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- ભક્તિનો મહિમા સમજાવો.
- નરસિંહ, મીરાં, શબરી જેવાં ભક્તોનાં ચરિત્રો વિદ્યાર્થીઓને કહો.
- સ્થાનિક ભજનિકોની મુલાકાતો ગોઠવો.

•

# 18 હુકમ, માલિક

**ચિનુ મોદી**
**(જન્મ : તા. 30-09-1939)**

કવિ, નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક ડૉ. ચિનુભાઈ ચંદુલાલ મોદી 'ઈર્શાદ'નો જન્મ ઉત્તર ગુજરાતના વિજાપુરમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ વિજાપુરમાં અને માધ્યમિક શિક્ષણ ધોળકા અને અમદાવાદમાં લીધું હતું. એમ.એ., એલ.એલ.બી., પીએચ.ડીની પદવી પ્રાપ્ત કરીને વિવિધ સ્થળોએ અને અમદાવાદમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે દીર્ઘ સેવાઓ બાદ નિવૃત્ત થયા છે. 'રે', 'કૃતિ', 'ઉન્મૂલન' અને હોટલ પોએટ્સ ગ્રુપ ઍસોસિએશનના તંત્રી રહ્યા હતા.

'ઊર્ણનાભ', 'શાપિત વનમાં', 'દેશવટો', 'ક્ષણોના મહેલમાં', 'દર્પણની ગલી', 'ઈર્શાદગઢ', 'અફવા' એમના ગઝલ-કાવ્યસંગ્રહ છે. 'તસ્બી' પ્રકારની નવા સ્વરૂપવાળી ગઝલ કવિનો પોતીકો ઉન્મેષ છે. 'બાહુલ' અને 'નળાખ્યાન' એમનાં ખંડકાવ્યો છે. 'ડાયલનાં પંખી', 'કોલબેલ', 'હુકમ, માલિક' તેમના એકાંકીસંગ્રહો છે. 'લીલાનાગ', 'ભાવચક્ર', 'ભાવ-અભાવ' એમની નવલકથાઓ છે. 'ડાબી મૂઠી જમણી મૂઠી' એમનો વાર્તાસંગ્રહ છે. તેમણે સંશોધનો-સંપાદનો આપ્યાં છે. સર્જક તરીકે તેઓ પ્રયોગશીલ રહ્યા છે.

આ એકાંકીમાં પ્રેમકથાના પુરાકલ્પનનો સરળ વિનિયોગ થયો છે. આ એકાંકીમાં 'અધિકાર' અને 'જીન' બે પાત્રો છે. અધિકાર, અધિકારી-શાસક છે અને જીન સેવક છે, જે માગે એ હાજર કરી દેનારો જીન છે. અધિકારને કોઈ અગવડ નથી, તેમ છતાં અધિકારનું ઘર ઘર નથી, કારાવાસ છે. કારણ કે જીનની શરત મુજબ બીજા કોઈ પણ માણસને એના ઘરમાં પ્રવેશનો અધિકાર નથી. છેલ્લાં પચીસ વર્ષથી અધિકાર અહીં એકલો રહે છે. જીન એની તહેનાતમાં રહે છે. અધિકારની ત્રણ તાળીથી જીન હાજર થઈ તેની તમામ ઇચ્છાઓની પૂર્તિ કરી દે છે, પરંતુ આટ-આટલી સુવિધાઓ વચ્ચે પણ અધિકાર હિજરાય છે. જીન માત્ર હુકમની જ ભાષા સમજે છે. તેને લાગણી સાથે કોઈ લેવાદેવા નથી. અધિકારની સંવેદના જ કૃતિનું કેન્દ્રબિંદુ છે. એકવિધતાથી કંટાળેલો અધિકાર એકવાર ઘરનું બારણું ખોલી નાખે છે ને એકાએક એક છોકરો ઘરમાં આવી ચઢે છે, ને જીન તેને મારી નાખે છે. છોકરાના મૃત્યુ પછી અધિકારનું શરીર લકવાગ્રસ્ત બની જાય છે. દવાનો સમય થતાં તે બે તાળી પાડે છે, પરંતુ હવે તેને જીનમાંથી છૂટવું છે તો બીજી તરફ તેની જિજીવિષા પણ તીવ્ર છે. ત્રીજી તાળી પાડવા જતાં પોતાના હાથને તે રોકી રહ્યો છે. વધુ પડતા શ્રમથી તે મોતને ભેટે છે અને તે જ વખતે ડાબો હાથ જમણા હાથ પર પડતા ત્રીજી તાળી પાડે છે, ને જીન પ્રગટ થઈ જાય છે. સમગ્ર એકાંકીમાં હુકમ માલિક શબ્દો યંત્રવત્ બોલાયા છે, પરંતુ રચનાને અંતે ધારદાર અને સચોટ બની રહે છે. ખરેખર તો સાચો અધિકારી પેલો અધિકાર નહીં પરંતુ જીન છે, તે વાતની પ્રતીતિ અહીં થાય છે.

---

**પાત્રો**
**અધિકાર / જીન**

[સ્થળ : સ્ટેજ પર પ્રકાશ થાય છે. અધિકારી ખુરશી પર બેઠેલો છે. બૂટની દોરી છોડવા સહેજ નીચો નમે છે, પણ તરત ટટ્ટાર ઊભો રહી ત્રણ તાળી પાડે છે એટલે મોટા ટેબલ પાછળથી જ એક સફેદ, ચિત્રિત ચહેરાવાળો, પણ ડરામણો જીન ઊભો થાય છે. અને અધિકારી પાસે આવી ગરદન ઝુકાવી, વિનીત સ્વરમાં બોલે છે.]

જીન : હુકમ, માલિક.

અધિકાર : મારા બૂટની દોરી છોડ.
(જીન દોરી છોડવા કેડેથી નમે છે એટલે)

અધિકાર : પહેલાં ઊભો થા...ટટ્ટાર. આમ ગરદન ઝુકાવીને નહીં.

જીન : (ગરદન ઝુકાવી) જેવો હુકમ, માલિક.
(પછી ગરદન ટટ્ટાર કરી ઊભો રહે છે.)

અધિકાર : તું જીન છે - જીન. અલ્લાઉદ્દીનના ચિરાગથી પેદા થતા જીનથી પણ ઊંચા પ્રકારનો - આલા દરજ્જાનો - એ ખબર છે? (જીન ચૂપ રહે છે.)

જીન : જેવો હુકમ, માલિક.
(જીન નીચે બેસી બૂટની દોરી છોડવાનું શરૂ કરે છે એને અધવચે અટકાવી.)

અધિકાર : છોડેલી દોરી ફરી બાંધી દે....

જીન : જેવો હુકમ, માલિક.
(જીન દોરી ફરી બાંધવા માંડે છે એટલે)

અધિકાર : (જીનને ખભેથી પકડી ઊભો કરી હચમચાવી નાખતાં)
તારામાં અને મારા નોકર કોદરમાં કોઈ ફેર ખરો કે નહીં? તું તો સાવ કોદરની જેમ વર્તે છે. મને આ બિલકુલ પસંદ નથી.... દોરી બાંધવાનું બંધ કર....
(જીન ગરદન ઝુકાવી ચૂપચાપ ઊભો રહી જાય છે.)

અધિકાર : (એને બાવડેથી ઝાલી, આગળ લાવતાં) તને ખબર છે, હું નાનો હતો ત્યારથી તને મેળવવા...પણ જવા દે... તને કશું નહીં સમજાય... અહીંથી ટળ...
(જીન ચાલવા માંડે છે)

અધિકાર : (રાડ પાડીને) નહીં! અહીં ઊભો રહે. આ...મ નહિ, ઊભો ના રહીશ - બેસી જા, નહિ, બેસીશ નહિ - તું...તું (માંથુ ખંજવાળતાં) આ ખુરશી ખસેડ...ખસેડ નહિ, પછાડ.... નહિ.....તું ગુલાબ લાવ...ગુલાબ નહિ ગુલાબજાંબુ લાવ.... અથવા.. તું જા... મારી આંખો પાસેથી દીસતો રહે...જા...

જીન : જેવો હુકમ, માલિક...
(જીન ટેબલ તરફ જવા માંડે છે એટલે)

અધિકાર : અહીં આવ અને એક વાત સમજ...તું જીન છે. સફેદ જીન...જીન આવે છે ત્યારે કેવો ખડખડ હસતો હોય છે... તું તો હસતો પણ નથી... તને હસતાં આવડતું જ નથી? હસ કહું છું... આવું માંદું નહીં... જીન જેવું...ભયાનક...અષાઢના આકાશમાં પાણી ભરેલા કાળાં કાળાં ડિબાંગ વાદળ એકબીજાં સાથે અથડાય અને જે અવાજ થાય એવા ભયાનક અવાજમાં હસ....હજી જોરથી...ગુફાઓ ધ્રૂજી ઊઠે એવું....પહાડ પડી જાય એવું....
(જીન અટ્ટહાસ્ય કરે છે. અધિકાર રાજી થાય છે. જીનના હાસ્ય વચ્ચે જ)

અધિકાર : બરાબર આવું જ....પણ, હવે બંધ કર હસવાનું....બિલકુલ બંધ...
(જીન હાસ્ય સમેટી લે છે - ક્ષણાર્ધમાં જ.)

અધિકાર : હવે જ્યારે જ્યારે તું મારી પાસે પ્રકટ થાય અને મારી આંખો પાસેથી અદૃશ્ય થાય ત્યારે પણ આમ જ હસજે....હા...હા...હા...હા....(જીન ચૂપ છે.)

અધિકાર : (પોતાનું હાસ્ય સમેટી) તને એ ખબર છે ને કે હું ત્રણ તાળી પાડું એની સાથે તું પ્રગટ થાય છે?
(જીન ચૂપ રહે છે.)

અધિકાર : તને સાલ્લા કશું જ સમજાતું નથી સિવાય કે હુકમ.....જા.....(જીન જાય છે - ટેબલ પાછળ બેસતાં પહેલાં જોરથી અટ્ટહાસ્ય કરે છે....હા....હા....હા....હા....જીન અદૃશ્ય થાય છે એટલે)

અધિકાર : (જીનના હાસ્ય પડઘા પાડતાં) હા....હા....હા....હા....(થોડી વાર ખુરશીમાં બેસે છે. બૂટ જમીન પર લયબદ્ધ રીતે પછાડે છે. બૂટ પર અચાનક ધ્યાન જતાં)

અધિકાર : ચાઈનિઝ શૂઝ...વરસોની મારી ઇચ્છા હતી...ચાઈનિઝ શૂઝ લેવા છે...પણ... છેક કલકત્તા ગયો, શૂઝની દુકાનમાં પહોંચ્યો...ગમતાં શૂઝ કઢાવ્યા....બરાબર આવી પણ રહ્યા ને કિંમત પૂછી તો....અને ગમતા શૂઝ ખરીદી શકાયાં નહોતા...જ્યારે આ જીનને હુકમ કર્યો તો ક્ષણના સોમા ભાગમાં ચાઈનિઝ શૂઝ હાજર.... પણ આ શૂઝ પહેરવાના મળ્યા ત્યારે એ પહેરી બહાર ક્યાંય જવા ના મળે....આ ઓરડામાં જ પહેરી ફરવામાં લિજ્જત શી? સાલ્લું (કંટાળો આવતાં બગાસું ખાય છે...ચપટી વગાડતાં વગાડતાં કંઈક વિચાર આવતાં ત્રણ તાળી પાડે છે એટલે અટ્ટહાસ્ય સાથે જીન હાજર થાય છે અને અધિકાર પાસે આવી, ગરદન ઝુકાવી ઊભો રહે છે.)

જીન : હુકમ, માલિક....

અધિકાર : આ બગાસું આવે છે એ નથી જોતો ? (જીન શૂન્યવત્)

અધિકાર : તારામાં કોદર જેટલીય સૂઝ નથી. લાવ...ચા...કડક કમ સકર લિપ્ટન...

જીન : જેવો હુકમ, માલિક (ટેબલ સુધી જઈ...અટ્ટહાસ્ય સાથે વિદાય થઈ.... થોડી વારે હાથમાં કપરકાબી સાથે) પુનઃ દેખાય છે.....અટ્ટહાસ્ય અને પછી પાસે આવી, અધિકારીને કપરકાબી ધરે છે.)

અધિકાર : (હાથમાં કપરકાબી લેતાં) વાહ...અને હવે તું જા....ના, ના, અહીં જ ઊભો રહે. ચા પીશ? (જીન શૂન્યવત્)

અધિકાર : એક રકાબી....(જીન શૂન્યવત્)
અધિકાર : (છેડાઈને) ચા પી....મારો હુકમ છે. (જીન અધિકારીના હાથમાંથી કપરકાબી લઈ, ચા પી જાય છે.)
અધિકાર : હવે કેવી ચા પી લીધી? ચા પૂરેપૂરી પીધી છે ને? મારા હાથમાં કપરકાબી મૂક...(ખાલી કપરકાબી જીન અધિકારીના હાથમાં મૂકે છે એને જોતાં) હં...એકેએક ટીપું મારો વા'લો પી ગયો છે ને....(થોડી વારે) લો, આ ખાલી કપરકાબી મારે શું ફોડવાં છે? અને બીજી ચા લઈ આવ.
જીન : જેવો હુકમ, માલિક....
(જીન જાય છે - અટ્ટહાસ્ય કરીને અદશ્ય થાય છે. - ચા અને અટ્ટહાસ્ય સાથે પુનઃ પ્રકટ થાય છે - અધિકારીને ચા આપે છે.)
અધિકાર : થેંક યૂ. મિસ્ટર જીન, થેંક યૂ, આપ હવે જઈ શકો છો.... (જીન ઊભો રહે છે)
અધિકાર : કેમ ઠોયા જેમ ઊભો છે? (જીન શૂન્યવત્)
અધિકાર : નવું નવું છેને એટલે સાલ્લું યાદ નથી રહેતું કે મારો હુકમ થાય નહિ ત્યાં સુધી તું જઈ શકે નહિ...મારી ઇચ્છા મુજબ નહિ, હુકમ મુજબ કરવા તું બંધાયેલો છે....નહિ? સારું, સારું, મને ચા પીવા દઈશ નિરાંતે ? (જીન ચૂપચાપ ઊભો રહે છે.)
અધિકાર : (ચા પીતાં પીતાં) ચા ફક્કડ થઈ છે....(જીન શૂન્યવત્)
અધિકાર : (મોટેથી) હું કહું છું કે ચા ફક્કડ થઈ છે.... (જીન શૂન્યવત્)
અધિકાર : (વધુ મોટેથી-છેડાઈને) તું બહેરો છે, અલ્યા? હું તારાં વખાણ કરું છું એય તને નથી સંભળાતું? (જીન શૂન્યવત્)
અધિકાર : લે, આ કપ લઈ જા....(જીન અધિકારીના હાથમાં રકાબી રહેવા દઈ, ખાલી કપ લઈ લે છે અને)
જીન : જેવો હુકમ, માલિક. (જીન કપ લઈ ચાલવા માંડે છે એટલે)
અધિકાર : આ રકાબી કોના માટે રાખી? આ રકાબી દેખાતી નથી? (જીન લગભગ ટેબલ સુધી પહોંચી ગયેલો છે એને અટકાવતાં)
અધિકાર : કહું છું આ રકાબી પણ લઈ જા....
(જીન તરત પાછો ફરી, રકાબી લઈ)
જીન : જેવો હુકમ, માલિક....
(જીન જાય છે - અટ્ટહાસ્ય સાથે અદશ્ય થાય છે.)
અધિકાર : હવે શું કરું ? ચા પણ પિવાઈ ગઈ...પહેલાં તો કેટલો ત્રાસ પડતો'તો. ઑફિસેથી થાક્યોપાક્યો ઘેર આવું. બૂટની દોરી છોડવાનાય હોશ ના હોય અને મારે જાતે પ્રાઈમસ સળગાવવો પડે...ચા મૂકવી પડે...અને બપોરેતપોરે બિલ્લી દૂધ પી ગઈ હોય તો પાછા દોઢ ગાઉ દૂર દૂધ લેવા જવું પડે...હવે તો ત્રણ તાળી ને જીન હાજર...હુકમ કરીએ કે ચા એટલે ચા હાજર...સાથે ભાવનગરી ગાંઠિયા કહીએ તો અસ્સલ ભાવનગરી ગાંઠિયા હાજર કરે...(થોડી વારના મૌન બાદ) હવે તો ઑફિસ પણ નહિ...ક્યાંય બહાર જવાનું પણ નહિ....કોઈને મળવાનું પણ નહિ...આ ચાર દીવાલો વચ્ચે આ સફેદ જીને મારે માટે સ્વર્ગ ખડું કર્યું છે, સ્વર્ગ...(આંખ મીંચકારતાં) અને આમ પણ ગમ્મત માટેય આ કંઈ ખોટો નથી...લાવ એને ફરી બોલાવું. (અધિકારી ત્રણ તાળી પાડે છે. અટ્ટહાસ્ય સાથે જીન હાજર થાય છે. ગરદન ઝુકાવી ઊભો રહી)
જીન : હુકમ, માલિક.
અધિકાર : નૃત્ય....નૃત્ય કર....
(જીન સાવ યંત્રવત્, લગભગ ઠેકડા મારતો હોય એવા પ્રકારનું નૃત્ય કરે છે.)
અધિકાર : આ શું ઠેકડા મારે છે? (જીન નાચ્યા કરે છે.)
અધિકાર : અરે, ઓ મૂરખ, આ નૃત્ય કહેવાય ? આ તો દારૂ પાયેલા વાંદરા જેવું તું કૂદ કૂદ કરે છે. - આવું નહિ, આવું નહિ...જરાક સુંદર...લલિત પ્રકારનું નૃત્ય બતાવ.... મારો હુકમ છે.
(જીન ઠેકડા મારવાનું મૂકી દઈ, નિર્જીવ પણ લલિત પ્રકારની અંગભંગિમાઓ કરતો હોય છે.)
અધિકાર : હવે સાથે કાંઈ ગાઈશ? (જીન વણસાંભળ્યે શબવત્ નૃત્ય કર્યા કરે છે.)
અધિકાર : કોઈ શૃંગારી ચીજ ગા...પાન ખાય સૈંયા હમારે ગા.... મારો હુકમ છે.

(જીન ''પાન ખાય સૈંયા હમારે'' એવું કશુંક ગાતો હોય છે...આ બીભત્સ દૃશ્ય પર અધિકારી ખડખડાટ હસતો હોય છે અને લાઈટ ઑફ થાય છે.)

**દૃશ્ય 2**

(લાઈટ ઑન થાય છે ત્યારે અધિકારી કંઈક અંશે પ્રૌઢ થયેલો લાગે છે. એ ચાઈનિઝ શૂઝ જાતે પહેરે છે, દોરી બાંધતાં બાંધતાં અટકી જાય છે. પગમાંથી બૂટ કાઢી નાખે છે!)

અધિકાર : (બૂટની દોરી પકડી બૂટને ઊંચે સુધી લઈ આવી) આ ચાઈનિઝ શૂઝ...સરસ પણ શા કામના? ઘરની આ ચાર દીવાલો વચ્ચે જ એને પહેરી પહેરીને ફરવાનો પણ કંટાળો આવે છે. (શૂઝને) તમને નથી આવતો, હેં? (બંને બૂટને દોરીથી હલાવતાં) ડોસાજી, ડગરાજી -ચાલો. (બૂટ ફેંકી દે છે - ટીંગાટોળી કરીને.)
(થોડી વાર પહેલાં બૂટને જોઈ રહે છે - પછી સહેજ કંટાળો આવતાં (એક બૂટને ઊંચકીને) કાલની રમત...ગઈ કાલની એની એ રમત...આજે પણ ફરી રમવી પડશે. સમય પસાર કરવા કોઈ બહાનાં તો શોધવાં જ પડે ને - (પકડેલા બૂટને એક ભીંત તરફ લઈ જતાં) ચલો ડોસાજી, તમને રસ પડે એવી એક સાથે ઓળખાણ કરાવું... મિસ વોલ, આ મિસ્ટર શૂ છે. ચાઈનાના છે અને મિસ્ટર શૂ, આ મિસ વોલ, મારાં વરસોનાં ફ્રેન્ડ છે....ફ્રેન્ડ? આઈ હેઈટ...ઓલ ઓફ ધેમ...ઍન્ડ આઈ હેઈટ યુ ટૂ, મિસ્ટર શૂ!
(એમ કહીને પકડેલા બૂટને દીવાલ પર જોરથી ફંગોળે છે - સહેજ વાર રોકાઈ) બૂટ ફેંક્યાથી દીવાલ હટતી નથી મિસ્ટર અધિકાર.
(અધિકાર ઉશ્કેરાટ ઓછો થતાં સાવ હતોત્સાહ અનુભવે એ રીતે નિરાશ પગલે આમતેમ ફરતો હોય છે. કશુંક સૂઝતાં એ ત્રણ તાળી બહુ શિથિલ હાથથી હળવેથી પાડે છે. અટ્ટહાસ્ય સાથે સફેદ જીન હાજર થાય છે. અટ્ટહાસ્યથી અધિકારી ધ્રૂજે છે, જીન નજીક આવી, ગરદન ઝુકાવી ઊભો રહે છે અને - )

જીન : હુકમ, માલિક -

અધિકાર : (ધ્રૂજતાં ધ્રૂજતાં) ભાઈ, આટલું મોટેથી શું કામ હસે છે? (જીન શૂન્યવત્)

અધિકાર : તારા રોજના આ પડછંદ અટ્ટહાસ્યથી હું મૂળસમેતથી કંપી ગયો છું. હવે તો કદાચ પડું પડું થઈ ગયો છું.
(જીન શૂન્યવત્)
અને તને મારી દયા પણ આવતી નથી? કોઈ પથરા સાથે આટલો સમય હું રહ્યો હોને તોપણ પથરો પીગળ્યો હોત, પણ તું?
(જીન શૂન્યવત્)
સાલ્લા, હું બકતો નથી, બોલું છું, સંભળાય છે તને?
હું બોલું છું, બોલું....
(જીન શૂન્યવત્)
મારા હુકમ સિવાય તને કશું જ સંભળાતું નથી?...કશું જ સમજાતું નથી?....ઉફ.
(જીન શૂન્યવત્)
તો હવે મારો હુકમ સાંભળ.
(જીન શૂન્યવત્)
મારો હુકમ છે કે મારી સાથે તું વાત કર...
(જીન એકદમ અધિકારી પાસે જઈ, હાથમાં હાથ લેતાં)

જીન : કેમ છો? મઝામાં છો? શું ચાલે છે હમણાં ? આજકાલ હવામાન બહુ ખરાબ છે, નહિ? પણ શું થાય ? ચાલો, આવજો....ટા...ટા...બાય, બાય, ગુડ નાઈટ.
(જીન સહેજ ફરી, પાછો સન્મુખ થઈ ચૂપચાપ ઊભો રહી જાય છે.)

અધિકાર : આમ બનાવટી રીતે નહીં....સહેજ સારી રીતે...હૃદયના ભાવથી...પ્લીઝ, મારી સાથે તું સરસ રીતે, ઉમળકાથી વાત કર, મારી સાથે આવતાં પહેલાં તેં કરેલી શરતનું હું પાલન નથી કરતો? અને છતાં તું આમ મારાથી આઘો આઘો કેમ રહે છે? તેં આવતાં પહેલાં શરત મૂકી હતી કે તું મારા ઘરમાં આવે એટલે બીજા કોઈ

માણસને મારે ઘરમાં નહિ આવવા દેવાનો. છેલ્લાં વીસ-વીસ વરસથી આ ઘરમાં તારા આવ્યા પછી કોઈને મેં પગ મૂકવા દીધો છે ખરો હેં?

(જીન શૂન્યવત્)

પણ, ખરું કહું દોસ્ત, આ બંધ ઓરડામાં...ઉફ...દુઃખ કહેવાથી ક્યારે ઓછું થાય છે? પણ તું મારાં સુખ-દુઃખમાં કેમ સામેલ થતો નથી? મારાં સુખ, મારાં દુઃખની વાત હું તને કહું છું ત્યારે અત્યારે ઊભો છે એમ પથ્થરવત્ ઊભો રહે છે - નિષ્પલક આંખે, ભાવહીન ચહેરે, ઝુકાવેલી ગરદન સાથે...(જીન પાસે જઈ) તને ક્યારેય વાત કરવાની ઇચ્છા નથી થતી? મારા કોઈ હુકમનો અનાદર કરવાનું મન નથી થતું? ક્યારેય તને મારી કોઈ વાતથી આનંદ નથી આવતો ? ગુસ્સો નથી ચડતો ? હું અને તું આ આવડા મોટા બંધ ઓરડામાં એકલા છીએ - વરસોથી તને એનો કંટાળો નથી આવતો ? (લગભગ રડમસ થઈને) તને કહું છું - આ બધું તને કહું છું - તને - તને સંભળાય છે? (થોડી વાર પછી ગુસ્સે થઈને) સાલ્લા, તને હુકમની જ ભાષા સમજાય છે અને મારે તને.... (ટટ્ટાર થવા પ્રયત્ન કરતાં)

મારા ગળામાં શોષ પડે છે - પાણી લાવ.

જીન : જેવો હુકમ, માલિક.

(જીન અટ્ટહાસ્ય સાથે અદશ્ય થઈ, પાણીના પ્યાલા સાથે પાછો આવતાં ફરી અટ્ટહાસ્ય કરે છે - ધ્રૂજતા હાથે અધિકારી પાણીનો પ્યાલો લે છે - યંત્રવત્ પાણી પી જીનને પ્યાલો પાછો આપે છે. - જીન પ્યાલો લઈ ઊભો રહે છે.)

અધિકાર : પ્યાલો અંદર મૂકી આવ.

(અટ્ટહાસ્ય સાથે જીન પ્યાલો મૂકી, પાછો આવતાં પુનઃ અટ્ટહાસ્ય કરે છે. અધિકારી પાસે આવી, ગરદન ઝુકાવી ઊભો રહે છે.)

અધિકાર : તું કેમ પાછો આવ્યો? જા.

(જીન જવા માંડે છે એટલે)

ઊભો રહે. (જીન ઊભો રહી જાય છે)

આજે મારે તારું કામ છે, સાદુંસીધું નહિ, મોટું કામ છે. (થોડાક મૌન પછી) પૂછ તો ખરો કે ક્યું મોટું કામ છે?

(જીન શૂન્યવત્)

સાલ્લા, મારી સાથે વાત કર - મારો હુકમ છે.

જીન : (યંત્રવત્) કેમ છો? મજામાં છો? શું ચાલે છે હમણાં?

આજકાલ હવામાં.

અધિકાર : સ્ટૉપ ઈટ.

(જીન બોલતાં બંધ થઈ જાય છે એટલે)

તું મારી સાથે આમ જ વર્તવાનો હોય તો...તો હું આજે આ બંધ બારણું ખોલી કોઈને પણ ઘરમાં બોલાવીશ - એની સાથે વાત કરીશ - સાલ્લું, વીસ-વીસ વરસથી કોઈએ મારી સાથે ઉમળકાથી વાત નથી કરી - એ તે કેમ ચાલે?

(દોડીને બંધ બારણું ખોલી નાખે છે - બારણે જઈ)

અધિકાર : બચ્ચુ, અહીં આવ તો... અહીં આવ તો...(આઠેક વર્ષનો નાનો છોકરો બારણા બહાર આવી ઊભો રહે છે) આવ, બેટા, આવ. અંદર આવ. તને ચૉકલેટ આપું....(છોકરો ડરતો ડરતો અંદર પ્રવેશે છે - એ પ્રવેશે છે એની સાથે જ જીન ચીલઝડપે દરવાજો બંધ કરી આવેલા છોકરા પર તૂટી પડે છે - એને ઊંચકીને મોટા ટેબલ પાછળ લઈ જાય છે અને અધિકારી આ બધું વિહ્વળ આંખે જોયા કરતો હોય છે - છોકરાની મરણચીસ સંભળાય છે એની સાથે કેળ પર કુહાડો પડ્યો હોય એમ અધિકારી ફસડાઈ પડે છે - અંગે લકવો પડતી વખતે જે પ્રકારે શરીર ખેંચાય એમ અધિકારીનું શરીર ખેંચાય છે અને આ દશ્ય પૂરું થાય છે.)

**દૃશ્ય 3**

(પ્રકાશ થાય છે. ત્યારે અતિશય વૃદ્ધ એવો અધિકારી પથારીમાં સૂતેલો છે.)

અધિકાર : (થોડુંક ખાંસતાં) પા...ણી....મને પાણી આપો.

(કોઈ આવતું નથી.)

ઓ હું મરી ચાલ્યો રે...મારા ગળામાં શોષ પડે છે (ખાંસતાં ખાંસતાં) આ ખાંસી.... (સહેજ બેઠા થવાનો પ્રયત્ન કરે છે - ઢળી પડે છે - થોડી વાર મૌન) જીન ક્યાં ગયો ? એ ચાલ્યો ગયો ? હા...શ.! (સહેજ વાર આંખો મીંચી રાખે છે) પણ મારો દવાનો સમય થયો છે....દ....વા....

(કોઈ આવતું નથી )

ત્રણ તાળી પાડું? (જમણો હાથ ઊંચકવા અધિકાર પ્રયત્ન કરે છે - હાથ ઊંચકાતો નથી. હાથ પડી જાય છે.) અરેરે, મને આ રોગ ક્યાં થયો? લકવો ક્યાંથી પડ્યો? મારું આખું જમણું અંગ ઝલાઈ ગયું છે...પણ...ના...નહિ... પા...ણી....(ઝનૂન સાથે સમગ્ર શક્તિથી ડાબો હાથ ઊંચકે છે અને અટકી જાય છે.) ના, ના. આ ત્રીજી તાળી પાડીશ તો પે...લો... હાજર થશે.. હુકમ માગશે... નહિ, મારે એનાથી છૂટવું છે - કોઈ રીતેય છૂટવું છે (થોડી વાર અટકીને) પણ, આમ ને આમ તો હું મરી જઈશ. અડધા અંગે લકવો પડ્યો છે ને...દવા વગર...પાણી વગર...પણ કાંઈ નહિ...આ જીન મારે ન જોઈએ - આ કો...ણ મને ત્રીજી તાળી પાડવા મજબૂર કરે છે? કો...ણ...? કો...ણ... છે એ? મારા ડાબા હાથને કોણ જમણા હાથ તરફ ધકેલે છે? કોણ છે એ? કોણ છે? નથી મારે તાળી પાડવી...ત્રીજી તાળી નથી જ પાડવી...પણ ઓહ...

(આખા દૃશ્યમાં અધિકારનો ટેપ કરેલો અવાજ જ રજૂ કરવો.)

(અધિકારી ડાબા હાથને રોકવા સખત મહેનત કરતો હોય છે - અને છતાં ડાબો હાથ જમણા હાથ ભણી નમતો જાય છે - અટકાવે છે. આથી, અધિકારી પરસેવે રેબઝેબ થઈ જાય છે. આ સંઘર્ષમાં અધિકાર હાંફી જાય છે - થાકી જાય છે અને અતિશય સ્ટ્રેઇનને કારણે મૃત્યુ પામે છે અને મૃત્યુ પામતાંની સાથે જ ડાબો હાથ જમણા હાથ પર આવી પડે છે અને ત્રીજી તાળી વાગે છે એની સાથે જ ટેબલ પાછળથી અટ્ટહાસ્ય સાથે જીન બહાર આવી મરેલા અધિકારી પાસે માથું ઝુકાવી ઊભો રહે છે.)

જીન : હુકમ, માલિક,

(અને આ શબ્દોના પડઘાઓ સાથે પડદો પડે છે.)

**શબ્દાર્થ**

**જીન** એક જાતનું ભૂત **વિનીત** સૌમ્ય, વિવેકી **આલા દરજ્જાનો** ઉત્તમ-શ્રેષ્ઠ કક્ષાનો **અટ્ટહાસ્ય** ખડખડાટ હસવું તે **ક્ષણાર્ધમાં** ક્ષણમાત્રમાં **લિજ્જત** મજા **શૂન્યવત્** શૂન્યની પેઠે, હસ્તી વગર **ઠોયા જેમ** હાલ્યા-ચાલ્યા વિના જડની જેમ **લલિત** મનોહર, સુંદર, ગમે એવું **અંગભંગિમાઓ** અંગવિક્ષેપ, ભાવને વ્યક્ત કરવા શરીરના અવયવોની ચેષ્ટા **શબવત્** મડદાની જેમ **શૃંગારી** શૃંગાર સંબંધી **બીભત્સ** ચીતરી ચડે તેવું, બિહામણું **શિથિલ** નરમ, ઢીલું પડી ગયેલું **સન્મુખ** રૂબરૂ, સામે **ઉમળકાથી** વહાલ-હેતના ઊભરાથી **નિષ્પલક** આંખનો પલકારો માર્યા વિના **ચીલઝડપે** ચીલ-સમડી પેઠે ઝટ ઝડપવું તે **વિહ્વળ** ઉતાવળું **સ્ટ્રેઇન (અં)** વધુ પડતો કે અતિ શ્રમ

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) જીને અધિકાર માટે શી શરત મૂકી છે?

(2) અધિકાર જીનને કયા પ્રકારનું હાસ્ય કરવાનું કહે છે?

(3) અધિકારને કેવા બૂટ લેવાનો અભરખો હતો?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) અધિકાર જીન પાસે કેવાં કેવાં કામ કરાવે છે?

(2) જીન નહોતો ત્યારે અધિકારને કેવી કેવી મુશ્કેલીઓ પડતી?

(3) અધિકાર બૂટ અને દીવાલ સાથે શો સંવાદ કરે છે?

(4) જીનની લાગણીશૂન્યતા અધિકારને શા માટે પીડે છે?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) અધિકારની મનોવેદના સ્વગતોક્તિ રૂપે લખો.

(2) 'માનવ સામાજિક અને સંવેદનશીલ જીવ છે' -આ વિધાન એકાંકીને આધારે સમજાવો.

(3) એકાંકીના અંત વિશે વિસ્તૃત ચર્ચા કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- આ એકાંકી શાળાના પ્રાર્થના-સંમેલન કાર્યક્રમમાં ભજવો.
- આ એકાંકીની કથા વાર્તારૂપે લખો.
- 'અરેબિયન નાઈટ' વાર્તા પુસ્તકમાંથી અલ્લાઉદ્દીનના ચિરાગથી પેદા થતા જીનની વાર્તા વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

આ એકાંકીનો આરંભ આજ્ઞાપાલક જીન દ્વારા 'હુકમ, માલિક' એવું બોલીને કરાય છે. અંતે પણ જીન આ જ વાક્ય બોલે છે. અહીં અધિકાર(નાયક)નો અધિકાર (હક) અંત સુધીમાં જીન છીનવી લે છે. વળી, અધિકાર (જીન) અને જીન (અધિકાર) બનતો હોય તેવી પાત્ર રૂપાંતરણની કથા એકાંકીમાં બખૂબી નિરૂપણ પામી છે.

'તું....તું, તું ગુલાબ લાવ તું જા....' 'તું' કારથી અધિકાર જીન સાથે જે સંવાદ કરે છે તે આત્મીય સ્નેહ છે. શરૂઆતમાં અધિકાર આજ્ઞાનો અધિકારી બનીને ફરમાન સતત કરે છે. વળી, 'હં...એકેએક ટીપું મારો વા'લો પી ગયો છે ને...' જીન અધિકારનો સ્વજન બની ગયાનો અધિકારને આનંદ છે. આનંદોદ્‌ગારથી અધિકાર જીનને 'થેંક યૂ મિસ્ટર જીન' કહીને વિવેકી બને છે.

'મિસ વોલ - મિસ્ટર શૂ' એકાંકીમાં એકાંકીનો પ્રયોગ છે. નાયકની સમય પસાર કરવાની પ્રયુક્તિ ધ્યાનપાત્ર છે. એકાંકીમાં વાર્તારસ જામે છે. 'જીન અટ્ટહાસ્ય કરે છે...અધિકાર રાજી થાય છે....અંતે, અટ્ટહાસ્યથી અધિકાર ધ્રૂજે છે.

અહીં આરંભનો હર્ષ અંતે શોકમાં પરિણમે છે. જીનને હુકમ કરતો અધિકાર જીન ન જ આવે તો કેવું સારું! એવી ઇચ્છા પ્રગટાવતો લાચાર દર્શાવાય છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- સત્તા અને નેતૃત્વની સાચી વ્યાખ્યા કહો, નીચેની સંકલ્પના સમજાવો.
- 'અધિકારનો અયોગ્ય ઉપયોગ ન કરાય'.
- 'માનસિક સ્વાસ્થ્ય અતિમહત્ત્વનું છે. કોઈ બાબતથી વિક્ષેપ ન થવો જોઈએ - વળગણ સારું નહીં; અભાવ સારો નહીં.'

•

| 19 | # કાવ્યદ્વયી |
|---|---|

## 1. ખીલા

**પ્રિયકાન્ત મણિયાર**
**(જન્મ : 24-1-1927; મૃત્યુ : 25-6-1976)**

પ્રિયકાંત મણિયાર મૂળ અમરેલીના વતની હતા. અમદાવાદમાં મણિયારાના ચૂડી બનાવવાના વ્યવસાય અર્થે વસવાટ કરેલો. આ વ્યવસાય સાથે જ એમણે ધ્યાનપાત્ર કાવ્યસર્જન કર્યું હતું. પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રતીક'થી જ કાવ્યરસિકોનું ધ્યાન ખેંચેલું. 'પ્રતીક', 'અશબ્દ રાત્રિ', 'સ્પર્શ', 'સમીપ', પ્રબલ ગતિ', 'લીલેરો ઢાળ' અને 'વ્યોમલિપિ' એમના કાવ્યસંચયો છે. 'આ નભ ઝૂક્યું તે' -એમની સમગ્ર કવિતાનો સંચય છે. પ્રેમ, પ્રકૃતિ અને જીવનલીલાનું માર્મિક આલેખન કરનાર આ કવિએ વિવિધ ભાવોનાં સુચારુ ગીતો આપ્યાં છે. છાંદસ અને અછાંદસ કવિતા દ્વારા એમણે આધુનિક ગુજરાતી કવિતામાં સારું પ્રદાન કર્યું છે. ઈ. સ. 1982માં 'લીલેરો ઢાળ' કાવ્યસંગ્રહને સાહિત્ય અકાદમી દિલ્લીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

આ ઉત્તમ પ્રતીકાત્મક રચના છે. ઈશુ ખ્રિસ્તને ક્રોસ પર ખીલે જડી દેવાનો પ્રસંગ આ કાવ્યમાં નિરૂપાયો છે. ઈશુ ખ્રિસ્તને મૃત્યુદંડ આપનાર અવિચારીઓ તો ચાલ્યા ગયા છે, પરંતુ ઈશુના કરુણાસભર ક્રોસ પર લોહી નીતરતા દેહને કવિ સૂર્ય અને ચંદ્રના સંદર્ભ દ્વારા અર્થસભર બનાવે છે. આ દેહને એક વૃદ્ધ એકીટશે નિહાળી રહ્યો છે. જે ખીલા ઘડનાર-લુહાર છે. તે વિચારી રહ્યો છે કે પ્રાણઘાતક ખીલા તો મેં ઘડેલા. શું મેં આને માટે આ ખીલા ઘડ્યા'તા? સર્જન કરનાર પ્રત્યેક હાથ હંમેશાં પવિત્ર જ હોય. કારણ કે એના સર્જન સાથે સદુપયોગની ભાવનાને પણ તે ઘડતો હોય છે, પરંતુ તેનો દુરુપયોગ થાય તો એનાં સપનાં ભાંગી જતાં હોય છે. કાવ્યમાં વપરાયેલા બે શબ્દો 'ઘડ્યા' અને 'જડ્યા'માં કર્મ અને એના પરિણામની પ્રક્રિયાનો નિર્દેશ કરાયો છે. ક્યારેક સર્જકનું સર્જન વિનાશક રૂપે જોવા મળે છે ત્યારે સર્જક પીડાગ્રસ્ત બની જતો હોય છે.

---

મેદની વીખરાય;
ને આ વૃદ્ધ જેની કાય
તે લોહાર આવી કાષ્ઠના એ ક્રૂસ પાસે
(જે થકી નીતરી રહ્યું રે રક્ત એવું - શુદ્ધ જાણે સૂર્યનું
ને લોચને વિલસે વળી તો ચંદ્રનું માધુર્ય શું!)
જઈ જુએ શું એકશ્વાસે :
મેં મકાનો બાંધવાને જે ઘડ્યા
રે તે ખીલા તો અહીં જડ્યા!

**-'આ નભ ઝૂક્યું'માંથી**

### શબ્દાર્થ

**મેદની** ટોળું **ક્રૂસ** ઈશુનો વધસ્તંભ **લોચને** આંખે **વિલસે** શોભે **જડ્યા** મળ્યા, ખોડ્યા (બંને અર્થ અભિપ્રેત) **ચાહું** પ્રેમ કરું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

1. મેદની શા માટે ભેગી થઈ હશે?
2. વધસ્તંભ પર કોને જડી દેવામાં આવ્યા હતા ?
3. ખીલા સામે જોઈને લુહાર એકશ્વાસે શું બોલે છે?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :**

1. કૌંસમાં આપેલી કાવ્યપંક્તિ દ્વારા કવિ શું કહેવા માગે છે?
2. લુહાર શું જુએ છે? એનું હૃદય શી વ્યથા અનુભવે છે?

**3. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખો :**

'ખીલા' કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર સ્પષ્ટ કરો.

**ભાષા-અભિવ્યક્તિ**

આ લઘુકાવ્યમાં ત્રણ બાબતો મુખ્ય છે :

(1) વસ્તીનું વીખરાવું.

(2) લુહારનું ક્રૂસ પાસે આવવું.

(3) અને દૃશ્ય જોઈને પ્રતિભાવ આપવો.

કાવ્યમાં બે લાંબી પંક્તિઓ કૌંસમાં એટલા માટે આપી છે કે કવિ તેમાં આપેલ બયાન કાવ્યમાં માત્ર સૂચિત કરવા માગે છે.

છેલ્લી બે પંક્તિમાં 'ઘડ્યા'-'જડ્યા'નો પ્રાસ ચોટદાર છે.

* * *

## 2. હું ચાહું છું

**ત્રિભુવન લુહાર 'સુંદરમ્'**
**(જન્મ : 22-3-1908; અવસાન : 13-1-1991)**

ત્રિભુવન પુરુષોત્તમદાસ લુહાર 'સુંદરમ્'નો જન્મ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મિયાંમાતર ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ભરૂચની શાળામાં લીધું. ઈ.સ.1925 થી 1929 વિદ્યાપીઠમાં ભણ્યા. ઈ. સ. 1929માં સંસ્કૃત-અંગ્રેજી સાથે સ્નાતક થયા. ઈ. સ. 1945માં શ્રી અરવિંદ આશ્રમ પૉંડિચેરીમાં સહપરિવાર સ્થાયી થયા. ત્યાં 'દક્ષિણા' સામયિકનું સંપાદન કર્યું.

નવલકથા સિવાયનાં બધાં જ સાહિત્યસ્વરૂપોમાં એમની કલમે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. એમની આધ્યાત્મિક કવિતાએ ગુજરાતી કવિતામાં જુદી જ ભાત પાડી છે.

'કોયાભગતની કડવી વાણી', 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા', 'રંગરંગ વાદળિયાં' જેવા કાવ્યસંગ્રહો, 'અર્વાચીન કવિતા', 'અવલોકના', 'સમર્ચના', 'સાહિત્યચિંતન' જેવા વિવેચનગ્રંથો તેમણે આપ્યા છે.

એમને રણજિતરામ સુવર્ણચંદ્રક, મહિડા પારિતોષિક, નર્મદ સુવર્ણચંદ્રક તેમજ સાહિત્ય અકાદમી' દિલ્લીનો પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

'હું ચાહું છું' કાવ્યમાં કવિ જગતના સર્વ નાશવંત સંબંધોમાં શાશ્વત સ્નેહને સર્વથી ઉપર ગણે છે. જાણે સ્નેહ માટે ધૂણી ધખાવીને બેઠેલા કવિએ સ્નેહના સત્યને આત્મસાત્ કર્યું છે. સુંદરને કોણ ન ચાહે? સુંદરને તો સૌ કોઈ વાગોળે પણ અસુંદરને કોણ ચાહી શકે?

કવિ અહીં સૃષ્ટિની સર્વ અસુંદર ચીજોને ચાહી ચાહી સુંદર કરી મૂકવાની તમન્ના સેવે છે. કવિએ રાગદ્વેષ, ઊંચનીચ, સુંદર-અસુંદર વગેરે દ્વંદ્વોથી જાણે સ્વમુક્તિનો ઘંટનાદ કર્યો છે.

---

હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની,
ને જે અસુંદર રહી તેહ સર્વને,
મૂકું કરી સુંદર ચાહી ચાહી.

**'વસુધા'માંથી**

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

'હું ચાહું છું' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં આલેખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ફાધર વાલેસનું 'ખ્રિસ્તી ધર્મ' પુસ્તક મેળવી ઈશુનો પરિચય કેળવો.
- તમારી નજીકના 'દેવળ'ની મુલાકાતનું આયોજન કરો.
- 'સુંદરમ્'ની કાવ્યકણિકાઓ મેળવીને વાંચો.
- તમારી આસપાસની સામાન્ય-નકામી વસ્તુઓની ઉપયોગિતા નોંધો.

## ભાષા-અભિવ્યક્તિ

વર્ણ એકલો હોય ત્યારે અર્થપોષક હોતો નથી, પણ જ્યારે કાવ્યના પદ સાથે સર્જનાત્મકતા પામે છે, ત્યારે એનાથી પેદા થતું લય-માધુર્ય કાવ્યના અર્થ-ભાવને પોષક બને છે. અહીં 'ચ' અને 'સ' વર્ણનું આવર્તન એ રીતે કાવ્યને ઉપકારક છે, તે કાવ્યનો પાઠ કરીને માણો. કાવ્યપંક્તિનું ભાવાવહી પઠન, કાવ્યને સમજવામાં મદદરૂપ થાય છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- ઈશુને ક્રોસ પર જડી દેવાયા એ પૂર્વેની કથા કહો.
- 'જીવનનું સૌંદર્ય' - નિબંધ તૈયાર કરાવો.

●

# 20 સ્ટેચ્યૂ રમવાની મઝા

**અનિલ જોશી**
**(જન્મ : તા. 28-7-1940)**

કવિ, નિબંધકાર, અનિલ રમાનાથ જોશીનું જન્મસ્થળ અને વતન ગોંડલ છે. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગોંડલ અને મોરબીમાં લીધું. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદથી સ્નાતક થયા. તેઓ શિક્ષક, પરિચય ટ્રસ્ટના સહસંપાદક અને મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં લેંગ્વેજ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ગુજરાતી ભાષાના મુખ્ય સલાહકાર તરીકે સંકળાયેલા હતા.

'કદાચ', 'બરફનાં પંખી' અને 'ઓરાં આવો તો વાત કરીએ' તેમના કાવ્યસંગ્રહો છે. આધુનિક ગીતકવિતાની ખૂબીઓ તેમની રચનાઓમાં છે, આધુનિક જીવનની અનુભૂતિને તાજગીભર્યાં પ્રતીકો-કલ્પનો દ્વારા તેમણે પ્રગટ કરી છે. આ ઉપરાંત ગઝલ અને અછાંદસ કાવ્યરચનાઓ પણ તેમણે આપી છે. 'સ્ટેચ્યૂ' એમનો અંગત નિબંધોનો તો 'પવનની વ્યાસપીઠ' તેમનો લલિતનિબંધોનો સંગ્રહ છે. તેમણે કેટલીક સુંદર બાળકથાઓ પણ આપી છે. તેમના 'સ્ટેચ્યૂ' નિબંધસંગ્રહને 1990ના વર્ષનો દિલ્લી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એનાયત થયો હતો.

'સ્ટેચ્યૂ રમવાની મઝા'માં વતનના સંસ્કારોની સ્મૃતિ લેખકે આલેખી છે. આ રચનામાં સર્જક પોતાની સંવેદનાને જાત અભિવ્યક્તિનું રૂપ આપવાની મથામણ કરી છે. કથાનાયક બાળપણમાં ભેરુઓ સાથે સ્ટેચ્યૂ બંધાવી ભેરુઓને થિજાવી દેવાનો આનંદ લેતા, પરંતુ ઝીણા નામના ભેરુને સ્ટેચ્યૂ કહેવાનો મોકો કોઈ ભેરુને મળતો નહિ. ઝીણાની ચપળતાનો કોઈ ઉપાય નહોતો, ઝીણાને સ્ટેચ્યૂ કહી થિજાવી દેવાનો મનસૂબો કારગત નીવડ્યો નહીં, પરંતુ એક દિવસ અચાનક ઝીણો વીજળીના થાંભલા સાથે ચોંટી સ્ટેચ્યૂ થઈ ગયેલો. ઝીણાને કોઈએ સ્ટેચ્યૂ કહ્યું નહોતું છતાં તે સ્ટેચ્યૂની રમત પણ અદ્ભુત છે. તેનાં વિવિધ રૂપોનો સર્જક પરિચય કરાવે છે. આપણે ઈશ્વર સાથે પણ સ્ટેચ્યૂ બંધાવ્યું છે અને ઈશ્વર સ્ટેચ્યૂ કહેવામાં ઝીણા ભરવાડ જેવો જ ઉસ્તાદ છે. એટલે જ ગમે ત્યારે આપણને સ્ટેચ્યૂ કહી થિજાવી દે છે. આપણે પણ ઈશ્વરને સ્ટેચ્યૂ કહી મંદિરોમાં થિજાવી દીધા છે. જો આમ જ હોય તો પછી દુ:ખી થઈ જીવ બાળવા કરતાં જીવન-રમતમાં ખેલદિલી દાખવી આનંદ પ્રાપ્ત કરી લેવો એ જ પરમ સત્ય છે.

---

વરસો પછી મારા ગામની શેરીમાં પગ મૂક્યો ત્યારે આખીયે શેરી હું સાવ અજાણ્યો હોઉં એમ મને તાકી રહી. ડંકી પાસે પાણી ચૂંથતાં છોકરાઓ, એકાદ-બે રખડતી બકરીઓ, પોદળો કરતી ગાય, જૂની ગટરોના કાટ ખાધેલાં ઢાંકણાં, અગાશી અને ધાબા ઉપર શિયાળાનો તડકો ખાતા બીમાર વૃદ્ધો, ઊડતી સમળી - આ બધાં જ મને શ્વાસની માફક વળગી પડ્યાં. પણ આજે એમાંનું કોઈ મને ઓળખતું નથી, મારા શૈશવનું આઈડૅન્ટિટી કાર્ડ બતાવું તોપણ મારી શેરી મને ઓળખવા તૈયાર નથી. આ શેરીવટો જોઈને હું ખૂબ વિહ્વળ થઈ જાઉં છું, પણ વીતેલા સમયમાં હું કેમેય કરી પાછો ફરી શકતો નથી. આંખમાં એ મકાનો ઠાંસી ઠાંસીને ભરી લઉં કે પછી એ શેરીને શ્વાસમાં લઈ ફેફસાંમાં ભરી લઉં એવી તીવ્ર ઇચ્છા થઈ આવે છે, પણ હું કશું જ કરી શકતો નથી. મારી શેરીમાં ભૂતકાળનાં જળ થીજી ગયાં છે.

સાંજ પડતાં હું એકડિયાં-બગડિયાં ઘૂંટતો હતો એ તાલુકા શાળાના કમ્પાઉન્ડમાં કોઈને ખબર ન પડે એ રીતે પગ મૂકું છું. એ શાળાનું મકાન હજી એવું ને એવું રહ્યું છે. રિસેસમાં અમે પાણી પીવા જતાં એ પાણીની ઓરડીની જગ્યાએ મોટું મકાન બંધાઈ ગયું છે. શાળાનાં પગથિયાં પાસેની ભીંતનો ઉપયોગ અમે પેનની અણી કાઢવા માટે કરતા, એ ભીંત એવી ને એવી સચવાઈ રહી છે. આજે એ ભીંતનો અમુક ભાગ પેનના ઘસારાથી આધુનિક શિલ્પકાળના નમૂના જેવો લાગે છે. હું એ ભીંતને હાથ ફેરવવા જાઉં છું ત્યાં મારી આખી બારાખડી ખળભળી ઊઠે છે. કક્કો ઊંધોચતો થઈ જાય છે. સાંજના ઊતરતા અંધારામાં હું એ શાળાનું કમ્પાઉન્ડ છોડું છું ત્યારે કોઈ મનમાં બોલેને તોય મોટા અવાજે સાંભળી શકાય એવી શૂન્યતાથી હું આખો ભરાઈ જાઉં છું.

વહેલી સવારે શેરીમાં કેટલાક છોકરાઓને કેસૂડાનો રંગ બનાવતા જોઉં છું ત્યારે વસંતઋતુનું આછું લખલખું મારા શરીરમાંથી વીજળીના કરંટની જેમ પસાર થઈ જાય છે. પાંડુ જેવો હું કેસૂડાને અડકવા જાઉં છું. પણ અડકી શકતો નથી. કોઈ તોફાની છોકરો મને રંગ છાંટી દેશે તો ? એવી બીકથી થથરીને હું એક ઢાળિયામાં ભરાઈ જાઉં છું. એ એકઢાળિયાની ગોખલા જેવી બારીમાંથી જેટલી દેખાય એટલી શેરી જોઉં છું ત્યારે મને લાગે છે કે શેરી બદલાઈ નથી પણ હું બદલાયો છું. શૈશવની ઊછળકૂદ કુદરતી હતી. હવે એ ઊછળકૂદ મારે પરફૉર્મ કરવી પડે છે. શૈશવ તો પતંગિયા જેવું આવ્યું, બેઠું અને ઊડ્યું. પણ એ શૈશવના ઊડી ગયેલા પતંગિયા કોઈવાર મારાં ચશ્માંના કાચ ઉપર આવીને બેસી જાય છે. ત્યારે મારા ચશ્માં ઓગળીને રેલાઈ જાય છે. સાલ્વાદોર ડાલીએ જેમ ઓગળતી ઘડિયાળોનું ચિત્ર દોર્યું એમ ઓગળતાં ચશ્માંનું ચિત્ર દોરવાનું મન થાય છે.

અમારી શેરીમાં 'સ્ટેચ્યૂ'ની રમત ખૂબ પ્રચલિત હતી. મારા બાળપણના ભેરુઓ સાથે મેં પણ 'સ્ટેચ્યૂ' બંધાવેલું. આ સ્ટેચ્યૂ રમતની વિશેષતા એ હતી કે તમે સ્ટેચ્યૂનો આદેશ આપીને સામા ભેરુની બધી જ ક્રિયાઓ થીજાવી શકો છો. અમે બધા ભેરુઓ એકબીજાને 'સ્ટેચ્યૂ' કહીને થીજાવી દીધાનો આનંદ લેતાં મારા ભેરુઓમાં ઝીણો કરીને એક ભરવાડનો છોકરો હતો. એના લૂગડામાંથી ગાય, ભેંસ અને બકરાની વાસ આવતી. એના નાકમાંથી દ્રવ્ય સતત ટપકતું જ હોય. એ ગેટવાળી શેરીમાં રહેતો. ઊછળકૂદમાં એને કોઈ પહોંચી શકતું નથી. એ છાપરા ઉપર કે ઝાડ ઉપર વાંદરાની જેમ સડસડાટ ચડી જતો. એ ઝીણો 'સ્ટેચ્યૂ' કહેવામાં ભારે ઉસ્તાદ હતો. એ એટલો બધો ચપળ હતો કે અમને સ્ટેચ્યૂ કહેવાનો મોકો જ મળતો નહીં. અમે બધા મનમાં ને મનમાં સમસમી રહેતા પણ ઝીણાની ચપળતાનો કોઈ જવાબ નહોતો. ઝીણાને સ્ટેચ્યૂ કહીને થિજાવી દેવાના અમે અનેક પ્લાન કર્યા પણ અમારી કારી ક્યાંય ફાવી નહીં.

એક દિવસ અમે ફળિયામાં નારગોલ રમતાં હતાં. ત્યાં શેરીમાં મોટો હોહો ગોકીરો થઈ ગયો. ડેલીઓ ફટોફટ ઊઘડી ગઈ. અમે નારગોલનાં ઠીકરા એમ ને એમ મૂકીને ડેલી ઠેકતાંક ચોકમાં આવ્યા. ચોકમાં આવીને જોયું તો ઝીણો વીજળીના થાંભલા સાથે ચોંટીને સ્ટેચ્યૂ થઈ ગયો હતો. અમારો જીવ તાળવે ચડી ગયો. શેરીમાં ભેગા થયેલા લોકો ઊંચક જીવે આ કંપારી છૂટે એવું દૃશ્ય જોઈ રહ્યાં. વીજળીનો પ્રવાહ અટકાવીને થાંભલા ઉપરથી ઝીણાનું શબ નીચે ઉતાર્યું ત્યારે આખી શેરી રોવા જેવી થઈ ગઈ. અમારા બધા ભેરુઓની આંખ સામે ઝીણો સ્ટેચ્યૂ થઈ ગયો. એ પ્રસંગ હજી આંખ સામેથી ખસતો નથી, પણ હવે ઝીણાને કોણ કહે કે અમે તને સ્ટેચ્યૂ કહ્યું નથીને તું સ્ટેચ્યૂ શું કામ થઈ ગયો? તને કોણે સ્ટેચ્યૂ કહ્યું? આ સવાલનો મને કોઈ જવાબ આપતું નથી.

આજે એ વીજળીનો થાંભલો મારી ગોખલા જેવી બારીમાંથી હું જોઉં છું ત્યારે હું પોતે જ સ્ટેચ્યૂ જેવો થઈ જાઉં છું. ઉનાળાની બપોરે એ થાંભલા પાસે એક ગલૂડિયું સૂતું છે. કાગળના કેટલાક ટુકડાઓ હવામાં આમતેમ ઊડે છે, એકાદ કાગડો થોડી ક્ષણ માટે એ થાંભલા ઉપર બેસીને ઊડી જાય છે, એ સિવાય થાંભલા પાસે કાગળના છૂટાછવાયા ટુકડાઓને પાગલ પવન મન ફાવે તેમ ઊંચકે છે. આડાઅવળા કરે છે અને પછી ગમે ત્યાં ફેંકી દે છે. એ રઝળતા કાગળના ટુકડાઓ ભેગો હું એ કાગળ થઈને મારી શેરીમાં રઝળ્યા કરું છું. બધાં જ સ્ટેચ્યૂ થઈ ગયાં છે. કોઈ હાલતું નથી કે કોઈ બોલતું નથી.

વિષાદભર્યા પગલે હું મારા ઘરની ઓસરીમાં આવું છું. એ ઓસરીમાં ઠાકોરજીના આળિયા પાસે અટકું છું. હળવે હાથે ધીમેકથી આળિયો ખોલું છું. આળિયો ખૂલતાં શ્રીકૃષ્ણની પિત્તળની મૂર્તિ જોતાં 'ભગવાન તમે પણ સ્ટેચ્યૂ થઈ ગયા?' એવો સવાલ પૂછીને મૂર્તિ પાછી મૂકી દઉં છું. આળિયો બંધ કરી દઉં છું ને જન્માષ્ટમીના દિવસોનાં સ્મરણોથી હું મેળામાં પહોંચી જાઉં છું.

જન્માષ્ટમીના તહેવારની અમે કાગને ડોળે રાહ જોતા. પંચનાથ પાસે એ દિવસોમાં મોટો મેળો ભરાતો. એ મેળામાં જવાનો થનગનાટ અમે શ્રાવણ મહિનો બેસતાં જ અનુભવતા. એક જન્માષ્ટમીની આગલી રાતે મેં મેળામાં જવાની બધી જ તૈયારીઓ કરી લીધી. બજરિયા રંગનું બાંડિયું અને બ્લ્યુ ચડ્ડીને ગાદલા નીચે ઇસ્ત્રી કરવા મૂકી દીધાં. જન્માષ્ટમીની વહેલી સવારે બાએ મને ખૂબ ધમાર્યો માથામાં બાબરી પાડી આપી. આંખમાં આંજણ આંજી દીધું. હું બહુ રૂપાળો નહોતો છતાંય કોઈની નજર ન લાગી જાય એ માટે ગાલ ઉપર મેશનું ટપકું કર્યું. એકાદ-બે રૂપિયાનું પરચૂરણ પણ વાપરવા આપ્યું. હું તૈયાર થઈને મેળામાં જવા નીકળતો હતો ત્યાં મારી બા બોલી : 'મેળામાં જતાં પહેલાં ઠાકોરજી પાસે દીવો મૂકી આવ! લે આ દીવો ને બાકસ, ઠાકોરજીને પગે લાગીને પછી મેળામાં જજે.'

મેં બાકસ અને દીવો હાથમાં લીધાં. જલદી જલદી ઓસરીમાં જઈ આળિયો ઉઘાડ્યો. ઠાકોરજી પાસે દીવો મૂક્યો. દીવાસળીથી દીવો પેટાવ્યો. ઠાકોરજીને અરધું-પરધું પગે લાગીને આળિયો બંધ કરતોક ભેરુઓ સાથે મેળામાં જવા નીકળી પડ્યો. આખો દિવસ મેળો ખૂંદ્યો, ખૂબ ઊછળકૂદ કરી. સાંજે હવા નીકળી ગયેલા ફુગ્ગા જેવો થઈને ઘેર પાછો ફર્યો ત્યારે ફળિયામાં વાતાવરણ તંગ હતું. ઘરમાં સૌનાં મોઢાં ચડેલ હતાં. ફળિયાની ચોકડીમાં જોયું તો કૃષ્ણની કાળીમેંશ મૂર્તિ ખાટી છાશમાં પડી હતી, ઠાકોરજીનો અરધો બળેલો આળિયો ઓસરીની થાંભલી પાસે પડ્યો હતો. ઠાકોરજીની મોરપિચ્છની સાવરણી, ગાદી, છત્ર અને વાઘા બળીને રાખ થઈ ગયાં હતાં. સવારે મેં દીવો સરખી રીતે મૂક્યો નહીં એટલે આ હોનારત સર્જાઈ છે એવું કહીને મને એ ગિલ્ટ ફિલ કરાવવા લાગ્યાં. બાએ પણ મને ઠપકો દીધો. એ દિવસથી હું નિરાંતે ઊંઘી શક્યો નથી. કૃષ્ણને મેં બાળી નાખ્યા છે એટલે કૃષ્ણ કાળા છે. એમ હું ઝનૂનપૂર્વક માનતો થઈ ગયો પણ એ બધી માન્યતાઓ અને પ્રસંગો આજે સ્ટેચ્યૂ થઈને થીજી ગયા છે.

પણ આ સ્ટેચ્યૂ રમવાની પણ એક મઝા છે. કોઈ બાળકના રમતિયાળ ચાળામાંથી આ સૃષ્ટિ જન્મી હોયે વો ભાવ વધુ ને વધુ દૃઢ થતો જાય છે. કોઈ વસ્તુને ગંભીર સ્વરૂપ આપીને ફિલસૂફી ડોળીએ છીએ તો એની સામે હલકાંફૂલકાં ઊડતાં પતંગિયાં પણ છે. ઊઘડતાં ફૂલ પણ છે. ખરો સવાલ દૃષ્ટિની છે. મૃત્યુને આપણે અત્યંત ગંભીરતાપૂર્વક સ્વીકારીને શોકાતુર થઈ જઈએ

છીએ, ત્યારે કહેવાનું મન થઈ આવે છે કે ઈશ્વરે આપણી સાથે સ્ટેચ્યૂ બંધાવ્યું છે એટલે એ કોઈપણ ક્ષણે ગમે તેને સ્ટેચ્યૂ કહીને થિજાવી શકે છે. આપણે પણ ઈશ્વરને સ્ટેચ્યૂ કહીને મંદિરમાં અને પુસ્તકોમાં થીજાવી જ દીધા છે ને! જો આમ હોય તો શોકાતુર થઈને જીવ બાળવાનું કોઈ કારણ નથી. રમતમાં ખેલદિલીનાં આનંદ સિવાય બીજું કાંઈ ન ખપે. અહલ્યા પણ સ્ટેચ્યૂ થઈને રામના સ્પર્શથી હાલતી-ચાલતી થઈ ગઈ તો આપણે મૃત્યુ પામીને હાલતાચાલતા નહીં જ થઈએ એની શી ખાતરી?

ઈશ્વર પણ ઝીણા ભરવાડ જેવો સ્ટેચ્યૂ કહેવામાં ઉસ્તાદ છે. ઊડતા પંખીને સ્ટેચ્યૂ કહે છે ત્યારે ક્રૌંચવધ થાય છે. એ વહેતા પવનને સ્ટેચ્યૂ કહે છે ત્યારે પવન પડી જાય છે. એ ખળખળ વહેતાં પાણીને સ્ટેચ્યૂ કહે છે ત્યારે બરફ થઈ જાય છે. એ ઘટાદાર વૃક્ષને સ્ટેચ્યૂ કહે છે ત્યારે ટેબલ થઈ જાય છે. (લાકડાનું ટેબલ એ વૃક્ષને કહેલું સ્ટેચ્યૂ છે.) એ ભાષાને સ્ટેચ્યૂ કહે ત્યારે શબ્દકોશ થઈ જાય છે. એ સમયને સ્ટેચ્યૂ કહે ત્યારે ભૂતકાળ બની જાય છે. આમ શૈશવની સ્મૃતિ એ ભૂતકાળે બનીને સ્ટેચ્યૂ થઈ ગયેલા સમયની વાત છે. કાંડાઘડિયાળ સતત ચાલ્યા કરે છે. એક પછી એક ક્ષણ ઝડપથી સ્ટેચ્યૂ થતી જાય છે. સૂર્યનો ગોળો પૂર્વથી ઊંચકાઈને પશ્ચિમમાં ફેંકાય છે. ગુલમહોરના થડ ઉપર કાન માંડતાં ઉનાળો સંભળાય છે. ગુલમહોરને ફરી લાલચટક ફૂલો આવશે. સ્ટેચ્યૂ થયેલા આંબાને ફરી કેરી આવશે. માતાના ગર્ભમાં સ્ટેચ્યૂ થયેલું કોઈનું શૈશવ ફરી પાછું એ જ શેરીમાં ભાખોડિયાં ભરતું ચાલશે અને મારી શેરીને સ્ટેચ્યૂની રમતથી ગજાવી મૂકશે.

### શબ્દાર્થ

**આઈડેન્ટિટી કાર્ડ (અં)** ઓળખપત્ર **કમ્પાઉન્ડ (અં)** (અહીં) શાળાની ફરતું આંગણું **પાંડુ** પાંડુ રાજા, પાંડવોના પિતા **કેસૂડાં** કેસરી રંગના એક જાતનાં ફૂલ, ખાખરાનાં ફૂલ **પરફોર્મ (અં)** (અહીં) અભિનય કરવો **સાલ્વાદોર ડાલી** સ્પેનનો એક પ્રસિદ્ધ અતિવાસ્તવવાદી ચિત્રકાર **નારગોલ** એક પ્રકારની રમત **આળિયો** બખોલ, ગોખલો, હાટિયું **હોનારત** અકસ્માત **ગિલ્ટ ફીલ (અં) કરાવવું** અપરાધભાવની લાગણી જન્માવવી **ક્રૌંચવધ** બગલા જેવાં દેખાતાં એક પક્ષીયુગલનો વધ, રામાયણનો એક સુપ્રસિદ્ધ પ્રસંગ

### રૂઢિપ્રયોગ

**મનમાં ને મનમાં સમસમી રહેવું** અપ્રગટ રીતે રોષ કરવો, ગુસ્સાને મનમાં જ દાબી દેવો **જીવ તાળવે ચડી જવો** જાણે હમણાં જીવ જશે એવી સ્થિતિમાં હોવું, ભારે ઉચાટ થવો **કાગને ડોળે રાહ જોવી** ખૂબ આતુરતાથી રાહ જોવી **મોઢાં ચડી જવાં** રિસાઈ જવું.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

1. શેરીમાં પગ મૂકતાં, લેખકને કોણ-કોણ વળગી પડ્યાં ?
2. લેખક કોની બીકથી એકઢાળિયામાં ભરાઇ જાય છે ?
3. લેખકની શેરીમાં કઇ રમત ખૂબ જ પ્રચલિત છે ?
4. શ્રીકૃષ્ણની પિત્તળની મૂર્તિ જોતાં લેખકે શો સવાલ કર્યો ?
5. આપણે ઈશ્વરને સ્ટેચ્યૂ કરીને શામાં થીજાવી દીધા છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

1. ઝીણો કોણ હતો ? એના મિત્રો એની સાથે કઇ બાબતે સફળ ન થયા ?
2. કૃષ્ણની મૂર્તિ શાથી કાળીમેંશ થઇ ગઇ ?
3. ઘરમાં શી હોનારત સર્જાઇ હતી ?

**3. માગ્યા પ્રમાણે કરો :**

લેખકે કરેલું પોતાના ભૂતકાળની શેરીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમારા વર્ગનાં બાળકોના બાળપણનાં સ્મરણો લખીને એક હસ્તલિખિત અંક બનાવો.
- તમારા મિત્રો સાથે સ્ટેચ્યૂની રમત રમો.
- ભગવાન સ્ટેચ્યૂ કહે તો કયાં કયાં પરિણામો સર્જાય તે પાઠમાંથી શોધીને યાદી બનાવો.

### ભાષા-અભિવ્યક્તિ

''વરસો પછી....ત્યારે આખીયે શેરી હું સાવ અજાણ્યો હોઉં એમ મને તાકી રહી. ડંકી પાસે પાણી ચૂંથતા છોકરાઓ, એકાદ-બે રખડતી બકરીઓ, પોદળો કરતી ગાય, જૂની ગટરોના કાટ ખાધેલાં ઢાંકણાં, અગાશી અને ધાબાં ઉપર શિયાળાનો તડકો ખાતા બીમાર

વૃદ્ધો, ઊડતી સમળી - આ બધાં જ મને શ્વાસની માફક વળગી પડ્યાં.''

લાંબા સમય પછી પોતાની શેરીમાં લેખકનું આગમન થાય છે. તેમાં લેખક ઝીણવટભર્યું નિરીક્ષણ કરે છે. સર્વસામાન્ય દશ્યો તમે જોયા જ હશે. તેથી આપણી નજર સામે ખડાં થઈ જાય છે. રેખાંકિત વાક્યઅંશોના સજીવારોપણ અલંકાર વર્ણનને જીવંત બનાવી રહે છે.

'શૈશવ તો પતંગિયા જેવું આવ્યું, બેઠું અને ઊડ્યું....'

તમે જોઈ શકશો કે લેખકે પોતાના બાળપણને પતંગિયા સાથે સરખાવીને તે કેવું ઝડપથી આવીને જતું રહે છે. કહી દીધું છે. ત્રણ ક્રિયાપદો-'આવ્યું', 'બેઠું', ને 'ઊડ્યું'ની કરામત માણો.

'....પતંગિયાં કોઈવાર મારા ચશ્માંના કાચ ઉપર આવીને બેસી જાય છે ત્યારે મારાં ચશ્માં ઓગળી રેલાઈ જાય છે.'

અહીં પોતાનાં ચશ્માંને ઓગળીને રેલાઈ જતા કહેવામાં લેખકને પોતાના બાળપણની ચશ્માં વિનાના વિશ્વની એકએક છબીઓ નજરો-નજર દેખાય છે એ કહેવું છે એ કેટલું સરસ રીતે કહી આપ્યું છે, એ તમે જુઓ.

## શિક્ષક પ્રવૃત્તિ

- વિદ્યાર્થીને પોતાના બાળપણનાં સ્મરણો લખવા કહો, અંક તૈયાર કરો.
- શેરી રમતોની યાદી બનાવો, તેની રીત લખાવો, ભીંતપત્ર પર મુકાવડાવો.
- અઠવાડિયે એક દિવસ ચલકચલ્લાણું, સતારિયો વગેરે રમતો રમાડો. સ્ટેચ્યૂ રમતનો વાસ્તવમાં અનુભવ આપો.
- સ્મરણોનું મહત્ત્વ, બાળપણનું મહત્ત્વ સમજાવો.
- લેખક દ્વારા 'ઝીણાનું સ્ટેચ્યૂ થઈ જવું' સંદર્ભના ઉલ્લેખની વ્યંજના સમજાવો.

•

## વ્યાકરણ અને લેખન

# એકમ 5 : વિરામચિહ્નો, જોડાક્ષરો, જોડણી

તમે જ્યારે કોઇ લખાણ વાંચો છો અને તે લખાણ તમને ખૂબ જ ગમી જાય છે; વારંવાર વાંચવું ગમે તેવું તમને લાગે છે -આવું લાગવાનું શું કારણ હશે ? તમને કોઈ લખાણ સુંદર લાગે એની પાછળનું કોઇ એક કારણ નથી, ઘણાં કારણો છે. યોગ્ય શબ્દપસંદગી, શબ્દોની ગોઠવણી, વાક્યનો લય, પ્રાસ, વિરામચિહ્નો આ બધી જ બાબતો તે માટે જવાબદાર હોય છે. હવે તમારે આ બધી જ બાબતો જાણવી જોઈએ.

જોડણી, વિરામચિહ્નો, લેખનશૈલી વગેરે વિશે તમે જુદાં જુદાં ધોરણમાં ભણ્યાં છો. મુદ્દાસર અને લંબાણપૂર્વક આપણે તે વિશે ચર્ચા કરવાની જરૂર નથી. પણ હા, તમારે આ મુદ્દાઓ વિશે અનુકૂળતાએ અભ્યાસ કરતાં રહેવું પડશે જ. કોઈ પણ વિષય-મુદ્દામાં કુશળતા લાવવા માટે મહાવરો ખૂબ જ જરૂરી બાબત છે. આપણે લખાણ માટે ખૂબ જ જરૂરી એવી થોડી બાબતો વિશે ટૂંકમાં જોઈએ :

### ■ વિરામચિહ્ન

(1) વાક્ય પૂરું થાય ત્યારે ત્યાં જરૂરી વિરામચિહ્ન મૂકવાની કાળજી રાખો.

(2) કહેવતોને અંતે પૂર્ણવિરામ મૂકવું, પણ કોઈ કૃતિના શીર્ષકને અંતે પૂર્ણવિરામ ન મૂકો. હા, પ્રશ્નચિહ્ન કે ઉદ્ગાર મૂકી શકાય.

(3) કોઈ વ્યક્તિ, સંસ્થા, લાયકાત, ઈલકાબ કે લાંબા શબ્દોનાં ટૂંકાં રૂપો લખો ત્યારે અંતે પૂર્ણવિરામ મૂકો. દા.ત. બી.એ., એમ.બી.બી.એસ., (ભાવનગર) સૌ. (સૌભાગ્યવતી) વગેરે.

(4) ક્રમ બતાવનાર અંક પછી અવશ્ય પૂર્ણવિરામ મૂકો પણ જો અંકની ફરતે કૌંસ મૂકો તો પૂર્ણવિરામની જરૂર નથી.

(5) વાક્ય લાંબું હોય, પાછળના વાક્ય સાથે જોડાયેલું હોય તો આવશ્યકતા મુજબ અલ્પવિરામ કે અર્ધવિરામ વાપરો, પણ જો સંયોજક વાપરો તો ચિહ્નની જરૂર નથી.

(6) પત્રલેખન કરો ત્યારે સંબોધનમાં અને સરનામું લખતી વખતે દરેક વિભાગે અલ્પવિરામ વાપરો. સરનામું પૂરું થાય ત્યારે પૂર્ણવિરામ મૂકો.

(7) 'કારણ કે', 'કેમ કે પહેલાં' અને 'જેમ કે', 'એટલે કે' પછી અલ્પવિરામ ખાસ મૂકવું, જેનાથી પઠન કરતી વખતે સરળતા રહે છે અને વાક્ય અસરકારક બને છે.

(8) લખાણમાં વચ્ચે આવતાં વિશેષ નામ કે જુદા પડતા મહત્ત્વના નામને અવતરણ ચિહ્નમાં મૂકવાં.

(9) વિભક્તિના પ્રત્યયો જે-તે શબ્દની સાથે જોડીને લખાય છે. હિન્દી ભાષામાં પ્રત્યયો અલગ લખવાની પ્રથા છે.

- રમેશના ઘરમાં ટેબલ પડ્યું છે.
- रमेश के घर में टेबल पडा है ।

(10) કોઈ વાક્યમાં પ્રશ્ન પૂછવાનો ભાવ હોય ત્યારે છેડે પ્રશ્નચિહ્ન મૂકીએ છીએ, પણ જો વચ્ચે ઉભયાન્વયી (જોડનાર) હોય તો પ્રશ્નનો ભાવ હોવા છતાં અંતે પ્રશ્નચિહ્ન મુકાતું નથી.

- કંડક્ટરે કહ્યું, બોલો કેટલી ટિકિટ આપું.
- ગાંધીજીએ કહ્યું, મારી સાથે કોણ આવશે.

હવે આ વાક્યોમાં ઉભયાન્વયી 'કે' વાપરવાથી અંતે પ્રશ્નચિહ્ન મૂકવું નહીં.

- કંડક્ટરે કહ્યું <u>કે</u> બોલો કેટલી ટિકિટ આપું.
- ગાંધીજીએ કહ્યું, <u>કે</u> મારી સાથે કોણ આવશે.

ઉપરાંત પેટાવાક્ય પ્રથમ લખ્યું હોય અને પછી મુખ્ય વાક્ય હોય, તથા પેટાવાક્યમાં પ્રશ્નાર્થ હોય તોપણ વચ્ચે પ્રશ્નચિહ્ન મૂકવું નહીં.

- તે <u>કેવી રીતે</u> આવ્યો એ મને ખબર નથી.
- તેને <u>શા માટે</u> ઈનામ મળ્યું એ હું જાણતો નથી.

તમે વિરામચિહ્નો વિશે દરેક ધોરણમાં અભ્યાસ કરો છો, એમ માનીને વિરામચિહ્નો વિશે માહિતી ટૂંકમાં જ રજૂ કરી છે. તમે આ વિશેષ શિક્ષકની મદદ લઈને થોડો મહાવરો કરી લેશો એવી અપેક્ષા છે.

## ■ જોડાક્ષરો

બે વ્યંજનો જ્યારે જોડાય ત્યારે બંનેની વચ્ચે સ્વરની ગેરહાજરી હોય છે- આને આપણે જોડાક્ષર કહીએ છીએ. આપણે મૂળાક્ષરોને 'કક્કા' તરીકે ઓળખીએ છીએ. આપણે એમ માનીએ છીએ કે મૂળાક્ષર-વ્યંજનો ક થી જ્ઞ સુધી હોય છે. વાસ્તવમાં વ્યંજનો 'ક' થી 'ળ' સુધીના જ ગણાય છે. 'ક્ષ' અને 'જ્ઞ' એ જોડાક્ષરો છે, તે સ્વતંત્ર વ્યંજન નથી. મૂળાક્ષરોની યાદીમાં સમાવેશ નથી તેવા શ્ર, ત્ર વગેરે પણ તમે વાપરો છો, એ પણ જોડાક્ષરો છે. બે કે વધારે વ્યંજનો જોડાઈને જોડાક્ષર (સંયુક્તાક્ષર) બને છે ત્યારે એ કયા વ્યંજનો છે તેનો ઘણી વખત આપણને ખ્યાલ હોતો નથી. પરિણામે આપણે તેનું બંધારણ આપણી સમજ મુજબનું કરીને ચલાવી લઈએ છીએ. પરિણામે જોડાક્ષરો બાબતે આપણે સૌથી વધારે ઓછી સમજ ધરાવીએ છીએ. એમાં પણ કેટલાક જોડાક્ષરો તો ખોટી રીતે લખાવાને કારણે ખોટી રીતે બોલાતા પણ થઈ ગયા છે. અરે, ઉચ્ચારણની ખોટી પરંપરા ઊભી થઈ ગઈ છે! તમે આ દિશામાં થોડું વિચારતા થાઓ એવા હેતુથી થોડા મહત્ત્વના જોડાક્ષરો અહીં ઉદાહરણ સાથે આપણે જોઈએ :

| | |
|---|---|
| દ્ધ = દ્ + ધ | સમૃદ્ધ, ઉદ્ધાર, અનિરુદ્ધ, યુદ્ધ, વૃદ્ધ, જીર્ણોદ્ધાર, રિદ્ધિ, સિદ્ધિ, સિદ્ધાંત, પદ્ધતિ, પ્રસિદ્ધ, શ્રદ્ધા, પ્રબુદ્ધ, યોદ્ધો વગેરે. |
| ધ્ધ = ધ્ + ધ | સધ્ધર (શ્રીમંત), અધ્ધર (ઊંચે), સુધ્ધાં (પણ), ઓધ્ધો (હોદ્દો) વગેરે. |
| દ્વ = દ્ + વ | દ્વિપ, દ્વારા, દ્વારકા, વિદ્વાન, દ્વૈત, દ્વેષ, દ્વારપાલ, દ્વીપ, દ્વિધા વગેરે. |
| દ્ર (દ્ર) = દ્ + ર | દરિદ્ર, નિદ્રા, રૌદ્ર, દ્રાક્ષ, દ્રાવણ, મહેન્દ્ર, નરેન્દ્ર, દ્રષ્ટા, દ્રવિડ, જયેન્દ્ર વગેરે. |
| દ્મ = દ્ + મ | પદ્મ, (કમળ), સદ્મ (ઘર), છદ્મ (બનાવટ, ઢોંગ) |
| દ્દ= દ્ + દ | વદ્દી, ગદ્દાર, મુદ્દલ, અદ્દલ, જિદ્દી, મુસદ્દો, મુદ્દો, ખદ્દડ, (ઘટ્ટ, જાડું) વગેરે. |
| દ્ય = દ્ + ય | વિદ્યા, ગદ્ય, પદ્ય, સદ્ય (અત્યારે જ), ખાદ્ય, મદ્ય (દારૂ), વાદ્ય, દ્યુતિ (તેજ), ઉદ્યોગ વગેરે. |
| સ્ર = સ્ + ર | રક્તસ્રાવ, સ્રોત (પ્રવાહ), સહસ્ર (હજાર), તમિસ્ર (અંધારું), હિંસ્ર (હિંસક), સ્રષ્ટા (રચયિતા) સ્રગ્ધરા (એક છંદ) |
| સ્ત્ર= સ્ + ત્ + ર | સ્ત્રી, અસ્ત્ર, શસ્ત્ર, વસ્ત્ર, ત્રસ્ત્ર. |

આ ઉપરાંત 'ત્ન', 'ત્ત', 'પ્ર', હ્ર', 'લ્ય', 'શ્ચ', 'ક્ષ', 'જ્ઞ', 'શ્ર', 'ત્ર', ધ્ય વગેરે જોડાક્ષરો આપણે વાપરીએ છીએ. તમારા શિક્ષકની મદદથી આ જોડાક્ષરોનાં બંધારણ સમજો અને તેનો ઉપયોગ થયો હોય તેવાં ઉદાહરણો તપાસો.

તમે વાચન કરો ત્યારે કોઈ અઘરી જોડણી ધરાવતો શબ્દ આવે, જોડાક્ષર આવે, રેફ આવે કે અવળી માત્રા આવે ત્યારે થોડો સમય અટકી વિચારવાની ટેવ કેળવો. શરૂઆતમાં થોડો સમય આ પ્રમાણે કરવાથી પછી અનાયાસે-આપોઆપ તમારી આંખોને એ પ્રમાણે જોવાની અને ચિત્તને આ મુજબ નોંધવાની ટેવ પડી જશે.

## ■ જોડણી :

જે-તે અક્ષર-મૂળાક્ષરને લખવાની રીત એટલે જોડણી. આપણી ગુજરાતી ભાષાની જનની સંસ્કૃત ભાષા છે, એટલે આજે આપણા લખાણમાં ઘણા સંસ્કૃત (તત્સમ) શબ્દો વપરાય છે અને ઘણા શબ્દો સંસ્કૃતમાંથી પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં ફેરફાર થઈને (તદ્ભવ-તેમાંથી ઉત્પન્ન થયેલા) ગુજરાતીમાં ઊતરી આવ્યા છે.

ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ દ્વારા શબ્દોની એકધારી જોડણી રહે તે માટેનો સ્તુત્ય પ્રયાસ થયો છે. દરેક જણે એ મુજબ જ જોડણી કરવી એવી સંમતિ સધાઈ છે.

સંસ્કૃત જોડણીના નિયમો યાદ રાખવાના બદલે, આપણે ત્યાં વપરાતા સંસ્કૃત શબ્દોની જોડણી જ યાદ રાખવી સરળ પડે છે. અહીં ગુજરાતી (તદ્ભવ) શબ્દોની જોડણી માટે ઉપયોગી એવા અને વારંવાર વપરાતા હોય એવાં ઉદાહરણો સાથેના થોડા નિયમો આપણે જોઈએ :

(1) શબ્દમાં આવતા જોડાક્ષરને લીધે જ્યાં આગલા અક્ષરને થડકો લાગતો હોય ત્યાં 'ઈ'કે 'ઉ' હ્રસ્વ લખવાં.

ઉદાહરણ : શિસ્ત, જિલ્લો, બિસ્તરો, ઇસ્તરી, જુસ્સો, ગુસ્સો, વિશ્વ, મિસ્ટર, લિસ્ટ, ચિઠ્ઠી, ખિસ્સું વગેરે.

(2) જ્યાં કોમળ અનુસ્વાર આવતો હોય (અન્ય અનુનાસિકો 'ન', 'મ', વગેરે ન મૂકી શકાય.) ત્યાં હ્સ્વ 'ઇ'-'ઉ' ન કરતાં તેને દીર્ઘ લખવાં. 'વીંટી'ને 'વિન્ટી' કહી શકાય ? નહીં ને ! માટે 'વી' દીર્ઘ લખવો.

ઉદાહરણ : જુઓ - ઊંટ, ગૂંથવું, ઢીંકો, ગૂંચ, પૂંછ, ઈંટ, વીંટ, લૂંટ, ઝૂંપડી વગેરે.

(3) ચાર કે તેથી વધુ અક્ષરવાળા શબ્દોમાં પ્રથમ અક્ષર 'ઇ' કે 'ઉ' હ્રસ્વ લખવાં.

ઉદાહરણ : મિલકત, ઇમારત, શિખામણ, ચુકવણી, ઉકરડો, પિચકારી, નિસરણી, મિજબાની, ગિરનાર, સુતરાઉ, કિનખાબ, કિલકિલાટ, ગુલમહોર, ઉદાહરણ વગેરે, આવો શબ્દ સમાસ હોય ત્યારે જોડણી મૂળ શબ્દની હોય તેમજ રાખવી. 'દીવો'માં 'દી' દીર્ઘ લખાય છે, તેની સાથે 'સળી' શબ્દ જોડાઈને 'દીવાસળી' બને છે. અહીં ચાર અક્ષર થવા છતાં 'દી' ને દીર્ઘ લખવો.

ઉદાહરણ : ભૂલચૂક, દીવાબત્તી, મીણબત્તી, ચૂપચાપ, બીજાંકુર, કૂચકદમ, શૂરવીર વગેરે.

(4)બે કે બેથી વધુ અક્ષરના શબ્દમાં લઘુ અક્ષરની પહેલાં ઈ કે ઊ (દીર્ઘ) લખવા અને ગુરુ અક્ષરની પહેલાં 'ઇ' કે 'ઉ' હ્રસ્વ લખવા. લુહાર ('હા' ગુરુ અક્ષર છે તેથી 'લુ' હ્રસ્વ છે.) ચીપિયો ('પિ' લઘુ અક્ષર છે તેથી 'ચી' દીર્ઘ છે.)

ઉદાહરણ : ભિખારી, કિનારી, બિલાડી, શિકારી, ઘૂમટો, પૂતળી, દિવાળી, વિભૂતિ, પ્રતીતિ વગેરે.

(5)રેફ પહેલાં આવતાં 'ઈ' કે 'ઊ' દીર્ઘ લખવા.

ઉદાહરણ : કીર્તિ, મૂર્તિ, ચૂર્ણ, પૂર્ણ, સૂર્ય, મૂર્ખ, મુહૂર્ત, પૂર્ણિમા, ઉત્તીર્ણ, આશીર્વાદ, શીર્ષાસન, શીર્ષક વગેરે.

અપવાદ : ઉર્વશી, કારકિર્દી.

(6)'ય'- 'યા'- 'યું'- 'યો' પહેલાં 'ઇ' (હ્રસ્વ) લખાય છે.

ઉદાહરણ : કોડિયું, વાણિયો, તકિયો, પાણિયારું , કડિયો, ઇયળ, વરિયાળી, ફરિયાદ, અગિયાર, હોશિયાર, ફરજિયાત, શિયાળ, કાળિયાર, કીમિયો વગેરે.

(7)'ઇક' અને 'ઇકા' પ્રત્યય લાગીને બનેલા શબ્દોમાં 'ઇ' (હ્રસ્વ) રાખવી.

ઉદાહરણ : વાર્ષિક, દૈનિક, અઠવાડિક, માસિક, સામાજિક, નૈતિક, નિયમિત, બાલિકા, સંચયિકા, પીઠિકા, ભૂમિકા, નવલિકા, અનુક્રમણિકા વગેરે.

(8)'ઈત' અને 'ઈતા' પ્રત્યય લાગે ત્યારે 'ઇ' હ્રસ્વ લખવી પણ 'ઈની' પ્રત્યય લાગે ત્યારે 'ઈ' હ્રસ્વ અને 'ની' દીર્ઘ લખવાં.

ઉદાહરણ : રચિત, દયિત, પરિચિત, આજ્ઞાંકિત, પ્રકાશિત, પરિતા, સુનિતા, સરિતા, કવિતા, શિખરિણી, વિદ્યાર્થિની, કામિની, રાગિણી, રોહિણી વગેરે.

**સ્વાધ્યાય**

1. 'દ્ધ' અને 'દ્વ' જોડાક્ષરો ધરાવતા શબ્દ જેમાં હોય તેવાં દસ-દસ વાક્યો પાઠ્યપુસ્તકની ગદ્યકૃતિઓમાંથી શોધીને લખો.
2. 'ચક્રવાકમિથુન' કાવ્યમાં રહેલા જોડાક્ષરો ધરાવતાં પચીસ પદોની યાદી બનાવો. આ બધાં પદોના યોગ્ય-સાચા ઉચ્ચારનું રટણ કરો.
3. આ પ્રકરણમાં સમજાવેલા જોડણીના આઠેય નિયમો મુજબનાં, પણ અહીં ન આપ્યાં હોય તેવાં, પાંચ-પાંચ ઉદાહરણો લખો.
4. ચારથી પાંચ જુદા જુદા પ્રકારનાં વિરામચિહ્નો જેમાં સમાવિષ્ટ હોય તેવો કોઈ પણ એક, આ પાઠ્યપુસ્તકની બહારનો પરિચ્છેદ લખો.

•

# 21 ભગવાનનો ભાગ

**રમેશ પારેખ**
**(જન્મ : 27-11-1940; અવસાન : 17-5-2006)**

કવિ રમેશ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયેલો. ઈ. સ. 1958 માં પારેખ અને મહેતા વિદ્યાલય, અમરેલીમાંથી મેટ્રિક થયા. ઈ. સ. 1960થી જિલ્લા પંચાયત, અમરેલીમાં નોકરી કરી.

રમેશ પારેખ, સાતમા-આઠમા દાયકાના આપણા નોંધપાત્ર ઉત્તમ ગીતકવિ તરીકે ઊભરી આવ્યા. 'ક્યાં', 'ખડિંગ', 'ત્વ', 'સનનન', 'ખમ્મા આલા બાપુને', 'મીરાં સામે પાર', 'વિતાન સુદ બીજ', 'છાતીમાં બારસાખ', 'સ્વગત પર્વ', 'ચશ્માંના કાચ પર', એ એમના કાવ્યસંગ્રહો છે. 'છ અક્ષરનું નામ'માં એમની ઈ. સ. 1970 થી 1991 સુધીની કવિતા ગ્રંથસ્થ થઈ છે, જ્યારે 'મન પાંચમના મેળામાં'ના ત્રણ ભાગમાં એમની સમગ્ર કવિતા ગ્રંથસ્થ થઈ છે.

લોકગીત-ભજનોની પરંપરાને આત્મસાત્ કરી તેનું અદ્યતન સંવેદનાની અભિવ્યક્તિમાં આગવું રૂપાંતર સાધીને તેમણે કવિતામાં પોતીકો અવાજ ઊભો કર્યો છે. ગીતોમાં તેમની સર્જકતા વિશેષ ઊભરી છે. રમેશ પારેખની કવિતાનું રૂપ રૉમેન્ટિક છે. એટલે જ તેઓ પોતાની ઉત્તમ કાવ્યરચનાઓ દ્વારા લોકપ્રિય થતા રહ્યા છે.

ગીત, ગઝલ તથા અછાંદસમાં રમેશ પારેખની ઊભરાતી સર્જકતાના કારણે નૂતન ઉન્મેષો જોવા મળે છે. રમેશ પારેખે 'હાઉક' 'ચીં' 'બાળસંગ્રહો' આપ્યાં છે ને 'દે તાલ્લી', 'હફરક લફરક' તેમની બાળવાર્તાઓ છે. 'સગપણ એક ઉખાણું' તેમજ 'સૂરજને પડછાયો હોય' એ એમનાં નાટકો છે. આધુનિક ટૂંકીવાર્તાના ક્ષેત્રે પણ તેમણે પદાર્પણ કર્યું હતું. પ્રસંગોપાત ચિંતનલેખો, કાવ્યાસ્વાદો, સંપાદન વગેરેમાંય તેમની કલમ ચાલી છે.

રમેશ પારેખને કુમારચંદ્રક , ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, નર્મદચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમીનું પારિતોષિક, નરસિંહ મહેતા ઍવૉર્ડ જેવાં સન્માન પ્રાપ્ત થયાં છે.

આ અછાંદસ કાવ્યમાં માનવીની સમગ્ર જીવનયાત્રાનો આલેખ પોતાની આગવી શૈલીથી આપતા કવિ બાળપણથી જીવનના અંતિમ પડાવ તરફની ગતિનો સંકેત કરે છે. આ ગતિ હળવાશથી ગંભીરતા તરફની છે, સરળથી સંકુલ તરફની છે.

બાળપણમાં મિત્રો સાથે બોર, કાતરા, ચીભડાં વીણી તેનો ભાગ પાડવામાં આવે ત્યારે બાળક સામાન્ય રીતે એક ભાગ ભગવાન માટે જુદો કાઢે! બાળકની શ્રદ્ધાને નમન કરવાનું મન થાય. કાવ્યનો ઉત્તરાર્ધ 'પછી મોટા થયા'-થી થાય છે. ઘણું કમાયા, ભેગું કર્યા પછી ભાઈઓ/પરિવારજનો વચ્ચે ઘર-વસ્તુના ભાગ પાડવાની માણસની સ્વાર્થવૃત્તિ બાળકોની નિર્દોષતા સામે ઝાંખી પડે છે. ભગવાનમાં હવે શ્રદ્ધા જ રહી નથી પછી તેનો શાનો ભાગ?! પણ ભગવાન સપનામાં તો આવે ને?! એ તો પોતાનો ભાગ પણ માગે! સદ્કાર્યો વિનાના ખાલી હાથ પાનખરની ડાળી જેવા ઉજ્જડ છે! દુઃખોનાં પર્યાય જેવાં આંસુ ભગવાનને આપવા સિવાય કશું બચ્યું નથી પણ, આ તો ભગવાન છે! એ પીડા આપે છે, તો પ્રેમ પણ આપે છે! ખાલીપાથી ભરેલી કવિની ઉજ્જડતાને એ અજાણ્યા મંત્રથી ભરી દે છે! જિંદગીનાં અડધાં વર્ષો માત્ર પોતાના માટે જ ખર્ચી નાખતા માનવી પાસે ભગવાનને આપવા જેવું કશું જ નથી ત્યારે ભગવાન એના બાકીનાં વર્ષો પોતાના માટે માગી લે છે! માત્ર સ્વહેતુથી જીવતા માણસે જીવનનો ઉત્તરાર્ધ સદ્કાર્યો દ્વારા સમાજસેવામાં ખર્ચવાનો અપ્રગટ સંદેશ કવિએ એમની વિલક્ષણ શૈલીથી આ કાવ્યમાં વહેતો મૂક્યો છે. ઈશ્વરથી દૂર થતા જતા માનવીનું ઈશ્વર સાથેનું પુનઃ અનુસંધાન પણ અહીં જોઈ શકાય.

---

નાનપણમાં બોરાં વીણવા જતા.
કાતરા પણ વીણતા.
કો'કની વાડીમાં ઘૂસી ચીભડાં ચોરતા.
ટેટા પાડતા.
બધા ભાઈબંધો પોતાનાં ખિસ્સામાંથી
ઢગલી કરતા ને ભાગ પાડતા-
-આ ભાગ ટીકુનો
-આ ભાગ દીપુનો
-આ ભાગ ભનિયાનો, કનિયાનો...
છેવટે એક વધારાની ઢગલી કરી કહેતા-
'આ ભાગ ભગવાનનો!'

સૌ પોતપોતાની ઢગલી
ખિસ્સામાં ભરતા,
ને ભગવાનની ઢગલી ત્યાં જ મૂકી
રમવા દોડી જતા.

ભગવાન રાતે આવે, છાનામાના
ને પોતાનો ભાગ ખાઈ જાય-એમ અમે કહેતા.

પછી મોટા થયા.
બે હાથે ઘણુંય ભેગું કર્યું;
ભાગ પાડ્યા-ઘરના, ઘરવખરીના,
ગાય, ભેંસ, બકરીના
અને ભગવાનનો ભાગ જુદો કાઢ્યો?

રબીશ! ભગવાનનો ભાગ?
ભગવાન તે વળી કઈ ચીજ છે?

સુખ, ઉમંગ, સપનાં, સગાઈ, પ્રેમ-
હાથમાં ઘણું ઘણું આવ્યું...

અચાનક ગઈ કાલે ભગવાન આવ્યા;
કહે : લાવ, મારો ભાગ...

મેં પાનખરની ડાળી જેવા
મારા બે હાથ જોયા- ઉજ્જડ.
એકાદ સૂકું તરણુંયે નહીં.
શેના ભાગ પાડું ભગવાન સાથે?
આંખમાં ઝળઝળિયાં આવ્યાં,
તે અડધાં ઝળઝળિયાં આપ્યાં ભગવાનને.

વાહ! - કહી ભગવાન મને અડ્યા,
ખભે હાથ મૂક્યો,
મારી ઉજ્જડતાને પંપાળી,
મારા ખાલીપાને ભરી દીધો અજાણ્યા મંત્રથી.
તેણે પૂછ્યું : 'કેટલાં વરસનો થયો તું?'
'પચાસનો'. હું બોલ્યો.
'અચ્છા...' ભગવાન બોલ્યા : '100માંથી
અડધાં તો તેં ખરચી નાખ્યાં...
હવે લાવ મારો ભાગ !'
ને મેં બાકીનાં પચાસ વરસ
ટપ્પ્ દઈને મૂકી દીધાં ભગવાનના હાથમાં!

ભગવાન છાનામાના રાતે એનો ભાગ ખાય.

હું હવે તો ભગવાનનો ભાગ બની પડ્યો છું અહીં
જોઉં છું રાહ-
કે ક્યારે રાત પડે
ને ક્યારે આવે છાનામાના ભગવાન
ને ક્યારે આરોગે ભાગ બનેલા મને
ને ક્યારે હું ભગવાનનાં મોંમાં ઓગળતો ઓગળતો...

## શબ્દાર્થ

**બોરાં** ચણીબોર **કાતરા** આમલીનાં ફળ **ટેટા** વડનાં ફળ **ઘરવખરી** ઘરને લગતો સરસામાન, રાચરચીલું **રબીશ (અં.)** અર્થહીન, વાહીયાત વાત **પાનખર** એક ઋતુ (મહા, ફાગણ) **ખરચી નાખ્યાં** વાપરી નાખ્યાં **ઉજ્જડ** ઉજ્જડતા, ખાલીપો, એકલતા

## રૂઢિપ્રયોગ

**ઝળઝળિયાં આવવાં (-વી જવાં)** આંખમાં આંસુ આવી જવાં, ભાવવશ થઈ રડવું આવવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) શૈશવમાં કવિ મિત્રો સાથે શેનો ભાગ પાડતા ?
(2) વધારાની ઢગલી કોના માટે રહેતી ?
(3) ભગવાન પોતાનો ભાગ ખાવા ક્યારે અને કેવી રીતે આવતા ?
(4) મોટા થયા પછી શાના-શાના ભાગ પાડ્યા હતા ?
(5) ભગવાને સપનામાં આવી શું કહ્યું ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :**

(1) બાળપણમાં કવિ મિત્રો સાથે શું શું કરતા હતા ?
(2) બાળપણમાં અને મોટા થયા પછી પાડવામાં આવેલા ભાગમાં શો તફાવત છે ?
(3) કવિ કોનો ભાગ જુદો કાઢવાનું ચૂકી ગયા ? શા માટે ?
(4) કવિ પોતાના હાથને 'પાનખરની ડાળી જેવા' શા માટે કહે છે ?
(5) કવિએ ભગવાનને ભાગમાં શું આપ્યું ? શા માટે ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) 'ભગવાનનો ભાગ' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.
(2) 'ભગવાનનો ભાગ' કાવ્યને આધારે જીવનની બે અવસ્થાની તુલના કરો.
(3) 'મોટા થવાની સાથે જ ઈશ્વર હાંસિયામાં ધકેલાઈ જાય છે'- આ વિધાનની યથાર્થતા કાવ્યને આધારે તપાસો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમારા બાળપણ વિશે નોંધ લખો.
- તમે કરેલું એક સારું કાર્ય વર્ણવો.
- રમેશ પારેખનાં ત્રણ ગીતો નોંધો.

## ભાષા-અભિવ્યક્તિ

શીર્ષક 'ભગવાનનો ભાગ' છે, કાવ્યના પણ બે ભાગ પડે છે તેમ કવિના જીવનના પણ બે ભાગ છે. બાળપણ અને મોટપણ.

અહીં બોરનું બહુવચન 'બોરાં' તળપદા શબ્દનો ઉપયોગ થયો. અહીં ઘણી પંક્તિઓને અંતે જુદાં જુદાં ચિહ્નો જોઈ શકશો તે શા માટે પ્રયોજાયાં છે તે વિચારો. ઢગલાને બદલે ઢગલી શબ્દનો પ્રયોગ ઓછપ બતાવે છે તે છતાં ભગવાનને તેનો ભાગ મળે છે.

- આ ભાગ ટીકુનો
- આ ભાગ દીપુનો
- આ ભાગ ભનિયાનો...'

એમ ગુરુરેખાવાળી પંક્તિઓને દોહરાવીને જાણે ભાગ પડી રહ્યો હોય તેવું દૃશ્ય ખડું કર્યું છે.

'બે હાથે ઘણુંય ભેગું કર્યું; ...'
...હાથમાં ઘણું ઘણું આવ્યું'

મોટપણમાં ઘણું ઘણું છે છતાંય ભગવાનનો ભાગ નથી પડતો. 'બે હાથે' અને 'હાથમાં' બંનેની અર્થછાયાઓ અલગ-અલગ છે એ તમારા ધ્યાનમાં આવશે.

મેં પાનખરની ડાળી જેવા
મારા બે હાથ જોયા - ઉજ્જડ'

અહીં ઉપમા સરસ છે પણ છેલ્લે ગુરુવિરામ પછી 'ઉજ્જડ' શબ્દ વિષાદને ઘેરો બનાવે છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- આ કાવ્યનું નાટ્યરૂપાંતર કરી, વર્ગમાં ભજવો.
- વિનોબા ભાવેની સર્વોદયપાત્રની વિભાવના સમજાવો.

•

# 22 જમાના પ્રમાણે

**વસુબહેન ભટ્ટ**
**(જન્મ : 23-3-1924)**

વસુબહેન જનાર્દન રામપ્રસાદ ભટ્ટનો જન્મ વડોદરામાં થયો હતો. હાલ તેઓ અમદાવાદમાં રહે છે. મુખ્યત્વે તેઓ વાર્તાકાર તરીકે જાણીતાં છે. 'પાંદડે પાંદડે મોતી', 'સરસિજ', 'દિવસે તારા, રાતે વાદળ', 'ઘડીક અષાઢ ને ઘડીક ફાગણ' તેમના વાર્તાસંગ્રહો છે. 'માણારાજ' તેમની હાસ્યસભર વાર્તાઓનો સંગ્રહ છે. 'ઝાકળપિછોડી' નામની એક લઘુનવલ પણ તેમણે લખી છે.

પોતાની સીધીસાદી અને સંસ્કારી નમાઈ પુત્રી નીલા જો જમાના પ્રમાણે પહેરી-ઓઢી નવતર ઠાઠ, ઠસ્સો અને ફૅશન અપનાવે તો લગ્ન માટે વહેલી પસંદગી પામે એવી માન્યતા ધરાવતા બિહારીના અતિસૂક્ષ્મ ચંચલ મનોભાવોનું નિરૂપણ આ વાર્તામાં થયું છે. વાર્તાકારે નીલાના પાત્રમાં એવું બાહ્ય પરિવર્તન લાવીને બિહારીને પ્રતીતિ કરાવી છે કે જીવનમાં કૃત્રિમતા કરતાં વ્યક્તિની સહજતા જ વિશેષ શોભી રહે છે. સ્થૂલ પ્રસંગનિરૂપણને બદલે બે પાત્રોના સંવાદ અને મનોમંથનનો પ્રયોગ કરીને લેખિકાએ પરિસ્થિતિને ટૂંકી વાર્તા માટે જરૂરી એવા લાઘવમાં રજૂ કરી કલાસૂઝ દાખવી છે.

---

મનને મનાવી બિહારી જવા તૈયાર થયો. ધોતિયાની પાટલી સરખી કરી, માથે ટોપી મૂકી હાથમાં લાકડી લઈ ચાલવા માંડ્યું. ત્યાં ખ્યાલ આવ્યો કે બારણે તાળું મારવાનું તો રહી ગયું? બારણે તાળું મારતાં માંડ તૈયાર કરેલું મન ભાંગી પડ્યું. બારણાં ફરી જોશથી અફાળીને બંધ કર્યા, બારણાંની માફક મગજમાં અથડાતા વિચારોને રોકવાના પ્રયત્નોમાં એને સફળતા ન મળી. મગજ થાકી ગયું અને પગ લથડિયાં ખાવા લાગ્યા. પગથિયાં પાસેનો થાંભલો પકડી તે ત્યાં જ બેસી ગયો.

બહારના રસ્તેથી ત્રણ-ચાર સમવયસ્ક કન્યાઓ રંગરંગીન પોશાકમાં હસતી-કૂદતી, એકબીજાને ધબ્બા મારતી પતંગિયાની માફક પસાર થઈ. આ છોકરીઓને જોઈ, નાખી દીધેલી નિરાશા વળી પાછી બિહારી પર ચઢી બેઠી.

'નીલાને નહિ તો કોઈ બેનપણી કે નહિ કોઈ સહિયર. નહિ પહેરવા-ઓઢવાનો કે ફરવા-હરવાનો શોખ. બસ, જ્યારે જુઓ ત્યારે...'

ઘેરાયેલા આકાશમાં ઘનઘોર વાદળો ઊમટી આવતાં સદંતર અંધકારનું સામ્રાજ્ય વ્યાપી જાય તેમ બિહારીલાલનું અંતર નિરાશાના અંધકાર અને દુ:ખના ભાર નીચે દબાઈ ગયું. દબાવી રાખેલો ડૂમો હમણાં છૂટી પડશે એવો ભય લાગતાં બિહારીએ ખોંખારો ખાઈ મનને સ્વસ્થ કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો.

પગથિયાં ઊતરી કમ્પાઉન્ડમાં હીંચકા સુધી પહોંચતાં તો એ હાંફી ગયો. ટોપી ઉતારી હીંચકા પર બેસી ગયો. બૂટ કાઢી હીંચકાને જોશથી લાત મારી અને તરત જ ખોળામાં મૂકેલી લાકડીથી હીંચકાની ગતિ અટકાવી દીધી. જમીન પર લાકડી ખોસી, એની પર દાઢી ટેકવી એ ફરી પાછો વિચારમાં પડી ગયો. લાકડીની તીક્ષ્ણ અણીથી જમીનમાં જેમ જેમ ઊંડે ખોદતો ગયો તેમ તેમ વિચારોમાં પણ એ એટલો જ ઊંડો ઊતરતો ગયો.

'છોકરીઓને લટકા ઓછા કરવા માટે, ભટકવા માટે, રમતિયાળપણા માટે, આખો દિવસ બેનપણાં-સહીપણાં માટે બાપે કહેવું પડે એને બદલે આ...તો સાવ જ ઊંધું...

'નીલા! તું શું કરવા આવા જાડા ખાદીના ધાબળા પહેરે છે? નીલા ! તું શું કરવા કોઈને મળવા-હળવા જતી નથી ? બસ, આખો દિવસ એકલીએકલી વાંચ્યા જ કરે છે...' અને આ બધાં માટે બિહારી જ જવાબદાર હોય તેમ એના અંતરે એના તરફ આંગળી ચીંધી.

નીલાના જન્મ પછી ગુણિયલ માંદીસાજી રહેવા લાગી. સુવાવડમાંથી કંઈ એવો રોગ પેઠો કે એની કેડ જ તોડી નાખી. નાની નીલાને સાચવવાની, ઘરના કામકાજની, નોકરી કરવાની અને ગુણિયલની ચાકરી કરવાની- આમ બધી જવાબદારી બિહારીને માથે આવી પડી. સવારના વહેલી ઊઠી, કાચુંકોરું પકાવી, નીલાને તૈયાર કરી, ગુણિયલને દવા આપી બિહારી નોકરીએ જતો અને બાકીનું કામ પતાવી દેતો. ઘરનું કામકાજ, નીલાની ઊઠવેઠ અને ગુણિયલની માંદગીમાં એની જિંદગી વણાઈ ગઈ હતી. ઑફિસમાં સૌ કોઈ એના તરફ આદર અને લાગણીથી જોતા. એનું કામ આટોપી આપવામાં મદદ કરતા. પોતાને ઘેર કંઈ સારું ખાવાનું બનાવ્યું હોય તો બિહારી માટે ડબ્બામાં લઈ આવતા અને આગ્રહ કરી જમાડતા. જમતાંજમતાં બિહારીની આંખમાં આંસુ આવી જતાં અને કોળિયો ગળામાં જ ભરાઈ રહેતો.

'નીલુ...નીલુએ જન્મ ધરીને આવું સ્વાદિષ્ટ ક્યારેય ખાધું નથી. રોજ એ જ ભાખરા, ચોપડાં ને શાક.'

બિહારીને અંતરસ જતું અને ગળામાં ભરાયેલો કોળિયો માંડ પાણીને ધક્કે ઊતરતો.

કોઈ નિકટના સાથીઓ તો એને આગ્રહ કરીને જમાડતા અને કહેતા :

'નીલુ માટે જુદું પડીકું લાવ્યો છું' ત્યારે એની આંખો અહેસાનથી જોઈ રહેતી.

માંદી ગુણિયલ એવા જ અહેસાનથી બિહારી તરફ જોતી.

'મોટા કરોડપતિને પરણી હોત તોય આવી ચાકરી ન પામત...'

આટઆટલી ચાકરી અને મોંઘીદાટ દવા કર્યા છતાં ગુણિયલના જીવનનો અંત આવ્યો. આ વિશાળ દુનિયામાં બાપ-દીકરી એકલાં પડ્યાં. એકબીજાની ઓથ અને સાથ એમની જિંદગીના ટેકા બન્યા.

તે પછીની બિહારીની જિંદગી એટલે નીલા. સવારના કામમાંથી પરવારી એને નિશાળે મૂકી આવે. ચાર વાગતાં નિશાળેથી ઑફિસે લઈ આવે. નીલા ઑફિસમાં રમે કે વાંચે. ઑફિસનું કામકાજ પતાવી પિતાપુત્રી સાથે ઘેર જાય.

મોસાળેથી મામા-મામી આગ્રહ કરી નીલાને રહેવા બોલાવતાં : પણ એ જતી નહિ. પોતે જાય તો પિતા એકલા શું કરે? નાની ઉંમરે પુત્રીની આ સમજ જોઈ બિહારી હરખાતો.

મા મરી ગઈ તેથી શું પોતે કમ છે કે દીકરીને મોસાળ મોકલી દે !

મા અને બાપની બેવડી જવાબદારીથી બિહારી એનું જતન કરતો. મા વગરની દીકરીને કોઈ ફસાવી કે ફોસલાવી ન જાય તેની ચાંપતી દરકાર તે રાખતો.

પોતાની જ આસપાસ પિતાના સુખની સીમાઓ અંકિત થયેલી છે એ સમજતાં નાની નીલાને વાર લાગી નહિ. એની નાની દુનિયામાં પિતા સિવાય કોઈ હતું જ નહિ.

નીલા પર સારા સંસ્કાર પડે એ હેતુથી નીતિકથા, મહાપુરુષોનાં જીવનચરિત્ર અને સંતમહાત્માઓના ઉચ્ચ આદર્શની તે વાતો કરતો. જાતમહેનત અને સાદાઈમાં જ સુખ સમાયેલું છે તેવું પોતાના વર્તનથી અને વાંચનથી વારંવાર ઠસાવતો. ચારિત્ર્ય અને સાદાઈ એટલે બિહારીની દીકરી!

ઠોકીઠોકીને કહેવામાં આવેલી આ વાતોથી નીલાના મગજમાં પણ એવી તીવ્ર છાપ ઊપસી હતી કે બીજી સામાન્ય છોકરીઓ કરતાં નિરાળી છે. બીજી છોકરીઓ આછકલી, ઉચ્છૃંખલ અને અધકચરી છે. એ બધાંના અને પોતાના રાહ ન્યારા છે. કોઈ તહેવાર કે ઉત્સવમાં એ કોઈ સાથે ભળતી નહિ. એનો સમગ્ર રસ ઘર અને પિતામાં સમાપ્ત થતો હતો. પોતાની અને માની પાછળ પિતાએ જે જહેમત અને પરિશ્રમ ઉઠાવ્યાં હતાં, તેની એના નાનકડા મગજમાં એવી ઊંડી અસર થઈ હતી કે કોઈનાય કહ્યા વગર એણે પિતાજીનો ભાર હળવો કરવા માંડ્યો.

જેટલી બિહારી એની દરકાર રાખતો એટલી જ નાના હાથે એણે બિહારીની રાખવા માંડી. સવારનાં દાતણ, મંજન અને લોટો ગોઠવી બિહારીને ઉઠાડતી, નાહવા માટે ગરમ-ઠંડા પાણીની ડોલો ચકચકિત ઘસીને રાખતી. ટુવાલ અને કપડાં ગોઠવી નાહવા માટે બોલાવતી. બિહારી નાહી ઊઠે તે પહેલાં પૂજાનો સામાન, પ્રસાદ અને માળા નજર પડે એ રીતે તૈયાર રાખતી. છાપાં અને ટપાલ મુકરર જગ્યાએ રાખતી. નિશાળનાં સમય પહેલાં બધું પરવારી જતી અને બાપ-દીકરી સાથે નીકળી જતાં.

નિશાળેથી સીધી ઘરે આવી અને તરત જ કામે ચઢી જતી.

પોતાની દીકરી આજકાલની છોકરીઓ કરતાં બધી જ રીતે ચઢિયાતી છે એ વિચારે બિહારીની છાતી ગજગજ ફૂલતી. આમ છતાં એની વધતી જતી ઉંમર જોઈ એક પ્રકારની સતત મૂંઝવણ એને સતાવ્યાં કરતી. નીલાને લાયક છોકરાઓની તે ચકાસણી કરવા લાગ્યો. નીલાની સરખામણીમાં દરેક છોકરાની ગુણવત્તા અને કક્ષા ઊતરતી જ લાગતી. પોતાનામાં અને પારકામાં એટલો ભેદ હોય જ એમ વિચારી એણે નીલા માટે પ્રયાસો શરૂ કરી દીધા.

નીલાની સંમતિ પછી જ આ અંગે આગળ પગલું ભરવું સારું એમ સમજી એ એના વિચારો જાણવા કોશિશ કરતો; પણ નીલા તો આ અંગે કંઈ વિચાર કરવા જ ના પાડતી.

'મારે તો મીરાંબાઈ થવું છે.'

પોતાના તરફની લાગણીને લીધે પુત્રી ના કહે છે એમ સમજી બિહારીએ હેતથી સમજાવ્યું કે એનાં સુખસગવડ અને સલામતીમાં પોતાની શાંતિ અને આબાદી સમાઈ છે. આમ સમજાવ્યા છતાં જ્યારે નીલાએ પોતાની હઠ ચાલુ રાખી, ત્યારે બિહારીને થયું આટલી શાણી દીકરીને પણ હજી સંસારની ગંભીરતાનો ખ્યાલ નથી. કદાચ શરમની મારી પણ ના-ના કહેતી હોય; કંઈ નહિ, એકવાર નક્કી કરીશું એટલે એની મેળે વળી જશે.

આ વિચારે એણે સર્વ દિશામાં પ્રયત્નો આદરી દીધા. મામા, જયાબા - સૌને નીલા માટે સારો સાથી શોધવા કહ્યું ત્યારે કેવો મુરતિયો જોઈએ તે અંગે ઝીણવટથી સમજાવ્યું. બધી રીતે યોગ્ય મળે તો જ આપણે આગળ પગલું ભરવું. આપણી દીકરી ફરિયાદ કરતી ઘરે ન આવવી જોઈએ કે દુઃખી થવી ન જોઈએ.

નીલાને મેળવવા કંઈ કેટલાય છોકરાઓ પડાપડી કરે છે. સુંદર, દેખાવડો યુવાન, ચારિત્રશીલ વર, સરસ ઘર, ઉચ્ચ કુટુંબ - બધું જ નીલાને સામે ચાલીને મળ્યું. એમાંથી કોને પસંદ કરવો એવી મીઠી મૂંઝવણ અને કાલ્પનિક સુખની સમાધિમાંથી સખત આંચકા સાથે એ જાગી ઊઠ્યો. સૌ તરફથી એકસરખો જવાબ આવ્યો :

'છોકરી આમ સારી ખરી, પણ જમાના પ્રમાણે રહેતાં નથી આવડતું.'

'કેવાં કપડાં પહેરે-ઓઢે છે ! સિનેમા-નાટક વિષે તો જાણતી જ નથી. આજની છોકરીઓ જેવી નહિ.'

'દેખાવે સારી છે તેથી શું ? જુવાનીનો તરવરાટ ન મળે. અકાળે વૃદ્ધ થઈ ગઈ છે !'

'હોશિયાર હોશિયાર બધા કરે તેથી શું દા'ડો વળવાનો ? આપણે ઓછી તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ કરવાની છે ? આપણે કંઈ ઘરકામ કરવાવાળી નથી જોઈતી. છોકરા સાથે બે ઘડી હસી-બોલી મન બહેલાવી ન શકે તો શા કામની ? જમાના પ્રમાણે...'

આવા જવાબોએ બિહારીના સમગ્ર અસ્તિત્વને હચમચાવી નાખ્યું. ધગધગતા તાપ ઉપર મૂકેલું લોખંડ જેમ ધમણના એક-એક આંચકે વધુ ઊછળે તેમ આવા એક એક જવાબથી બિહારીના જ્ઞાનતંતુઓ તપીતપીને છૂટા પડતા હતા. પવનનો તીક્ષ્ણ સુસવાટ કાનને વીંધી આરપાર નીકળી જાય અને ધાક પાડતો જાય તેમ આ જવાબો એના હૃદયને આરપાર વીંધી પરાજયથી મૂઢ બનાવી ગયા. હોંશથી ઊભી કરેલી નવી ઈમારત પહેલા જ ચોમાસે બેસી જાય તેવું એનું મન ભાંગી ગયું; પિલાઈ ગયું.

'નીલાનું આવું નસીબ ? નીલાનું આ ભાવિ?'

'નીલાને આ જવાબની ખબર પડે તો?'

મનને વાળી એણે નીલાને હસતાં-હસતાં કહ્યું : ''નીલા! તું મીનાની જેમ બે સેર વાળ ને !''

નીલા બિહારી સામે કૃત્રિમ રોષથી જોઈ રહી. થોડી વારે હસીને લાડથી કહ્યું :

''છી...છી... બોચીમાં વાળ લટક્યાં કરે તે મને ફાવે જ નહિ... નખરાળી છોકરીઓ બે સેર વાળે. મને તો અંબોડો જ ગમે.''

આવા જવાબથી પહેલાં ખુશ થનાર બિહારી છોભીલો પડી ગયો. પોતાની વધતી જતી ઉંમરને લીધે હમણાં-હમણાં પિતાજી જુદી રીતે વિચારી રહ્યાં છે એમ નીલાને લાગતું હતું.

વળી થોડા દિવસ પછી હિંમત કરી બિહારી બજારમાંથી સરસ સાડી લઈ આવ્યો.

''નીલા ! તું આ સાડી પહેર. આજે આપણે સિનેમા જોવા જઈએ.''

''ના મને આવી ઝીણી સાડી પહેરવી ગમે જ નહિ. આછકલું લાગે! ક્યું પિક્ચર સારું છે કે જોવાનું મન થાય?''

આ જવાબ પછી એને થયું કે 'પિતાજીને હમણાં એકલવાયું લાગે છે. હું ગમે તેટલું કરું તોય...' અને આ વિચાર સાથે બિહારીને રુચે તેવું કરવા એ તૈયાર થઈ.

''તમને મન હોય તો ચાલો જોવા જઈએ.'' વળી અટકી એણે કહ્યું, ''તમને વળી ક્યારથી આવા સિનેમા જોવા જવાનું મન થયું? મને મન થયું હશે એવા ખ્યાલથી પૂછતા હો તો ભૂલ કરો છો, હોં!''

નીલાના આ જવાબથી બિહારી વિચારમાં પડી ગયો. કોઈ ભૂલ કરતાં જાણે પકડાઈ ગયો હોય એવા ભાવથી એણે કહ્યું :

''હા...હા...હું તારી પરીક્ષા કરતો હતો.''

''એમ તે કંઈ હું નાપાસ થાઉં! કોની દીકરી છું...?''

નીલાના આવા જવાબથી પહેલાં તો બિહારી કેટલો હરખાતો! પણ આજે કૃત્રિમ હાસ્ય સાથે એણે કહ્યું :

''ના...ના..પણ નીલા! તારે હવે થોડાં સારાં કપડાં, ઘરેણાં પહેરી બધાં સાથે ભળવું જોઈએ, ફરવું જોઈએ.''

''કંઈ કારણ ?'' નીલાએ લાડથી લહેકો કરી પૂછ્યું.

''કારણ..કારણ...કે...કારણ કે...આવું ના કરે તો પછી તને પરણે કોણ?''

''તે અહીં પરણવું છેય કોને?''

નીલાના આવા લાડ અને લહેકાથી ખુશ થવાને બદલે બિહારીની ચિંતાઓ અનેકગણી વધી ગઈ. નીલાના જવાબથી

બિહારીને થાક લાગ્યો. નીલાને સમજાવી એને કહેવું હતું કે...

આ ડોશીવેડા કામ ન લાગે. જમાના પ્રમાણે તારે રહેવું જોઈએ...' પણ કયા મોંએ એ કહી શકે? જેણે આટલાં-આટલાં વર્ષોથી સાદાઈના ઉપદેશો આપ્યા હતા તે એની વિચારસરણી કેવી રીતે એકદમ બદલી નાખે? એને ગળે એ કેમ ઊતરે? પોતાના કરતાં જયાબા કે મામા સારી રીતે સમજાવી શકશે એમ માની એણે વાત એમના પર છોડી, પણ એ બંનેએ હાથ ધોઈ નાખી કહ્યું :

''તમારું શીખવ્યું એવું પટપટ બોલે છે કે... ઘડીભર આપણને ટાઢાં કરી દે. ત્યાં ઠાઠ સજવાની વાત કયે મોંએ કરાય? એની વાતેય ખોટી નથી પણ... એ ઉંમરે આવા સાધુવેડા કરે તો બધાં ના જ કહે ને? આજકાલ તો છોકરાંઓને બહારના ભભકા ને ઠાઠ જોઈએ છે. અંદરના હીરની કોઈને પડી નથી. હજી ઉંમર છે, જુવાન છે ત્યાં સુધી વિચારશે તો ઠીક; નહિ તો પછી કાયમ માટે રખડી પડશે.''

પોતે શીખવેલા સાચા પાઠનું વિપરીત પરિણામ જોઈ બિહારી હતાશ થઈ ગયો. આ નિરાશાથી અકળાઈ, કદી ઊંચે સાદે દીકરીને ન કહેનાર બિહારીથી ગુસ્સામાં કહેવાઈ ગયું :

''દરેક વાતની ના-ના કરે છે પણ એવો વિચાર કર્યો કે કોણ હાથ પકડશે? મારી ચિંતાનો વિચાર કરીશ કે નહિ? તારી ચિંતામાં અને લાયમાં હું અડધો થઈ ચાલ્યો. મને જીવતો મારી નાખવો હોય તો તું જાણે...''

જિંદગીમાં પહેલી જ વાર બિહારીએ નીલા પર ગુસ્સો કર્યો અને પહેલી જ વાર નીલાએ પિતાનું આ સ્વરૂપ જોયું. ઘડીભર તો એ ચોંકી ઊઠી, પાછી પડી ગઈ. એના હોઠ સંકોચાયા, ભ્રમરો ખેંચાઈ ગઈ અને આંખમાં આવેલાં પાણી મહાપરાણે એણે રોક્યાં. એને મા યાદ આવી.

''ઓ...મા...!'' કહી ડૂસકું લેવાઈ ગયું.

પોતાની વધતી જતી ઉંમર, માની ગેરહાજરીમાં પિતાની બેવડી જવાબદારી, ક્યારેય ઊંચે સાદે ન બોલનારા પિતાનો આવો ઉગ્ર પ્રકોપ - આ બધાંની પાછળ કંઈક મહત્ત્વની ઘટના બની છે એમ એના નાનકડા મને તરત ગાંઠ બાંધી. પિતાજીની નિરાશા, વ્યગ્રતા અને હતાશાને સમજી એણે એમની પાસે જઈ કહ્યું :

''તમે શાંતિ રાખો...''

ચારેપાસથી મૂંઝાયેલા માણસને કોઈ સહારો ન દેખાતાં જેમ આંખે અંધારા આવી જાય, તમ્મર આવી જાય તેમ બિહારીને થયું.

તે દિવસે બપોરના બિહારી સૂતો હતો ત્યાં બારણેથી જ નીલાએ કહ્યું :

''મામાને ત્યાં જાઉં છું. આવતાં મોડું થશે.''

નીલાને જતી રોકવાનું એને મન થયું, પણ એના પગ લથડિયું ખાઈ ગયા અને હોઠ ભારથી બિડાઈ ગયા.

રસ્તો ઓળંગી જતી નીલાને જોઈ એનું હૈયું ગદ્‌ગદિત થઈ ગયું.

'કેટલી પ્રભાવશાળી લાગે છે! પોતાની કિંમત બોલવવા શું એણે બજારભાવ પ્રમાણે વર્તવું?'

આ વિચાર સાથે જ એનું હૈયું મુક્ત મને એકાંતમાં રડી પડ્યું.

'અરે રે! નીલુને કેવી દુઃખી કરી...! મેં ક્રોધને વશ થઈ એને શું કહી નાંખ્યું? મેં... મારી દીકરીના હૈયાને દઝાડ્યું ! મા વિનાની દીકરીને..એની લાગણીના ચૂરેચૂરા કરી નાખ્યા.'

મોસાળથી એને પાછી મનાવી લાવવાનો અને માફી માગવાનો એને વિચાર આવ્યો.

'ના, ના, મારા આવા વર્તનથી એનું મન કેટલું ભરાઈ ગયું હશે! કંઈ નહિ તો ત્યાં હળવું તો થશે. ગમે તેટલું તોયે એનું સરખેસરખું અહીં કોણ? ત્યાં મીના પાસે...'

આ વિચાર સાથે એ પાછો પડ્યો.

'પણ હું ત્યાં જઈ કંઈ નહિ કહું. એક શબ્દ પણ નહિ બોલું. બસ એને જોઈ પાછો ફરીશ.' ત્યાં ટીખળી મને ટકોર કરી.

'એમ કાંઈ એ બાઘી છે? આવી ધારદાર છોકરીને સમજી જતાં કંઈ વાર લાગશે? જ્યારે એ જાણશે કે તમે ચારેપાસથી ઘેરાઈ ગયા છો ત્યારે તમારો માર્ગ મોકળો કરવા એ જરૂર જરૂર...ખસી...જશે.'

મનનાં આવાં મહેણાંટોણાંથી વધારે દાઝી ઊઠ્યો. ગુણિયલની ગેરહાજરી એને વર્તાવા લાગી. પોતાના એકલા પર બોજો નાખી એ જતી રહી એટલે એના પર પણ ચીઢ ચઢવા લાગી.

થોડી વાર શાંતિથી ઊભો રહ્યો. મનનું વાવાઝોડું પણ થાક્યું હતું. એણે સ્વસ્થ પ્રયત્નો કરવા માંડ્યા. ખોટા વિચારોને માથું ઝાટકી દૂર કર્યા.

'ગુણિયલની દીકરી... છેલ્લે પાટલે બેસે જ નહિ.'

સ્વસ્થ મનની આ શ્રદ્ધા સાથે એનામાં 'હાશ' કરવાની હિંમત આવી.

પગની ઠેસથી એણે હીંચકાને લાત મારી. પવનની લહર આવી ને મનમાં મૂંઝારો સહેજ હળવો થયો. એણે બહાર નજર કરી તો ચારે બાજુ ખાસ્સું અંધારું જામી ગયું હતું. કંઈ કેટલોય સમય પસાર થઈ ગયો તેની ખબરે ન પડી. અંધારું...એકાંત અને એકલી નીલા...દાબેલી આશંકાઓ ફરી વીજળિક ગતિથી જાગ્રત થઈ.

'આટલું મોડું કદી થયું નથી. ગમે તેટલું તોય એ બાળકબુદ્ધિ...દુઃખી માણસ શું ન કરે?'

ગભરાયેલો - ગભરાયેલો એ ઊભો થયો.

ત્યાં બહારનો ઝાંપો ખખડ્યો અંધારામાં પણ નીલાની આકૃતિ તરત જ વર્તાઈ પણ એનો પહેરવેશ...ઠાઠ...

બે લટો, રેશમી આડી સાડી...મોં પર પાઉડર, આંખની બહાર ખેંચેલી મેશ...હીલવાળાં ચંપલ.

બિહારી ઘેલાની જેમ નીલા સામે તાકી રહ્યો. નીલાએ શાંતિથી કહ્યું :

''મીના પાસેથી બધું શીખી લીધું. મામા કહે છે મીના કરતાં પણ હું સુંદર લાગું છું. નાની રમાડવા જેવી ઢીંગલી... બોલો, હવે છે ચિંતા...?'

ઢીંગલી...સુંદર ઢીંગલી...

નીલાના એકએક શબ્દે બિહારીના હૃદયનો કૂચો કરી નાખ્યો. ઢીંગલી જેવી શણગારેલી દીકરી સામે જોઈ, કોઈ સતી સાધ્વીને પરાણે શણગારી હોય તેવો ભાસ થયો. એના પર અત્યાચાર કરી કોઈએ ઠાઠ સજવ્યો હોય એવું એને લાગ્યું.

નીલા..એ નીલા જ નહિ. બદલાઈ ગયેલી નીલા... નીલા નહિ પણ ઢીંગલી...ખોટીખોટી...રમકડાંની ઢીંગલી...બજારમાં મૂકવા જેવી...શૉ-કેસની ઢીંગલી...ભરખી ખાતું રમકડું !

બિહારીનું મોં લેવાઈ ગયું. ફિક્કા મોં પરની આંખો કશુંક શોધતી હતી.

નીલા સામે આવીને ઊભી રહી. સહેજ હસી ત્યારે બિહારીના હૈયા પર ચિરાડો પડ્યો. નીલાનો હાથ પકડી એણે આંખ પર દાબી દીધો.

''મારા બોલ્યા સામું ન જોઈશ, બેટા!...મારા ક્રોધ સામું ન જોઈશ, દીકરા...!''

નીલાએ મમતાથી બિહારીને માથે હાથ મૂક્યો, ત્યારે એની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી.

''ના...ના, નીલા! તને ગમે તે રીતે તું...રહે...બેટા...!''

''નીલા ! ...તું હતી...તેવી...''

બંને દુભાયેલાં હૈયાંએ એકબીજામાં વિસામો શોધવા પ્રયત્ન કર્યો. નીલાની આંખો સામે બિહારી જોઈ રહ્યો ત્યારે એક પછી એક શાણી નીલાની છબીઓ પડ વીંધતી બહાર આવી - ગુણિયલની નાની તસવીર જેવી.

### શબ્દાર્થ

**સમવયસ્ક** સરખી ઉંમરનું, સમોવડિયું **ઊઠ-વેઠ** વેઠરૂપ શ્રમ (અહીં) સેવા-સંભાળ **અંતરસ** પાણી કે ખોરાકનું શ્વાસનળીમાં પેસી જવું તે **ઉચ્છૃંખલ** ઉછાંછળું, ઉદ્ધત **મીરાંબાઈ થવું છે** (મીરાંબાઈ જેવો) વૈરાગ્ય લેવો છે

### રૂઢિપ્રયોગ

**હાથ પકડવો** (અહીં) લગ્ન કરવું **હૃદયનો કૂચો કરી નાખવો** લાગણીઓ કચડી નાખવી **છેલ્લે પાટલે બેસવું** આત્યંતિક નિર્ણય લેવો

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) રંગરંગીન પોશાકમાં હસતી-કૂદતી કન્યાઓને જોઈને બિહારીને શો વિચાર આવ્યો ?

(2) મરણ પથારીએ પડેલી ગુણિયલની સેવા કરતા બિહારીને જોઈને ગુણિયલ શું વિચારે છે ?

(3) નીલાએ મામાને ઘેર જઈને મીના પાસેથી કેવા સાજશણગાર શીખી લીધા ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગુણિયલના અવસાન પછી બિહારી પર કેવી કેવી જવાબદારી આવી પડી ?

(2) નીલા પર સારા સંસ્કાર પડે એ માટે બિહારીએ શું શું કર્યું ?

(3) બિહારીને નીલાને જોવા આવવાવાળાના કેવા કેવા પ્રતિભાવો મળતા ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) બિહારીના મનને ક્યા વિચારો કોરી ખાતા હતા? શા માટે ?

(2) બિહારી પ્રત્યે ઑફિસના સાથીઓ કેવા પ્રકારની લાગણી દર્શાવતા હતા ?

(3) બિહારીની મનોવ્યથા તમારા શબ્દોમાં વર્ણવો.

(4) 'જમાના પ્રમાણે' શીર્ષકની સાર્થકતા દર્શાવો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- 'તમને ગમીને', 'સેલ્વી પંકજમ્' ઈવાડેવની આ બંને વાર્તાઓ મેળવીને વાંચો.
- વર્ગખંડમાં આ વાર્તાને કેન્દ્રમાં રાખીને ચર્ચાનું આયોજન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

આ નવલિકામાં બિહારીનું મનોમંથન લેખિકાએ વર્ણનાત્મક શૈલીમાં કર્યું છે, ભાષા સરસ છે. અધૂરાં મુકાયેલાં વિધાનો બિહારીની મનોવ્યથા અને મંથનને આબેહૂબ રજૂ કરે છે.

બિહારીનો ક્રોધ વરતી ગયેલી નીલા તેના પિતાને ખુશ કરવા ટાપટીપ કરીને આવે છે ત્યારે બિહારીની વ્યથા અધૂરાં મુકાયેલાં વિધાનોમાં સરસ રીતે ઊપસી આવી છે.

'નીલા...એ નીલા જ નહિ. બદલાઈ ગયેલી નીલા... નીલા નહિ પણ ઢીંગલી...ખોટી ખોટી...રમકડાંની ઢીંગલી...બજારમાં મૂકવા જેવી...શૉ-કેસની ઢીંગલી...ભરખી ખાતું રમકડું !

તે આ સંવાદને નિરાંતે વાંચો-સમજો. તમે જોશો કે ધીમે ધીમે વિશેષણોની પસંદગી ચઢતા ક્રમમાં થઈ છે અને છેલ્લે ભરખી ખાતું રમકડું !

## શિક્ષક પ્રવૃત્તિ

- ભારતીય સંસ્કૃતિ વિશે વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ સોંપો.
- પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કેટલું ખતરનાક છે તે સમજાવો.
- બાપ-દીકરીના સ્નેહને વ્યક્ત કરતા પુસ્તક 'દીકરી વહાલનો દરિયો', 'દીકરી તુલસીનો ક્યારો' મેળવી વિદ્યાર્થીને વાંચવા આપો.

•

# 23 સહી નથી

**'જલન' માતરી**
**(જન્મ : 1-9-1934)**

ગઝલકાર જલાલુદ્દીન સઆહુદ્દીન અલવી ખેડા જિલ્લાના માતર ગામના વતની છે. ગુજરાત વાહનવ્યવહાર નિગમમાંથી સેવામુક્ત થઈને હાલ તેઓ અમદાવાદમાં રહે છે. 'જલન' એમનો ગઝલસંગ્રહ છે. 'ઊર્મિની ઓળખ' એ 'કુમાર' માસિકમાં પ્રકાશિત શાયરોના પરિચયોનું સંપાદન છે.

ગઝલસર્જન અને મુશાયરા-પ્રવૃત્તિ એમ બંને રીતે ગુજરાતી ગઝલક્ષેત્રે એમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. પરંપરિત ગુજરાતી ગઝલસ્વરૂપ સાથે નિસ્બત ધરાવતા 'જલન' એમની ગઝલોમાં ભાષાની સાદગી તેમજ સહજ અભિવ્યક્તિ દ્વારા ભાવનો સાક્ષાત્કાર કરાવે છે. ગઝલો ઉપરાંત એમનાં મુક્તકો લાઘવ અને ચોટને કારણે વિશેષ નીવડ્યાં છે.

ગઝલ એ અરબી-ફારસી ભાષાનું સાહિત્ય સ્વરૂપ છે. ગઝલનો પ્રત્યેક શેર સ્વતંત્ર અર્થ ધરાવે છે. છતાં, એ બધા શેર કોઈ એક ભાવથી જોડાયેલા હોય છે.

આ ગઝલનો દરેક શેર સ્વતંત્ર છે. ગઝલકાર માનવીથી તેમ જિંદગીથી પણ ખાસ સંતુષ્ટ નથી. શ્રદ્ધા અને બંદગીમાં સ્થિરતા અને એકાગ્રતાના એ આગ્રહી છે. પહેલા શેરમાં ધર્મને નામે રમખાણો ને આગ ચાંપતા માણસ કરતાં શયતાનને પ્રમાણમાં સારો ગણ્યો છે. બીજા શેરમાં પણ માણસજાતની દાનત સામે કવિને શંકા છે. પોતાના ભાગ્ય વિશે અસંતુષ્ઠ કવિ, એ ભાગ્ય માણસે નથી લખ્યું એનો સંતોષ લે છે! સ્વર્ગ ના હોવા વિશે પણ કવિને શંકા છે; પરિણામે મરવાની ઉતાવળ તેમને નથી. પર્વત અને નદીનો સંબંધ પિતા-પુત્રીનો અને નદી-સમુદ્રનો પતિ-પત્નીનો કવિઓએ કલ્પ્યો છે. ચોથા શેરમાં એનો લાભ કવિએ લીધો છે. શ્રદ્ધાને જ સત્યરૂપે જોવા તેઓ કહે છે, શ્રદ્ધાને જ તે સર્વસ્વ માને છે. શયતાનથી પણ ક્રૂરતાપૂર્વક માણસ વર્તી શકે એ વાત છઠ્ઠા શેરમાં કરી છે. જીવનમાં દુઃખ, દર્દ, પીડા, વેદનાનો એટલો તો પ્રભાવ છે કે જરાક જેટલું સ્મિત અતિ ગૌણ બની રહે છે. બંદગીમાં મનની સ્થિરતાનો આગ્રહ છે. અંતિમ શેરમાં મૃત્યુના આઘાતને ગૌણ ગણતા કવિ જીવનના આઘાતથી જ વ્યથિત છે!

---

મજહબની એટલે તો ઈમારત બળી નથી,
શયતાન એ સ્વભાવે કોઈ આદમી નથી.

તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી,
સારું થયું કે કોઈ મનુજે લખી નથી.

ત્યાં સ્વર્ગ ના મળે તો મુસીબતનાં પોટલાં,
મરવાની એટલે મેં ઉતાવળ કરી નથી.

કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,
નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર ?
કુરઆનમાં તો ક્યાંય પયગમ્બરની સહી નથી.

હિચકારું કૃત્ય જોઈને ઇન્સાનો બોલ્યા,
લાગે છે આ રમત કોઈ શયતાનની નથી.

ડુબાડી દઈ શકું છું ગળાબૂડ સ્મિતને,
મારી કને તો અશ્રુઓની કંઈ કમી નથી.

ઊઠબેસમાં જો ભૂલ પડે મનના કારણે,
એ બંદગીનો દ્રોહ છે, એ બંદગી નથી.

મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન',
જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી.

**- 'જલન'માંથી**

## શબ્દાર્થ

**મજહબ** ધર્મ **શયતાન** બદમાશ **તકદીર** નસીબ, કિસ્મત **મનુજે** માણસે, મનુષ્યે **પુરાવો** સાબિતી **કુરાન** મુસલમાનોનો મુખ્ય ધર્મગ્રંથ **પયંબર** પેગંબર, માણસ માટે ખુદાનો સંદેશવાહક **સહી (ખત, કાગળમાં)** નીચે પોતાનું નામ લખવું તે, મતું **હિચકારું** હીન કોટિનું **ગળાબૂડ** ગળાસુધી ડૂબેલું **કને** પાસે **બંદગી** પ્રાર્થના **દ્રોહ** દગો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભાગ્ય વિશે કવિ શું માને છે ?

(2) કવિ મરવાની ઉતાવળ શા માટે કરતા નથી ?

(3) શ્રદ્ધા વિશે કવિનો શો ખ્યાલ છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) હજુ સુધી ઘેર કોણ પાછું ફર્યું નથી? શા માટે ?

(2) મૃત્યુની ઠેસ વિશે ગઝલકાર શું વિચારે છે?

**3. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખો :**

'સહી નથી' ગઝલનો કેન્દ્રવર્તી ભાવ સ્પષ્ટ કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમારી પસંદગીના બે શેર પસંદ કરી, કંઠસ્થ કરો.
- જાણીતા ગઝલકારોની પ્રાપ્ત માધ્યમો દ્વારા ત્રણ ગઝલો મેળવીને લખો.

## ભાષા-અભિવ્યક્તિ

ગઝલનું સ્વરૂપ મિજાજથી સભર હોય છે. ઈશ્કે હકીકી'ની આ ગઝલમાં અનેકાનેક શબ્દવૈભવથી અર્થવૈભવ સુધી પહોંચી શકાય છે.

'કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,
નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.'

'વિદાય' શબ્દને પર્વત-નદીના સંદર્ભમાં પ્રયોજીને યોગ્ય ભાવ પ્રસ્થાપિત કરાયો છે. વળી, 'શુકન' કેવા? સારાં કે માઠા? હજુ નદી પાછી વળી નથી. અહીં પર્વતની પીડાનો બોધ થાય છે.

'મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન'
જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી.'

'મૃત્યુની ઠેસ' અને 'જીવનની ઠેસ' બંને સ્થિતિ દુઃખદ છે. વળી, 'ઠેસ' તળપદો શબ્દ કેવી સુંદર રીતે ગઝલમાં સ્થાન પામી જાય છે. આવી ચમત્કૃતિ ગઝલના સ્વરૂપમાં જ આવી શકે.

## શિક્ષક પ્રવૃત્તિ

- શ્રેષ્ઠ ગુજરાતી ગઝલો, સીડી દ્વારા વિદ્યાર્થીઓને સંભળાવો.
- એકાદ ગઝલકારની મુલાકાત ગોઠવો.

•

# 24 રેફરન્સ બુક

**ઈજ્જતકુમાર ત્રિવેદી**
**(જન્મ : 05-4-1935; અવસાન : 26-6-2012)**

હાસ્યલેખક, લઘુકથાકાર ઈજ્જતકુમાર રેવાશંકર ત્રિવેદીનો જન્મ લીલીયા (મોટા)માં થયો હતો. 1955 માં મહુવાથી મેટ્રિક, 1967માં ઈતિહાસ વિષય સાથે એમ.એ. થયા બાદ 1970 થી શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગરમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી.

'મોનાલીસા' અને 'હળવે હાથે' એ બે હાસ્યલેખોના સંગ્રહો છે. 'કાસમ માસ્તરનું વસિયતનામું' ગુજરાતી સાહિત્યનો પહેલો લઘુકથાસંગ્રહ છે. 'કાંટા : ગુલાબ અને બાવળનાં', 'સુદામાનાં તાંદુલ', 'વામનનાં પગલાં', 'રાયના દાણા', 'ઘરદીવડા' અને 'સાતમો કોઠો' જેવા લઘુકથાઓના સંગ્રહો પ્રકાશિત થયા છે. એમની પાસેથી બસો ઉપરાંત લઘુકથાઓ પ્રાપ્ત થાય છે. ઘણી હિંદી-અંગ્રેજીમાં ભાષાંતર પામી છે. એમનું જીવનતપ લઘુકથાને અર્પણ રહ્યું છે. લઘુકથા-સાહિત્યસ્વરૂપના ઈતિહાસમાં તેમનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે.

આ લઘુકથામાં માતૃપ્રેમની તીવ્ર ઝંખના અનુભવાય છે. દારુણ ગરીબીમાં પણ પોતાના પુત્રને ભણાવવાના અભરખા રાખનાર માતાના સ્નેહની અનુભૂતિ થાય છે. ભણી-ગણીને ડૉક્ટર થયેલો કથાનાયક જીવનમાં બાના જેવો નિર્વ્યાજ પ્રેમ કદાપિ પામી શક્યો નથી. જીવનમાં જ્યારે જ્યારે માતાની જગ્યાનો ખાલીપો અનુભવાય છે ત્યારે ત્યારે માતાની સ્મૃતિ રૂપે સાચવેલી વસ્તુઓનો પિટારો ખોલી બેસી જાય છે. ચિડાયેલી પત્નીના પ્રશ્નનો ઉત્તર આપતાં તે કહે છે. આ પોટલીમાં મારા જીવનની રેફરન્સ બુક છે. રેફરન્સ બુક માત્ર અભ્યાસ માટે જ નથી હોતી, જીવન-અભ્યાસ માટે પણ હોય છે. પરંતુ પત્નીને એ વાત સમજાવી શકે તેમ નથી. માતાનાં સ્મૃતિચિહ્નોમાંથી કથાનાયક સતત જીવનબળ મેળવે છે. જાણે એ પોટલી કથાનાયકની નોળવેલ ન હોય !

---

આજે પણ મને બાપુજી કરતાં બા બહુ યાદ આવે છે. બાપુજી તો હું સાવ નાનો હતો ત્યારે ગુજરી ગયેલા. હું પંદર વર્ષનો થયો ત્યાં સુધી તો બા હતાં. કુટુંબમાં હું અને એક બહેન એમ અમે બે જ ભાંડરડાં હતાં. બાની ઈચ્છા એવી હતી કે હું ખૂબ ભણીને મોટો માણસ થાઉં. બાપુજીના અવસાન પછી બા બિચારી પારકાં દળણાં દળીને, કોઈનાં કપડાં ધોઈને કે પારકાં વાસણ ઊટકીને પણ અમને ભાઈ-બહેનને ભણાવતી.

સાંજના હું નિશાળેથી આવું એટલે સૌપ્રથમ બા મને એક પળી તાજું દૂધ પીવરાવી દેતી. નિશાળમાં હું આજે શું શું શીખ્યો તે પૂછતી અને પછી પારકાં કામ કરવા ઊપડી જતી. રાત પડે ત્યારે શેઠિયાઓના ઘરેથી વધેલું-ઘટેલું ઢાંકી ઘરે આવતી. તેમાંથી પહેલાં મને ખવરાવતી, પછી બહેનને અને છેલ્લે એ વધેલા-ઘટેલામાંથી પણ વધેલું-ઘટેલું પોતે ખાતી.

રાત્રે હું ફોટા વગરના મોઢિયા ફાનસના અજવાળામાં વાંચવા બેસું ત્યારે બા મારી પાસે બેસીને બજર ઘસતી બેસતી. બા તો બિચારી અભણ હતી તેથી તેને કંઈ ખબર પડતી નહીં પણ મને ભણાવવાની ઉત્કંઠા એટલી તીવ્ર હતી કે ઘણી વખત પોતાની આંગળી ચીંધીને મારા ટેબલ પર પડેલું કોઈ પુસ્તક બતાવતાં કહેતી, 'ભાઈ! આ લાલ પૂંઠાવાળી ચોપડી તેં હમણાં હાથમાં લીધી જ નથી, ભૂલી તો ગયો નથી ને?'.... બાના પ્રશ્નનો જવાબ હું હસીને આપતો કે, 'બા! એ તો રેફરન્સ બુક છે એટલે જરૂર પડે ત્યારે જ જોવાય...'

'ઠીક ભાઈ.'

'તને ખબર હોય પછી કોઈ ચિંતા નથી,' એમ કહીને બા મારા માટે ચા બનાવવા રસોડામાં જતી રહેતી. હું મેટ્રિકની પરીક્ષા દેવા ગયો તે દિવસે બાએ બે પૈસા ઉછીના ઉધાર કરીને પણ લાપસી રાંધી હતી.

હું મેટ્રિકમાં પાસ થયો એ પછીના મહિનામાં જ બાનું અવસાન થયું! બા વગરના જીવવાના વિચારમાત્રથી હું થરથરી ઊઠ્યો હતો. બાની કોઈ તસવીર  તો હતી નહીં તેથી બાની સ્મૃતિ જાળવી રાખવા બાની તપકીરની ડબલી, એક ડાંડલી તૂટી ગયેલાં ચશ્માં, જે સાડલાના છેડાથી બાએ મારી આંખનાં આંસુ મરતી વખતે લૂછ્યાં હતાં તે સાડલો અને જે ડબ્બામાં બા મારા માટે 'ભાગ' રાખી મૂકતી તે ડબ્બો આ બધી વસ્તુ એક પોટલીમાં બાંધીને એક બૅગમાં તાળું મારીને સાચવી રાખી હતી.

પછી તો બાના આશીર્વાદથી હું ખૂબ ભણીને ડૉક્ટર થયો. એક મોટી હૉસ્પિટલમાં હું ચીફ મેડિકલ ઑફિસર પણ થયો, પણ બાના જેવો નિર્વ્યાજ પ્રેમ હું કદાપિ પામી શક્યો નહીં. મારી પત્ની પણ એક ડૉક્ટર છે. જેણે અમારાં બધાં છોકરાંઓને અંગ્રેજી માધ્યમમાં જ મોટાં કર્યાં છે. માની જેવો નિર્વ્યાજ પ્રેમ માણવાનો કે જોવાનો પણ મને કદી અવસર મળ્યો નથી. તેથી દોમ દોમ સાહ્યબીમાં પણ હું કદી કદી બેચેન બની જાઉં છું ત્યારે છાનોમાનો પેલી બૅગ ખોલીને બાની સ્મૃતિની પેલી પોટલી ખોલીને બેસું છું. મારી પત્ની ચિડાઈને પૂછે 'બૅગમાં એવું શું લખ્યું છે કે આમ ગાંડાની જેમ વારેઘડીએ બેસી રહો છો?'

'આ પોટલીમાં મારા જીવનની  એક રેફરન્સ બુક છે. જરૂર પડે ત્યારે તે જોઉં છું' એમ કહીને હું પોટલી ખોલવા બેસી જાઉં છું.

મારી મુશ્કેલી એ હતી કે હું તેને સમજાવી શકું તેમ ન હતો અને તેની મુશ્કેલી એ હતી કે તે સમજી શકે તેમ ન હતી. તેથી અમે બંને એકબીજાને અબુધ જેમ જોઈ રહેતાં....

### શબ્દાર્થ

**ભાંડરડાં** ભાઈ-બહેન વગેરે સ્વજન **પળી** પ્રવાહી ભરવાનું એક માપ **ફોટો** ફાનસનો ગોળો **બજર ઘસવી** દાંતે છીંકણી ઘસવી **ઉત્કંઠા** તીવ્ર ઇચ્છા **રેફરન્સ બુક** સંદર્ભગ્રંથ **મેટ્રિક** મહાવિદ્યાલયમાં દાખલ થવા જેટલું ભણતર, માધ્યમિક શાળાનું અંતિમ વર્ષ **થરથરી ઊઠવું** કંપવું, ધ્રૂજવું **નિર્વ્યાજ** કપટરહિત, સાલસ, સરળ **અબુધ જેમ** અણસમજુ-મૂર્ખની જેમ

### રૂઢિપ્રયોગ

**દોમ દોમ સાહ્યબી હોવી** અતિશય સાધન-સંપન્ન હોવું, ખૂબ શ્રીમંત હોવું, આર્થિક સ્થિતિ ખૂબ જ સધ્ધર હોવી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) બાએ દીકરા-દીકરીને કેવી રીતે ભણાવ્યાં હતાં?

(2) બાએ લાપસી શા માટે રાંધી હતી?

(3) લેખક અને તેમનાં પત્ની એકબીજાને અબુધ શાથી લાગતાં?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) લેખકે બાની સ્મૃતિ શી રીતે જાળવી રાખી હતી?

(2) લેખક પોતાની રેફરન્સ બુક કોને કહે છે? શા માટે?

**3. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખો :**

'રેફરન્સ બુક' લઘુકથામાંથી પ્રગટતું બાનું રેખાચિત્ર આલેખો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમે તમારી બા કે દાદી વિશેનું એકાદ સ્મરણ 10-15 લીટીમાં તમારી નોટબુકમાં લખો.
- ''આ પોટલીમાં મારા જીવનની રેફરન્સ બુક છે.'' આ વિધાનની વર્ગમાં ચર્ચા કરો.
  ત્રણેક લઘુકથાઓ મેળવીને વાંચો.

### ભાષા-અભિવ્યક્તિ

લઘુકથામાં લાઘવ (ટૂંકાણ) જરૂરી છે. પ્રથમ ફકરામાં ઘરની સામાન્ય સ્થિતિનો ખ્યાલ આપી મા-દીકરાના સંવાદરૂપે લઘુકથા આગળ વધે છે. એમાં અધૂરા રાખેલા સંવાદો શું સૂચવે છે તે જુઓ.

''ભાઈ ! આ લાલ પૂંઠાવાળી ચોપડી તેં હમણાં હાથમાં લીધી જ નથી, ભૂલી તો ગયો નથી ને ?'' બાના પ્રશ્નનો જવાબ હું હસીને આપતો કે, 'બા! એ તો રેફરન્સ બુક છે એટલે જરૂર પડે ત્યારે જ જોવાય...'

તમને ખ્યાલ આવશે કે અહીં સંવાદને ટુંકાવવા અધૂરા નથી મૂક્યા પણ આ ઉપરાંત પણ ઘણું ઘણું કહેવાનું બંનેને બાને પોતાના દીકરાનો ખ્યાલ અને દીકરાને મા પ્રત્યેના સદ્દભાવને આ સંવાદ સરસ રીતે અભિવ્યક્ત કરે છે.

તમે નોંધો કે તપકીરની ડબલી, એક ડાંડલી તૂટી ગયેલાં ચશ્માં, સાડલો, ભાગનો ડબ્બો-આ બધી વસ્તુ માત્ર વસ્તુ ન રહેતાં લેખક માટે પોતાની મા સાથેનાં સંભારણાંરૂપ બની ગઈ છે.

### શિક્ષક પ્રવૃત્તિ

- માતાનો કોઈ જ વિકલ્પ નથી. આ વાક્ય દરેક વિદ્યાર્થી પોતાની માતા સાથેના એક અનુભવ ટાંકીને લખે; તેની હસ્તપ્રતનો અંક બનાવડાવી અવકાશે વર્ગમાં તે પ્રસંગોનું વાચન કરાવો.
- માણસ વૈભવથી સમૃદ્ધ નથી બનતો પણ પ્રેમથી સમૃદ્ધ માણસ વૈભવશાળી બને છે તેવું સમજાવો.
- જીવનમાં સ્મરણોનું મહત્ત્વ; પુનઃસ્મરણ આશીર્વાદરૂપ હોય છે.

•

# 25 દુહા, મુક્તક, હાઈકુ

## 1. મા

**દુલા ભાયા 'કાગ'**
**(જન્મ : 25-11-1902; અવસાન : 22-2-1977)**

કવિ દુલા ભાયા 'કાગ'નો જન્મ ભાવનગર જિલ્લાના મજાદર ગામમાં થયો હતો. તેમણે પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. રામાયણ-મહાભારત ઉપરાંત ચારણી સાહિત્યનો તેમનો અભ્યાસ નોંધપાત્ર હતો. ખેતી તેમજ ગોપાલનનો વ્યવસાય કરતા કવિ કાગ કંઠ, કહેણી અને કવિતાનો સુમેળ સાધીને લોકગીતો, ભજનો તેમજ આખ્યાનોના જાહેર કાર્યક્રમો પણ આપતા.

જ્ઞાન, ભક્તિ અને નીતિ-આચરણ જેવા વિષયોને ચારણી છંદ, ભજન અને દુહા જેવા કાવ્યપ્રકારોમાં ઢાળનાર આ કવિએ 'કાગવાણી' ભાગ 1 થી 7 માં લોકપરંપરાના પ્રાચીન કલેવરમાં અર્વાચીન સંવેદનાઓ ગૂંથવાનો પ્રયત્ન કર્યો છે.

'વિનોબાબાવની', 'તો ઘર જાશે', 'જાશે ધરમ', 'શક્તિચાલીસા' ઉપરાંત 'ગુરુમહિમા', 'ચન્દ્રબાવની', 'સોરઠ બાવની' વગેરે કૃતિઓ એમણે રચી છે. ભારત સરકાર દ્વારા એમને પદ્મશ્રીનો ઍવૉર્ડ મળ્યો છે.

દુહો ચારણી સાહિત્યનો કાવ્યપ્રકાર છે. એ માત્રામેળ છંદ પણ છે. દુહામાં માર્મિક વાણીથી થોડામાં ઘણું સૂચવાય છે. અહીં આપેલા બંને દુહામાં 'મા'નો મહિમા છે. પહેલા દુહાનો વિષય છે : મોટા થયા પછી 'મા'નો ખોળો છોડી દેતા કવિ, ફરી 'મા'નો ખોળો ખૂંદવાની બાળક બનવાની ઝંખના કરે છે.

બીજા દુહાનો વિષય છે : 'મા' શબ્દ કાને પડતાં જ બાળપણમાં માએ કરાવેલાં લાડ અને વહાલ કવિને સાંભરી આવે છે. કવિને મોટા થયા પછી મા-નો વિરહ સાલે છે. માનો ને મોટાઈ તુચ્છ લાગે છે. મા વિના જીવન નિરર્થક હોવાની વાત મા-નો મહિમા કરે છે.

**દુહા**

મોટા કરીને મા તેં ખોળેથી ખહતા કર્યા,
ખોળો ખૂંદવા ફરીથી કરને બાળક કાગડા.

મોઢે બોલું મા, મને હાચે ય નાનપણ હાંભરે
મોટપ કેરી મજા મને કડવી લાગે કાગડા.

**શબ્દાર્થ**

**ખહતા** ખસતા, દૂર થાતા **કાગડા** કવિ કાગ **હાચે** સાચે, હકીકતમાં **હાંભરે** સાંભરે, યાદ આવે **મોટપ** મોટાપણું, પ્રતિષ્ઠા, આબરૂ **કડવી** (અહીં) ન ગમે તેવી, અપ્રિય

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) મોટા થયા પછી કવિને કઈ વાતનું દુઃખ છે?
(2) કવિને પાછા બાળક થવાની ઇચ્છા શા માટે થાય છે?
(3) 'મા' બોલતાંની સાથે કવિને શું સાંભરે છે?
(4) મોટપની મજા કવિને કેવી લાગે છે?
(5) કવિ 'કાગડા' કોને કહે છે?

**2. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખો :**

કવિની દૃષ્ટિએ બાળપણ

# 2. દશા અને દિશા

**વેણીભાઈ પુરોહિત**

**(જન્મ : 01-2-1916; અવસાન : 03-1-1980)**

કવિ, વાર્તાકાર વેણીભાઈ જમનાદાસ પુરોહિત 'સંત ખુરશીદાસ'નો જન્મ સૌરાષ્ટ્રના જામખંભાળિયામાં થયો હતો. મુંબઈમાં સ્થાયી થયેલા વેણીભાઈએ પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં અને માધ્યમિક શિક્ષણ જામખંભાળિયામાં લીધું હતું. તેઓ પત્રકાર હતા. ઈ. સ. 1942 ની લડતમાં દસ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો.

એમણે ગીત, ભજન, ગઝલ, સૉનેટ, મુક્તક તેમજ લાંબી વર્ણનાત્મક રચનાઓ જેવા કાવ્યપ્રકારો અજમાવ્યા છે. છાંદસ અને અછાંદસ રચનાઓ એમણે લખી છે. કવિ તરીકેની એમની પ્રતિભા વિશેષ કરીને ગીતો તેમજ ભજનોમાં વધુ ખીલેલી જોવા મળે છે. 'સિંજારવ', 'ગુલઝાર શાયરી', 'દીપ્તિ' તેમજ 'આચમન' એમના કાવ્યસંગ્રહો છે. આ સંગ્રહોમાં લાંબી વર્ણનાત્મક રચનાઓ પણ છે. ભાવની સરળ-સહજ અભિવ્યક્તિ સાથે નાદ અને લયયુક્ત ભાષારચના એમની કવિતાની વિશેષતાઓ છે. 'કાવ્યપ્રયાગ'માં એમણે વિવિધ કવિઓની કાવ્યરચનાઓના આસ્વાદ કરાવેલા છે. 'અત્તરના દીવા', 'વાંસનું વન' તેમજ 'સેતુ' એમના વાર્તાસંગ્રહો છે.

'મુક્તક' શબ્દ 'મૌક્તિક' પરથી ઊતરી આવ્યો છે. 'મુક્તક' એટલે મોતી. મોતી જેવો ચળકાટ અને મોતી જેવું મૂલ્ય આ કાવ્યસ્વરૂપમાં હોય છે. અહીં આપેલા 'દશા અને દિશા' મુક્તકમાં કવિ 'દશા'ને જ સર્વસ્વ માની હારી-થાકી બેઠેલા માનવીને સાચી દિશા ચીંધે છે. જેમનામાં ખુમારી નથી, તેઓ જ દશાના ગુલામ છે! જિંદગીની સાચી દિશા તેમણે જાણી જ નથી; આથી જ તેઓ દશાને પૂજે છે, દશાથી ડરે છે. દશાને કવિ સડક સાથે સરખાવે છે. સડક તો સ્થિર છે, જડ છે. એ ક્યાંય જતી નથી. જવું તો આપણે પડે! એ જ સડકનો ઉપયોગ કરી આગળ વધનારને સફળતા પ્રાપ્ત થાય છે. 'દશા' અર્થાત્ ભાગ્યને આધારે બેસી રહેતા લોકોને 'દિશા' અર્થાત્ પુરુષાર્થનો મહિમા સમજાવતું આ મુક્તક શ્રમનો મહિમા કરે છે.

---

**મુક્તક**

દશા પર દાઝનારા ને દશા પર દૂઝનારાઓ,
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ.

દિશા જાણ્યા વિનાના છે દશાથી ધ્રૂજનારાઓ !
કહી દો એમને કે, હે દશાના પૂજનારાઓ !

દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી.

**-'દીપ્તિ' સંગ્રહમાંથી**

**શબ્દાર્થ**

**દશા** સ્થિતિ, હાલત, મનુષ્યના નસીબ ઉપર સારી-માઠી અસર કરનારી ગ્રહાદિકાની સ્થિતિ **દાઝનારા** ચીડ, ગુસ્સો, દ્વેષ કે વેર રાખનારા **દૂઝનારા** (અહીં) આંસુ ટપકાવનારા **ખુમારી** (અહીં) ગર્વ

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કેવા લોકો ખુમારીપૂર્વકનું જીવન જીવી નથી શકતા ?

(2) દશાથી ગભરાઈ જનારા કોનાથી અજાણ્યા છે ?

(3) કવિએ દશાને કોના જેવી કહી છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :**

(1) દશા અને દિશા વિશે કવિનું શું કહેવું છે ?

(2) સડક કોને રોકી નથી શકતી ? શા માટે ?

# 3. હાઈકુ

**સ્નેહરશ્મિ**
**(જન્મ : 16-4-1903 અવસાન : 06-1-1991)**

'સ્નેહરશ્મિ'નું મૂળ નામ ઝીણાભાઈ રત્નજી દેસાઈ. વલસાડ જિલ્લાના ચીખલી ગામમાં એમનો જન્મ : ઈ. સ. 1921માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિનીત થયા. ઈ. સ. 1926માં રાજ્યશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયા. મુંબઈ તેમજ અમદાવાદમાં શિક્ષણક્ષેત્રે અધ્યાપક, આચાર્ય તેમજ નિયામક રહ્યા.

મુખ્યત્વે કવિ 'અર્ઘ્ય', 'પનઘટ', 'અતીતની પાંખમાંથી', 'ક્ષિતિજે જ્યાં લંબાવ્યો હાથ', 'નિજલીલા' વગેરે એમના કાવ્યસંગ્રહો છે. એમણે વાર્તા, નવલકથા, નાટક, ચરિત્ર તેમજ આત્મકથા જેવાં સાહિત્યસ્વરૂપોમાં ખેડાણ કર્યું છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક (ઈ. સ. 1967) તેમજ નર્મદચંદ્રક (ઈ. સ. 1985) પ્રાપ્ત થયા છે. જાપાનિઝ કાવ્યસ્વરૂપ હાઈકુને ગુજરાતીમાં દૃઢ કરવાનો યશ એમને ફાળે જાય છે.

**મુરલી ઠાકુર**
**(જન્મ : 23-2-1910, અવસાન : 22-4-1975)**

કવિ, વાર્તાકાર મુરલીધર રામચંદ્ર ઠાકુરનો જન્મ ઈડર તાલુકાના કુકડિયા ગામે થયો હતો. એમણે પ્રાથમિક શિક્ષણ એમના વતન સુવેર, ઉમેદગઢમાં લીધું હતું. એમ.એ.ની ઉચ્ચ શિક્ષણની પદવી તેમણે મુંબઈથી પ્રાપ્ત કરી હતી.

મુંબઈની સિડનહામ કૉલેજમાં અધ્યાપક થયા. ત્યાર પછી મુંબઈ આકાશવાણીમાં ગુજરાતી કાર્યક્રમોના નિર્માતા થયા. ફિલ્મ સેન્સર બોર્ડના સભ્ય નિમાયા.

'સફર અને બીજાં કાવ્યો' (અન્ય સાથે), 'શરદુત્સવ' (નૃત્યનાટિકા), 'મેળો' (બાળગીતો) તથા 'પ્રેમળ જ્યોત' (વાર્તાઓ) એમના ગ્રંથો છે. જાપાનિઝ કાવ્યસ્વરૂપ હાઇકુને ગુજરાતીમાં પ્રચલિત કરવામાં, સર્જક તરીકે એમનો ફાળો નોંધપાત્ર છે.

**રાવજી પટેલ**
**(જન્મ : 15-11-1939 અવસાન : 10-8-1968)**

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના ડાકોર પાસેના વલ્લભપુરા ગામે કૃષિ પરિવારમાં થયો હતો. ડાકોરની શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું પછી અમદાવાદમાં માધ્યમિક તેમજ બે વર્ષ સુધી કૉલેજ(આર્ટ્સ)નું શિક્ષણ લીધું. તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી, તેથી કુમળી વયથી નોકરી કરવી પડી. તેમણે મિલમાં, વર્તમાનપત્રમાં તેમજ ગ્રંથાલયમાં નોકરી કરી. આર્થિક સંકડામણ તેમજ ક્ષય જેવા એ વખતે અસાધ્ય રોગથી તેમનું શરીર તેમજ મન ક્ષીણ થતાં ગયાં. માત્ર અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તેમનું નિધન થયું.

'અંગત' એમનો એકમાત્ર કાવ્યસંગ્રહ છે. એમનાં કાવ્યોમાં વિશિષ્ટ લયલીલાઓ, પ્રતીકાત્મક તેમજ વ્યંજનાત્મક અભિવ્યક્તિ જોવા મળે છે.

હાઈકુ જાપાની કાવ્યસ્વરૂપ છે. સત્તર અક્ષરના આ કાવ્યનું બંધારણ ત્રણ પંક્તિનું છે. પ્રથમ પંક્તિમાં પાંચ, બીજીમાં સાત ને ત્રીજી પંક્તિમાં પાંચ અક્ષરથી રચાતું આ કાવ્ય ક્યાંક ગહન-ચિંતન, તો ક્યાંક હળવાશ રજૂ કરે છે.

પહેલું હાઇકુ અંધકાર અને દીવાના પ્રતીકથી સત અને અસતને સૂચવી, અનેક અસત્યો મળીને પણ સત્યને ઝાંખું નહીં પાડી શકે તેનો બોધ આપે છે. બીજા હાઇકુમાં ઘર મોટું કે નાનું? એ મકાનના કદ કે વિસ્તારને આધારે નહીં પણ એ ઘરમાં રહેતા માનવીની નિષ્ઠા અને પ્રતિષ્ઠાને આધારે નક્કી થાય છે, એ વાત કવિ સૂરજના ઉજાસથી સૂચવી આપે છે. ત્રીજું હાઈકુ મૃત્યુની અનિવાર્યતા જાણવા છતાં પણ જીવવાનો આનંદ માણતા માણસને જાળ લઈને ઊભા માછીમાર સામે મોજથી તરતી માછલીના પ્રતીકથી સૂચવે છે.

| 1 | 2 | 3 |
|---|---|---|
| ફરતી પીંછી<br>અંધકારની : દીપ<br>નહીં રંગાય.<br>**- સ્નેહરશ્મિ** | ખોરડું નાનું<br>સૂરજના ઉજાસે<br>મોટું આંગણ.<br>**- મુરલી ઠાકુર** | માછી ક્યારનો<br>ઊભો રહ્યો ને તોયે<br>માછલી તરે.<br>**- રાવજી પટેલ** |

### શબ્દાર્થ

**દીપ** દીવો **ખોરડું** માટીની ભીંતનું ઘર **ઉજાસ** પ્રકાશ

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) શાની પીંછી ફરતી રહી છે ?

(2) સૂરજના ઉજાસે આંગણ કેવું લાગે છે ?

(3) માછી શું કરે છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) અંધકારની પીંછી અને દીપ દ્વારા કવિ શો બોધ આપે છે ?

(2) મુરલી ઠાકુર હાઇકુ દ્વારા શું કહેવા માગે છે ?

(3) માછી અને માછલી દ્વારા રાવજી પટેલ શી વ્યંજના પ્રગટ કરે છે ?

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- પસંદગીના શેર તથા મુક્તકોનો સંગ્રહ કરી, હસ્તલિખિત અંક તૈયાર કરો.
- તમે જાતે ત્રણ હાઇકુની રચના કરો.
- થોડાં મુક્તકો મેળવીને નોંધો. મુક્તકોનો અર્થ વડીલોની મદદથી જાણો.

### ભાષા-અભિવ્યક્તિ

- **દોહરા**

પ્રથમ બે દોહરામાં માનો મહિમા છે. પ્રથમ દોહરામાં 'ખ' વર્ણનું આવર્તન જુઓ. 'ખોળેથી', ' ખહતા', 'ખોળો', 'ખૂંદવા' આ બધામાં 'ખહતા' શબ્દ એકમાત્ર તળપદો શબ્દ છે, તે શિષ્ટ શબ્દોમાં બરાબર ભળી જાય છે.

બીજા દુહામાં મુખ માટે 'મોઢું', સાચે જ માટે 'હાચેય', 'સાંભરે' માટે 'હાંભરે' જેવા તળપદા શબ્દોનો ઉપયોગ ધ્યાનપાત્ર છે. અહીં 'મોટપણાની મજા કડવી' કહીને સરસ વિરોધ રચાયો છે તે જુઓ.

- **મુક્તક**

મુક્તક 'ખ' વર્ણનું આવર્તન તમે જોયું? અહીં 'દ' વર્ણનું આવર્તન જુઓ. અહીં કવિએ ત્રણેય કડીમાં 'દશા' અને 'દિશા' શબ્દને દોહરાવીને જુદા જુદા અર્થસંકેતો મૂકીને ભાવને ઘૂંટ્યો છે. 'દાઝનારા' 'દૂઝનારા-ઝૂઝનારા' 'ધ્રૂજનારા-પૂજનારા'ખૂંદનારા શબ્દયુગ્મો નવા નવા અર્થસંકેતો આપણી સામે લાવી મૂકે છે.

● **હાઈકુ**

(1) અહીં અંધકારની પીંછીનું રૂપક દશ્ય અને ગતિ બંનેનો સંકેત કરી આપે છે તે નિહાળો.

(2) 'ખોરડું નાનું' 'મોટું આંગણ' પહેલી અને છેલ્લી પંક્તિમાં રહેલો વિરોધ ધ્યાનપાત્ર છે તે જુઓ.

## શિક્ષક પ્રવૃત્તિ

- સ્વરચિત હાઈકુ અને મુક્તક લેખન સ્પર્ધાનું આયોજન કરો.
- સંસ્કૃત સુભાષિતો અને તેના અર્થ વિદ્યાર્થીઓને કહો.
- ભીંતસૂત્રોની યાદી તૈયાર કરાવો.

●

# 26 બે દૃષ્ટાંતકથાઓ

**રવિશંકર મહારાજ**
**(જન્મ : 25-2-1884; અવસાન : 02-7-1984)**

સમાજસેવક રવિશંકર શિવરામ વ્યાસનો જન્મ રઢુ ગામ(તા. માતર)માં થયો હતો અને તેમણે શિક્ષણ વતનગામ સરસવણી (મહેમદાવાદ)માં લીધું હતું. શરૂઆતમાં ભાવડા (તા. દહેગામ)માં શિક્ષક, 1903માં નોંધણી કારકુન રહ્યા બાદ 1922માં સુણાવમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી. તેમના જીવનનું સૂત્ર હતું 'ઘસાઈને ઊજળા થાઓ'. પહેલાં પોતાની રીતે સેવાકાર્ય કરતા પછી મહાત્મા ગાંધી સાથે જોડાયા ને સત્યાગ્રહોમાં જેલોમાંય ગયા. વિનોબાજીના ભૂમિદાન યજ્ઞમાં ગુજરાત ખૂંદી વળ્યા હતા. તેઓએ પાટણવાડિયા, બારૈયા અને અન્ય જાતિઓના ઉદ્ધાર માટે સતત પરિશ્રમ કર્યો હતો. તેમની નિઃસ્વાર્થ સેવા અને દારૂનિષેધ-પ્રવૃત્તિને કારણે દેશભરમાં જાણીતા થયા. બિહાર-ઓરિસ્સાની કુદરતી આફત વખતે તેઓ પોતાના કાર્યકરો સાથે સેવા કરવા ગયા હતા. તેમનાં પુસ્તકો અનુભવોના નિષ્કર્ષમાંથી રચાયેલાં છે.

'સત્યાગ્રહનો વિજય', 'શિક્ષણ અને સંસ્કૃતિ', 'પર્વમહિમા', 'લગ્નવિધિ', 'મારો ચીનનો પ્રવાસ' અને 'મહારાજની વાતો' એમનાં પુસ્તકો છે.

પ્રથમ દૃષ્ટાંતકથા રાજ્યવ્યવસ્થામાં રહેલી કચાશ સૂચવે છે. રાજ્યમાં ભ્રષ્ટાચારને કારણે, સરકારે મંજૂર કરેલાં નાણાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચતાં માંડ થોડાં બચે છે એની સત્યકથા અહીં બરફના દૃષ્ટાંતથી અસરકારક રીતે રજૂ કરી છે.

દ્વિતીય દૃષ્ટાંતકથા ભારતીય સંસ્કૃતિમાં રહેલું સ્ત્રીનું યોગદાન દર્શાવે છે. ગામડાની અભણ, વિધવા ને સામાન્ય જાતિની સ્ત્રી શ્રમનું જે મૂલ્ય સમજે છે, દાનનું જે મહત્ત્વ માને છે તે વિરલ છે. પતિ ને પુત્ર મૃત્યુ પામ્યા પછી મજૂરી કરીને જીવતી ધૂળી દુકાળમાં ગરીબોને મફતમાં મળતો ગોળ ધર્માદાનો હોવાથી સ્વીકારતી નથી. ઊલટું, પોતાના બે બળદ ને 25 વીઘા જમીન વેચી, પાણીની તંગીવાળા ગામમાં કૂવો કરાવે છે; કૂતરાંને રોટલા ખવડાવે છે; પોતાના ગામમાં પરબ બંધાવે છે; ને ભગવાનનો મુગટ પણ ઘડાવે છે! ધૂળીની આ ત્યાગભાવનામાં સેવા, શ્રદ્ધા ને સમર્પણનો ત્રિવેણી સંગમ છે. એના મુખ પર પ્રગટતો શ્રમદેવનો ભાવ, એના શબ્દોમાં વ્યક્ત થતું પુરુષાર્થનું તેજ ને એના વિચારોમાં ઝીલાતી ભક્તિભાવયુક્ત ઉચ્ચ ધર્મબુદ્ધિ - સમાજને શ્રમનું ને દાનનું મૂલ્ય શીખવાડે છે.

---

## 1. છેલ્લે રહ્યા દોઢ પાશેર !

જર્મનીના એક રાજાનો કિસ્સો છે. એક દિવસ એ પોતાના આઠ પ્રધાનો સાથે બેઠો હતો. એણે પ્રધાનને કહ્યું, 'આપણા રાજ્યની આટલી બધી આવક છે છતાં તિજારીમાં પૈસો કેમ આવતો નથી?'

એક પ્રધાને કહ્યું, 'મહારાજા, ખોટું ન લાગે તો કહું.'

રાજાએ કહ્યું, 'ખોટું નહીં લાગે. જે કારણ હોય તે વિના સંકોચે કહો.'

પછી પ્રધાને બજારમાંથી એક શેર બરફ મંગાવ્યો અને તે છેલ્લે બેઠેલા પ્રધાનના હાથમાં આપ્યો. છેલ્લાએ એની આગળના પ્રધાનને આપ્યો. એમ કરતાં કરતાં બરફ બધા પ્રધાનોના હાથમાંથી પસાર થઈ રાજાના હાથમાં પહોંચ્યો ત્યારે દોઢ પાશેર રહ્યો! આ કિસ્સાથી રાજાને રાજ્યની તિજોરીમાં પૈસા કેમ ભેગા નથી થતા એનો મર્મ સમજાઈ ગયો.

આજે આપણી પણ આ જ સ્થિતિ થઈ છે. આપણે પરાધીન થઈ ગયા છીએ. આપણા ભલાઈનાં કામો આપણે જાતે ન કરી શકીએ, એ તો સરકાર જ કરી શકે, એવી મનોવૃત્તિ આપણામાં દૃઢ થઈ છે અને સરકાર મારફત બધાં કામો કરાવવા જતાં તો ઉપરના કિસ્સામાં કહ્યું છે તેવું જ થાય. પ્રજાના લાભ માટે એક શેર બરફ આપવામાં આવ્યો હોય, તો સરકારી તંત્રમાંથી અને લાંબીલપસંદર વિધિઓમાંથી પસાર થતો તે પ્રજાના હાથમાં પહોંચે, ત્યારે માંડ દોઢ પાશેર જ રહ્યો હોય! માટે કરવું તો એમ જોઈએ કે સરકારનાં એકે-એક કામો ધીરે-ધીરે જનતા જાતે કરતી થાય.

## 2. ''મા'રાજ, ધર્માદાનું શી રીતે ખવાય?''

રાધનપુર વિભાગમાં સખત દુકાળ પડ્યો હતો. અનાજ પૂરતું મળે નહિ એટલે દર અઠવાડિયે ચણા ને ગોળ આપવાની અમે ગોઠવણ કરી હતી. ગોળ મફત આપવામાં આવતો ને ચણા વેચાતા.

પંચાસર બહુ જૂનું ને પ્રખ્યાત ગામ છે. એ ગામમાં ધૂળી કરીને એક બાઈ રહે. એનાથી સારી સ્થિતિના ને ઈજ્જતવાળા લોકો ગોળ મફત લે પણ આ બાઈ ન લે. એને એક દીકરી. ધૂળી લાકડાના ભારા ને ઘાસ ઊંચકી લાવે ને દીકરી તળાવમાં ખોદવા જાય. બંને મહેનત કરીને જીવે. ધૂળીને એક દીકરો હતો. એ મરી ગયો. એ પછી એનો ધણી પણ મરી ગયો. ધૂળીને થયું : હવે હું શું કરું?

એને ત્યાં બે બળદ હતા, 25 વીઘા જમીન હતી ને થોડા પૈસા હતા. બાઈએ બળદ વેચી દીધા. એના રૂપિયા છસો ઊપજ્યા. એ રૂપિયા લઈને તે ગામના વણિક ગૃહસ્થ લહેરચંદભાઈ પાસે ગઈ. રૂપિયા એમને આપીને કહ્યું : ''શેઠ, મરનારનું ભલું થાય એવા કામમાં આ રૂપિયા વાપરો.''

પંચાસરની નજીક એક ગામ છે. ત્યાં પાણીની ભારે તંગી. પેલા વણિક ગૃહસ્થે જાતે દેખરેખ રાખી કરકસરથી રૂપિયા 550 માં કૂવો ને હવાડો કરાવ્યાં. એ પ્રદેશમાં મીઠું પાણી જવલ્લે જ નીકળે પણ ઈશ્વરકૃપાએ અહીં મીઠું પાણી નીકળ્યું. લોકો ખુશ ખુશ થઈ ગયા.

પચીસ વીઘાં જમીન હતી. એ ધૂળીએ કૂતરાંને રોટલા ખવડાવવા તથા પરબડીમાં આપી દીધી, અને થોડા રૂપિયા હતા તેની ચાંદી લઈ રામજી મંદિરમાં ભગવાનનો મુગટ કરાવડાવ્યો. પોતાના ગામમાં એક પરબ પણ મંડાવી.

ધૂળીની આ પાવન કથા મેં સાંભળી હતી પણ એને મળ્યો નહોતો. એને મળવાનું થયું ત્યારે મેં પૂછ્યું : ''બહેન, તમારું નામ શું ?''

''મારું નામ ધૂળી.'' એણે કહ્યું.

''તમે બળદ કેમ વેચી દીધા ?''

''મા'રાજ, એ ઘઈડાય ન'તા થ્યા, બહુ મે'નત કરી કરીને મરી જ્યા. એમનું મારાથી ખવાય ? આ બળદ એમના હતા એટલે વેચી દીધા.''

''તમે તો જમીન પણ પરબડીમાં આપી દીધી. તમારી દીકરીને આપી હોત તો ?''

'દીકરીને શું કામ આલું ? એ એનું નસીબ લઈને નહીં આવી હોય ?'' ધૂળીના એકેએક શબ્દમાંથી પુરુષાર્થનું તેજ ટપકતું હતું.

મેં આગળ પૂછ્યું : ''તમે ગોળ કેમ નથી લેતાં?''

''મા,રાજ, બધી મિલકત ધર્માદા કરી દીધી. હવે મારાથી ધર્માદાનું શી રીતે ખવાય?''

''ચણા લો છો?''

''હા, ચણા બે આને શેર વેચાય છે તે લઉં છું.''

''તો પછી ગોળ પણ લેતાં હો તો ?''

''ગોળ વેચાતો આલે તો લઉં.''

ધૂળીની આ વાતોએ મને ઊંડા ચિંતનમાં ગરકાવ કરી મૂક્યો. એ બોલતી હતી ત્યારે એના મુખ ઉપર શ્રમદેવના ભાવ અંકિત હતા. મને થયું : આ બાઈમાં સર્વસ્વ અર્પણ કરવાની આ શક્તિ ક્યાંથી આવી હશે? આટલી ઊંચી ધર્મબુદ્ધિ એણે ક્યાંથી પ્રાપ્ત કરી હશે? વિચાર કરતાં લાગ્યું કે, ''મહેનતમાંથી, મારા પરસેવાનું જ હું ખાઈશ.'' એ ભાવનામાંથી એનામાં જે ભક્તિભાવ ઊભરાતો હતો એ પણ શરીરશ્રમથી જીવવાની નિષ્ઠામાંથી જ ઉત્પન્ન થયો હતો.

કોણ જાણે, ધૂળી જેવી કેટલીય સ્વાર્પણપ્રેમી સ્ત્રીઓ આ જનસમાજમાં છુપાઈને પડી હશે. એમના છૂપા ત્યાગ ને તપના પ્રભાવે જ આપણી સંસ્કૃતિ જીવતી છે.

## શબ્દાર્થ

**એક શેર** મણ(20 કિગ્રા)નો ચાળીસમો ભાગ (500 ગ્રામ) **પાશેર** શેરનો ચોથો ભાગ **દોઢ પાશેર** એક આખો અને અડધો પાશેર **મર્મ** ભેદ, રહસ્ય **મનોવૃત્તિ** મનની વૃત્તિ, મનનું વલણ **વીઘા** જમીનનું એક માપ (પચીસેક ગુંઠાનું એક વીઘું) **હવાડો** ઢોરને પાણી પીવાનો (કૂવા પરનો) કુંડ **મા'રાજ** મહારાજ **ધર્માદા** દાનમાં આપેલું **ગરકાવ** ગરક, મશગૂલ, મગ્ન, લીન **ધર્મબુદ્ધિ** ધર્મની સમજ, ધર્મદૃષ્ટિ, ધર્માધર્મની વિવેકશક્તિ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) આ પ્રસંગકથામાં ક્યા દેશનો પ્રસંગ વર્ણવ્યો છે?

(2) આપણામાં કેવી મનોવૃત્તિ દૃઢ થઈ ગઈ છે?

(3) રાજાને પોતાના પ્રશ્નનો મર્મ ક્યારે સમજાયો ?

(4) આ પ્રસંગકથામાંથી પ્રગટ થતો બોધ વર્ણવો.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) પંચાસરના લોકોને ગોળ-ચણા શા માટે આપવામાં આવતા?

(2) ધૂળી તથા તેની દીકરી શું કામ કરતાં ?

(3) પચીસ વીઘાં જમીનનું ધૂળીએ શું કર્યું ?

(4) બચતના રૂપિયા ધૂળીએ ક્યાં ખરચ્યા ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) ધૂળીએ બળદ શાથી વેચી દીધા ? તેના પૈસાનું તેણે શું કર્યું ?

(2) લેખક ધૂળી વિશે મનોમન શું વિચારે છે ?

(3) ધૂળીની પ્રવૃત્તિઓ વિશે નોંધ લખો.

(4) ''મા, રાજ, ધર્માદાનું શી રીતે ખવાય!'' – વાક્યનું અર્થઘટન કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- ''પુરુષાર્થ એ જ પ્રારબ્ધ'' વિષે નિબંધ લખો.
- 'ધૂળી' જેવા કોઈ પાત્રો તમારી આસપાસ મળે તો તેની મુલાકાત લો.
- મેઘાણીકૃત 'માણસાઈના દીવા' વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

''<u>મા'રાજ,</u> એ <u>ઘઈડાય ન'તા</u> <u>થ્યા,</u> બહુ <u>મે'નત</u> કરી કરીને મરી <u>જ્યા</u>. એમનું મારાથી ખવાય ? આ બળદ એમના હતા એટલે વેચી દીધા.''

રેખાંકિત શબ્દો તળપદા શબ્દો છે. તેના શિષ્ટરૂપ અનુક્રમે 'મહારાજ', 'ઘરડા' 'પણ', 'નહોતા', 'થયા', 'ગયા', બને. ત્રણ શબ્દોમાં લોપક ચિહ્ન વપરાયું છે. ત્યાંથી એક અક્ષર કે માત્રા લોપ થયેલ છે તેનો ખ્યાલ તમને આવશે. આ શબ્દસંકોચનો નમૂનો છે તે તમે જાણો છો.

આપણી રોજબરોજની બોલાશમાં આપણે તળપદા શબ્દો અને આવા અર્થસંકોચનો ઉપયોગ જાણે-અજાણ્યે કરતાં હોઈએ છીએ. તમારે આવા શબ્દોની યાદી બનાવવી જોઈએ. ઉપરના વિધાનમાં 'એ', 'એમનું', 'એમના' સર્વનામ ધૂળીના પતિ માટે વપરાયાં છે તે તમે નોંધો.

- _ધૂળીના એકે-એક શબ્દમાંથી પુરુષાર્થનું તેજ ટપકતું હતું.
- એ બોલતી હતી ત્યારે એના મુખ ઉપર શ્રમદેવતાના ભાવ અંકિત હતાં.

લેખક ભાષાનો ઉપયોગ વિશિષ્ટ રીતે કરતા હોય છે. ઉપરનાં વિધાનોને ધ્યાનથી વાંચો પછી વિચારો. વાક્યનો સીધો અર્થ

કરવાનો પ્રયત્ન કરો. તેજને જોઈ શકાય. ટપકતું કેમ જોઈ શકાય! પાણી કે પ્રવાહી ટપકે તેજ કેમ ટપકે? તો મુખ ઉપર શ્રમદેવતાના ભાવ અંકિત થયા છે તેનો ખ્યાલ કેમ આવે? આવા પ્રશ્નો તમને થશે ખરુંને? લેખકને ભાવ-અભિવ્યક્તિ માટે આવા જુદા પ્રકારના શબ્દજોડાણો કરવાં પડે છે. એમ તો આપણે પણ રોજબરોજના વ્યવહારમાં આવા શબ્દજોડાણો નથી કરતાં? દા. ત. 'માથું ખાઈ જવું', 'મગજનું દહીં થઈ જવું', તમે આવા પ્રકારના શબ્દસમૂહો, રૂઢિપ્રયોગો, કહેવતોની યાદી બનાવો.

## શિક્ષકપ્રવૃત્તિ

- ભ્રષ્ટાચારના કારણે કોઈ યોજનાનો લાભ છેક છેવાડાના લાભાર્થી સુધી પહોંચતો નથી એ દર્શાવતું રૂપક રજૂ કરો.
- 'દોઢ પાશેર'નું નાટ્યરૂપાંતર કરી ભજવો.
- જનતા જાતે જ કલ્યાણમાર્ગ શોધે, જવાબદારી સ્વીકારે. -સમજાવો.
- ધૂળીના પાત્ર ભજવવા એકપાત્રી અભિનય કરાવો.
- વિવિધ સ્ત્રીપાત્રો દ્વારા શ્રમગૌરવ અને ખુમારીનાં ઉદાહરણો આપો.
- 'ધર્માદાનું ન ખપે' - એવો દૃઢભાવ કેળવાય તેવા પ્રસંગો, કથાઓ, વ્યક્તિવિશેષનું વર્ણન કરો.

•

# એકમ - 6 : નિબંધ, અહેવાલ-લેખન, વિચાર-વિસ્તાર

## ■ નિબંધ

'નિબંધ' શબ્દ સંસ્કૃત ભાષામાં પણ વપરાયેલો છે. અંગ્રેજીમાં નિબંધ માટે 'Essay' શબ્દનો પ્રયોગ થાય છે. નિઃ+બંધ' એમ જોડાણ થઈને નિબંધ શબ્દ બન્યો છે. 'નિઃ' એટલે પૂરેપૂરું અને 'બંધ' એટલે બંધાયેલું, ગંઠાયેલું અને રચાયેલું. કોઈ એક વિષય પર મુદ્દાસર અને ક્રમબદ્ધ સૂચવેલી માહિતી આપવી એનું નામ નિબંધ. નિબંધ વિશે મહત્ત્વની થોડી બાબતો વિશે આપણે ચિંતન કરીએ :

(1) નિબંધના 'શીર્ષક' વિશે સૌપ્રથમ વિચાર થવો જોઈએ. શીર્ષકના આધારે નિબંધલેખનમાં ક્યા મુદ્દાઓ સમાવવા તેનો ખ્યાલ આવે છે.

(2) નિબંધના બધા મુદ્દાઓનું અનુસંધાન તેનું શીર્ષક બની રહેવું જોઈએ. વિષયની બહાર જઈ મુદ્દાઓની ચર્ચા કરવી-એમાં વિષયનું તાદૃશ્ય જળવાઈ શકતું નથી.

(3) શીર્ષકના આધારે તેના મુદ્દાઓની નોંધ કર્યા પછી ક્યા મુદ્દાને કેટલો અને કેવી રીતે વિસ્તારવો છે તેનું મનન કરવું જોઈએ.

(4) મુદ્દાને અનુરૂપ અને વિષયને સંગત હોય તેવાં અવતરણો, કહેવતો, રૂઢિપ્રયોગો, ગુજરાતી કે અન્ય જાણીતી ભાષાની પંક્તિઓ, સુભાષિતો, વગેરેનો ઉપયોગ નિબંધમાં કરવો જોઈએ. નિબંધના મુદ્દાઓમાં અલગ-અલગ સ્થાને તે મુકાય; એકસાથે બધી જ પંક્તિઓ એક જ મુદ્દામાં ન લખાય તેની સાવધાની રાખવી જોઈએ.

(5) વાક્યો અતિશય લાંબાં ન થાય તેનો લખતી વખતે ખાસ ખ્યાલ રાખવો.

(6) પરિચ્છેદની સપ્રમાણતા જળવાઈ રહે તેવી કાળજી કરવી.

(7) વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ થાય, અનુસ્વાર, જોડણી વગેરે પણ યોગ્ય રીતે લખાય તેની ખાસ કાળજી રાખવી.

(8) નિબંધનો પ્રથમ મુદ્દો પ્રસ્તાવના અને છેલ્લે મુદ્દો ઉપસંહાર યોગ્ય રીતે લખાય તે ખાસ જોવું. નિબંધના થોડા નમૂનાઓ જોઈ જવાથી આ કુશળતા આવી જશે.

(9) કાગળમાં યોગ્ય હાંસિયો રખાય, મુદ્દાઓ લખવામાં થોડા મોટા અક્ષર લખાય, ફકરા-પરિચ્છેદની શરૂઆતમાં યોગ્ય જગ્યા છોડાય અને પ્રત્યેક પેટા મુદ્દાને અંતે ગુરુવિરામ મુકાય તે પણ ખાસ જોવું.

(10) પરીક્ષામાં પુછાતા નિબંધો વિદ્યાર્થીની વય-કક્ષા અને અનુભવ જગતને ધ્યાને રાખીને જ પુછાય છે. એટલે 'શીર્ષક' ઉપર થોડું મનન કરવાથી તે વિષય-નિરૂપણ માટેના મુદ્દાઓ અને રજૂઆતના શબ્દો અવશ્ય મળી આવે છે. પણ હા, એ માટે અગાઉ થોડા નિબંધો જોઈ જવા જરૂરી ગણાય.

(11) નિબંધ પૂરેપૂરો લખાઈ જાય પછી તેને ઓછામાં ઓછો એક વખત અવશ્ય વાંચી જવો જોઈએ. જેથી તેમાં રહેલી નાની પણ જરૂરી ક્ષતિઓ સુધારી શકાય છે.

(12) સારું લખાણ લખવા માટે રોજબરોજની વૈશ્વિક, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આજુબાજુની મહત્ત્વની ઘટનાઓ વિશે જાણકારી પ્રાપ્ત થતી રહેવી જોઈએ. એ માટે વર્તમાનપત્રો, સામયિકો, સમાચારો સાથે નાતો જોડવો-જોડી રાખવો જોઈએ.

આટલી મહત્ત્વરૂપ બાબતોની કાળજી રાખવાથી આપણે અવશ્ય સારું લેખન કરી શકીએ છીએ. લેખન એ મહાવરાનો વિષય છે એટલે ક્રમશઃ આ વિષયમાં ચોક્કસ કુશળ બની શકાય છે.

● આપણે 'પુરુષાર્થ' વિષય પર લેખન કરવું હોય તો કેવી રીતે મુદ્દાઓનો વિચાર કરવો તેનો નમૂનો જોઈએ :

સૌપ્રથમ આપણે વિચારીશું - પુરુષાર્થ એટલે શું ? પુરુષાર્થ વિશે બીજાના - અનુભવીઓના કેવા ખ્યાલો છે ? નસીબથી બધું સારું ગોઠવી શકાય કે પુરુષાર્થનો ખપ પડે ? પ્રારબ્ધીઓ અને પુરુષાર્થીઓ બંનેમાંથી કોણ ચડિયાતું ગણાય ? આપણે કેવા બનવું જોઈએ ? પુરુષાર્થ દ્વારા કંઈક પામ્યાં હોય એવાં કોણ કોણ ? - આટલો વિચાર કર્યા પછી આપણા મનમાં લેખનના મુદ્દાઓની એક રૂપરેખા આવી ગઈ હશે. હવે આપણે તેને આ મુજબ ક્રમમાં ગોઠવીશું.

**1.** પ્રસ્તાવના **2.** પુરુષાર્થ અને પ્રારબ્ધની તુલના **3.** પુરુષાર્થનું મહત્ત્વ અને જરૂરિયાત

**4.** પુરુષાર્થીઓની સિદ્ધિઓ **5.** ઉપસંહાર.

તમે જોયું ને...? વિચારનાં બિંદુઓ સાંકળીને મુદ્દાઓ તૈયાર કરી શકાય. હવે આ વિષયનિરૂપણ માટેના મહાન પુરુષાર્થીઓ અને નોંધપાત્ર અવતરણો વિશે વિચારીએ :

'ગાંધીજી', 'સરદાર વલ્લભભાઈ', 'રવિશંકર મહારાજ', 'એડિસન', 'અબ્રાહમ લિંકન' અને આપણા પ્રદેશના આગળ પડતા પુરુષાર્થીઓને મુદ્દાઓ મુજબ અલગ અલગ સ્થાને ગોઠવતા જવું.

'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.'

'उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः.'

'પુરુષાર્થ ભાગ્યનો ઘડવૈયો છે.'

'Self help is the best help.'

આ પંક્તિઓને લખાણમાં અલગ અલગ સ્થાને ગોઠવવી.

આ પ્રમાણે આપેલા વિષય ઉપર મનન કરવાથી અઘરો જણાતો વિષય પણ લખવામાં સરળ બનતો જશે. તમે પ્રયત્ન કરશો ચોક્કસ સફળતા મળશે. જ.

## સ્વાધ્યાય

**1. નીચેના વિષયો પર નિબંધ–લેખન કરો :**

(1) સ્વચ્છતા ત્યાં પ્રભુતા

(2) મારા પ્રિય લેખક અથવા કવિ

(3) મેં જોયેલી એક દુર્ઘટના

(4) મારો યાદગાર પ્રવાસ

(5) જો હું મુખ્યમંત્રી હોઉં તો

(6) શહેરીજીવનની સમસ્યાઓ

(7) પુસ્તકો : આપણાં મિત્રો

(8) એક સુકાયેલા ઝાડની આત્મકથા

(9) જાગ્યા ત્યારથી સવાર

(10) તહેવારોનું મહત્ત્વ

■ **અહેવાલ - લેખન**

આપણે આંગણે રોજ સવારે છાપું આવે છે. કેટલી બધી ઘટનાઓનો અહેવાલ તે આપણી સામે રજૂ કરે છે. જગતમાં દરરોજ કેટલી બધી ઘટનાઓ બન્યા કરે છે. ભલે દરેક ઘટનાના સાક્ષી આપણે ન હોઈએ, પણ અહેવાલ વાંચીએ એટલે આપણે એ ઘટના વિશે જાણી શકીએ. અરે, એ ઘટના વિશે રસપૂર્વક આપણે બીજાને કહી પણ શકીએ. ઘટનાનો અહેવાલ યોગ્ય રીતે, નિશ્ચિત ક્રમમાં અને પદ્ધતિસર લખાય છે એટલે સરળતાથી સમજી શકાય છે. આવું લખાણ કરવા માટે પણ એનો અભ્યાસ જરૂરી છે. અભ્યાસ દ્વારા જ ભાષાસજ્જતા કેળવી શકાય છે.

શાળામાં ઊજવાતા પ્રસંગો, તહેવારો, અકસ્માત, કુદરતી ઘટનાઓ, કવિ-સંમેલન, વ્યાખ્યાન શિબિરો કેટલું બધું બને છે આપણી આસપાસ! આ બધાના વિશે ટૂંકો અહેવાલ લખીને તેને સૌ સુધી પહોંચાડી શકાય છે. આ અહેવાલ આલેખનને આપણે પ્રસંગ આલેખન તરીકે પણ ઓળખીએ છીએ.

ટૂંકમાં બનેલા બનાવ કે થયેલા કાર્યક્રમનો આંખેદેખ્યો ચિતાર શબ્દોમાં મૂકી આપવો એટલે અહેવાલ લેખન કર્યું કહેવાય. પત્રકારો આ કામગીરી કરીને દરરોજ આપણી સામે ઘટનાઓ મૂક્યા કરે છે.

આવું પ્રસંગ આલેખન કરવા માટે નોંધપાત્ર બાબતો વિશે થોડું જાણીએઃ

(1) અહેવાલ-પ્રસંગ આલેખનમાં શરૂઆતમાં ત્રણ-ચાર વાક્યોમાં આખા કાર્યક્રમની પ્રસ્તાવના રૂપે ટૂંકો ખ્યાલ આપવામાં આવે છે. ત્યારબાદ તેનું વિસ્તૃત વર્ણન ક્રમશઃ કરવામાં આવે છે અને છેલ્લે બે-ચાર વાક્યોમાં ઘટના વિશે ઉપસંહાર આપવામાં આવે છે.

(2) ઘટનાના વિષયને રજૂ કરતું, ધ્યાન આકર્ષિત કરી શકે એવું યોગ્ય શીર્ષક આ અહેવાલને આપવું જોઈએ.

(3) અહેવાલનો વચ્ચેનો મુખ્યભાગ યોગ્ય ક્રમમાં મુકાય તે ખૂબ જરૂરી છે. વાંચનારને એક જ નજરમાં ઘટનાના તમામ આંકડાઓ ક્રમબદ્ધ પકડાઈ જવા જોઈએ.

(4) ઘટના માટે જરૂરી ન હોય તેવી કોઈ બાબત વિશેની આવડત-બિનજરૂરી વાતનો વિસ્તાર ન થવો જોઈએ.

(5) જરૂર જણાય ત્યાં અન્ય ઘટના પ્રસંગના સંદર્ભો સાંકળી શકાય.

(6) પ્રસંગ-ઘટનાને બરાબર ઉપસાવી શકે તેવાં વાક્યો હોવાં જોઈએ. તેમાં જરૂર જણાય ત્યાં કાવ્યપંક્તિઓ, અવતરણો, કહેવતો, રૂઢિપ્રયોગો, અલંકારો વગેરે પણ વાપરી શકાય.

(7) જે ઘટનામાં આપણે હાજર ન હોઈએ તે સમયે ઘટનાના લખનાર તરીકે આપણે હાજર વ્યક્તિઓને મળી તેમની પોથી વિવિધ પ્રશ્નોત્તર દ્વારા સંપૂર્ણ રીતે માહિતગાર બનવું જોઈએ.

(8) જોડણી, વિરામચિહ્ન, અનુસ્વાર વગેરેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ.

(9) અહેવાલ લેખન થયા પછી એકાદવાર તેનું વાંચન કરી લેવું જોઈએ.

(10) પરીક્ષાખંડમાં તો આપણે કલ્પના દ્વારા જ આવું લેખન કરવાનું હોય છે એટલે આપણે આવી જુદી જુદી ઘટનાઓના થોડા અહેવાલોનો અભ્યાસ કરી લેવો જોઈએ.

અહીં આપેલા અહેવાલના નમૂનાનો અભ્યાસ કરો :

**ધોરણ-10 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ**
**ભાવનગર તા. 4-12-2016**

સ્વામિનારાયણ વિદ્યાલય, ચિત્રામાં ધોરણ-10ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા. 06-02-2016ના રોજ સ્વામીજીના અધ્યક્ષસ્થાને પ્રાર્થનાખંડમાં યોજવામાં આવ્યો હતો. આ દિવસ ધો. 9 અને 10 ના તમામ વિદ્યાર્થીઓની કાર્યક્રમમાં હાજરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી સમયસર ઉપસ્થિત હતા. શરૂઆતમાં પ્રાર્થના અને ભજન કરવામાં ઈવ્યાં. વર્ગશિક્ષક દ્વારા શબ્દોથી અને વિદ્યાર્થિનીઓ દ્વારા ઉપસ્થિત શિક્ષકોનું પુસ્તિકા દ્વારા અભિવાદન થયું. ત્યારબાદ આચાર્યશ્રી વિદાય લેતા વિદ્યાર્થીઓની અભ્યાસનિષ્ઠાને બિરદાવી સૌને પરીક્ષાની શુભકામના પાઠવી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અરસ-પરસના લાગણી અને હૂંફભર્યા પ્રસંગો રજૂ કર્યા. કેટલાંક સંસ્મરણોએ તો સૌની આંખોને ભીંજવી દીધી. વર્ષ દરમિયાન ધો.-10 ના

વિદ્યાર્થીઓએ કરેલ પ્રવૃત્તિઓ માટેનાં પ્રમાણપત્રો તેમને આપવામાં આવ્યાં. અંતમાં, અધ્યક્ષસ્થાનેથી સ્વામીજીએ સૌ શિક્ષકોની કામગીરીને બિરદાવી. વિદ્યાર્થીઓની અભ્યાસપ્રીતિ અને શિસ્તની પ્રશંસા કરી. પરીક્ષામાં વિદ્યાર્થીઓ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી શુભકામના પાઠવી. 'શુકલપક્ષનો ચંદ્ર જેમ વૃદ્ધિ પામતો રહે છે તેવી પ્રગતિ આ વિદ્યાર્થીઓ કરતા રહો' તેવી સૌને આશિષ આપી. અંતે અલ્પાહાર લઈ સૌ છૂટાં પડ્યાં.

કાર્યક્રમના અંતે સૌએ અલ્પાહાર કર્યો. કાર્યક્રમ ખૂબ જ દબદબાભેર રહ્યો-તેની ખુશી સૌ પર છવાયેલી રહી. અંતે ભારે હૈયે સૌ વીખેરાયાં.

**સ્વાધ્યાય**

## 1. નીચેના વિષયો પર અહેવાલ-લેખન કરો :

(1) તમારા શિક્ષકનો વિદાયસમારંભ

(2) શાળામાં ઊજવાયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવ

(3) શાળાનો શિયાળુ રમતોત્સવ

(4) રસ્તા પર થયેલો નાનકડો અકસ્માત

(5) શાળામાં યોજાયેલ વિજ્ઞાનપ્રદર્શન

(6) શહેર-ગામમાં યોજાયેલ પુસ્તકમેળો

(7) અતિવૃષ્ટિ - પૂર

(8) ધોરણ 12 ના વિદ્યાર્થીઓની વિદાય

(9) ભૂકંપ

### ■ વિચાર-વિસ્તાર

કોઈપણ અર્થસભર પંક્તિ, કાવ્યપંક્તિ, સુભાષિત કે કહેવતને સરળ શબ્દોમાં અને વિસ્તારથી સમજાવવામાં આવે ત્યારે તે કાર્યને 'વિચાર-વિસ્તાર' કે 'અર્થવિસ્તાર' કર્યો કહેવાય.

આ કાર્ય કરવાના મુખ્ય ત્રણ તબક્કાઓ છે. પહેલા તબક્કામાં પંક્તિમાં રજૂ કરવામાં આવેલ મુખ્ય વિચાર કે રહસ્યને એક-બે લીટીમાં વર્ણવવું. બીજા તબક્કામાં પંક્તિમાં રહેલા ભાવાર્થને સમજાવવો. વિસ્તારપૂર્વક અને અનુરૂપ દૃષ્ટાંતોની મદદથી તેમાં રહેલા મુખ્ય ધ્વનિ(વ્યંગ્યાર્થ)ને સમજાવો. જેમાં વિચારને અનુરૂપ-અનુકૂળ અન્ય પંક્તિઓ પણ મૂકી શકાય. ત્રીજા તબક્કામાં એ વિચારમાંથી પ્રગટતા-રજૂ થતા જીવનવિષયક અર્થબોધને બે-ત્રણ લીટીમાં મૂકી આપવાનો હોય છે.

તમે પાંચમા ધોરણથી વિચાર-વિસ્તાર કરતાં આવ્યાં છો. તેમાં કઈ કઈ બાબતોનો કેવી રીતે સાંકળવી તે હવે તમે સારી રીતે જાણો છો. વળી, નિબંધ, અહેવાલ વગેરે લેખનના મુદ્દાઓમાં જે ભાષા-વ્યાકરણ વિષયક કાળજી લેવાની વાતો કરી છે-તે દરેક બાબતો આને પણ લાગુ પડે છે. એટલે આ વિષયે વિશેષ માર્ગદર્શનની જરૂર પડે જ. થોડી સારી પંક્તિઓ, જાણીતા સુભાષિતો, પ્રસંગો વગેરેની મદદથી તમે કોઈપણ લેખનને સારું અને અસરકારક બનાવી શકો. એટલે એવી અપેક્ષા તો તમારી પાસેથી આ તબક્કે પણ રહે છે.

આપણે અર્થવિસ્તારનો એક નમૂનો જોઈએ :

રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની,<br>સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમી વાદળી.

આ પંક્તિમાં કવિએ સજ્જનના સમાજ સાથેના સુરુચિપૂર્ણ વ્યવહારની પ્રશંસા કરી છે. ઉત્તમ પુરુષો પોતે કડવા ઘૂંટ ગળીને અન્યને અમૃત પીરસે છે. આ વાત સમુદ્રના ઉદાહરણ દ્વારા રજૂ કરી છે.

સમુદ્રમાં દરરોજનો કેટલા ટન કચરો ઠલવાય છે! કચરો ઠાલવવાનું સર્વસામાન્ય સ્થાન સમુદ્ર જ હોય તે રીતે માનવસમાજ તેની સાથે વ્યવહાર કરે છે. નદીઓ પણ પોતાની સાથે અઢળક મલિન પદાર્થો દર વર્ષે ઠાલવ્યા કરે છે. આ બધો જ કચરો દરિયો જાણે પ્રેમથી સ્વીકારે છે. આ મલિનતાને કારણે તેનું પાણી એકદમ ખારું બની જાય છે. ગરમી પડતાં આ

પાણીની વરાળનાં વાદળાં બંધાય છે. પણ વાદળાં વરસે છે મીઠું અમૃત જેવું પાણી! ખારાશને પોતાના ઉદરમાં સંઘરી રાખીને સાગર સૌને મીઠું પાણી મોકલે છે. આ વરસાદના અમૃત સમાન પાણી જેવી મીઠાશ બીજા શેમાંથી મળે?

દુનિયામાં સજ્જનોનું કામ સમુદ્ર જેવું છે. બીજા લોકો તેની સાથે ગમે તેવો દુર્વ્યવહાર કરે તોપણ સજ્જન પોતાની સાધુતા છોડતો નથી. તે હંમેશાં દરેક વ્યક્તિનું ભલું જ ઇચ્છે છે. 'કર ભલા તો હોગા ભલા' એ વાતમાં તેની અટલ શ્રદ્ધા છે. ભગવાન શંકર ઝેરને ગટગટાવી ગયા, અમૃત બીજાને આપ્યું. 'ભગવાન ઈસુ', 'સત્યવીર સોક્રેટિસ', 'મહાત્મા ગાંધી' આ બધાંએ કેટલાં અપમાનો સહન કર્યાં. આખી જિંદગી બીજાના ભલા માટેના પ્રયત્નો એમણે કદી છોડ્યા નહીં. અરે, પોતાના જીવન પણ હસતે મુખે આપી દીધાં. 'ઘસાઈને ઊજળા થઈએ' એ જીવનસૂત્રને આચરણમાં મૂકીને રવિશંકર મહારાજે આખી સદી પૂરી કરી, પણ ક્યારેય કડવાશ કોઈને વહેંચી નહીં.

આમ, સાગરના ઉદાહરણ દ્વારા સમાજમાં જીવતા ઉત્તમ પુરુષોની કાર્યરીતિને કવિએ ઉજાગર કરી છે. આજે પણ આવા સજ્જનો આપણી આજુબાજુ વસે છે. હા, આપણે એમને ઓળખવામાં ઘણી ભૂલ કરીએ છીએ.

## સ્વાધ્યાય

### 1. નીચેની પંક્તિઓનો અર્થવિસ્તાર કરો :

(1) કે હીનજન્મે નવ હીનમાનવ,
કે હીનકર્મે કરી હીનમાનવ.

(2) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.

(3) કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે,
પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું , વેરીશ હું.

(4) જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

(5) નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન.

(6) જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.

(7) સંત કે પયગમ્બરોનો આટલો સંતોષ છે :
ધર્મની શોભા વધે છે પ્રેમ ને બલિદાનથી.

•

# 1 અનૂદિત કાવ્યો

## 1. કબાટમાંનાં પુસ્તકો

**શંકર વૈદ્ય**

**(જન્મ : 15-6-1928; અવસાન : 23-9-2014)**

શંકર વૈદ્ય મરાઠી સાહિત્યના મોટા ગજાના સાહિત્યકાર છે. કવિ, ઉત્તમ વક્તા, વિવેચક તેમજ નિબંધલેખક એવા શંકર વૈદ્યનું કર્મક્ષેત્ર મુંબઈ-પૂના રહ્યું છે. ઈ. સ. 1971માં એમનો પહેલો કાવ્યસંગ્રહ 'કાળસ્વર' બહાર પડ્યો. એ પછી 'દર્શન' 1998 માં પ્રગટ થયો. 'આલા ક્ષણ, ઘેલા ક્ષણ' એમનું નોંધપાત્ર પુસ્તક છે. તેઓ મહારાષ્ટ્ર સરકાર, વાગ્વિલાસિની, કોંકણ-મરાઠી સાહિત્ય પરિષદ તેમજ માસ્ટર દિનાનાથ પુરસ્કારોથી નવાજાયા છે.

શંકર વૈદ્યની પ્રસ્તુત કૃતિ 'કબાટમાંનાં પુસ્તકો', ગુજરાતીમાં તેમજ અનેક ભાષાઓમાં અનૂદિત થઈ છે. હુ આ કવિતા સોરવાતાં પુસ્તકોનું હૈયું ખોલે છે. વિદૂષી અરુણા જાડેજાએ એનો સુંદર ગુજરાતી અનુવાદ આપ્યો છે.

---

પુસ્તકો સપનામાં આવે અને પૂછે,  
'તમે અમને ઓળખ્યાં કે ?'  
-વાત કરતાં કરતાં પુસ્તકો ઓગળે  
અને અથાગ પાણી થઈને છલકાતાં પૂછે,  
'તું ક્યારેય અમારામાં નાહ્યો છે કે? તર્યો છે કે?'  
પુસ્તકો પછી ઘેઘૂર વૃક્ષ થઈ જાય  
અને પૂછે,  
'અમારાં ફળ ક્યારેય ખાધાં છે કે ?  
છાયામાં ક્યારેય પોરો ખાધો છે કે ?  
પુસ્તકો ફરફરતો પવન થઈ જાય  
અને પૂછે,  
'શ્વાસ સાથે ક્યારેય અમને હૈયામાં ભર્યાં છે કે ?'  
પુસ્તકો આવું કશુંક પૂછતાં રહે  
એક પછી એક  
દરેક પ્રશ્નનો મારી પાસે જવાબ નથી હોતો  
બેસી રહું ચૂપચાપ બસ એમની સામે જોતો.  
ક્યારેક પુસ્તકો કાચના કબાટમાં જઈને બેસે  
અને કહે,  
એટલે સરવાળે તો અમારી જિંદગી ફોગટ જ ને  
પુસ્તકો મૂંગાંમંતર થઈ જાય  
ઝૂર્યે જાયે  
જાતને ઊધઈને હવાલે કરે એ-  
આખરે આત્મહત્યા કરે  
ઘરમાં ને ઘરમાં જ  
બંધ કબાટના કારાગૃહમાં !

### શબ્દાર્થ

**ઘેઘૂર** ઘટાવાળું, ઘટાદાર **ફોગટ** વ્યર્થ, નકામું

# 2. એને તું હજી વધુ આપ

**કૈલાસ બાજપેયી**
**(જન્મ : 11-11-1934)**

કૈલાસ બાજપેયી હિન્દી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર છે. તેઓ એમ.એ., પીએચ.ડી. હતા. અધ્યાપક હતા. દિલ્લી દૂરદર્શન માટે હરિદાસ સ્વામી, સૂરદાસ, જે. કૃષ્ણમૂર્તિ, રામકૃષ્ણ પરમહંસ અને બુદ્ધના જીવન પર ફિલ્મો તૈયાર કરી. ભારતીય દૂરદર્શનના હિન્દી સલાહકાર સમિતિના સભ્ય હતા. 'આધુનિક હિન્દી કવિતામાં શિલ્પ' વિષય પર ડૉક્ટરેટ પ્રાપ્ત કરી. સંક્રાન્ત (1964), દેહાંત સે હટકર (1968), તીસરા અંધેરા (1972), મહાસ્થાન કા મધ્યાન્તર (1980), સૂફીનામા (1992), હવા મેં હસ્તાક્ષર (2005), શબ્દ સંસાર (2006), અનહદ (2007) એમના કાવ્યસંગ્રહો છે. તેમને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે.

આ કાવ્યમાં દાનના મહત્ત્વ કરતાંયે દાનપાત્ર વ્યક્તિની દાનત વધુ ધારદાર રીતે રજૂ થઈ છે. ભિખારી જેવા સામાન્ય માણસની વૈચારિક ઊંચાઈ તેને મહાન બનાવી, કાવ્યને ચિરંજીવ કરે છે. ભિખારીને રોજ કશુંક આપતી વખતે, ભિખારી આકાશ તરફ જોઈ, ઈશ્વરનો આભાર માનતો હોવાનું લાગતાં કાવ્યનાયક છંછેડાય છે. આભાર તો મારો માનવો જોઈએ- એવું માનતા નાયકને ભિખારીનો જવાબ સામાન્ય માણસમાં રહેલી ઉદાત્ત ભાવનાનો પરિચય કરાવે છે. 'જે મને આપે છે, એને તું હજી વધુ આપ' એવી ભિખારીની પ્રાર્થનામાં 'કર ભલા તો હોગા ભલા'નો ભાવ રહેલો છે. તમે જેની પાસે કોઈ અપેક્ષા નથી રાખી એ પણ તમારા ભલા માટે પ્રાર્થના કરતો હોઈ શકે એ સત્ય અહીં પ્રગટ્યું છે. ભિખારીની આ પ્રાર્થના એના ભિખારીપણાને અતિક્રમી જાય છે.(મિટાવી દે છે!) સર્જકે આથી જ, આખા કાવ્યમાં ક્યાંય 'ભિખારી' શબ્દ નથી પ્રયોજ્યો એ કાવ્યની વિશેષતા છે. કાવ્યનો અનુવાદ નલિની માડગાંવકરે કર્યો છે.

---

મેલાંઘેલાં કપડાંવાળો તે
રસ્તાના વળાંક પર
મને રોજ દેખાતો.
હું પણ ક્યારેક ક્યારેક
મારી પાસેના સિક્કાઓ
મૂકતો એની
નાનકડી હથેળીમાં.
એ દર વખતે
આભારવશ ભીની આંખોથી
આકાશ તરફ જોતો.
એક દિવસ મેં છંછેડાઈને પૂછ્યું,
'અલ્યા, દેનારો તો હું છું -
અને તું ઊંચે જોઈને
કોને, શું કહે છે ?'
'જે મને આપે છે,
એને તું હજી વધુ આપ'
પીળી આંખોવાળાએ જવાબ આપ્યો.

### શબ્દાર્થ

**આભારવશ** આભારના ભાવવાળું **છંછેડાઈને** ચીડાઈને (અહંકારને ઈજા થતાં)

# 2 રોજિંદા જીવનનું વ્યાકરણ

નગીનદાસ પારેખ 'ગ્રંથકીટ'

(જન્મ : 30-8-1903; અવસાન : 19-1-1993)

વિવેચક અને અનુવાદક એવા નગીનદાસ નારણદાસ પારેખ 'ગ્રંથકીટ'નો જન્મ વલસાડમાં થયો હતો. વલસાડની આવાંબાઈ હાઈસ્કૂલમાં શિક્ષણ લીધું. રાષ્ટ્રીય શાળામાં જોડાયા. વિદ્યાપીઠમાં આચાર્ય ગિદવાણી, શ. વિ. પાઠક, કાકા કાલેલકર, ધર્માનંદ કોસંબી, પંડિત સુખલાલજી જેવા વિદ્યાસ્વામીઓનો લાભ મળ્યો. વિવેચન, સંપાદન તેમજ વિશ્વસનીય અનુવાદો ગુજરાતી ભાષા-સાહિત્યની વિશિષ્ટ ઉપલબ્ધિ ગણાય છે. એમનાં દોઢસો જેટલાં પુસ્તકોમાંથી નેવું જેટલાં પુસ્તકો માત્ર અનુવાદનાં છે. બંગાળી કૃતિઓમાં તેમજ કાવ્યશાસ્ત્રોના ગ્રંથોના નોંધપાત્ર અનુવાદો તેમણે આપ્યા છે. મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ ટાગોરની સંસ્થાઓમાં તેમણે અભ્યાસ કર્યો તેથી ગાંધી-રવીન્દ્ર પ્રીતિ એમના જીવન-કથનમાં ગૂંથાયેલા જોવા મળે છે.

પ્રસ્તુત લેખ 'રોજિંદા જીવનનું વ્યાકરણ' ગાંધીજીના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશેનો છે. પોતાની ઊણપોને દૂર કરીને, ગાંધીજીએ પોતાના સદ્ગુણોને આખી પ્રજામાં કેવી રીતે વ્યાપક બનાવ્યા તેની વિગતો નગીનદાસ પારેખે આ લેખમાં આપી છે.

---

ગાંધીજીને આપણે મહાત્મા કહીએ છીએ, રાષ્ટ્રપિતા કહીએ છીએ. હજારો વર્ષે અવતરતી વિરલ વિભૂતિ કહીએ છીએ અને એમાં સત્યનો અપલાપ પણ નથી. એમણે પોતાના એક ટૂંકા જીવન દરમિયાન અનેક જીવનોનાં કાર્યો પતાવ્યાં. તેમાંનાં કેટલાંક તો સાચે જ મહાન કાર્યો હતાં. ભારત જેવા વિશાળ દેશને બ્રિટિશ સલ્તનત જેવી પ્રચંડ સત્તાની નાગચૂડમાંથી છૂટવામાં મદદ કરી. ભારતની સ્ત્રીઓને જાણે જાદુથી ન હોય એમ જોતજોતામાં પુરુષોની હરોળમાં મૂકી દીધી અને અણુ શસ્ત્રથી ત્રસ્ત જગતને આત્મબળનું હથિયાર અર્પ્યું. એમણે ભારતને સ્વરાજનો એક નકશો પણ આપ્યો હતો, જેને આજે આપણે વિસારે નાખ્યો છે. પણ હું આજે એમનાં આ બધાં મોટાં અને મહત્ત્વનાં કાર્યો વિશે બોલવાને બદલે એમના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશે જ બે વાત કહેવા માગું છું. એ આગ્રહોને આપણે રોજિંદા જીવનનું વ્યાકરણ કહીએ તોય કંઈ ખોટું નથી.

ગાંધીજી સાચા અર્થમાં લોકનેતા હતા. તેઓ લોકોથી દોરાતા નહોતા. લોકોને દોરતા હતા. એમણે આપણા જીવનમાં કેટલીક ઊણપો જોઈ હતી અને એમના ઇંગ્લૅન્ડવાસે બધીનું એમને તીવ્ર ભાન કરાવ્યું હતું. અને તે ઉપરથી એમણે પ્રચંડ પુરુષાર્થપૂર્વક પોતાના જીવનમાંથી એ ઊણપોને દૂર કરી નવી ટેવો પાડી હતી અને આપણી આખી પ્રજામાં તેને વ્યાપક બનાવવા તેઓ જીવનભર મથ્યા હતા. પોતાની પ્રયોગશાળારૂપ આશ્રમોમાં એમણે આ બધા આગ્રહો ઉપર ખૂબ ભાર મૂક્યો હતો અને જાહેર જીવનમાં પણ તેઓ એ બાબતોનો આગ્રહ રાખતા રહ્યા હતા.

(1) આવો પહેલો આગ્રહ છે સમયપાલનનો. આપણા દેશમાં જાહેર કરેલ સમયે કોઈ સભાનું કામ ભાગ્યે જ શરૂ થતું. આજે પણ હંમેશાં થાય જ છે એમ નથી બનતું. સેંકડો કે હજારો માણસોનો સમય બગડે એની જાણે આપણને કિંમત જ નથી. એમાં સભામાં સમયસર આવનારનું અપમાન છે. તેમને વગર કારણે સજા થાય છે. એ પણ આપણને સમજાતું નથી. પણ ગાંધીજી આ બાબતમાં ખૂબ ચાનક રાખતા હતા. જે સમય જાહેર થયો હોય તે સમયે કાર્ય શરૂ થવું જ જોઈએ એવો એમનો આગ્રહ રહેતો. ગોધરામાં અંત્યજ પરિષદ મળી ત્યારે ઘણે ભાગે લોકમાન્ય તિલક અર્ધો કલાક મોડા આવ્યા હતા. તે જ વખતે ગાંધીજીએ કહ્યું હતું કે, 'સ્વરાજ અર્ધો કલાક મોડું થયું!'

1927માં તેઓ વિદ્યાપીઠમાં દર અઠવાડિયે એક સમય લેતા હતા. એકવાર સમય પતાવી બહાર આવ્યા ને બીજું કોઈ વાહન નહોતું એટલે સાઇકલ માગી તેના પર સવાર થઈ આશ્રમ ઊપડી ગયા! ત્યાં કોઈને મળવાનો સમય નક્કી થયેલો હતો. આફ્રિકામાં સાઇકલ વાપરી હશે ત્યાર પછી અનેક વર્ષો ફરી સાઇકલ પર બેઠા. એકવાર દક્ષિણના પ્રવાસ દરમિયાન તો કોઈ મુકામે પહોંચ્યા. ત્યાંથી સભાસ્થાન થોડું દૂર હતું. એટલે એમણે વ્યવસ્થાપકો પાસે જાણી લીધું કે પગે ચાલીને ત્યાં જતાં કેટલો સમય લાગે છે. સભાનો સમય થવા આવ્યો એટલે એમણે ઊપડવાની તૈયારી કરી, પણ કોઈ વાહન હજી આવ્યું નહોતું એટલે એમણે પગપાળા જ ચાલવા માંડ્યું અને સમયસર સભામાં પહોંચી ગયા આવો હતો એમનો સમયપાલનનો આગ્રહ.

સમયપાલનનો એક બીજો અર્થ પણ થાય છે અને તે એ કે નીમેલ વખતે નીમેલું કામ કરવું. અમુક વખતે ઊઠવું, અમુક વખતે ફરવા જવું. અમુક વખતે ઉપાસના કરવી, અમુક વખતે ભોજન લેવું. અમુક વખતે મુલાકાત આપવી. વગેરે આ બધું પણ

તેઓએ ખૂબ કાળજીપૂર્વક પાળતા. જેને જે વખતે મુલાકાતનો સમય આપ્યો હોય તેને તે વખત અંદર બોલાવતા અને સમય પૂરો થતાં ઘડિયાળ બતાવતા. આટલા બધા કામગરા હતા છતાં એમણ૧રે કદી ઉપાસના કે ફરવાનું છોડ્યું હોય એવું બન્યું નથી. સવાર-સાંજ ફરવા જવાનો સમય એમણે જીવનભર અત્યંત ચીવટપૂર્વક પાળ્યો હતો. વિલાયત ગયા હતા ત્યારે ત્યાંની ઠંડી અને ધુમ્મસમાં પણ તેઓ ફરવા નીકળતા હતા અને તેઓ શરીર પ્રત્યેની પોતાની ફરજ સમજતા હતા. જે શરીર પાસે આપણે કામ લેવાનું છે તેના સ્વાસ્થ્ય માટે આવશ્યક એવો વ્યાયામ એને આપવો જ જોઈએ અને એની પાછળ ખરચેલો સમય બગડ્યો એવું એમણે કદી માન્યું નથી એને તેઓ શરીરરૂપી ઘોડાને ખરેરો કર્યા બરોબર ગણતા હતા.

સમયપાલનનો એક ત્રીજો પણ અર્થ છે. કામ કરવાનું નક્કી કરે ત્યારે ઘણી વાર તે પૂરું કરવાનો સમય પણ નક્કી કરતા હતા. આને લીધે એ કામ તાકીદનું એવી ભાવના સૌના મનમાં જાગતી હતી એને તેથી સૌ પોતાની બધી શક્તિ તેમાં રેડવા પ્રેરાતા હતા. એમણે લોકમાન્ય તિલકના અવસાન પછી એક કરોડ રૂપિયા ભેગા કરવાનો સંકલ્પ જાહેર કર્યો તેની સાથે જ તે કામ અમુક દિવસે પૂરું થવું જોઈએ એ પણ જાહેર કર્યું અને એથી આખા રાષ્ટ્રે તનતોડ મહેનત કરી એ દિવસે સાંજ સુધીમાં એ રકમ પૂરી કરી પણ ખરી. વિદ્યાપીઠને એમણે જોડણીકોશ રચવાનો આદેશ કર્યો તે સાથે જ કોશ એમને અમુક દિવસે મળવો જોઈએ એવું પણ જણાવ્યું. અને એ ઠરાવેલ દિવસે-રાતે એઓ અમદાવાદ સ્ટેશનેથી પસાર થવાના હતા. એટલે કોશની પહેલી નકલ એમને પહોંચાડવા માટે કાકાસાહેબ, નરહરિભાઈ વગેરે ગયેલા એ હજી મને યાદ છે.

(2) એમનો બીજો આગ્રહ સ્વચ્છતા વિશેનો હતો. અસ્વચ્છતા એ આપણા દેશનો વ્યાપક રોગ છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છતા હોય છે. પણ સામૂહિક જીવનમાં જોવા મળતી નથી. આપણે આપણા ઘરનો કચરો કાઢી-પડોશી કે સામાના આંગણામાં નાખીએ છીએ, આપણે કેરી ખાઈને છાલ-ગોટલા સામાના આંગણામાં પધરાવીએ છીએ, દાતણ કરીને ચીરીઓ સામે નાખીએ છીએ. આમ આપણે પરસ્પર સહકારથી ગંદા રહીએ છીએ. આ આપણી અસ્વચ્છતા સામે ગાંધીજી જીવનભર ઝૂઝ્યા. ઠેઠ આફ્રિકાથી એમણે આ ઝુંબેશ શરૂ કરી હતી. એમણે સ્વચ્છ જીવનનો કેવળ ઉપદેશ જ ન કર્યો એના દાખલા પૂરા પાડ્યા. એમના બધા જ આશ્રમોમાં અને બીજી સંસ્થાઓમાં સ્વચ્છતાનો આગ્રહ સદા સેવાતો. સ્વચ્છતા શી રીતે જળવાય એનો વિચાર કરી એમણે જીવનપદ્ધતિ અને સાધનો પણ ઉપજાવી કાઢ્યાં અને તેનો પ્રચાર કર્યો. પાયખાના અને મૂતરડીઓ, રસોડાં અને ખાતરના ખાડા કેવા હોય અને કેમ સ્વચ્છ રખાય એમણે પ્રત્યક્ષ કરી બતાવ્યું અને તેનો સર્વત્ર આગ્રહ રાખ્યો. જાજરૂની સફાઈને એમણે સંસ્થાની કસોટી બનાવી મૂકી. એમનું પોતાનું જાજરૂ એટલું સ્વચ્છ રહેતું કે એઓ ઘણું વાચન ત્યાં જ કરતા એક વાર શ્રીનિવાસ શાસ્ત્રી આશ્રમમાં આવેલા તેમને આશ્રમનાં જુદાં જુદાં સ્થાનો બતાવ્યાં તેમાં ગાંધીજીનું પાયખાનું પણ બતાવ્યું. તેમાં તે વખતે ખૂબ ચર્ચાતો ફિસ્કલ કમિશનનો અહેવાલ પડ્યો હતો, તે જોઈને શ્રી શાસ્ત્રીએ પૂછ્યું કે ગાંધીજી કાગળ વાપરે છે? ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે ના, એઓ અહીં એ વાંચે છે. ગાંધીજીનું પાયખાનું 'લાઈબ્રેરી' નામે પણ ઓળખાતું એનું આ કારણ છે.

(3) સ્વચ્છતા પછી સુઘડતા. સુઘડતા એટલે ઉપરની ટાપટીપ નહિ. પણ એકેએક ઝીણાંમાં ઝીણું કામ પણ વ્યવસ્થિત અને સફાઈબંધ રીતે કરવું તે. કાગળ ફાડવો હોય તોયે તે વ્યવસ્થિત રીતે ફાડવો જોઈએ. કાગળની ગડી કરવી હોય તો તે બરાબર ખૂણેખૂણો મળી રહે એ રીતે વાળવી જોઈએ. કૂતરાના કાનની પેઠે ખૂણા બહાર દેખાય એમ નહિ. ગાદી ઉપર ચાદર પાથરવી, ધોતિયું પહેરવું, ટોપી પહેરવી.- બધામાં જ આ ચીવટ અને સફાઈનો તેઓ આગ્રહ રાખતા. પોતે તો માત્ર લંગોટ પહેરતા હતા, પણ ખૂબ વ્યવસ્થિત રીતે પહેરતા અને તેને ઘટતે સ્થાને પિન લગાવતા કે જેથી અવ્યવસ્થિત થાય નહિ. એમને કદી કોઈએ જથરપથર કે અવ્યવસ્થિત જોયા નથી. શ્રી નરહરિભાઈ એક વાત કહેતા. આશ્રમની જમીનને અંગે કલેક્ટરને કે કમિશનરને મળવા જવાનું હતું. શ્રી નરહરિભાઈ અને મહાદેવભાઈ તરત તૈયાર થઈ ગયા. પણ ગાંધીજીએ કહ્યું : 'જુઓ, સાંભળો, હજામત કરીને જજો.'

(4) એ પછી સફાઈ અને કરકસર આવે. ગાંધીજીએ પોતાને ગરીબ ભારતના પ્રતિનિધિ માનેલા એટલે પોતાનું જીવન પૂરી સાદાઈથી એમણે વિતાવ્યું. પોતાની જાત માટે ઓછામાં ઓછાં સાધનો લેવાં, અનાવશ્યક કશું જ ન રાખવું એવો એમનો સતત આગ્રહ હતો. એમણે લંગોટ પહેરવો શરૂ કર્યો તેની પાછલ દરિદ્રનારાયણ સાથે તાદાત્મ્ય સાધવાની ભાવના રહેલી હતી. ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરવી. એમાં પણ એ જ ભાવના હતી. ગોળમેજી પરિષદ માટે વિલાયત ગયા ત્યારે પણ પોતાનો વેશ એ જ રાખ્યો અને શહેનશાહને પણ એ જ વેશે મળ્યા. ત્યાં એમને માટે મીરાંબહેને બજારમાંથી મધ મંગાવ્યું, તો તેમની ધૂળ કાઢી

નાખી, વિલાયત જવા ઊપડ્યા ત્યારે સાથે, મહાદેવભાઈ, પ્યારેલાલ, દેવદાસ વગેરેએ મિત્રોની સલાહસૂચના અને સહાયથી ચામડાની બેગો ભરીને સામાન લીધો હતો. સ્ટીમર ઊપડ્યા પછી ગાંધીજીએ ઝડતી શરૂ કરી અને જે પુણ્યપ્રકોપનો ધોધ વહેવડાવ્યો તે આ બધાનાં આંસુથી પણ ઠર્યો નહિ. એડનથી બધી ટ્રંકો અને વધારાનો સામાન પાછો દેશ મોકલ્યો ત્યારે જ જંપ્યા.

'હું ભારતના દીનજનોનો પ્રતિનિધિ. મારા મંત્રીને કાગળ રાખવા ચામડાની બેગ શા સારું જોઈએ ? ખાદીની થેલી કેમ ન ચાલે?' વગેરે, વગેરે. ગોળમેજીમાં પણ એમણે સ્પષ્ટ કહેલું કે દરિદ્રનારાયણોના હિતની આડે આવતું કોઈપણ હિત સાચવવાની હું બાંયધરી આપતો નથી. યરવડા જેલમાં સરદાર વલ્લભભાઈ પટેલ ગાંધીજી માટે ખજૂર ધોઈને તૈયાર કરતા. પંદર પેશી લેવાનો નિયમ હતો. વલ્લભભાઈ કોઈવાર સત્તર સરકાવી દેતા તો ઠપકો સાંભળવો પડતો. પોતે પાછળથી પાણી પણ શીશીમાં લઈને વાપરતા, જેથી નકામો વ્યય ન થાય. પોતા ઉપર આવેલા પત્રોની પાછલી કોરી બાજુનો પણ ઉપયોગ કરતા.

પણ આ કંજૂસાઈ નહોતી. જ્યાં જરૂર હોય ત્યાં એ હજારો વાપરતાં પણ અચકાતા નહિ. આશ્રમમાં પણ માંદાં જ માટે ફળ જરૂર આવવાનાં. એકવાર બંગાળની પ્રાંતિક પરિષદમાં હાજર રહેવાનું એમણે દેશબંધુદાસને વચન આપ્યું હતું તે પાળવા સ્પેશિયલ ટ્રેન જોડાવીને પણ ગયા હતા. 'યંગ ઇન્ડિયા' કે 'હરિજન' માટે ઘણી વાર આખા લેખો તારથી મોકલતા. એટલું જ નહિ. કોઈ વાર જરૂર પડ્યો સુધારા પણ તારથી કરાવતો એમને નકામો ખર્ચ કે ઉડાઉપણું નહોતું લાગતું. પણ પોતે જેને ન્યાય ન માને એવી એક પાઈને પણ મંજૂર ન કરતા. 1944માં જ્યારે પાર્લમેન્ટરી કમિશન આવ્યું ત્યારે એઓ ઉરુળીકાંચન હતા. કમિશનની ઇચ્છા તરત જ એમને મળવાની હતી એટલે તેમણે ખાસ વ્યવસ્થા કરી લશ્કરી વિમાનમાં શ્રી સુધીર ઘોષને પૂના મોકલ્યા. એમણે ગાંધીજીને દિલ્લી જવા રાજી કર્યા અને એમને માટે વાઈસરૉયે આપેલી સૂચના પ્રમાણે સ્પેશિયલ ટ્રેન જોડાવી અને એમ ગાંધીજી દિલ્લી પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી પોતાની સાથે તેર માણસો હતા તેમનું ત્રીજા વર્ગનું ભાડું ગણી તેટલી રકમ વાઈસરૉયના અંગત મંત્રીને આપવા સુધીર ઘોષને મોકલ્યા. મંત્રી તો આભો જ થઈ ગયો. 'હું અહીં રેલવેનું ભાડું ઉઘરાવવા બેઠો છું! કોણ એની પાસે ભાડું માગે છે?' છતાં આગ્રહ થયો એટલે તેણે રેલવે બોર્ડને પુછાવી જણાવ્યું કે ભાડું આપવું જ હોય તો આ પ્રવાસનું પૂરું ખર્ચ 18000 થાય છે. સુધીર ઘોષે જઈ વાત કરી, તો કહે, ના હું ત્રીજા વર્ગનું સામાન્ય ભાડું જ આપું. હું આવ્યો હોત તો એ રીતે જ આવત. પણ વાઈસરૉયે સ્પેશિયલ જોડાવી એનું ખર્ચ હું શાનો ભોગવું? અને મારે એના ઓશિયાળા થવું નથી એટલે મારું રીતસરનું ભાડું તો આપવાનો જ. એમણે પોતાને હિસાબે થતું ભાડું જ મોકલ્યું અને તે પેલાએ મૂંગે મોઢે લઈને રેલવે બોર્ડને - મિ. ગાંધી તરફથી સલામ સાથે એમ કહીને મોકલી આપવું પડેલું.

(5) એની સાથે હિસાબની ચોકસાઈ પણ સંકળાયેલી છે. એમણે ઘણે ભાગે આત્મકથામાં લખેલું છે કે ચોખ્ખો હિસાબ એ કોઈપણ સંસ્થાનું નાક છે. જાહેર નાણાંની પાઈએ પાઈ જે હેતુ માટે આવી હોય તે હેતુ માટે જ અને પૂરતી કરકસરપૂર્વક વપરાય એ વિશે એમનો આગ્રહ ખૂબ જાણીતો છે. એઓ પોતે દક્ષિણ આફ્રિકાથી જ્યારે પ્રતિનિધિમંડળ તરીકે વિલાયત ગયા હતા, ત્યારની હિસાબની નોંધ હજી મોજૂદ છે. એમાં ઘોડાગાડીનો, છાપાં ખરીદ્યાનો, ચા-નાસ્તાનો, ટપાલનો એવો ઝીણો ઝીણો ખર્ચ પણ વિગતે નોંધેલો છે. પરચૂરણ ખર્ચ જેવું કોઈ ખાતું જ એમાં નથી. તદ્દન નજીવીની રકમ માટે એમણે પૂ. કસ્તૂરબાને પણ 'નવજીવન'ને પાને ચડાવ્યાં હતાં. બીજા સાથીઓને પણ છોડ્યા નહોતા. સંસ્કૃતમાં એક કહેવત છે કે योऽर्थे शुचिर्हि स शुचिः એ તેઓ અક્ષરેઅક્ષર પાળતા હતા.

•

# 3 આભાર માન

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

(જન્મ : 16-10-1955)

ગઝલકાર રાજેશ જટાશંકર વ્યાસ 'મિસ્કીન' એમ.એ; પીએચ.ડી. થયા છે. 'ગુજરાતી ગઝલ તેના વિવિધ પરિપ્રેક્ષ્યમાં' વિષય ઉપર મહાનિબંધ લખ્યો છે. 'છોડીને આવ તું', 'કોઈ તારું નથી','એ પણ સાચું આ પણ સાચું', 'પહેલી નજર,' 'બદલી જો દિશા', 'એ ઓરડો જુદો છે' - એમના ગઝલસંગ્રહો છે. એમણે સંપાદનો કર્યાં છે, તેમજ આધ્યાત્મિક કાવ્યવિવેચનક્ષેત્રે પણ ખેડાણ કર્યું છે. અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. 'હરીન્દ્ર દવે એવોર્ડ', 'વલી ગુજરાતી એવોર્ડ' તેમજ 'કુમાર સુવર્ણચન્દ્રક' પ્રાપ્ત થયા છે.

પ્રસ્તુત ગઝલ 'આભાર માન'માં કવિ જીવનનો મહિમા કહે છે. જીવનમાં જે મળ્યું છે તેનો સહજ સ્વીકાર કરી, પરમાત્માનો આભાર માની આભારવશ થવામાં જીવનનું પુણ્ય છે એવો સંદેશ પણ પાઠવે છે.

---

કૈંકને દુર્લભ છે શ્વાસો જે મફત વહેતી હવા,
શ્વાસ તારાથી સહજ લેવાય છે ? આભાર માન.

કૈંકની મૃત્યુથી બદતર છે પરિસ્થિતિ અહીં,
ટૂંકમાં બહેતર જીવન જિવાય છે, આભાર માન.

કૈંકને દૃષ્ટિ નથી ને કૈંકને જોતાં ધૂંધળું,
આંખથી ચોખ્ખું તને દેખાય છે ? આભાર માન.

જ્ઞાનતંતુની બીમારી ને હૃદયની કોઈને,
આ જગત સ્પર્શાય છે ? સમજાય છે ? આભાર માન.

કૈંક ઉબાઈ ગયા છે કૈંક પાગલ થઈ ગયા,
જીવવાનું મન પળેપળ થાય છે ? આભાર માન.

એકસરખું જો હશે કૈં પણ તો કંટાળી જઈશ,
વત્તુંઓછું જો હૃદય હરખાય છે, આભાર માન.

જીભના લોચા નથી વળતા ન દદડે આંસુઓ,
હોઠ આ ફફડે છે તો બોલાય છે ? આભાર માન.

વ્હેણ સુકાયાં નથી ને અવસરે શોભે હજી.
આંસુઓ પણ પાંચમાં પુછાય છે, આભાર માન.

કાલમાં સૌ જીવનારા હોય છે પરવશ ફક્ત,
આજ આ આભારવશ થઈ જાય છે, આભાર માન.

**શબ્દાર્થ**

**દુર્લભ** સહેલાઈથી ન મળે તે **બદતર** ખરાબ **અવસર** પ્રસંગ

# 4 કાન

**મધુરાય**
**(જન્મ : તા.19-7-1942)**

વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર મધુસૂદન વલ્લભદાસ ઠાકરનો જન્મ જામખંભાળિયામાં થયો હતો. 'મધુરાય' તેમનું તખલ્લુસ છે. માધ્યમિક સુધીનું શિક્ષણ દ્વારકામાં લીધું હતું. કલકત્તામાં તેમણે શિક્ષણ લીધું. કલકત્તાના દીર્ઘ-નિવાસ દરમિયાન વિવિધ ભાષા પર પ્રભુત્વ મેળવ્યું. સાંસ્કૃતિક આદાન-પ્રદાન યોજના અન્વયે અમેરિકા જઈ તેમણે રંગભૂમિની વિશિષ્ટ તાલીમ લીધી. થોડો સમય અમદાવાદમાં રહી 'આકંઠ સાબરમતી' નામની નાટ્યસંસ્થાની સ્થાપના કરી.

'બાંસી નામની એક છોકરી', 'રૂપકથા', 'કાલસર્પ' એ તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. 'ચહેરા', 'કિમ્બલ રેવન્સવુડ' 'કલ્પવૃક્ષ', 'કામિની', 'સભા' અને 'સાપબાજી' એ એમની પ્રયોગશીલ નવલકથાઓ છે. નાટ્યક્ષેત્રે પણ મધુરાયે અનેક પ્રયોગો દ્વારા પોતાની સર્જક પ્રતિભાનો અને નાટ્યદિગ્દર્શનની સૂઝનો પરિચય આપ્યો છે. 'કુમારની અગાસી', 'કોઈ એક ફૂલનું નામ બોલો તો', 'આપણે ક્લબમાં મળ્યા હતા', અને 'સંતુ રંગીલી', 'ખેલંદો (રૂપાંતર) જેવાં નાટકોએ ગુજરાતી રંગભૂમિનું આકર્ષણ વધાર્યું છે. 'અશ્વત્થામા' એમનો એકાંકીસંગ્રહ છે. 'આકંઠ' ત્રેવીસ પ્રયોગશીલ અભિનય અખતરારૂપ નાટકોનું ચયન-સંપાદન છે. પત્રકારત્વના ક્ષેત્રમાં પણ તેમનું અર્પણ છે. નર્મદચંદ્રક અને રણજિતરામચંદ્રક દ્વારા તેમની સર્જકતાનું બહુમાન થયું છે.

'કાન' મધુરાયની નોંધપાત્ર રચના છે. ખાસ તો એમાંનો ધારદાર વ્યંગ ઉપહાસને કારણે હરિયાને રંગમહેલ આગળ ઊભો રાખી એક કાકાએ માથે હાથ ફેરવી આશીર્વાદ આપતાં કહેલું , 'તારો કાન બહુ મજાનો છે, બેટા !' આખા રસ્તે હરિયો આ વાત પર હસતો હસતો ઘેર જાય છે, 'કાન' વિધ પ્રસંગો, વિવિધ વ્યક્તિઓ દ્વારા વિડંબના પામે છે. હરિયાના કાનનાં વખાણ વધતાં જાય છે. હરિયો નહીં, પરંતુ તેનો કાન અને તે પણ એક જ કાન એની પ્રતિષ્ઠારૂપ બનતો જાય છે. હવે હરિયો, હરિયો મટી 'હરિશ્ચંદ્રસાહેબ' બને છે. પ્રારંભે હરિયો પરંપરાગત સંસ્કારોને કારણે આ નવી સર્જાયેલી પરિસ્થિતિ પર હસતો રહે છે, પરંતુ પછી તો એ કાનના સહારે જીવન ગબડાવતો થાય છે અને કાનના માહાત્મ્યને સ્વીકારતો જાય છે. અહીં હરિયાનું પાત્ર સ્વયં એક વિધિવક્રતારૂપ ચરિત્ર બનતું જાય છે. આમ, ધીરે ધીરે હરિયાની વૈયક્તિકતા ગૂંચવાતી જાય છે. આ વિડંબનાપૂર્ણ પરિસ્થિતિને હરિયો એક પરિતૃપ્તિ તરીકે સ્વીકારી લે છે. જેમાં એના જીવનની કરુણ અસંગતિનું દર્શન થાય છે.

---

હરિયો રોજ નદીએ નહાવા જતો, અને પાછો આવતો ત્યારે રસ્તામાં જેલ આવતી અને બારીઓમાં કેદીઓને જોયા કરતો. નદીનું નામ હતું ઘી નદી. હરિયાના ગામમાં બે નદીઓ હતી - ઘી નદી અને તેલ નદી.

એક દિવસ નહાઈને હરિયો ઘરે આવતો હતો ત્યારે રંગમોલ નિશાળ આગળ એક જણાએ એને ઊભો રાખ્યો : 'અલ્યા, ત્રંબકનો છોકરો ને?' હરિયાએ હા પાડી : 'હા- કાકા.' કાકાએ એને માથે હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપ્યા. હરિયાનો કાન લાલ થઈ આવ્યો. કાકાએ કહ્યું : 'તારો કાન બહુ મજાનો છે, બેટા!'

હરિયાને હસવું આવ્યું, કાન મજાનો છે એ તે કાંઈ કહેવાની વાત છે? હરિયો આખા રસ્તે હસતો હસતો ઘેર ગયો.

હરિયો શિરાવા બેઠો હતો, અને કોઈએ બારણું ઠોક્યું. હરિયાની માએ એને એક પતાસું આપ્યું હતું. એને બટકું ભર્યું ત્યાં તો ઓસરીમાં બે જણ આવેલા દીઠા. બેય જણ હરિયાની માને મળ્યા, અને હસી હસીને વાત કરવા માંડ્યા, હરિભાઈ, હરિભાઈ કહીને એની પાસે બેસી ગયા, 'ચાલો તમને દાકતર સાહેબ બોલાવે છે. તમારો કાન કેવો સરસ છે!' હરિયો બાડિયું પહેરીને દાક્તર સાહેબ પાસે ગયો. દાક્તર તો નામના દાક્તર હતા, અને મોટે ભાગે ગામના લોકોના સલાહકાર મનાતા. દાક્તરે હરિયાને પાસે બેસાડ્યો, 'તમારા કાન વિષે કાંઈ બોલોને?' હરિયાને થયું કે આ કાનનું શું છે? એણે કહ્યું : 'મને કાનમાં તો કંઈ વાંધો નથી.' બધા હસી પડ્યા. હરિયાને થયું, એમાં હસવાનું શું છે. હરિયાએ જોયું તો કાન તો બરાબર હતો. હરિયો પણ હસી પડ્યો. 'તમને કાનની પ્રેરણા કઈ રીતે મળી?' દાક્તર સાહેબે આડીઅવળી વાતો કરી, 'અહીં આવતા રહેજો, હરિભાઈ.'

અને હરિયાને થયું કે, આ થયું છે શું ? 'હરિભાઈ' વળી શું ? અને હરિભાઈ ગિરનારા કરીને એક કાકા બીજા ગામમાં હતા, એટલે હરિયાને 'હરિભાઈ' નામ બહુ ગમ્યું પણ નહીં. એણે કહ્યું : મને 'હરિભાઈ કેમ કહો છો?' તો બધા ફરીથી દાંત કાઢવા લાગ્યા. કોઈએ ભાવથી કહ્યું : 'હરિભાઈનું આખું નામ તો હરિશ્ચંદ્ર ત્રંબકલાલ છે.' કોઈએ વળી હરિયાનો કાન દેખાય એવી રીતે એના ફોટા પણ પાડ્યા, અને છાપામાં પણ હરિયાના કાનનાં વખાણવાળા ફોટા પણ છપાયા. હરિયાએ અરીસામાં જોયું. આ વળી કાનનું શું છે?

રંગમોલ નિશાળમાં એક નવો છોકરો ભણવા આવ્યો હતો અને એના બાપુજી નિશાળમાં આવીને ગંજીફરાક મફત ઈનામમાં વહેંચતા હતા. હેડમાસ્તરે હરિયાને બોલાવીને બેસાડ્યો, હરિયો ભારમાં મોઢું રાખીને બેઠો. હરિયાની ઓળખાણ કરાવી. ગંજીફરાક હરિયાના હાથે વહેંચાય એવું નક્કી થયું. હરિયાને થયું, આય વળી નવું!

નિશાળની બહાર ખારી-મમરાવાળા બેસતા અને હરિયાને વાપરવા માટે રોજ બે પૈસા મળતા. હરિયો કોકવાર બે દિવસનો ભેગો એક આનો વાપરતો અને બીજે દિવસે હડી કાઢીને ઘેર જઈને ખાઈ લેતો. હરિયાને બપોરે બહુ ભૂખ લાગતી. એક દિવસ એક આનાના મમરા લીધા તે બહુ તીખા લાગ્યા. એણે મમરાવાળાને કહ્યું : 'ધનજીભાઈ, મમરા બહુ તીખા છે.' ધનજીભાઈએ કહ્યું : 'અટાણ સુધી તો કોઈની રાડ નથી આવી. તારી આ પહેલી રાડ છે.' પણ ત્યાં ધનજીભાઈએ એનો કાન જોઈ લીધો અને ભાવથી બીજા એક આનાના મોળા મમરા મફત કરી આપ્યા, હરિયાએ તીખા પાછા દઈ દીધા. ભારી કામ થઈ ગયું ગધેડીનું... હરિયો રાજી થઈ ગયો.

મલક આખું હરિયાના કાનની વાત કરતું અને હરિયાને ખબર પડતી નહીં કે બધાને છે એવો કાન મને છે. એમાં બધા આટલું બધું મોણ કેમ નાખે છે? બધા ઘરે આવીને માની પાસે પોતાના છોકરાંવની રાવ ખાતા અને હરિયાનાં વખાણ કરતાં; હરિયાના નહિ, હરિયાના કાનના.

હરિયાના મામા હરિયાને જામનગર તેડી ગયા. મામી બાજરીમાં ધનેડાં ચડી ગયાં હતાં તે વીણતાં હતાં. હરિયાને જોઈને ઊભાં થઈ તેને ભેટી પડ્યાં. 'આવ મારા દીકરા, આવ. જોઉં વાહ કેવો રૂપકડો મજાનો કાન છે. મારા દીકરાનો !'

કોઈ મોટા સાહેબને મળવા જવાનું હતું. જામનગરમાં, તે મામા હરિયાને નવડાવીને લઈ ગયા. સાહેબે હરિયાનો કાન જોયો, એણે ખૂબ વખાણ કર્યા. આપણા ગામમાં આવો સરસ કાન છે, કેટલું સરસ કહેવાય. હરિયાને થયું, ઠીક ભાય, સરસ કહેવાય.

સાહેબે હરિયાને એમને ઘેર જ રાખી લીધો. સાહેબ હરિયાના કાનને રોજ સુગંધી પાણીથી ધોવડાવતા હતા. વાળંદ પાસે મેલ કઢાવતા, કાનની પાસે મોવાળા પથરાવીને શણગાર કરાવતા અને એમ ને એમ હરિયાને બેસાડી રાખતા. પછી બે-ત્રણ દિવસ પછી કાનમાં અત્તરનાં પૂમડાં મુકાવા માંડ્યાં, અને પછી સોનીને બોલાવી એમાં વીંધ કરાવી સાચા સોનામાં સાચા પોખરાજ જડાવીને પહેરાવવાનું શરૂ કર્યું. તે રોજ નવા નવા હીરા પહેરાવતા. એક દિવસ હરિયાને થયું કે હવે અહીંયા નથી રહેવું એણે સાહેબને વાત કરી. સાહેબે એને કહ્યું : 'જ્યાં ફાવે ત્યાં ફરો, એમાં શું !' અને હરિયો ફાવે ત્યાં ફરવા લાગ્યો. ભાડાની સાઇકલ લેવા ગયો તો સાઇકલવાળાએ એને મફત ફેરવવા દીધી.

હરિયાએ તાણ કરી પણ પૈસા ન લીધા તે ન જ લીધા. બગીચામાં ફરતો હતો તો બે-ત્રણ જણા હસીને ઊભા રહ્યા. હરિયો હવે તો કાનવાળી વાત સમજી ગયો હતો. એટલે એણે બેય જણ પાસે કાન વિષે ખૂબ વાતો કરી. હરિયાને થયું, ના, ના, ક્યો ન ક્યો પણ કાનેય ગધેડીનો છે રૂપાળો, આપણો બાકી. પણ હરિયાને રહી રહીને થાતું'તું કે આમ તો કેમ રહેવાય. નિશાળ ન મળે, નદી ન મળે, કેટલા દી રહેવાય પણ સાહેબે કહ્યું, 'હરિભાઈ, હવે તમને ખંભારિયે નહીં ગમે.' પણ હરિયો તો કહે કે મને ખંભારિયે જાવા દિયો તો જ હા, નકર ના.

ખંભારિયામાં હરિયાના ભાઈબંધ બધા ભણીને પાસ થઈ ગયા ને હરિયાને થયું કે આ ગધેડીનું ભણવાનું તો રહી ગયું

પણ પછી થયું, આ કાન આવો મજાનો છે, પછી ભણીનેય શું ઓટલા વારવાના છે. એને ભાઈબંધ રસ્તામાં મળી જતા પણ બધાંય કાંઈક આઘા થઈ ગયા લાગતા. કાને તે કરી છે ને કાંઈ, હરિયાને વારેવારે થઈ આવતું.

તે બસ, પછી તો હરિયાને ખંભારિયામાં મજા ન પડી તે પાછો જામનગર આવ્યો અને ત્યાંથી રાજકોટ, ભાવનગર, અમદાવાદ, વડોદરા એમ કરતાં કરતાં મુંબઈ પહોંચી ગયો. મુંબઈમાં પણ ગામેગામની જેમ એના કાનના વખાણ સંભળાતા હરિયો લિફ્ટ પાસે ઊભો રહેતો તો લોકો જગ્યા કરી આપતા, સિનેમા જોવા જતો તો ટિકિટ લઈ દેતા, ખાવા જતો તો ભાણું ખવરાવી દેતા, અને દરિયા-કિનારે બેસતો તો, પાછળથી અવાજ સંભળાતા : ‘પેલા વાદળી ખમીસવાળા છે ને એ જ હરિશ્ચંદ્ર!’ ‘હા, જુઓને અહીં ક્યાંથી એમનો કાન બરાબર દેખાય છે. છે ને જોયું ને? તો વળી કોઈ આવીને વાત કરતું, ઘરે બોલાવતું, અને કાનના વખાણ કરતું.

એક દિવસ હરિયો રેતીમાં બેઠો હતો અને પલાંઠી વાળીને રેતીમાં પોતાનું નામ લખતો હતો, ત્યારે કૉલેજની બે-ત્રણ છોકરીઓનો પડછાયો પાછળથી દેખાતો. એમાંથી એક જણીએ ઘણીબધી ચોપડિયુંનો થોકડો ઉપાડ્યો હતો. હરિયાને થયું, દફ્તર લેતી હોય તો શો વાંધો?

છોકરીઓએ બીતાં બીતાં અને હસતાં હસતાં હરિયાને પૂછ્યું ‘આપનું નામ હરિશ્ચંદ્ર ખરું ને?’

બીજી છોકરી ખિલખિલ કરતી બોલી, ‘આપનો કાન જોઈને લાગ્યું તો ખરું , એટલે પાસે આવ્યા અને રેતીમાં લખેલું જોયું એટલે કન્ફર્મ થઈ ગયું!’

બધી છોકરીઓ હસી પડી, હરિયાએ મનમાં કહ્યું કે ભારી. તમારું ‘કન્ફર્મ’ થઈ ગયું. પછી એણે કહ્યું, ‘હા જી, બોલો કાંઈ કામકાજ ?’ છોકરીઓ એકબીજીને ધક્કા મારવા માંડી. એકે વળી કહ્યું ‘બોલને શાર્દૂલા, શરમાય છે કેમ? પૂછો હરિશ્ચંદ્રસાહેબ.’

હરિયાએ કહ્યુંઃ શું પૂછું?’ મનમાં કહ્યું, આ શારદુલાય વળી છોકરિયુંના નામ આવે છે? બધી ભાયડાંવનાં કપડાં પે’રીને ફરે છે, અને પાછી શરમાય છે.’ શારદુલાએ હેં હેં કરતાં કહ્યું, ‘એવું છે ને કે મારા એક પ્રોફેસર છે ને તેમણે મને કહ્યું હતું કે, તમારો કાન પણ બહુ ઈન્ટ્રેસ્ટિંગ છે.’

હરિયાએ કહ્યું ‘હા અ અ અ?’ હું રોજ કાન શણગારું છું. કહેતી કેમ નથી કે કાન જોઈ આપો, આપનો અભિપ્રાય આપો, કાંઈ સૂચન આપૉ’ અને બધી પાછી હવામાં ઝાડ હાલે એમ વાંકી વળી વળી હસવા લાગી. શાર્દૂલાએ કાન બતાવ્યો. હરિયાએ ભારમાં મોં રાખીને કહ્યું ‘સારો છે કાન, સાચો છે! એમાં સિન્સિયારિટી છે.’ શાર્દૂલાએ કહ્યું , ‘હું છે ને તે તમારો ફોટો મારા લખવાના ટેબલની ઉપર રાખું છું.

હરિયાએ મનમાં કહ્યું, ‘કરો વાત!’ જોરથી કહ્યું, કરો, મહેનત કરો, આ તો મોટી સાધના છે. જરૂર તમે એક દિવસ પ્રખ્યાત કર્ણવિદ બનશો.

ત્રણે છોકરિયું પોરસાતી પોરસાતી વહી ગઈ આમ કહેતી. તમારા કાનના અમે ચાહક છીએ, જ્યારે જ્યારે તમારા કાન વિષે કાંઈ આવે છે, ત્યારે અમે રસપૂર્વક વાંચીએ છીએ.

પછી તો હરિયો કાન મારફત જ ઓળખાવા લાગ્યો. એને દી ઓળખનારા લોકો સિવાય એની ઓળખાણ થતી ત્યારે કહેવાતું, પેલા કાન વિષે તમે નથી સાંભળ્યું? એ જ એ ભાઈ, કાનવાળા પ્રખ્યાત કર્ણવિદ.

એટલે કર્ણવિદ જ્યારે જ્યારે શિયાળામાં કાનટોપી પહેરીને નીકળતા ત્યારે વળી ઠેબે દેવાતા. હરિયાને કાન તો અદ્‌ભુત મળ્યો હતો, પણ લોકો એક જ કાનની વાત કરતા. જાણે એને બીજો કાન જ ન હોય. હરિયોને બીજો કાન પણ હતો અને બેય કાન મળીને હરિયાના બે કાન બનતા, હરિયાને હરિયો બનાવતા અને માણસની હારમાં મૂકતા.

કાનના વખાણનારા જાણે પહેલેથી કલ્પી લેતા કે, હરિયો માણસ નથી, માત્ર આપણા પ્રખ્યાત કર્ણવિદ છે. હરિયાને

પહેલાં એનું હસવું આવતું, અને પછી બીક લાગવા માંડતી, એક જ કાન મારો? મારે બીજો કાન નહીં રાખવાનો? બીજા કાનની ગંધની વાત આવતાં જ લોકો બદલાઈ જતા. એમના મોઢામાં એક પાલી મગ ભરાઈ જતા. હરિયાને થતું કે એક કાનમાં એવું તે શું છે, અને એક કાન કોને ખબર સારો છે એટલે બીજા કાનનો ગુનો શો છે અને દુનિયાનું વાજું એ રીતે ચાલતું હતું. અને હરિયાનું જીવન કાનના સહારે ગબડી રહ્યું હતું, અને આખરે હરિયો કાન ઉપર હસતો બંધ થયો હતો. કાનના જોરે જીવી શકાય કે કેમ એનો વિચાર કરતો હતો, અને પોતે ખુદ કાનના માહાત્મ્યમાં માનતો થઈ ગયો હતો. હરિયો હજી કાનમાં માને છે.

હરિયો કાનમાં માને છે, એ વાત કહ્યા પછી હવે હરિયાની ચિંતા થાય છે કે એણે જીવનની તમામ બાબતો કાન અંગે છોડી દીધી છે. હરિયો એટલે કાન, અને કાન વિનાનો હરિયો એટલે શૂન્ય એવો તાલ દુનિયા ગોઠવી રહી છે અને કમભાગી હરિયો એ વાત માનતો થઈ ગયો છે : હરિયો એટલે કાન અને કાન વિનાનો હરિયો એટલે શૂન્ય અને એમાં ને એમાં કરતું વીંટળાઈ રહ્યો છે. ચિંતા થાય એટલે એવી ચિંતા થાય છે કે કાલ સવારે હરિયો માલૂમ પડે કે દુનિયા બહુ આગળ નીકળી ગઈ છે અને દુનિયાના બધા જણ પાસે નાની-મોટી ઘણી બધી ચીજો પડી છે ટકવા, ટકાવવા માટેની, જ્યારે હરિયા પાસે છે માત્ર એક કાન, અને એક જ નંગ કાન, પહેલા જેવો હતો એવો ને એવો જ કાન, ત્યાં અટકી પડેલો કાન, અને જીવતો બંધ થઈ ગયેલો કાન અને કાન વિનાનો હરિયો છે શૂન્ય એટલે હરિયાનો અર્થ થાય જીવતો અટકી પડેલો કાન, જ્યારે દુનિયા એટલે પૂરપાટ દોડતી, વધતી જીવતી દુનિયા.

હરિયો કોઈ દિવસ ઊઠીને જાણશે કે આખો તાલ આવો થયો છે, ત્યારે કેટલો જીવ બાળશે, આજથી પાંચ, સાત દસ કે બાર વર્ષ પછી?

**શબ્દાર્થ**

**શિરાવવું** સવારનો નાસ્તો કરવો **આનો** ચાર(જૂના) પૈસાની કિંમતનું નાણું **રાડ** (અહીં) ફરિયાદ **મોણ નાખવું** (અહીં) વખાણ કરવાં **ધનેડાં** દાણામાં સડો કરનારાં એક પ્રકારનાં જીવડાં **પૂમડું** થોડુંક રૂ **પોખરાજ** પીળા રંગનું એક રત્ન **કન્ફર્મ (અહીં) (અં.)** ચકાસવું **સિન્સિયારિટી (અહીં) (અં.)** પ્રામાણિક્તા, નિષ્ઠા **કર્ણવિદ** કાનનો જાણકાર **માહાત્મ્ય** મહિમા, મહત્ત્વ **તાલ (અહીં)** યુક્તિ, ખેલ, પ્રપંચ **જીવ બાળવો** સંતાપ કરવો

• • •